# મળો! ફિર એક બાર



ડૉ. ચંદ્રકાન્ત મહેતા

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# શબ્દો એ શસ્ત્રો છે

કોઈનો ન્યાય તોળવા બેસો ત્યારે બોલવામાં ધ્યાન રાખજો.
શબ્દો શક્તિશાળી શસ્ત્રો છે,
જેને કારણે અનેક મહાભારત સર્જાય છે.
તમારી જીભને કારણે સામો માણસ ગમાર લાગે એવું તો ન જ કરો.
તમારા મોટે મોઢે સામો માણસ નાનો લાગે એવું તો કરતા જ નહિ.
એક કઠોર શબ્દ, એક ધારદાર વાગ્બાણ
કોઈના દિલને લાંબા સમય સુધી કોતર્યા કરશે અને
મૂકી જશે એક કાયમી જખ્મ.

સ્વીકારો કે બીજાઓ તમારાથી જુદા છે,
જુદી રીતે વિચારે છે, જુદી રીતે વર્તે છે,
કંઈક જુદું અનુભવે છે અને બોલે છે,
થોડાક સૌમ્ય બનો અને શબ્દોથી એના ઘા રુઝાવો.
શબ્દો ફૂલ જેવા હળવા હોવા જોઈએ,
શબ્દો શાંતિ પમાડે તેવા હોવા જોઈએ, જે લોકોને એકમેક સાથે
જોડી આપે અને સુખચેનનો અહેસાસ કરાવે.
શબ્દો જ્યારે શસ્ત્રો બને છે ત્યારે,
લોકો એકમેકનો મુકાબલો દુશ્મનની જેમ કરે છે.

જિંદગી બહુ જ ટૂંકી છે
અને આપણી દુનિયા કુરુક્ષેત્ર
બનાવવા માટે બહુ નાનકડી છે.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશનની જીવનઘડતર
પ્રકાશન શ્રેણીની ૨૫મી ભેટ

# જાગો ! ફિર એક બાર

● ડૉ. ચંદ્રકાન્ત મહેતા

સ્નેહી શ્રી ........................................................

આઝાદી પછી મૂલ્યોનું થયું છે ધોવાણ,
એ ત્રાસમાંથી આમ આદમી ઝંખે છે પરિત્રાણ !
વર્તમાન પરિસ્થિતિનું યથાર્થ ચિત્રણ કરી આત્મ-સુધારણાનો સંદેશ આપતું આ પુસ્તક આપની વાચનક્ષુધાને પરિપુષ્ટ કરે એવી શુભકામના સહ ...

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન', સરદાર પટેલ કૉલોની
રેલ્વે ક્રૉસિંગ પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન નં. ૬૪૪૮૫૬૪ - ૭૪૫૪૩૧૦

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન

જીવનઘડતર પ્રકાશન શ્રેણીનું પચીસમું પુસ્તક

# જાગો ! ફિર એક બાર


* લેખક : ડૉ. ચંદ્રકાન્ત મહેતા


© ડૉ. ચંદ્રકાન્ત મહેતા


* પ્રથમ આવૃત્તિ : ૧૩, ઑગષ્ટ, ૧૯૯૭
* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી મૂકેશ એમ. પટેલ
  ૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
  સરદાર પટેલ કૉલોની રેલ્વે ક્રૉસિંગ પાસે,
  અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
  ફોન નં. ૬૪૪૮૫૬૪

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદ્ ઉપયોગ
* પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન નં. ૪૧ ૦૯૫૯
* આવરણ : મહેન્દ્ર મિસ્ત્રી, ફોન નં. ૭૪૭ ૮૯૭૫
* આવરણ મુદ્રણ : ચંદ્રિકા પ્રિન્ટરી, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
  ફોન નં. ૫૬૨ ૦૫૭૮
* લેસર કંપોઝ : મિનળ ગ્રાફિક્સ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
  ફોન નં. ૭૪૧ ૨૩૯૫
* મુદ્રક : ઉદય ઑફસેટ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
  ફોન નં. ૫૬૨ ૧૯૬૭

# 'ફિર મહાન બન,
# મનુષ્ય ફિર મહાન બન'

કોઇને પૂછવાનું મન થાય : 'જાગો! ફિર એક બાર' - પુસ્તક ગુજરાતીમાં, ને શીર્ષક હિન્દીમાં ? વળી પાછું પ્રસ્તાવનાનું શીર્ષક પણ હિન્દીમાં !

મારે જે કહેવું છે એ વાત આ બન્ને શીર્ષકોમાં મર્મસ્પર્શી રીતે પ્રતિધ્વનિત થાય છે એટલે ભાષાના બંધન સિવાય મેં એમને સહજ ભાવે અપનાવ્યાં છે !

માણસની વિકૃત્તિઓને યુગનાં બંધનો નથી નડતાં ! તેમ છતાં દરેક યુગની એ અપેક્ષા હોય છે કે એમાં જીવનારાઓનું જીવતર રુડેરું રહે, પ્રેમમય રહે, ત્યાગથી મહેકતું રહે, દ્વેષમુક્ત અને નિર્લોભી રહે, મૂલ્યોની ચિંતા કરીને તેઓ નિર્મળ જીવન જીવે !

ભૌતિક સુખોની ઘેલછા અને ઐહિક સુખોનું આકર્ષણ જીવનનો પર્યાય બનવા માંડે, ત્યારે દેશ-દુનિયામાં મૂલ્યોનો હ્રાસ થાય છે ! માણસ યેનકેનપ્રકારેણ સત્તા, પૈસો, વૈભવ-વિલાસ અને તજ્જન્ય સુખો પ્રાપ્ત કરવા વિવેકને નેવે મૂકે છે ! સ્વાર્થભક્તિ એની પાસે પશુથીયે બદતર જીવન-વ્યવહાર અને આચરણ કરાવે છે.

આઝાદી પછીના ભારતમાં જે રીતે નીતિમત્તા અને મૂલ્યાગ્રહની સરિયામ ઉપેક્ષા થઈ એનાં માઠાં પરિણામો અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળે છે. જીવનનું એક પણ ક્ષેત્ર એવું નથી, જે દૂષણ-પ્રદૂષણથી અલિપ્ત રહ્યું હોય !

તો પ્રશ્ન થાય : ત્યારે કરવું શું ? પલાયનવાદ તો પોસાવાનો નથી ! નર્યો આશાવાદ પણ ઉગારી શકે તેમ નથી !

કોઇ પણ સ્થિતિમાં માત્ર બહિષ્કાર એ જ એકમાત્ર ઉકેલ નથી, પરિષ્કાર એ પણ આવકાર્ય ઇલાજ છે ! જે બહિષ્કરણીય હોય એનો બહિષ્કાર અવશ્ય કરીએ, પણ જ્યાં પરિષ્કારથી નવસંસ્કાર થઇ શકે તેમ

હોય તો તેમાં પાછી પાની ન જ કરવી જોઈએ !

જગને જગાડવાની વાત કરતાં પહેલાં 'આતમરામ'ને જગાડવાની પહેલ કરવી જોઈએ. આપણે સુધરીશું તો જગત સુધરશે, કારણ કે આપણે સમાજ-વ્યવસ્થાનો, તેની ઉન્નતિ - અવનતિનો હિસ્સો છીએ. 'मनु र्भव' એટલે કે 'માણસ બનીએ'. એ જ વર્તમાન સ્થિમિાં આપણે માટે સૌથી મોટો જીવનમંત્ર બની શકે ! ગૌતમ બુધ્ધે એટલે જ કહ્યું હતું કે જે વ્યક્તિએ પોતાની ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો છે, એને પરમેશ્વર પણ પરાજિત કરી શકતો નથી. સ્વામી ચિન્મયાનંદજીને મતે આત્મજ્ઞાન દ્વારા જાગૃત મનુષ્ય ભગવાન છે અને પોતાની જાતથી અનભિજ્ઞ (અજાણ) ભગવાન ભ્રમિત મનુષ્ય છે.

આપણે નિરાશ થવાને બદલે કર્મનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, નિર્મળતાનિષ્ઠ, બનવાની આવશ્યકતા છે. કોઈ અજ્ઞાત વ્યક્તિની નીચે દર્શાવેલ પંક્તિઓ કેટલો મોટો જીવનલક્ષી પેગામ આપણી સમક્ષ રજૂ કરે છે?

What you spend years in building,
may be destroyed over-night,
Build any way.

The good you do to day will be forgotten tomorrow,
do good any way.

The biggest people with the biggest ideas can be shotdown by the
smallest people with the smallest mind,
think big any way.

If you do good, people will accuse you of selfish, ulterior motives,
do good any way.

Give the world the best you have and you will get kicked in to teeth;
Give the world the best you have any way.

એટલે માણસે જાગવાની, જાતને ઢંઢોળવાની, પોતાની ખોવાએલી મહાનતા તલાશવા માટે પોતાની જાતને તપાસવાની - ટપારવાની આજે સૌથી મોટી જરૂરિયાત છે. આ જ આપણે કરવું જોઈએ, માત્ર ટીકાકાર કે નિંદક થવાથી કશું વળવાનું નથી !

**'જાગો ! ફિર એક બાર'** પુસ્તકમાં વર્તમાનની વાસ્તવિકતા અને પુનર્જાગૃતિનો શંખનાદ - બંન્નેને સ્પર્શતા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં માણસની કેવળ વિકૃતિઓની તસવીર નથી, વિશેષતાઓ અને સામર્થ્યનો પણ જયઘોષ છે.

ગુજરાત સમાચારની 'એક જ દે ચિનગારી' અને કિંચિત સમય માટે 'ઘરે-બાહિરે' કૉલમ સંભાળતાં જે કાંઇ ચિંતવ્યું, અંતરે કોલાહલ થયો, એમાંના કેટલાક લેખો અહીં વાચકોને મારી એ ચિંતનયાત્રામાં સહભાગી થવા પ્રસ્તુત કર્યા છે. એમાંથી આપને આપના રસ-રુચિને લગતું કશુંક મળી રહે એ જ મારો આયાસ સફળ થયાની પરિતૃપ્તિ !

શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશને પુસ્તકોની પરબ માંડી છે. પૂ. મંગળદાસકાકા અને બંધુ મૂકેશભાઈ વ્યવસાયે તો 'આવકવેરા' સાથે સંકળાએલા, પણ માનવતાનો દુકાળ ન વરતાય એ માટે એમણે નિઃશુલ્ક પુસ્તક ઉપહાર રૂપે સ્વયંસ્વીકૃત 'જાવકવેરો' ભરવા માંડ્યો છે ! એટલું જ નહીં એમણે પુસ્તક-પરબ માટે અનેક નાનાં-મોટાં ટ્રસ્ટોને પણ પ્રેરણા પ્રદાન કરી સત્કાર્યોમાં જોતર્યાં છે. 'આપણે તે દેશ કેવા, આપણે વિદેશ કેવા, આપણે પ્રવાસી પારાવારના હો જી રે' - માં માનતા શ્રી મૂકેશ મંગળભાઈ પટેલે વિશ્વબંધુત્વને સાકાર કરવા દેશ-પરદેશનાં માનવીઓને મૈત્રીના અતૂટ બંધનમાં બાધી એક નવો ચીલો પાડ્યો છે, તો બીજી તરફ એમણે પુસ્તકની કાવડમાં પિતાને બેસાડીને સરસ્વતીની પ્રદક્ષિણા કરી છે. શ્રી મૂકેશ પટેલ યુવાનો માટે એક અનુકરણીય આદર્શ પૂરો પાડે છે. 'જાગો ! ફિર એક બાર' માટે મને સાદ કર્યો, આ બદલ આભાર ! પ્રકાશનની બહુ મોટી જવાબદારી સન્નિષ્ઠા અને વિનમ્રતાસહ સુપેરે અદા કરનાર 'નવચેતન'ના તંત્રીશ્રી મુકુંદભાઈ શાહની પીઠ પણ થાબડવી જ પડે, સંપાદન - સહયોગ માટે મારાં જીવનસંગિની મંજુ મહેતાનો આભાર સ્મરણ સહિત.

**ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
ઉપકુલપતિ
ગુજરાત યુનિવર્સિટી

તા. ૨૯-૬-૯૭

# ઘીના દીવાનું અજવાળું

**[પૂ. મંગળભાઈ પટેલ તા. ૧૩ મી ઑગષ્ટ, ૧૯૯૭ના રોજ તેમના કર્મનિષ્ઠ જીવનના ૮૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે તે અવસરે ....]**

હા, ૧૩ મી ઑગષ્ટ, ૧૯૯૭ ના ઉષઃકાળે રમ્ય અને સુરખીભર્યાં રશિમ હશે, ધરિત્રીપટ પર સુગંધભર્યા પૂરા ૨૮૫૩૫ દિવસોથી અહર્નિશ શ્વસનાર અને ૩૬૫૧૦૦ નો લક્ષ્યાંક આંબવા ઈશના આશિષરશ્મિ પ્રાર્થતો એક અ-કળિયુગી જિંદગીને ઉંબરે ઊભો હશે.

"Every day that comes and goes,
Every mile the river flows,
Says to me and says to you
Much there is to learn and do !
For water and the day
Never more will pass this way."

'પુરુષોત્તમ'નાં પાંચ સંતાનોમાં આગવી પ્રતિભાસંપન્ન 'મણિ' ના લાલે 'માંગલ્ય'ની ઉપાસના કાજે જ કદાચ જીવનદેવતા પાસે જીવનનું વરદાન માગ્યું હશે ! મનુષ્યના વ્યક્તિત્વશિલ્પી બનવા શિક્ષકનો મંગલમય-સારસ્વત-ધર્મ અપનાવવાનાં ખ્વાબ સેવ્યાં હશે, પણ આંખની ક્ષતિયુક્ત મર્યાદાએ અંગ્રેજી અને સંસ્કૃતમાં પાવરધા આ સ્નાતકને નાનાજીનાં પદચિહ્નો પાછળ પગલાં ભરાવી 'આવકવેરા' ના 'અધિકારી' તરીકે કારકિર્દીની કેડીએ પ્રયાણ કરાવ્યું !

અબ્રાહમ લિંકને એ જ ક્ષણે એમના કાનમાં કહ્યું હશે : "બંધુ મંગળભાઈ, તમે તો મૂલ્ય અને માંગલ્ય, કર્મનિષ્ઠા અને સિધ્ધાંતનિષ્ઠા, સાથે સત્યવ્રતી અને કર્તવ્યસેવી રહેવા માટે સંકલ્પબધ્ધ બનવાનું આયોજન કરી બેઠા છો, એટલે તમારા વ્યક્તિત્વની પાટીમાં કોતરાયા હશે જ આ શબ્દો :

"હું જીતવા માટે બંધાયો નથી પણ હું સત્ય સાથે બંધાએલો છું. હું સફળ થવા માટે બંધાયો નથી, પણ હું મારી પાસે જે કાંઇ પ્રકાશ છે, તે મુજબ જીવવા બંધાયેલો છું. જે કોઇ સાચો છે તેને પડખે ઊભો રહીશ, પણ જ્યારે તે ખોટો હોય ત્યારે તેને અલવિદા કહીશ." (અબ્રાહમ લિંકન)

મંગળભાઇ પુરુષોત્તમદાસ પટેલ ગાંધીયુગનું હીર છે, ખમીર છે ! પ્રેરક સાદગી, અનુકરણીય સિધ્ધાંતનિષ્ઠા, અપરાજેય સંકલ્પબળ, પલાયનવાદી સમાધાનકારી વૃત્તિને જાકારો, માનવતાના મહાધર્મમાં અચળ શ્રધ્ધા, સમર્પિત કર્મયોગ, સહજ સ્ફૂર્ત જ્ઞાનયોગ અને ભાર વગદરનો ભક્તિયોગ, માત્ર ધ્યાનોપાસના જ નહીં અખંડ પ્રજ્વલિત રહેતી જ્ઞાનોપાસના, નિષ્કલંક ચરિત્રપાલન, હૃદયમાં ધબકતાં સેવાનાં સ્પંદનો, કીર્તિની કામના ને નામનાને બદલે કેવળ નિરપેક્ષ કર્મની ભાવના ! જ્ઞાનીની નમ્રતા છતાંય સત્યવ્રતીની દૃઢતા, સંસ્કાર અને સંસ્કૃતિથી મહિમામંડિત થએલું આ વ્યક્તિત્વ અનેક વિરલ ગુણોનું સંગમતીર્થ છે !

એટલે જ 'ઇન્કમટેક્સ' ઈન્સ્પેક્ટર તરીકે ફરજ અદા કરતાં-કરતાં તેમણે પોતાની જિંદગીનો 'રોજમેળ' અને 'ખાતાવહી' તપાસી જગત સમક્ષ એનું ઈમાનદાર સરવૈયું વગર માગે ધરી દીધું છે. એમને મન કર્મક્ષેત્ર એટલે ધર્મક્ષેત્ર; ભલે પછી એમની બદલી મુંબઇ થઇ હોય કે કલકત્તા, જોધપુર હોય કે ભાવનગર, પાટણ હોય કે પૂના, વડોદરા હોય કે અમદાવાદ - જ્યાં તેઓ નિયુક્ત થયા, ત્યાં 'સત્યના પ્રયોગો' માં જ પ્રયુક્ત રહ્યા ! ઈન્કમટેક્સ કમિશનર તરીકે ફરજ બજાવી ૧૯૭૬માં પ્રવૃત્યાંતર માટે નિવૃત્ત થયા ત્યાં સુધી!

આસમાની - સુલતાનીની આંધી વચ્ચેય એમનું મન પડકારોથી પરાભૂત ન થયું ! નહીં તો પત્ની કમળાબહેનનું જીવનકમળ કાળ-કવલે થતાં એ ભાંગેલા વિધુર બની નિરાશાના અસ્થિકુંભ લઇ ભવરણમાં 'બિચારા' બની ભટકતા રહ્યા હોત ! ૪૮ વર્ષના આ વિધુરને માથે હતી બે દીકરીઓ અને એક દીકરાના ઉછેર-પાલનની જવાબદારી! મમતામયી માતા મણિબાએ પોતાના પુત્રનાં આંસુ લૂછી જૈફ વયે ઘર સંભાળ્યું... પૂરાં ૨૫ વર્ષ ! એ માતાની ગરિમાને પુત્રે દેવતુલ્ય વંદન કર્યાં.

સંતાન ઉછેરનેય પ્રભુસેવાનું ગૌરવ બક્ષતા મંગળભાઇએ બે દીકરીઓ કલ્પના અને મીનાક્ષી અને પુત્ર મૂકેશને માતાનું વાત્સલ્ય અને પિતાની હૂંફનો યથાર્થ પરિચય કરાવ્યો. એટલે જ બાર વર્ષના એ બાળ મૂકેશે 'બાકર'-બચ્ચું બનવાને બદલે સાવજ-બચ્ચું બનવાના શપથ લીધા હશે ! ષોડશ વર્ષના

મિત્રવત પુત્રને વક્તૃત્વ અને નેતૃત્વની તાલીમ માટે પોતાના પ્રમુખપદે કાર્યરત લાયન્સ કલબ, ભાવનગરની બેઠકોમાં સાથે રાખીને સંચાલનના પ્રત્યક્ષ-પરોક્ષ પાઠો ભણાવ્યા હશે ! 'મૂકેશ' મૂક ન રહ્યો અને સભા ગજવતો ગજવતો સિધ્ધહસ્ત વક્તા - પ્રવક્તા બન્યો, એના મૂળમાં સંતાનઘડતરોત્સુક પિતાજીની શીળી છાયા ને વરદ હસ્ત !

બાહ્ય શાળામાં નહીં પણ 'અહર્નિશ' પોતાની જ પાઠશાળામાં ભણાવતા મંગળદાસભાઈમાં રહેલા શિક્ષકને એમણે મરવા ન દીધો! પુત્ર - પુત્રીઓ - દૌહિત્ર - દૌહિત્રીઓ માત્ર ભાષાના જ નહીં, ગણિત - વિજ્ઞાનનાં પણ ખાં એવા જ્ઞાની વટવૃક્ષ પાસેથી સબક શીખતાં રહ્યાં ! વહીવટમાં પણ એમનો એટલો વટ ! ભાવનગર, જૂનાગઢ અને રાજકોટની આવકવેરા કચેરીઓએ એમના કાર્યકાળમાં જે ઓપ લીધેલો તે આજે પણ હેમખેમ છે.

પોતાનાં કર્મક્ષેત્ર અને જ્ઞાનવારસો, નિર્ભયતા અને સ્પષ્ટવાદિતા અને છતાંય નિરાડંબરતાનો પણ વારસો, એમણે પોતાના પનોતા પુત્ર મૂકેશ પટેલને આપીને, પિતાથી સવાયો બનાવી વિશ્વપ્રાંગણનો 'યાયાવર' બનાવ્યો એ પણ નાનું સૂનું પ્રદાન નથી ! મોટી વાત તો મંગળદાસકાકાના સ્વાવલંબનની છે. તેઓ કોઈનેય 'માથે પડ્યા' નથી, નહીં દેશ કે નહીં સમાજ - પરિવાર ! આપીને એ ઉજળા થયા છે, લઈને મહાલ્યા - ફાલ્યા નથી ! ક્ષેત્ર દહેગામના કેળવણી મંડળના સંચાલનનું હોય કે 'ગુજરાત સમાચાર'ના કૉલમ લેખક તરીકેનું. એમના સેવાવ્રતની માંગલ્યસભર સરવાણી વહેતી રહી છે.

આજે ચોતરફ મૂલ્યોનો હ્રાસ થયો છે, અનાચાર - દુરાચાર - ભ્રષ્ટાચારની કલ્મષતા ફેલાએલી છે ત્યારે જિંદગીના આઠમા દાયકાની પરિપૂર્ણતાને આરે પહોંચેલા પૂ. મંગળદાસકાકા સમાજમાં ઘીના દીવાનો પ્રકાશ પાથરીને બેઠા છે ! એ દીવો ઝાંખો નથી, પૂર્ણ તેજે પ્રકાશતો પ્રદીપ છે ! કારણ કે એમાં પ્રસ્વેદની કમાણીનું ઘી છે, સંકલ્પની દીવેટ છે અને આત્મજ્યોતિની ચિનગારી છે ! પરમાત્માને પ્રાર્થીએ કે એમણે ધરતી પર પેટાવેલો આ 'માંગલ્ય' દીપ શતાયુથીયે વધુ કાર્ય પર્યંત ઝળહળતો રહે !

**ડૉ. ચંદ્રકાન્ત મહેતા**

## પચીસમા પુસ્તકની પ્રકાશન વેળાએ .......

તન, મન, અને આત્મન્‌ને પુષ્ટ કરે તેવાં જીવનઘડતર માટે ઉપયોગી એવાં પુસ્તકોની આ પ્રકાશન પ્રવૃત્તિ છેલ્લાં તેર વર્ષથી અવિરત ચાલી રહી છે. અમારા ફાઉન્ડેશન દ્વારા પ્રતિવર્ષ પ્રકાશિત બે પુસ્તકોની શ્રેણીમાં, આ પચીસમું પુસ્તક આપની સમક્ષ પ્રસ્તુત કરતાં હર્ષ અને સંતોષ અનુભવીએ છીએ. આ પ્રકાશન પ્રવૃત્તિને વાચક-મિત્રો તરફથી ઉષ્માભર્યો આવકાર મળ્યો છે તે અમારે મન આનંદની વાત છે. પચીસમા પુસ્તકની પ્રકાશનવેળાએ તેર વર્ષ દરમિયાન અમને મળેલા અસંખ્ય પત્રોમાંથી કેટલાક પસંદગીના અંશો અત્રે રજૂ કરવાની છૂટ લીધી છે. **- પ્રકાશકો**

''જીવન જીવવાની કળા' નું આપનું પુસ્તક માનવ જીવનને અંધકારમાંથી પ્રકાશમાં લાવવાનું શ્રેષ્ઠ કાર્ય કરશે એમ કહું તો અતિશયોક્તિ નથી. **- જીવનલાલ એમ. પટેલ, અમદાવાદ**

આંધળાને લાકડીરૂપે હરહંમેશ માર્ગદર્શક એવું આપનું સાહિત્ય ઉમદા પ્રકારનું છે. આવું ઉમદા સાહિત્ય જ માણસનો સાચો સન્માર્ગ બતાવનાર મિત્ર છે. આપની દીર્ઘદૃષ્ટિ માટે અનેકાનેક ધન્યવાદ.

**- માનભાઈ ભટ્ટ, શિશુવિહાર, ભાવનગર**

મારા ઘરનાં બધાં જ સ્વજનોએ આ પુસ્તક વાંચવાનો નિર્ધાર કર્યો છે. મારો પુત્ર હૃદયરોગની બિમારીમાં છેલ્લા ૨૦ વર્ષથી મરણની સામે જંગ ખેલી રહ્યો છે, તેને તો 'જીવન જીવવાની કળા' ખૂબ જ ગમ્યું છે.

**- વિષ્ણુપ્રસાદ જેઠાલાલ, અમદાવાદ**

'જીવન જીવવાની કળા' નું આપનું પુસ્તક મારા નાનકડા પુસ્તકાલયમાં ઘરનાં ઘરેણાંની જેમ સાચવીને રાખ્યું છે.

**- કાનજીભાઈ પટેલ, ભાવનગર**

"Jeevan Sandhya Nu Swagat" should be given to all young people so that they may be prepared for their old age in every respect

**- Behram F. Kekobad, Ahmedabad**

'જીવન સંધ્યાનું સ્વાગત' મને સમયસર મળ્યું ગણાય. વૃદ્ધોને અંતરમુખ બનાવવા માટેની ભરપૂર સામગ્રી પુસ્તકમાં છે, તો જેઓ કાળે કરીને વૃદ્ધ થવાનાં જ છે, તેમને માટે પણ એ હિતકારક છે.

**- યશવંત શુક્લ, અમદાવાદ**

જીવનમાં સહુથી વધુ કિંમતી વસ્તુ જો આપ કોઈને આપી શકતા હો, તો તે છે આપના શુભ વિચારો અને તેથી પણ ઉત્કૃષ્ટ છે તે આપવાની શુભ ભાવના. આપના આવા સત્કાર્ય માટે અંતરની શુભેચ્છાઓ.

**- લહેરચંદ ભેદા, મુંબઈ**

You have taken the remarkably admirable step of publishing 12,000 copies of Abraham Lincoln's famous letter to the headmaster of his son's school. Please accept my hearty felicitations for making this inspiring message from an outstanding world leader available to the students & teachers of Gujarat.

**- Shrenik Kasturbhai, Ahmedabad**

'જીવનનું સાચું સુખ' મેં અહીંની એમ. જે. લાયબ્રેરીમાં વાંચ્યું અને ખૂબ જ પ્રભાવિત થયો છું. સંસ્કારલક્ષી અને જીવન ઘડતર કરનારા આવા સાત્વિક સાહિત્યની મને ભેટ મોકલતાં રહેશો તો હું આભારી થઈશ. મારા કુટુંબ, મિત્રવર્તુળ ને સગાં-સ્નેહીઓમાં, રસ ધરાવતા સહુને આ વાંચનનો હું લાભ અપાવીશ.

**- બળદેવ પટેલ, અમદાવાદ**

'જીવનનું સાચું સુખ' મળેથી છેલ્લા ૪-૫ દિવસમાં, દિવસભરનાં કાર્ય પછી, સુવા જતી વખતે, એક ક્લાકના વાંચન બાદ, આ પુસ્તક વાંચ્યા પછી, સારી ઊંઘ અને સવારના ઉઠતાં સુવિચારો, આ પુસ્તકના ફળસ્વરૂપે કહી શકાય. પુસ્તકના પુરા વાંચન બાદ જીવનના સાચા સુખની શોધમાં રચ્યો-પચ્યો થાઉં તેવી આશા સેવું છું.

**- જયેન્દ્ર ધોળકિયા, મુંબઈ**

"Jeevan nu Sachu Sukh" is a book not simply to be read but to be studied and implemented in life. If that is done, I am sure the reader will be a much happier man. **- Dinesh Vyas, Advocate, Bombay**

'આપનું આ પ્રકાશન કાર્ય માણસાઈના દીવા પ્રગટાવવાનું અને પથદર્શક બનવાનું કામ કરે છે !'

**- બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, અમદાવાદ**

''આવું સુંદર સાહિત્ય પ્રકાશિત કરી આ કામ વર્ષો સુધી સફળતાપૂર્વક ચલાવવા માટે ગુજરાતી સમાજ તરફથી તમને હૃદયપૂર્વક ધન્યવાદ.''

**- હમીર વિસનજી, મુંબઈ**

"All the publications so kindly sent to me as personal gift have been carefully preserved by me. Each of the publication I have gone through in detail because it gives me strength, inspiration & hope in life to meet various situations which inevitably arise in life".

**- Dr. Bihari Kanaiyalal (Ahmedabad)**

"હું પોતે બી.પી. નો દર્દી છું અને મને 'હૃદયરોગ ઉપચાર'માંથી ખુબ જ ઉપયોગી માહિતી મળી. આપને આવા પુસ્તકોના પ્રકાશન બદલ અભિનંદન અને ધન્યવાદ"

**- છોટુભાઈ અનડા, અમદાવાદ**

'છેલ્લા થોડાક સમયથી મારું મન હંમેશા નિરાશાજનક વિચારોથી ઘેરાયેલું રહેતું હતું, એવામાં 'સફળતાની ગુરુ ચાવી'એ મને એક નવો રાહ ચીંધ્યો છે, જે બદલ હું આપનો અત્યંત ઋણી છું. વિચારશક્તિની પ્રચંડ તાકાતનો પરિચય કરાવતું આ પુસ્તક મારા જેવા અસંખ્ય વાંચકોના જીવનમાં પ્રકાશ ફેલાવવાનું શુભ કાર્ય કરશે.'

**- હરીશ ખત્રી, અમદાવાદ**

'આપનાં બધાં પ્રકાશનો મેં સાચવી રાખ્યાં છે. કાળજીપૂર્વક વિગતે જોયાં છે. અંગત ગ્રંથાલયનાં પુસ્તકો હું અન્યને વાંચવા આપતો નથી કારણકે ઘણીવાર એ પાછાં આવતાં નથી.'

**- પુરુષોત્તમ ગણેશ માવળંકર, અમદાવાદ**

'આપનાં પ્રકાશનો શિક્ષણ, સાહિત્ય, આરોગ્ય અને અધ્યાત્મને આવરી લેતાં હોય છે જે ઘણા જ સુંદર અને મૌલિક વિચારો સૂચવે છે.'

**- ગુલાબરાય હ. સંઘવી, ભાવનગર**

'હૃદયરોગ ઉપચાર' એક જ બેઠેકે વાંચી ગયો. મધ્યમ વર્ગના માણસો માટે આ બધા જ પ્રયોગો કોઈ પણ જાતના ખર્ચ વગર થઈ શકે તેવા છે અને મનમાંથી હાર્ટ એટેકની બીક કાઢી નાંખી આનંદથી જીવન જીવી શકાય તેવું પ્રેરણાદાયી આ પુસ્તક છે.

**- લક્ષ્મીકાંત ત્રિવેદી, પ્રભાસ પાટણ**

'જે પ્રવૃત્તિ આપ નિવૃત્તિ પછી કરી રહ્યા છો તે આદર્શ છે ! જીવન ઉપયોગી સાહિત્યનો આપ જે પ્રસાર કરો છો તેની તાતી જરૂર છે. આપના ઉપયોગી અને માર્ગદર્શક પુસ્તકો અહીં સ્ટાફમાં સારા પ્રમાણમાં શિક્ષિત સભ્યોના વાંચવામાં વપરાય છે અને પછી બહારથી આવનારને વાંચવા માટે સંસ્થાની લાઈબ્રેરીમાં આપીએ છીએ. આપના કોઈ પણ પુસ્તક પસ્તીમાં જતા નથી - વ્યક્તિમાં જાય છે.'

**- ડૉ. શિવાનંદ અધ્વર્યુ, શિવાનંદ મિશન, વીરનગર**

'આજે જ્યારે માણસ નિષ્પ્રાણ જીવન જીવી રહ્યો છે ત્યારે તેનામાં આશા, ઉત્સાહ અને જીવન જીવવાનું બળ પુરું પાડવાનું કાર્ય આવાં પ્રકાશનો દ્વારા તમે કરો છો તે અભિંનદનીય છે.'

**- વસુબેન ભટ્ટ, અમદાવાદ**

"Inspirational gems from literature are the best for not only mind & body but soul also, with which soul gets light, delight & power. કરવેરાની આંટીઘૂંટીઓ વિષે સર્વને માર્ગદર્શન આપનાર શ્રી મુકેશભાઈ, જીવનના કોયડાઓના ઉકેલ માટે પણ વિશ્વસાહિત્યના સાગરમાંથી સાચા મોતી શોધીને આવું સુંદર પાથેય આપી શક્યા છે એ ખરેખર આનંદ અને ગૌરવની વાત છે."

**- જ્યોતિબેન થાનકી, સ્વામીનારાયણ ગુરુકુળ, પોરબંદર**

'પ્રજાના માનસ-ઘડતર માટે ઉત્તમ પુસ્તકો પ્રકાશિત કરી વિના મૂલ્યે વહેંચવાની આપની પ્રવૃત્તિ પ્રશંસનીય છે. અંગત રાગ-દ્વેષથી માંડીને વિશ્વ યુદ્ધ સુધીની લડાઈઓ પ્રજાના માનસમાંથી જ ઉદ્‌ભવ્યાં છે અને શાંતિનો જન્મ પણ માનવ-મનમાંથી જ ઉદય પામ્યો છે. મન એ જ બધાનું મૂળ છે, મનની કેળવણી એ જ ઉપાય છે. આપના ફાઉન્ડેશને આ મૂળને પકડ્યું છે તે પ્રશંસાને પાત્ર છે.'

**- વાઘજીભાઈ ચુડાસમા, કેલિફોર્નિયા, અમેરીકા**

'અંધકારમાંથી પ્રકાશ પાથરતું 'પ્રભાતનાં કિરણો'થી અનેરી તૃપ્તિનો અનુભવ થાય છે. નવરાશની પળોમાં કોઈ પણ પાનું ઉઘાડી વાંચી લઉં છું અને ખૂબ આનંદ મળે છે.' **- વેણીલાલ પારેખ, ભાવનગર**

'વિલાયતી ખાતર દ્વારા તૈયાર થતા આહારોના જમાનામાં 'આંખોની માવજત' આશીર્વાદરૂપ બની રહેશે. આપને પણ દૃષ્ટિ સુધારવા મથતા માનવોની અનેક દુવાઓ સાંપડશે.'

**- સાધુ અક્ષરજીવનદાસ, સ્વામીનારાયણ અક્ષરપીઠ**

અબ્રાહમ લિંકનના આવા સરસ પુસ્તક માટે હાર્દિક અભિનંદન. લિંકન માટે મેં આ પહેલાં પણ વાંચ્યું છે, પરંતુ આ પુસ્તિકા સામાન્યમાં પણ સામાન્ય માણસ વાંચી શકે તેવી રીતે તૈયાર કરાઈ છે, તે તેની ખૂબી છે!

**- જે. પી. શાહ, એડવોકેટ, અમદાવાદ**

"Even a cursory glance through the book "Rogmukt Jivan shows that it is extremely useful as a general guide to health. Your Foundation is doing selfless service in the interest of health and general welfare of the society at large. **- O. P. Sharma, Jaipur**

# જીવન સાર્થક કરવાનો રાજમાર્ગ

એક માણસ ઘોડા પર બેસીને એક ગામથી બીજે ગામ જઈ રહ્યો હતો. મજલ લાંબી હતી, એટલે થોડે દૂર ગયા પછી ઘોડાને થોડો આરામ આપવા અને થોડું પાણી પાવા એક ખેતરમાં ગયો.

કૂવામાં રહેંટ ચાલતો હતો અને ખેતરને નીક વાટે પાણી પવાતું હતું. તે માણસ ઘોડાને કૂવા પાસે લઈ ગયો, પણ રહેંટ ચાલતો હતો તેના અવાજથી ઘોડો ભડકતો હતો અને પાણી પીતો ન હતો.

ઘોડેસવારે ખેડૂતને કહ્યું, 'ભઈલા ! રહેંટના અવાજથી ઘોડો ભડકે છે; થોડી વાર રહેટ બંધ રાખો તો મારો ઘોડો નિરાંતે પાણી પી લે.'

ખેડૂતે કહ્યું, 'રહેંટ બંધ રાખીશ તો કૂવામાંથી પાણી ક્યાંથી આવશે ? પાણી નહિ આવે તો પાણી ક્યાંથી પીશે ? ખરો રસ્તો એ છે કે ઘોડાને પકડી રાખો, થોડો પટાવો, જરા પંપાળો, એટલે ઘોડો ભડકશે નહિ અને શાંતિથી પાણી પી લેશે.'

ઘોડેસવાર અને ખેડૂત વચ્ચેનો વાર્તાલાપ એક ઊંડું તત્ત્વજ્ઞાન રજૂ કરે છે. આપણે સંસારમાં રહીએ છીએ, એટલે સંસારની ગડમથલ તો ચાલ્યા જ કરવાની છે. તેનાથી ભડકીશું તો આપણે એમાં અટવાઇ જઇશું. સંસારમાં ગડમથલ તો રહેવાની જ છે. આપણે તેનાથી અલિપ્ત બનવાનું છે.

સંસારમાં વાસનાને ભડકાવે તેવા સંજોગો અવારનવાર ઊભા થવાના છે; કશાય ભાવ પેદા થાય તેવી પરિસ્થિતિ પણ પ્રસંગોપાત્ત ઉદ્‌ભવે છે; મનની ચંચળતાને ચકડોળે ચડાવે તેવા બનાવો અવારનવાર બને છે; તે બધાથી અલિપ્ત બનવાનો અને સમભાવમાં સ્થિત રહેવાનો પ્રયત્ન કરવાનો છે; રાગદ્વેષ પર કાબૂ મેળવીને, વીતરાગ દશા કેળવવાની છે.

એક સમયે એક રાજાએ પ્રધાનને હુકમ કર્યો, 'ગરમીમાં રસ્તા પર ચાલવું મુશ્કેલ બને છે; રસ્તા પર પગ મૂકીએ છીએ અને ફોલ્લા પડી જાય છે, માટે બધી સડકને ચામડાથી મઢી દો.'

પ્રધાને કહ્યું, 'રાજન, બધી સડકને ચામડાથી મઢી ન શકાય; સરળ રસ્તો એ છે કે તમે ચામડાનાં પગરખાં પહેરીને સડક પર ચાલો, એટલે તમારા પગને ગરમીની અસર નહિ થાય, પગમાં ફોલ્લા નહિ પડે.'

આ જ વાત સંસારમાં સૌ કોઈએ અપનાવવાની છે. સંસાર તો વિષયવાસનાના તાપથી ભડકે બળી રહેલ છે. તેમાંથી બચવાનો એક જ માર્ગ છે કે જીવનને તપ, ત્યાગ, સંયમ, વ્રત, નિયમ, પ્રત્યાખ્યાનથી મઢી લેવામાં આવે; પછી વિષય-વાસનાના તાપથી બચી શકાશે. માનવભવને સાર્થક કરવાનો, સુખ-શાંતિ-સમાધિમય જીવન જીવવાનો આ જ રાજમાર્ગ છે.

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | આપણે ઘડવૈયાબંધુ આપણા ! | ૧ |
| ૨. | દુઃખ વ્યક્તિને માંજનારી શક્તિ | ૭ |
| ૩. | સાચો કાનૂન ક્યો ? | ૧૩ |
| ૪. | મોટામાં મોટી ફતેહ | ૧૯ |
| ૫. | એકાગ્રતાવિણ જીવન અધૂરું | ૨૪ |
| ૬. | નિષ્કામ કર્મ એટલે શું ? | ૩૧ |
| ૭. | ખુશમિજાજ માનવીઓનો વસ્તીઘટાડો | ૩૮ |
| ૮. | માણસના વ્યક્તિત્વની ઘોર ઉપેક્ષા | ૪૩ |
| ૯. | 'વિચારબંધી' | ૪૮ |
| ૧૦. | સૌથી મોટી પદવી | ૫૪ |
| ૧૧. | દિવસ સાથેની ઠગાઈ | ૬૦ |
| ૧૨. | અહંપ્રેમ : આજના જીવનનું કેન્સર | ૬૮ |
| ૧૩. | નિખાલસતાની ખેરાત | ૭૩ |
| ૧૪. | ખોટા આદર્શો | ૭૮ |
| ૧૫. | માણસનું ખૂન એટલે.... | ૮૪ |
| ૧૬. | બાહ્ય વિજયનું મૂલ્ય કેટલું ? | ૯૦ |
| ૧૭. | માણસને ઘડવાની વર્કશૉપ | ૯૬ |
| ૧૮. | ખરો સત્તાધીશ | ૧૦૧ |
| ૧૯. | ઝિંદાદિલી | ૧૦૭ |
| ૨૦. | શ્રધ્ધાનો દીપક | ૧૧૨ |
| ૨૧. | પ્રજાનું નિર્માલ્ય | ૧૧૭ |
| ૨૨. | જીવન અંજલિ થાજો ! | ૧૨૨ |
| ૨૩. | પ્રભુ ! અમને એવા માણસો આપ ! | ૧૨૮ |

| | | |
|---|---|---|
| ૨૪. | આત્મ-સુધારણા | ૧૩૪ |
| ૨૫. | કૃષ્ણ એટલે જીવનતીર્થ | ૧૩૯ |
| ૨૬. | સત્યનો વિયોગ | ૧૪૩ |
| ૨૭. | ચહેરાની રક્ષા | ૧૫૦ |
| ૨૮. | ગાંધીમાર્ગ એટલે | ૧૫૭ |
| ૨૯. | અભિપ્રાય-વિષ | ૧૬૩ |
| ૩૦. | નિંદાની હાટડી | ૧૬૮ |
| ૩૧. | આત્મવિજય | ૧૭૫ |
| ૩૨. | કળિયુગનું સ્વાગત | ૧૮૩ |



જીવનઘડતર અને વ્યક્તિત્વવિકાસ માટે પ્રેરણા અને ચિંતનનું અનેરું ભાથું પૂરું પાડતું આ અમૂલ્ય પુસ્તક અમારા વાચકમિત્રોને સુલભ કરી આપવા બદલ અમે આ પુસ્તકના લેખક ગુજરાતના જાણીતા સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાના હૃદયપૂર્વક આભારી છીએ!

- પ્રકાશકો

# ૧

# આપણે ઘડવૈયાબંધુ આપણા !

**તમારા 'માંહ્યલા' કોશની
અદ્‌ભુત તાકાતનો
તમને પરિચય છે ખરો ?**

સ્વામી ગણેશાનંદજીએ કોઈક દેશમાં પ્રચલિત એક દંતકથાનો ખાસ ઉલ્લેખ કર્યો છે. તે દંતકથા મુજબ સૃષ્ટિકર્તાએ મનુષ્ય સહિત બધાં પ્રાણીઓને બનાવીને ધરતી પર મોકલી દીધાં. એક દિવસ આકસ્મિક રીતે જ રસ્તામાં માનવ, બળદ, શ્વાન, બગલો અને ઊંટનો એકબીજા સાથે ભેટો થઈ ગયો. એ પાંચેયે સુખદુ:ખની વાતો શરૂ કરી. સૌ એકબીજાને પૂછવા લાગ્યાં કે તારું આયુષ્ય ઈશ્વરે કેટલું નક્કી કર્યું છે?

જવાબ આપવાની શરૂઆત માણસે કરી : 'અરેરે ! ભગવાને તો મને વીસ જ વર્ષની આવરદા આપી છે ! મારું શું થશે ?'

માણસની વાત સાંભળી બળદ, શ્વાન, બગલો અને ઊંટ હરખાયાં ! એમણે કહ્યું, 'ભલે અમે પશુ રહ્યાં, પણ કુદરતની અમારી પર મહેર છે. ભગવાને અમને ચારેય પશુઓને ચાળીસ-ચાળીસ વરસનું આયખું આપ્યું છે ! એટલે અમારે તો ચિંતાનું કોઈ કારણ નથી ! પણ તું તો કહેવાય માણસ ! માણસ જેવા માણસને વીસ વરસની આવરદા ન પોસાય ! પણ તું શોક ન કરીશ, દુ:ખી ન થઈશ. અમે ચારેય અમારી

ચાળીસ-ચાળીસ વરસની જિંદગીમાંથી વીસ-વીસ વરસ તને આપી દઈએ છીએ, બસ ! તને મળેલી વીસ વરસની આવરદામાં અમારી એંશીની આવરદા ઉમેરાશે એટલે તું શતાયુ બની જઈશ. તારું આયુષ્ય સો વરસનું થઈ જશે. હવે તો ખુશ થા !'

અને માણસ તો રાજીનો રેડ થઈ ગયો !

પણ મનુષ્ય અંતે તો ફસાયો જ !

શરૂઆતનાં વીસ વરસ એનાં સુખેથી વીત્યાં. મા-બાપનાં લાડ-પ્યાર, વિદ્યાની પ્રાપ્તિ.... યૌવનના આગમનનો આનંદ.

એ વીસ વરસ પૂરાં થયાં બાદ, બળદે તેને દાનમાં આપેલાં વરસોનો તબક્કો શરૂ થયો... વીસ વરસ બાદ ગૃહજીવનનો આરંભ... લગન... મનુષ્ય 'બે પગ'વાળામાંથી 'ચાર પગ'વાળો બને છે. સાંસારિક જીવનનો ભાર બળદની જેમ ખેંચે જ જાય છે !.... કમાણી ને ક્રીડા એ જ એનું લક્ષ્ય !

ચાળીસ પૂરાં થાય છે... ઘરની જંજાળ વધે છે. છોકરાંછૈયાં - પતિ-પત્ની વગેરેના અંદર અંદરના ઝઘડા ! માણસ કંટાળીને શ્વાનની જેમ ઉશ્કેરાઈને કરડવા દોડે છે. એમ સાઈઠનો થાય છે !

સાઈઠ (૬૦) પછી હાથમાં માળા ધારણ કરે છે, બગલાની પેઠે ધ્યાન ધરે છે, પણ તૃષ્ણાઓ એનો પીછો છોડતી નથી ! તૃષ્ણાઓના ચક્કરમાં માણસ અટવાતો રહે છે. આમ એંશી થવા આવે છે.

માણસ કમરમાંથી વળી જાય છે. સ્વતંત્ર રીતે ચાલી શકતો નથી ! ઊંટને જેમ કોઈ દોરે તેમ પુત્ર-પૌત્ર તેને દોરીને લઈ જાય છે !

આમ બાકીનાં એંશી વર્ષ એ 'માણસ' બનવામાં વિતાવી ન શકતો હોય તો જીવનના અણમોલ વરદાનનો અર્થ શો ?

ખરું પૂછો તો માણસ પોતાની માણસ તરીકેની શક્તિ અને સામર્થ્યને પિછાણતો નથી !

માણસ સુખ, સફળતા અને પ્રસન્નતાનો અધિકારી છે, પણ આવિષ્કારની રીત એ જાણતો નથી એટલે પોતાને પામર, રંક અને નકામો માની બેસે છે.

પોતાના સાંસારિક જીવનમાં દુઃખ, શોક, નિરાશા અને નિષ્ફળતાની ફરિયાદ કરનાર માણસને એ વાતનો ખ્યાલ પણ નથી હોતો કે, કુદરતે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે મનુષ્યમાં અનામત શક્તિનો અદૃશ્ય ભંડાર પહેલેથી સુરક્ષિત રાખ્યો છે ! જિંદગીને સાર્થકતા બક્ષવાની શક્તિથી માણસને વંચિત રાખવાનું કુદરતને પસંદ જ નથી. માણસ માગતાં થાકે, પણ કુદરત આપતાં થાકે તેવી નથી – એ વાતની પ્રતીતિ કરાવવા કુદરતે એને માથે વિના મૂલ્યે વર્ષાની ધારા વહાવી છે, વાયુનો વીંજણો સતત ફરતો રાખ્યો છે, સૂર્યનો પ્રકાશ અને અન્નનો અંબાર ઠાલવતી પૃથ્વી બક્ષ્યાં છે ! શરત વગરનું દાન એ પ્રકૃતિની આગવી વિશેષતા છે. આવાં અમૂલ્ય દાન આપોઆપ મળ્યા છતાં માણસ અકિંચન રહે એમાં વાંક કોનો ? કુદરત આપવામાં કંજૂસ નથી, માણસ માગવામાં ઊણો ઊતરી પોતાની રંકતા પ્રદર્શિત કરે છે. કારણ કે માણસને પોતાની શક્તિઓ વિશે જ ઉચ્ચ આદર કે શ્રદ્ધા નથી ! સંપન્ન હોવા છતાં માણસે પોતાની જાતને વિપન્ન માનીને પોતાના વ્યક્તિગત અને સામાજિક જીવનને ખૂબ જ મોટું નુકસાન કર્યું છે.

આપણે આપણી જાતને તથા જગતને એ વાતની પ્રતીતિ કરાવવાની છે કે, ઈશ્વરની અપાર કરુણાનો કુંભ આપણા અંતઃકરણના દરવાજા ખૂલવાની પ્રતીક્ષા કરી રહ્યો છે ! એ કુંભના પ્રસ્થાપન માટે અંતઃકરણના આંગણમાંથી સ્વાર્થ, લોભ, વિદ્વેષ, પશુતા, હિંસાવૃત્તિ વગેરેના કચરાને દૂર કરીને આત્મીયતા, અનુકંપા અને ઉદારતા તથા નિર્મળ પ્રેમથી એને લીંપી-ગૂંપીને રૂપાળું બનાવીએ. સંકુચિતતા દૂર થશે એટલે સદ્ભાવની સરિતા આપોઆપ વહેવા લાગશે.

પોતાની શક્તિઓને ઓળખવા પરત્વે પ્રમાદી મનોવૃત્તિ દાખવવી એ ઈશ્વરનું અપમાન છે. એ શક્તિને ઓળખવા પ્રત્યેના ઉપેક્ષાભાવને અપનાવવાને કારણે જ માણસ રોજી-રોટીમાં પોતાની સમગ્ર શક્તિ ખર્ચી નાખનારો 'વૈતરો' બની જાય છે, ઉન્નતિ સાધી શકતો નથી, નવાં સ્વપ્ન જોઈ શકતો નથી, નવી કેડી કંડારી શકતો નથી. જ્ઞાન, આવડત અને કુનેહને વિકસાવીને આપબળે ઉત્કર્ષના દિવસમાં પોતાને જોવા મળેલી વિકૃતિઓ, પોતાને અનુભવવી પડેલી નિષ્ફળતાઓ, ગરીબી, પ્રપંચ, લાચારી, લોકોની નીચતા, વગેરેની વાતો રસપૂર્વક કરવામાં આવે છે. પરિણામે ઘરનાં સભ્યો તથા વિશેષતઃ નાનાં બાળકોમાં પોતાની આસપાસની દુનિયાને શંકા, વહેમ, વેરવૃત્તિ અને ક્ષુદ્રતાની નજરે જોવાની આદત વિકસે છે. આનું માઠું પરિણામ સમગ્ર જીવન તથા લોકો પ્રત્યેની અશ્રદ્ધારૂપે જોવા મળે છે. એટલે જ વેદોમાં દરેક દિશામાંથી શુભ વિચારોની સંપ્રાપ્તિને આવકાર આપવામાં આવ્યો છે. કારણ કે જીવન આખરે તો વિચારોને આધારે આકાર લેતું હોય છે. ઉન્નત વિચારો જીવનને ઉન્નત પથ ચીંધે છે અને નિરાશાવાદી, પલાયનવાદી તથા તુચ્છ વિચારો જીવનમાં લક્ષ્યના ધ્રુવતારક તરફ નજર રાખવાની હામ છીનવી લે છે. તમારા પરાજયો જીવન જીવવાની બિનઆવડતનું પરિણામ હોઈ શકે એવું આત્મદર્શન કરવાની તૈયારી જ તમારે માટે શ્રેયસ્કર નીવડી શકે.

આપણી શક્તિઓ તરફની અશ્રદ્ધા અને આપણામાં રહેલા અનામત બળનો અપરિચય આપણે ભાગ્યના હાથનું રમકડું છીએ એવા પલાયનવાદી વિચારના પારણામાં આપણને પરાવલંબી બાળકની જેમ ઝુલાવે છે અને પુરુષાર્થની પા-પા પગલી માંડવાની તાકાત છીનવી લે છે. જેની પાસે વિચારોનું ભાથું હોય, કલ્પનાની પાંખો હોય, ભાવનાની મૂડી હોય અને દૃઢ મનોવૃત્તિનું પીઠબળ હોય એવો કોઈ પણ

માણસ આ પૃથ્વી પર રંક, દીન, સાધનહીન, ખિન્ન રહ્યો હોય તેવું સાંભળ્યું નથી ! રંકત્વ કુદરતદીધો નહીં પણ માનવનોતર્યો દુર્ગુણ છે. વાણીમાં દીન, વર્તનમાં દીન, કર્મમાં દીન, સંકલ્પમાં દીન, પ્રયાસમાં દીન, સાધનામાં દીન, શીલમાં દીન, વિચાર અને તેની મક્કમ અભિવ્યક્તિમાં દીન, એ માણસની ઝોળીમાં સુખ, સમૃદ્ધિ અને આનંદનું ફળ ફેંકવાની ઉડાઉ વૃત્તિ કુદરતને પણ ક્યાંથી પરવડે ? શાણો પુરુષ ભાગ્ય પાસે વાંછિત સફળતાની દુઆ નથી માગતો, પરંતુ એ ભાગ્યની પાસે માગે છે સાદાઈ, નમ્રતા, પૌરુષ અને પ્રામાણિકતા. સ્ટેનલી કહે છે, પરમાત્માથી ડરતો અને સિદ્ધાંતો મુજબ જીવતો અમોને એક એવો ચારિત્ર્યશીલ માનવી આપો કે જેની સામે અસ્થિર એવા તેજસ્વી જણાતાં છતાં નબળાં ચારિત્ર્યનાં વિવિધરંગી એવાં અનેક માનવીઓને અમે જતાં કરીશું.

લાયક માણસોને લાયક સંજોગો આપોઆપ મળી જાય એવું ન પણ બને. તેનાથી નિરાશ થવાની જરૂર નથી. પરાભવ કે પરાજયને પ્રયત્નના પૂર્ણવિરામનું નિમિત્ત બનાવીને નિષ્ફળતાનાં રોદણાં રડતાં, નમાલાં ને માયકાંગલાં માણસોને કુદરત જીવિત માનતી જ નથી. પરિણામે કુદરતી નજર પણ શક્તિસંપન્ન અને સંઘર્ષપ્રિય માણસો તરફ જ હોય છે, કારણ કે સૃષ્ટિનો વ્યવહાર ચલાવવા માટે કુદરતને પણ સબળા માણસોની જરૂર છે. મહાન કાર્યો કરવાનો સંકલ્પ જ માણસને માટે ઉત્કર્ષની નિસરણી તૈયાર કરે છે.

આપણામાં બેઠો છે એક ગુપ્ત દેવતા, જેના હાથમાં છે એક ગુપ્ત ભંડારની ચાવી. જ્યાં સુધી માણસ પાસે બળની હાથખર્ચી હોય ત્યાં સુધી એ દેવતા પોતાના ભંડારમાંથી કાવડિયુંયે પરખાવતો નથી ! પણ જ્યારે માણસ સામે બળની કટોકટી સર્જાય, ત્યારે પેલો ગુપ્ત દેવતા પોતાનો રહસ્ય-ખજાનો ખુલ્લો મૂકે છે... અને માણસની હતાશા, દીનતા,

ખિન્નતા દૂર ભાગવા માંડે છે. વળી પાછો એ પોતાની જાતને, વિપન્નને બદલે સંપન્ન માનતો થઈ જાય છે. અને માણસ કોઈક અસાધારણ કામ કરી દેખાડે છે.

આ ખજાનો મને – તમને – આપણને સૌને મળેલો છે. એ દિવ્ય ખજાનાનું નામ છે અનામત બળ. એટલે જ આશાવાદનો જયજયકાર કરતાં નેપોલિયને કહ્યું છે, ઈશ્વર હંમેશાં છેલ્લા અનામત બળની તરફેણમાં જ રહે છે.

આપણી તો એ જ ખુમારી હોઈ શકે કે 'માંહ્યલા કોશ'ને કબજે કરીને હું આભને ઝરૂખેય માળો રચી શકીશ.

*મનુષ્યે પોતાના કાર્યના સ્વામી બનવું જોઈએ; કાર્યને પોતાનો સ્વામી બનવા દેવું જોઈએ નહીં.*

*પોતે કઈ બાજુ ઢળવું, તેનો નિશ્ચય તત્કાળ કરવાની તેનામાં શક્તિ હોવી જોઇએ.*

**- પી. ડી. આર્મર**

# ૨

# દુઃખ વ્યક્તિને માંજનારી શક્તિ

**દુઃખે તમને 'માંજ્યા' કે 'મલિન' કર્યા એટલુંય વિચારવાની તમારામાં આવડત ન હોય તો તમારા જેવો બીજો ભોટ કોણ ?**

'પોતાનાં જેવાં દુઃખો સહેવાની તાકાત અન્યમાં ભાગ્યે જ હશે'– એવું માનીને ચાલતાં, દુઃખ બાદ સુખની ક્ષણોને પામેલા એક પ્રકારની 'ગર્વ'ની લાગણી અનુભવતા હોય છે ! માણસને માત્ર દુઃખ ભોગવ્યું તેનો જ આનંદ નથી હોતો, પોતે 'દુઃખવીર' ઠરે અને લોકો પોતાની સહિષ્ણુતાની નોંધ લે એવી પ્રશસ્તિ માટે પણ તે ઉત્સુક હોય છે. પરિણામે દુઃખના અનુભવોને બહલાવી-બહલાવીને કહેવામાં-વર્ણવવામાં માણસને મજા આવતી હોય છે !

ખરું પૂછો તો આપણે દુઃખને વધારેપડતું મહત્ત્વ આપી જીવનની સહજ ગતિને અપમાનિત કરીએ છીએ ! એટલે સુભાષિતકારોએ એ વાત માણસને વારંવાર સમજાવી છે કે જે થવાનું નથી, તે નથી જ થવાનું, અને જે થવાનું છે, તેમાં કશો ફેરફાર નથી થવાનો, આ પ્રમાણેનું ઔષધ ચિંતારૂપ વિષથી હણાયેલો માણસ કેમ નથી પીતો ? મરણ, વ્યાધિ અને શોકના મોટા ભયો આ સંસારમાં માણસથી કાંઈ દૂર

નથી. એથી માણસે દરરોજ ઊઠીને વારંવાર જાગૃત રહીને, વિચારી લેવું જોઈએ કે, આ ભયોમાંથી આજે શું આવી પડશે !

આપણે ઈચ્છીએ, કલ્પીએ, માનીએ કે જેની રાહ જોતાં હોઈએ એનાથી કશુંક વિપરીત બને, તેને દુઃખ માનીને દેકારો મચાવતાં હોઈએ છીએ. અને એવા દુઃખમાંથી ત્રાણ (છુટકારો) મળ્યા બાદ પોતે કેવી ખુમારીથી દુઃખોનો સામનો કર્યો તેની બડાશ હાંકતાં હોઈએ છીએ !

દુઃખને સુખથી અલગ કરીને જોવાનું એટલા માટે યોગ્ય નથી કે, સુખની અભિલાષા પોતે જ દુઃખનો એક મહત્ત્વનો અંશ છે, એટલે જ સંતો કહે છે કે તમારું હૃદય કબરસ્તાન બને નહીં, એવી ઇચ્છા હોય તો 'આશા સાથે લગ્ન ન કરશો.'

પોતે ભોગવેલાં દુઃખોનું સ્મરણ કરીને 'અહં'વાદી બનવું એ સિદ્ધિ નથી પણ માનસિક રંકતા છે. પ્રવાસીમાં રહેલી ચાલવાની ઉત્તેજના જ પથનું અને પથિકનું ગૌરવ વધારે છે. વિપરીત સંયોગોનો સામનો કરવાની તૈયારી એ પ્રવાસની પૂર્વશરત છે અને એવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે દાખવેલી હિંમત કે ખમીર એ આપણી ઉત્કર્ષયાત્રાનો એક મહત્ત્વનો હિસ્સો છે. વિપત્તિ પરનો વિજય એ અહંના શેતાનની શરણાગતિનો નહીં પણ આત્મશ્રદ્ધાનો જયજયકાર કરવાનો અવસર છે.

ચિંતા, ઉદ્વેગ, અશાન્તિ, બેચેની અને બળાપો નોતરવાની અને એમને આળપંપાળ કરવાની આદત જ માણસ પાસેથી દુઃખોનો સામનો કરવાની શક્તિ હણી લે છે. દુઃખમાંથી મુક્ત તો થાય, પણ 'સ્વત્વ' હોડમાં મૂકીને. એવી મુક્તિ મેળવી હોય તો એમાં આત્મશક્તિનો રણકાર ક્યાં રહ્યો ?

દુઃખમાંથી 'ત્રાણ' અનેક રીતે શક્ય બની શકે. ખુમારીપૂર્વક દુઃખ સામે યુદ્ધે ચઢવાથી, કોઈકની મહેરબાનીના યાચક બનીને, અથવા

સિદ્ધાંતો કે આદર્શોનું બલિદાન આપીને ! માણસ 'દુઃખમુક્ત' બને છે ત્યારે પોતે કેવળ દુઃખમુક્તિના આનંદને જ વાગોળ્યા કરે છે, આત્મદર્શન કરતો નથી. પરિણામે પોતે શું મેળવ્યું અને શું ગુમાવ્યું તેનું ગણિત એ માંડી શકતો નથી ! અને જગતને તો 'ઊગતા' રવિની આરતી ઉતારવાની આદત છે ! અહીં 'ફાવેલો' માણસ જ 'ડાહ્યો' ગણાય છે. 'તાવેલો' (કસોટીમાંથી પસાર થયેલો) નહીં ! પરિણામે દુઃખ સહન કરીને 'ફાવેલા' લોકો દુઃખ સહન કર્યાનું 'મૂલ્ય' સમાજ કે રાષ્ટ્ર પાસેથી વસૂલ કરી લેતા હોય છે ! દુઃખે તમને 'માંજ્યા' કે મલિન કર્યા એટલુંય વિચારવાની તમારામાં આવડત ના હોય તો તમારા જેવો બીજો ભોટ કોણ ?

જે માણસ વેઠેલાં દુઃખોનાં ગાણાં ગાયાં કરે છે, તે માણસ માનસિક દૃષ્ટિએ અસ્વસ્થ છે, કારણ કે તેને એકની એક જ ક્રિયામાં રસ છે ! વિચાર-દબાણનાં સુખ-દુઃખથી પર એવા મસ્તીભર્યા માનવી બનવું એ જીવનનો સૌથી મોટો પડકાર છે. એ પડકાર ઝીલવાની તાકાત કહેવાતા 'બળવાન', 'વિદ્યાવાન', 'ધનવાન' અને 'સત્તાધીશો' પાસે હોતી નથી. એ તાકાત તો આવે છે જીવનનાં ઊંડાણમાંથી, જીવન પ્રત્યેના ઉન્નત અભિગમમાંથી, અણનમ રહેવાના સંકલ્પમાંથી, કસોટીની આંધીમાંય અવિચળ રહેવાની નિષ્ઠામાંથી, જીવન સાથે તાદાત્મ્ય સાધવાની તત્પરતાથી. ન્યૂયૉર્કના એક વ્યાપારીની વાત આ સંદર્ભમાં પ્રેરક છે. તેણે કહ્યું હતું કે પ્રાતઃકાળમાં વિશ્વ સાથે સંપૂર્ણ તન્મયતા જ્યાં સુધી હું સાધી શકતો નથી, ત્યાં સુધી હું કદી પણ મારા કાર્યાલયમાં જતો નથી. જો મારા મનમાં જરા પણ દ્વેષ અથવા ઈર્ષાની વૃત્તિ ઊપજી હોય, જો મારા ભાગીદાર પ્રત્યે અથવા મારા કોઈ પણ નોકર પ્રત્યે મારા દિલમાં સદ્ભાવ ન હોય, તો જ્યાં સુધી મારું મન સર્વ પ્રકારની અવસ્થામાંથી મુક્ત થતું નથી ત્યાં સુધી હું ધંધા પર ચઢતો નથી ! વિશ્વની

ઉત્પાદકશક્તિ સાથે યોગસંપાદન કરવાથી જ મનુષ્યને અખૂટ શાન્તિ, શક્તિ અને સંપૂર્ણતા પ્રાપ્ત થશે અને આ કલ્યાણકારી સ્થિતિને પ્રાપ્ત કરવી એ પ્રત્યેક મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે. જેમ માણસ દુ:ખની સહિષ્ણુતાના નશામાં ઝૂમતો રહે છે, તેમ માણસ 'સુખ'ના ગર્વમાં પણ મેહાલતો રહે છે. પોતાના જેવો કોઈ 'સુખી' નથી એવો કેફ પણ અંતે તો માણસ માટે દુ:ખરૂપ સાબિત થાય છે, કારણ કે જીવન આખરે તો પરિવર્તનશીલ છે.... જીવનનો પ્રવાહ ક્યારે કેવી દિશા પકડશે એની ખબર કોઈનેય પડતી નથી !

અહીં 'સુખી કોણ' પ્રેરક પ્રસંગમાં વર્ણવાયેલા લીડિયાના રાજા ક્રીસસનો દાખલો નોંધવા જેવો છે.

ક્રીસસ ભારે ધનવાન હતો. ક્રીસસને પોતાની સમૃદ્ધિ પરદેશથી આવતા લોકોને બતાવવાની ખૂબ હોંશ હતી. તેથી તેણે ગ્રીસના શાણા સંત સોલનને પોતાની સમૃદ્ધિ બતાવીને પૂછ્યું, 'બોલો, મારા કરતાં વધારે સુખિયો માણસ તમે ક્યાંય જોયો છે ખરો ?'

સોલને શાન્ત અવાજે કહ્યું : 'રાજાજી, મેં એથેન્સ પાસેના એક નાનકડા ગામમાં એક ખેડૂત જોયો હતો તે મને ઘણો જ સુખી લાગેલો.'

સોલનના શબ્દો સાંભળી ક્રીસસ જરા ડઘાઈ ગયો. સોલન જેવા માણસને મોઢે પોતાની અઢળક સંપત્તિનાં મોંફાટ વખાણ સાંભળવાની તેની ઈચ્છા હતી. એટલે એણે પૂછ્યું : સોલન, મને એ તો કહો કે એ નાનકડા ખેડૂત પાસે એવું શું હતું, જેને કારણે તમે તેને સુખી માનો છો ?

સોલન સહજ ભાવે બોલ્યો : 'એ ખેડૂત પાસે નાનકડું ખેતર, સુશીલ પત્ની, સ્નેહાળ બાળકો હતાં. તે હતો તો ગરીબ, પરંતુ મહેનત કરીને કુટુંબનો ગુજારો કરતો હતો.

'એક વાર એ ખેડૂત પોતાના દેશનું રક્ષણ કરવા માટે યુદ્ધમાં ગયો અને મરાયો. તેના પડોશીઓ તેને વારંવાર યાદ કરે છે !'

ક્રીસસે જરા અણગમો વ્યક્ત કરતાં કહ્યું કે અહોહો ! એમાં શી નવાઈ ! વારુ, તમે બીજો કોઈ સુખી માણસ જોયો છે ?

'જી હા. !' સોલને જવાબ આપ્યો. અને વાત આગળ ચલાવી. 'મેં બે ભાઈઓને જોયા છે, તેમની માતાએ મંદિરમાં રોજ વહેલી સવારે જઈને દેવદર્શન કરવાનો નીમ લીધો હતો...

દીકરાઓ પોતાની માતાને નિયમિત રીતે દેવદર્શન જવામાં મદદરૂપ થતા હતા. પરંતુ એક દિવસ સવારે તપાસ કરતાં જણાયું કે બળદો રાતે ચરવા દૂર-દૂર ક્યાંક ચાલ્યા ગયા છે. તેમને શોધી કાઢવાનું મુશ્કેલ હતું.

પરંતુ પોતાની વયોવૃદ્ધ માતાને મંદિરે તો લઈ જવી જ જોઈએ !

... એટલે બંને છોકરાઓ માતાને ગાડામાં બેસાડીને ગાડાને જાતે ખેંચવા લાગ્યા. માતાએ પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા. ગામના લોકો પણ આ જોઈને ધન્યવાદ આપવા લાગ્યા.....

'પરંતુ તે જ રાત્રે આ બંને ભાઈઓ અચાનક જ અવસાન પામ્યા !' સોલને થોડીક વાર અટકીને કહ્યું : 'એ બંને ભાઈઓને હું સુખી કહું છું !'

ક્રીસસ આ વાક્ય સાંભળી અકળાઈ ગયો. એણે કહ્યું કે તમે મારા વિષે શું ધારો છો ? હું સુખી ગણાઉં કે નહીં એ ચોખ્ખેચોખ્ખું કહી દો ને !

સોલને મધુર સ્મિત ફરકાવતાં કહ્યું : 'ક્રીસસ, અમે ગ્રીક લોકો, જ્યાં સુધી માણસ જીવતો હોય છે, ત્યાં સુધી એને સુખી કહેવો કે નહીં તે અંગે કશો જ અભિપ્રાય બાંધતા નથી......!

'હે રાજન.... રાજપાટ અને એશઆરામ કોઈનાં રહ્યાં છે ? ધનનો શો ભરોસો ? એ બધું તો આજે છે ને કાલે નથી ! કઈ ઘડીએ માણસ પર એનાં અગાઉનાં સુખોને ભુલાવી દે તેવું દુઃખ આવી પડે એ શી રીતે કહેવાય ?'

એટલે જ 'ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે' એવી મસ્તી કેળવવાનું મુનાસિબ ગણાય !

દુઃખની ચિંતા ન કરવી અને સુખમાં છકી ન જવું એ જ જીવન પ્રત્યેનો સાચો અભિગમ કહેવાય ! દુઃખથી ડરાય નહીં, અને એ આવે ત્યારે એને 'વળતો જવાબ' આપ્યા વગર જવા પણ ન દેવાય. એમ પણ બને કે દુઃખના આક્રમણ સામે તમે ટકી ન શકો, પણ દુઃખને તમે 'ભારે પડ્યા છો' એ વાતની નોંધ તો સમયના ચોપડામાં નોંધાવાની જ !

*દુઃખ ભોગવ્યા પછી સુખ થોડું હોય તો પણ વધારે લાગે છે, જેમ તૂરા રસને ચાખ્યા પછી પાણી પણ ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે.*

**- સંસ્કૃત સુભાષિત**

# 3

## સાચો કાનૂન કયો ?

**માણસને 'સ્વાતંત્ર્યને મુકામે' પહોંચાડે તે જ સાચો કાનૂન ! બીજો કોઈ કાનૂન નથી !**

'આનંદ કહે છે પરમાનંદને માણસે-માણસે ફેર !' પણ આજે અહીં સામાન્ય ફેરની વાત નથી કરવી. ગુરુવારની સવારનો તડકો અમારા ક્વાર્ટરના બગીચાના નવપ્રસ્થાપિત છોડવાઓના ખબરઅંતર પૂછી રહ્યો છે... ભીરુ મોરનો કંઠ તરસ્યો હોવા છતાં માણસના ડરને કારણે એ પાણીના કૂંડાને દૂરથી સતૃષ્ણ નજરે નિહાળી રહ્યો છે.... બધું સલામત લાગે તો રોટલીના ટુકડા કે વેરાયેલા દાણા માટે મોર એકાદ લટાર મારી જાય છે... પેટ ભરવાની ચિંતા મોરની કળા કરવાની મસ્તી છીનવી લે એ વાત મારે માટે અસહ્ય બની જાય છે..

મોર તરફથી નજર હટાવી 'માણસ'ના વિચારમાં ખોવાઈ જાઉં છું... એમ. પી. પટેલ ફાઉન્ડેશને પ્રેમપૂર્વક મોકલેલી અને મીરાંબહેન ભટ્ટે હૃદયપૂર્વક ભાષાંતરિત કરેલી રિચાર્ડ બાકની કૃતિ 'જોનાથન લિવિંગસ્ટન સીગલ', 'સાગરપંખી' પુસ્તક મને ખેંચી જાય છે : 'આભ ભરીને ઊડતાં હજી શીખવું મારે'ની ઝંખનામાં....! 'સાગરપંખી'ના પ્રવેશકના શબ્દો હું ધ્યાનથી વાંચું છું....

'જોનાથન એક નાનકડું સાગરપંખી છે. પણ સર્વસામાન્ય સાગર-પંખીઓ કરતાં એ કાંઈક જુદું પડે છે.... જ્યારે એના જાતબાંધવો દરિયાકાંઠે પોતાનો શિકાર શોધવામાં મશગૂલ હોય છે, ત્યારે એ મથે છે ઊંચાઈઓ આંબવા. આ સાગરપંખીને ઊડવું છે ઊંચે-ઊંચે, દરિયાને પેલે પાર ! દૂર – ક્ષિતિજોને અડીને આકાશે પહોંચતી ગિરિકંદરાઓને પેલે પાર !'

નવો રાહ શોધનાર-અપનાવનારને જગત કે જાતિબંધુઓ થોડો જ સહજતાપૂર્વક સ્વીકારી લે છે ? આગળ વધવા ઇચ્છનારા કયા સાધકની યાત્રા નિર્વિઘ્ન રહી છે કે એ સાગરપંખીની પણ રહે ! જમાતમાં પાછળથી ટાંટિયો ખેંચનારા હાજર જ હોય છે. જોનાથનનાં માબાપ પણ એને વ્યવહારડાહી વાતો સમજાવે છે. 'બેટા, શા માટે અમથો ઊડાઊડમાં સમય વેડફી મારે છે ? એના કરતાં માછલાં પકડવાની જુદી જુદી રીતો શીખી લેતો હો તો ?'

પરંતુ જોનાથન સાગરપંખીના મનમાં માત્ર એક જ વિચાર રમતો હતો.... સતત નવું કશુંક શીખવાનો, નવું કશુંક પામવાનો.

હવામાં અંગકસરતના પ્રયોગો દ્વારા એણે પોતાના મનને દૃઢતાના પાઠ ભણાવ્યા. જુદી-જુદી જાતની ડૂબકી ખાતાં શીખીને એણે ઉત્તમ સિદ્ધિ માટે ધ્યેયલીન બનવાનો મહાવરો શરૂ કર્યો !

પ્રત્યેક નવપ્રસ્થાન પૂર્વે માણસનું મન કોઈક વિચિત્ર અંધકારમાં અટવાતું હોય છે. સંકલ્પ અને વિકલ્પ, તેજ અને તિમિર, ઉપહાસ અને અભિનંદન, જય અને પરાજયની વાતો, ક્યારેક ઉદાસ, ક્યારેક વિષાદ, ક્યારેક ભય, ક્યારેક નિર્ભયતા વચ્ચે માણસના મનને ઘેરાયેલું રાખે છે! હામ હારીને માણસ ક્યારેક 'સામાન્ય માણસ'ની જેમ જ જીવવા મનને મનાવી લે છે, તો વળી પાછો 'માંહ્યલો' એને પાંખો વીંઝવા પ્રોત્સાહિત કરે છે....

સાગરપંખી જોનાથન પણ આવી મનોદશામાંથી પસાર થાય છે ! પાણીમાં એ ડૂબકી લગાવે છે કે તરત જ એની અંદરથી એક અજાણ્યો અવાજ સંભળાય છે.

'આનો બીજો કોઈ ઉપાય નથી ! હું સાગરપંખી છું. કુદરતે જ મને મર્યાદાથી બાંધી દીધો છે... આવું ઊંચે ઊડવાનું જો મારા નસીબમાં હોત તો ઈશ્વરે મને તેવું મગજ આપ્યું હોત ! આટલી બધી ગતિ જો મારે સિદ્ધ કરવાની હોત તો ગરુડ કે બાજ જેવી મને ટૂંકી પાંખો મળી ન હોત ? બાપુની વાત સાવ સાચી હતી.... આ બધું ગાંડપણ મારે છોડવું જોઈએ. મારે મારા ઘેર પાછા વળવું જોઈએ અને એક મર્યાદિત શક્તિવાળા દરિયાઈ પંખી તરીકે જીવીને જેવો છું તેવો સંતોષ પામવો જોઈએ !'

મોટા ભાગના લોકો જિંદગીમાં એક પળે આવું પલાયન વાદી સમાધાન શોધીને પોતાના વિકાસની અનેકવિધ શક્યતાઓને ગળે ટૂંપો દઈ દેતા હોય છે !.... અને પ્રગતિવિરોધી લોકો તો અન્યને પછાડવા આતુર જ હોય છે.

ક્ષુદ્ર જીવોની આવી વાત ધ્યેયલક્ષી સાગરપંખી જોનાથન કેવી રીતે સહી શકે ?

જોનાથન પર મૂકવા માટેનું આરોપનામું ઘડાઈ ચૂક્યું હતું ! 'એક દિવસ તને ભાન થશે કે જિંદગીમાં બેજવાબદારી ફળતી નથી ! જીવન તો છે એ જ અજ્ઞાત અને અજ્ઞેય. પણ આપણે તો આ દુનિયા પર ખાવા અને જીવી શકાય તેટલા દિવસ જીવવા અવતર્યા છીએ.'

જોનાથન પર જાણે વજ્રપાત થયો !

'એની બેફામ જવાબદારી માટે, આપણા કુળની શોભા અને પરંપરાઓનો ભંગ કરવા માટે !' – જમાતના મુખી એનો જવાબ માગી રહ્યા હતા.

સાગરપંખી જોનાથને આકાશને પડકારી ધરતીને સ્પર્શ કર્યો ત્યારે એની જમાતનાં પંખીઓની સભા એનો ઊધડો લેવા રાહ જોતી હતી !

'જોનાથન લિવિંગસ્ટન સીગલ ! સભાની વચ્ચે આવ.' જમાતના મુખીનો ધીરગંભીર અવાજ આવ્યો ! મુખી આવું કહે એટલે મોટી શરમ અને માનહાનિ !

એણે કહ્યું : 'બેજવાબદારી ? મારા ભાઈઓ, જીવનમાં એક અર્થ, ઉચ્ચ પ્રયોજન શોધી કાઢનાર અને એને માટે પ્રયત્ન કરનાર સાગરપંખી કરતાં વધારે જવાબદાર કોણ હોઈ શકે ? હજારો વર્ષ આપણે માછલીના ટુકડા માટે ઝૂંટાઝૂંટ કરી છે, પરંતુ હવે જિંદગીનું કોઈ પ્રયોજન આપણને પ્રાપ્ત થયું છે – શીખવું, શોધ કરવી, સ્વતંત્ર થવું, મને તક આપો, મેં જે શોધી કાઢ્યું છે, તે તમારી સામે બતાવવા દો !'

ઈસુની, બુદ્ધની, મહાવીરની, ગાંધીની પણ આ જ વેદના ! સૉક્રેટિસ અને મીરાં, ગેલેલીઓ અને કોલંબસ – નવી વાત લઈ આવનારને જગતના કહેવાતા ન્યાયાધીશોએ કેવા બૂરા હાલહવાલ કર્યા છે ! લોકહૃદયની ભીનાશ અને ઊંડાણના અભાવે જગતમાં નિર્દોષોએ દંડાવું પડ્યું છે !

સાગરપંખીની જમાતે જોનાથન સાથેનો સંબંધ પૂરો કરી નાખ્યો.

પણ સાગરપંખી જોનાથને સજાને પુરસ્કાર માનીને પોતાની ઉડ્ડયનસાધના ચાલુ રાખી.

વિવિધ લક્ષ્યાંકો સર કરતો જોનાથન પૂર્ણતા માટે આતુર હતો. 'સ્વર્ગ' નામની કોઈ જગ્યા હોય તો તે પણ તેને ખોળવી હતી....

એક વૃદ્ધ પણ માયાળુ સાગરપંખીએ તેને સમજાવ્યું : 'બેટા, સ્વર્ગ જેવી કોઈ જગા નથી ! સ્વર્ગ ન સ્થળમાં વસે છે ન કોઈ કાળમાં, જીવનમાં પરિપૂર્ણતા પામવી એ જ સ્વર્ગ છે !..... જે ક્ષણે તું પૂર્ણતા

પામીશ, તે ક્ષણે તું સ્વર્ગ આંબીશ.' અને અજ્ઞાતને જીતવા સાગરપંખી જોનાથનનો આત્મા થનગની ઊઠ્યો.....

જોનાથનની શિષ્યમંડળી ઊભી થવા લાગી. ફ્લેચર ! મેનાર્ડ ! વગેરે.

સિદ્ધિઓને વખાણ અને વગોવણી બન્નેનો ભય હોય છે ! એક વાર સવારે ફ્લેચર નામનાં પંખીએ કહ્યું : 'સમાજમાં બધા કહે છે કે તમે સાક્ષાત્ મહાસાગરના પુત્ર છો ! કે પછી તમે અમારા સમયથી એક હજાર વર્ષ આગળ છો !'

જોનાથને નિઃસાસો નાખ્યો. વળી પાછી ગેરસમજની કિંમત ચૂકવવી પડશે ? કાં તો તમે શેતાનમાં ખપો, કાં ભગવાનમાં !'

વાત સાચી છે ! કેટલાકને 'ભગવાન' તરીકે પૂજાવામાં રસ હોય છે !..... એવા કોઈ 'ભગવાન'ની પોલ ખૂલે તો વળી પાછું જગત એને 'શેતાન'ની પંગતમાં હડસેલી મૂકે છે ! શું શેતાનત્વ અને ભગવાનત્વ એ બેમાંથી એક જ 'લેબલ' માણસને લગાડી શકાય ? કોઈ માણસને 'સાચુકલો માણસ' તરીકે સ્વીકારવામાં જગતને શો વાંધો છે ?

સાગરપંખી જોનાથન દ્વારા લેખકે એક પાયાની વાત રજૂ કરી છે : 'સાગરપંખીને ઊડવાનો અધિકાર છે. સ્વાતંત્ર્ય તેની પ્રકૃતિ છે, એની આડે જે કાંઈ આવે તેને દૂર કરવું જ જોઈએ, પછી એ કર્મકાંડ હોય, અંધવિશ્વાસ હોય કે કોઈ પણ પ્રકારની મર્યાદા હોય ! સ્વાતંત્ર્યના મુકામે પહોંચાડે તે જ સાચો કાનૂન. બીજો કોઈ કાનૂન નથી !'

અને સાગરપંખી જોનાથન વિકાસની અનેક શક્યતાનો અંગુલિનિર્દેશ કરીને અંતિમ વિદાય લે છે !

મીરાંબહેને કહ્યું છે તેમ આખરે તો આ સાગરપંખીની કથા એક રૂપક છે. વાસ્તવમાં સાગરપંખી છે, માનવનું આતમપંખી. કેટલાક

માનવો જનમથી જ એવો માંહ્યલો લઈને અવતરે છે. જેની પાંખ સતત વિકાસ ન ભૂલે એ જ સાચો ઇન્સાન, એ જ ખરો 'ભગવાન' !

ધરતીને સદાય એવા અદકેરા ઇન્સાનની પ્રતીક્ષા રહી છે, રહે છે, રહેશે.... માણસ પોતે જ એક કરિશ્મો છે. એટલે તો મીર કહે છે :

*'મત સહલ હમેં જાનો, ફિરતા હૈ ફલક (આકાશ) બરસોં,*
*તબ ખાક કે પર્દે સે 'ઇન્સાન' નિકલતે હૈં !'*

'સાગરપંખી' સુલભ બનાવવા બદલ એમ. પી. પટેલ ફાઉન્ડેશન અને સારાનુવાદક મીરાંબહેન ભટ્ટ બન્ને અભિનંદનનાં અધિકારી છે.

*હું એક છું, પણ એક તો છું;*
*હું હરેક ચીજ કરી ન શકું, પણ હું કશુંક તો કરી શકું.*
*મારાથી જે થઈ શકે, તે મારે કરવું જોઇએ.*
*અને જે મારે કરવું જોઈએ, તે પ્રભુકૃપાથી હું કરીશ જ.*

**- ઇલાચંગ**

## ૪

# મોટામાં મોટી ફતેહ

**જગતમાં મળતી મોટામાં મોટી ફતેહ આત્માની અદાલતમાં સજાપાત્ર ગુનો પણ કરી શકે !!**

એક વેપારી મનોવૃત્તિવાળો, પણ મૂલ્યહીન માણસ કહી રહ્યો હતો : 'રૂપિયાની ટંકશાળ માત્ર રૂપિયા જ બહાર પાડે છે, એના ઉપયોગની આચારસંહિતા નહીં ! એટલે હું રૂપિયાનો આદર કરું છું, આચારસંહિતાનો નહીં ! અનીતિનો રૂપિયો કોઈ ધર્માદાપેટીમાં પડ્યા બાદ પેટી તોડીને આપમેળે બહાર આવી બળવો પોકારતો મેં જોયો નથી !...... મને કામ સિદ્ધ થાય એમાં જ રસ છે, બીજા કશામાં નહીં ! લોકોના અપમાનની હું પરવા કરતો નથી, કારણ કે લોકો તરફથી અપાનાર માન કે અપમાન આખરે તો એમના મનમાં રહેલી કોઈ ગણતરીનું જ પરિણામ હોય છે.

આવા ગણતરીબાજ માણસો સમયસિંધુને એકાદ ઉછાળે કદાચ ટોચ-પર ચઢી ગયા હોય એમ પણ બને. જોકે એવા સ્વમાનશૂન્ય માણસો સુખ માણી શક્યા હશે પણ ઇજ્જત કે સંતોષ ક્યારેય નહીં.

ટેનિસને કહ્યું છે તેમ સ્વમાન, આત્મજ્ઞાન અને આત્મનિગ્રહ – આ ત્રણ સદ્‌ગુણોથી માણસનું જીવન સર્વોપરી સત્તા મેળવી શકે છે. જેઓ

પોતાની જાતને આદર અર્પી શકતા નથી, તેઓ વિશ્વમાં કોઈની પાસેથી સાચો આદર પામી શકતા નથી ! લોકોને 'ઉલ્લુ' બનાવવામાં સફળ થયાનો આનંદ લૂંટતા લોકો અંતે તો પોતે જ મૂર્ખ સાબિત થતા હોય છે ! વિશ્વના તમામ લોકો સદાય વિવેકશૂન્ય રહ્યા હોય અને હલકટ, તકસાધુ, પ્રપંચી તથા પ્રવંચક માણસો સદાય ફાવી ગયા હોય એવું પણ નથી બન્યું ! માણસ પ્રશંસાપાત્ર બની શકે, પણ સુપાત્ર ઠરવા માટે તો એણે ક્ષણે ક્ષણે પોતાની જાતને ઘડવી પડે છે !

હું ખૂની કરતાં સ્વમાનહીન માણસને વધારે ખતરનાક ગણું છું કેમ કે ખૂની બે-પાંચ માણસનું ખૂન કરે, પણ સ્વમાનહીન માણસ તો હલકટતાની ચરમસીમાએ પહોંચીને સમગ્ર વિશ્વને પાયમાલ કરતાં પણ અચકાતો-ખચકાતો નથી ! ધનને લાયક કોઈ પણ થઈ શકે, પણ માનને લાયક બનવા માટે તો સ્વમાન અને આત્મસંસ્કારની કરવતથી વૃત્તિ અને પ્રવૃત્તિઓને સતત વહેરતાં રહેવું પડે.

બાહ્ય ઉન્નતિ જ નહીં, માનસિક અને આત્મિક ઉન્નતિમાં પણ માણસે એટલો જ રસ દાખવવો જોઈએ. જો એમ ન બને તો સમાજમાં ઉચ્ચ સ્થાને બેઠેલા લોકોની સંખ્યા વધતી જાય, પણ ઉચ્ચ પ્રકારના માણસોની સંખ્યા ઘટતી જાય ! માનસિક દરિદ્રતાવાળા સમૃદ્ધ અને સત્તાસંપન્ન લોકો સંસ્કૃતિ અને સંસ્કારના શરીર પર ઊભા થયેલા ઉકરડાઓ છે !

માણસ આત્મસન્માન કે સ્વમાનરક્ષાની જવાબદારી પરિસ્થિતિઓ, જરૂરિયાત તથા મજબૂરી પર નાખીને છૂટી શકે નહીં.

વિશ્વમાં ગુલામીની પ્રથાનો જબરજસ્ત વિરોધ થયો અને માનવના ગૌરવના જયજયકાર કરવાની વાત પર ભાર મૂકવામાં આવ્યો, પણ આપણે છાતી ઠોકીને કહી શકીએ છીએ ખરા કે ગુલામીની પ્રથા નાબૂદ થઈ છે ? એક સમયે માણસ વેચાતો, આજે એનું ઈમાન વેચાય છે, એનું

સ્વમાન વેચાય છે, એનાં સ્વમાન અને સન્માનનું છડેચોક લીલામ છે ! આજનો માણસ પોતાને ગુલામ તરીકે વેચાવા તૈયાર છે, શરત એ કે એને પદ આપો, પદોન્નતિ આપો, સત્તા આપો અને સુખ-સુવિધાઓના અંબારની ખાતરી આપો !.... અરે નોકરીની ખાતરી આપો તોય માણસ જીવનભરના ગુલામખત પર સહી કરી આપવા તૈયાર છે !.... સ્વાર્થ અને લાચારીએ મનુષ્યની આત્મસન્માનની વૃત્તિના ચીરેચીરા કરી નાખ્યા છે ! સ્વ-વશતાના મૂલ્યનું વિસ્મરણ એ તકસાધુઓનો જન્મસિદ્ધ અધિકાર છે.... વ્યક્તિ-વ્યક્તિએ પોતાના વ્યક્તિત્વનાં જુદા જુદા રંગોનાં સૅમ્પલ રજૂ કરવાં એ સ્વમાનહીનતાની ભવાઈનાં અવનવાં રૂપો છે. માણસની પરાધીનતા જ એને માટે પતનનાં દ્વાર ખોલતી હોય છે ! પરંતુ આવું જાણ્યા છતાં કેટલાક માણસો સ્વાશ્રયી થવા માટે ઝાઝેરો ઉત્સાહ બતાવતા નથી; કારણ કે સ્વાશ્રયી બનવા માટે જે ખુમારી, જે કષ્ટ અને જે સંઘર્ષો સહેવાનાં છે, એને માટે જરૂરી આત્મબળ તેઓ બતાવી શકતા નથી. માટે સ્વમાનને ભોગે પણ જો કોઈ ખભે બેસાડી ઊંચકનારો કામચલાઉ તારણહાર મળી જાય તો તેનું તેઓ આનંદથી સ્વાગત કરે છે ! જગતમાં ખોટાં મૂલ્યોનો પ્રચાર–પ્રસાર વધે તે જગતની તંદુરસ્તી માટે અને માનવજાત માટે હાનિકારક છે એની ચિંતા કરવાનું વલણ ધીરે ધીરે ઘટતું જાય છે !

જજ રોબિન્સન અને એક ગરીબ પણ સ્વમાની વકીલનો સંવાદ અહીં યાદ રાખવા જેવો છે. રોબિન્સન નામનો જજ પોતાનાં ઢંગધડા વગરનાં પ્રકાશનો, ચોપાનિયાં અને ખુશામતભર્યાં લખાણો દ્વારા ઊંચી જગાએ પહોંચી ગયો હતો, જ્યારે સ્વમાની વકીલ મિ. હરેન કાબેલ હોવા છતાં સ્વમાની હોવાને કારણે હલકટ પ્રયત્નોની જાળમાં ફસાયો નહોતો... એક વાર એક મુકદ્દમાના સંદર્ભમાં જજ રોબિન્સને મિ. હરેનને કહ્યું કે 'મને વહેમ છે કે કાયદાની તમારી લાઈબ્રેરી સાવ

નાનકડી લાગે છે !' ત્યારે મિ. હરેને શાંતિથી જવાબ આપ્યો : 'સાહેબ, હું ગરીબ છું, એ વાત સાચી છે, તેથી હું મોટી લાઈબ્રેરી વસાવી શક્યો નથી એ પણ કબૂલ, પરંતુ મેં કાયદાની વાંચવા યોગ્ય બધી ચોપડીઓ વાંચી છે અને સારાં પુસ્તકોના અભ્યાસથી મેં મારા વ્યવસાયની શ્રેષ્ઠ તૈયારી કરી લીધી છે. હું ગરીબીથી શરમાતો નથી, પરંતુ પૈસા માટે ગુલામી અને લાંચ જેવાં હલકાં કામોથી શરમાઉં છું. હું ભલે કોઈ પદવી પર નહીં ચઢું પણ પ્રમાણિક તો રહીશ. ઘણાયે દાખલા ઉપરથી મને માલૂમ પડ્યું છે કે ખરાબ રીતોથી થયેલી ચડતીથી હું જાહેરમાં આગળ આવું ખરો, પણ આ બધા તરફથી તે જ કારણસર હું તિરસ્કારને પાત્ર પણ જરૂર થઈ પડું.'

વિસાત વગરના માણસોને વૈભવ અને આરામની શૈયામાં આળોટતા જોઈને પોતાની સ્વમાનવૃત્તિ તરફ તિરસ્કારની નજરે જોવાનો પ્રયત્ન કરવો એ પણ એક પ્રકારનું આત્મિક પતન જ છે ! બળવાન અને નિશ્ચયાત્મક મનોવૃત્તિ એ જ સ્વમાનના આગ્રહનો પહેરેદાર છે.

સ્વમાની વ્યક્તિત્વ લાખ્ખો લોકોમાં સ્વમાનની ચિનગારી પ્રગટાવી શકે છે, તેમ સ્વમાનશૂન્ય માણસ સફળતા વિશેના ભ્રામક ખ્યાલોના પ્રચાર દ્વારા અનેક લોકોનાં વિવેક, સાહસ અને પરાક્રમશીલતાને નેસ્ત-નાબૂદ કરીને સમાજ કે દેશની કુસેવા કરી શકે છે.... એટલે જ કહેવામાં આવ્યું છે કે એક ક્રાઈસ્ટ, એક મહમ્મદ, એક જરથુષ્ટ્ર, એક બુદ્ધ, એક મહાવીર, એક શંકરાચાર્ય, એક નાનક કે એક શિવાજી, એક રામ, કૃષ્ણ કે કોઈ વિભૂતિ પોતાના મનમાં એવી તો ચોક્કસ અને મજબૂત પરિસ્થિતિઓ ઘડી શકે છે કે જે માત્ર પોતા તરફ જ નહીં, પણ સેંકડો - હજારો મનુષ્યો તરફ અને આખા દેશ તરફ ઉન્નતિના પ્રખર પ્રવાહને ખેંચી લાવે છે. જગતના આવા મહાન કાર્યકર્તાઓ પોતાના સ્થૂળ હાથ

વડે તો બહુ ઓછું કાર્ય કરે છે, પણ તેઓની મુખ્ય ખૂબી તો પરિશ્રમ અને મનોમય ચિત્ર ખડું કરવામાં રહેલી હોય છે.

સ્વમાનહીન સિંહો કરતાં સ્વમાનપ્રિય ભસતા શ્વાન લાખ દરજ્જે સારા.

આ જગત દરેક માણસને પોતાનું મૂલ્ય આંકવાની અને પોતાની જીવન-શૈલી પસંદ કરવાની છૂટ આપે છે ! તમારે કૂંડા કે ફલાવરવાઝમાં કોઈકે સજાવેલું પ્લાસ્ટિકનું ફૂલ બનવું છે કે આંધી, તોફાન, કડકડતી ઠંડી અને વૈશાખી લૂ સહન કરીને પણ જીવવા માટે જ ઘડી-બેઘડી સ્વાધીનતા-મહેકી મળે તે ભોગવનાર કંટકઘેર્યું ફૂલ બનવું છે તે તમારે જાતે જ નક્કી કરી લેવું પડે છે. કોઈકે એટલે જ કહ્યું છે કે અમુક માણસ કેવો ધંધો કરે છે અગર તે કેટલા પૈસાવાળો છે તે જોઈને માણસની કિંમત આંકવાનું ધોરણ હલકું છે. લક્ષાધિપતિની ઈંટો ઉપાડવાથી લથડિયાં ખાતો માણસ લક્ષાધિપતિ કરતાં લાખ દરજ્જે સારો હોઈ શકે. જગતમાં મળતી મોટામાં મોટી ફતેહ આત્માની અદાલતમાં સજાપાત્ર ગુનો પણ કરી શકે !

ઈંગરસોલના શબ્દોમાં કહીએ તો એ વાત આપણે સ્વીકારવી જ રહી કે જ્યારે સત્ત્વશીલ અને ડાહ્યા માણસો વડે ખરો ઇતિહાસ લખાશે, ત્યારે પ્રારબ્ધ અને પ્રપંચના દેવળ આગળ નમન કરનારા અને એક વખત દેવ તરીકે પૂજાતા ક્ષુદ્ર મનુષ્યો તિરસ્કારપાત્ર થશે તથા જેઓએ હાર ખમી છે, જેઓ આત્મસન્માનના સંત્રી બન્યા છે અને તેને જાળવી શક્યા છે, જેઓ માણસો અગર સત્તાને કદી નમ્યા નથી તેઓ જ વિજયમાળાને પાત્ર થવાના છે.

# ૫ એકાગ્રતાવિણ જીવન અધૂરું

**એકાગ્રતા અને ખંતના ઉપાસક બનીને જ જીવનને ઉત્કૃષ્ટ બનાવી શકાય**

મેં જિંદગી પાસે કેટકેટલું માગ્યું પણ જીવનદેવતાએ નિરાશા સિવાય મારી ઝોળીમાં આજ સુધી કશું નાખ્યું જ નથી - આવી શિકાયત કરનાર માણસનો તમને પણ ક્યાંક ભેટો થયો હશે.

હકીકતમાં આપણે જીવન પાસે ભિખારી બનીને રજૂ થઈએ, એ જ માણસ તરીકેની આપણી સૌથી મોટી નિષ્ફળતા છે. જીવન પ્રત્યેનો ઉદાત્ત, આશાવાદી, ધ્યેયનિષ્ઠ અને ધૈર્યપૂર્ણ દૃષ્ટિકોણ કેળવવાની અને ટકાવી રાખવાની જરૂરિયાત વિષે આપણે ગંભીરતાપૂર્વક વિચારતા જ નથી. પરિણામે ભૌતિક ઉપલબ્ધિઓ, ક્ષુલ્લક સુખો અને ક્ષણિક આનંદની તકોને જીવનનો પર્યાય માની બેસીએ છીએ.

કશુંક પામવા માટે દૃઢ મનોબળ, દૃઢ આગ્રહ અને સખત પરિશ્રમને અજમાવ્યા સિવાય જીવનઝોળી અભિપ્સિત વસ્તુઓ કે સંપ્રાપ્તિઓથી છલકાવાની અપેક્ષા તમે કેવી રીતે રાખી શકો ? બર્કે એટલે જ કહ્યું છે કે જે તંતુ ઢીલો પડતો નથી, જે આંખ નીચી નમતી નથી, જે વિચાર-ભ્રમણામાં પડી જતો નથી તેને જ વિજય મળી શકે છે.

તમે એવા કેટલાય માણસો જોયા હશે, જેમની કામ કરવાની રીતમાં રઘવાટ, ધમાલ, ઉતાવળ અને શોરબકોરને છૂટો દોર મળતો હશે. વહીવટમાં પણ એવા માણસો સાથે તમારે પનારો પડ્યો હશે, જેઓ કામને 'આજ'થી આવતીકાલ પર અને આવતીકાલથી પરમ દિવસ પર ધકેલતા જણાયા હશે. કામનો આરંભ સુપેરે કરી એ દીપી ઊઠે એ રીતે પરિપૂર્ણ થાય, એવો આગ્રહ નહીં રાખવાને કારણે કામ પતે છે ખરાં પણ મહેકી ઊઠતાં નથી.

શક્તિનો અક્ષય ભંડાર જે આફતની ક્ષણોમાં આપણે માટે તારણહાર નીવડતો હોય છે, તે આકસ્મિક રીતે આવેલું કોઈ પરિણામ નથી હોતું, તમે સંકલ્પબદ્ધ બની, પ્રતિદિન નિષ્ઠાપૂર્વક કામ કરો અને એમાં ધૈર્યનું રસાયણ ભળવા દો તો ધીરે ધીરે તમે અક્ષયનિધિના માલિક બની શકશો. ખંત વગર કામનો 'અંત' લાવી શકાય, પણ એ 'પૂર્ણાહુતિ' ન બની શકે. શ્રમ, ધૈર્ય ને ખંતની પાલખીમાં બેસીને જ સફળતા આપણી અતિથિ બનતી હોય છે.

કાર્ય પરત્વે જાગૃત રહેનાર માણસ બિનજરૂરી ઉતાવળ કરવાનું પસંદ નથી કરતો, પણ કાર્યને ન્યાય મળે એવી નિષ્ઠા અને ખંતની લેશમાત્ર ઉપેક્ષા પણ નથી કરતો.

નિર્ધારિત લક્ષ્ય માટે ઝૂઝવાની તાકાતને વિજયનો પર્યાય ગણવાની સૂઝ હજી દુનિયાએ દર્શાવી નથી, એટલે જે કાંઈ મેળવ્યું, તેના પરથી માણસને મહાન, વિજયી કે શક્તિશાળી તરીકે પ્રચારિત કરીએ છીએ. હકીકતમાં માણસ કેટલા આત્મબળથી વિપરીત પરિસ્થિતિઓની સામે દૃઢતાપૂર્વક લડ્યો હતો, સાહસ દાખવ્યું હતું, હિંમત દેખાડી હતી તેના ઉપરથી જ તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. લાયક કાર્ય માટે પોતાની શક્તિ અને સંનિષ્ઠાનો ઉપયોગ કરનાર નિષ્ફળ માણસ આકસ્મિક રીતે કે અપ્રામાણિક રીતે મોટા બની ગયેલા માણસ કરતાં અનેક રીતે ચઢિયાતો હોઈ શકે.

મનુષ્યના વિચારો, લાગણીઓ અને આદર્શો જેટલાં ઊર્ધ્વગામી હોય છે, જીવનની તસવીર પણ તેવું જ રૂપ ધારણ કરતી હોય છે, એટલે જેઓ જીવનને પરાજયભાવે જુએ છે તેમને કોઈ પણ કાર્ય કે તકમાં વિશ્વાસ નથી હોતો. તેમનું ચંચળ મન કામમાં ચીવટ રાખી શકતું નથી; પરિણામે ફળસિદ્ધિની તક તેમનાથી દૂર સરી જાય છે. જેઓ જીવનને ઉદાત્ત અને ઉન્નત જોવા ઇચ્છે છે, તેઓ વિચાર કે કાર્યમાં હલકટતાને પ્રવેશવા દેતા જ નથી. આવા માણસને અકામગરા દેખાવામાં રસ નથી હોતો, પણ કામ કરવામાં રસ હોય છે.

આજકાલ 'કામગરા દેખાવા' મથતા લોકો બહુમતીમાં જોવા મળે છે. સંસ્થાઓમાં, સચિવાલયોમાં, કાર્યાલયોમાં કે જાહેર જીવનમાં 'કામ કરનાર' કરતાં 'કામ કરતા દેખાવા'નું નાટક ભજવનાર લોકો વિપુલ પ્રમાણમાં જોવા મળે છે ! એટલે 'કાર્યકર્તાઓ' વધી પડ્યા છે, કર્મવીરોની સંખ્યા સાવ ઘટી ગઈ છે. કાર્યકર્તાઓ એટલે કાર્યનો દેખાવ કરીને પદોન્નતિ કે મોટી તક પ્રદાન કરવાની શક્તિ ધરાવતી વ્યક્તિની નજરમાં યોગ્ય ઠરવા માટે ધમપછાડા કરતા માણસો. કર્મવીર એટલે ચૂપચાપ કામ કરીને કામને દીપાવવા માટે સમર્પણશીલ રહેવાને વ્રતધારી માણસ. 'મતલબ' માટે કાર્ય કરે તેને 'કાર્યકર્તા' નહીં, પણ તકસાધુ કહેવાય.

જીવનને ઉત્કૃષ્ટ બનાવવાનો ખ્યાલ જ માણસને એકાગ્રતા અને ખંતના ઉપાસક બનવાનું પ્રોત્સાહન પૂરું પાડતો હોય છે. લક્ષ્ય સુધી પહોંચવાની તમન્ના અને તેનું અવિરત સ્મરણ વિજય માટેનું મનોબળ ટકાવી રાખવામાં મદદરૂપ થતું હોય છે. આપણને સફળતાઓનો સરવાળો કરવાની તો આદત છે, પણ નિષ્ફળતાઓની બાદબાકી કરવાની ટેવ નથી, એટલે પ્રત્યેક નિષ્ફળતા આપણે માટે એક કટુ સંભારણું બનીને આપણને મૂંઝવતી-પજવતી માલૂમ પડે છે. મુશ્કેલીઓને

અભિશાપ ગણવાની વૃત્તિ જ માણસને નિર્માલ્ય બનાવે છે, એટલે જ બાઈબલમાં શ્રદ્ધાવાદી સૂર વ્યક્ત કરતાં કહેવામાં આવ્યું છે : 'મુશ્કેલીઓને જે જીતે છે, તેને હું મારા તખ્ત ઉપર બેસવા માટે જગા કરી આપું છું.'

જેમને ઉચ્ચ આસને જીવનદેવતા પ્રતિષ્ઠિત કરે છે, તેમણે શ્રેષ્ઠ જીવનદૃષ્ટિ કેળવી હોય છે. ગરીબી, ઉપેક્ષા, અપમાન, આંધી એ બધાંનો સામનો એમણે હસતા મોઢે કર્યો હોય છે, છતાં પરાજિત થવાનું તેમણે સ્વીકાર્યું હોતું નથી અને ધ્યેયપૂર્તિ માટે કૃતનિશ્ચયી રહ્યા હોય છે.

'આગળ ધસો'માં એવાં અનેક ઉદાહરણ પ્રસ્તુત કરવામાં આવ્યાં છે, જેમાં સતત સાધના કરનાર અને ધૈર્યરત રહેનારને પોતાના ખંત અને ધીરજનો બદલો અંતે મળ્યો હોય. 'ડિક્લાઈન ઍન્ડ ફૉલ ઑફ ધ રોમન એમ્પાયર' એ પુસ્તક લખવામાં ગિબને ૨૦ વર્ષ કાઢ્યાં હતાં, નોઆવેબસ્ટરે પોતાની ડિક્શનેરી (શબ્દકોશ) રચવામાં ૩૬ વર્ષ અર્પ્યાં હતાં. યુનાઈટેડ સ્ટેટ્સનો ઈતિહાસ લખવામાં જ્યૉર્જ બેન્ક્રોફ્ટે ૨૫ વર્ષ ગાળ્યાં હતાં. પ્રાચીન પ્રજાઓનું કાલમાન ન્યુટને ફરી ફરીને પંદર વાર લખ્યું હતું. ટીટીએને ચાર્લ્સને લખ્યું હતું કે સાત વર્ષ સુધી દરરોજ 'લાસ્ટ સપર' નામના ચિત્ર પર કામ કર્યા પછી હું તમને તે મોકલું છું.

'પિટ્રો મોર્ટિન' નામના ચિત્ર ઉપર તેણે આઠ વર્ષ કામ કર્યું હતું. પોતાનું ઍંજિન તૈયાર કરવામાં જ્યૉર્જ સ્ટીવન્સનને પંદર વર્ષ લાગ્યાં હતાં. લોહીની ગતિની શોધ હાર્વેએ પ્રકટ કરી તે પહેલાં તેણે આઠ વર્ષ સુધી કામ કર્યું હતું. તેની સાથેના ડૉક્ટરો તેને તે વખતે મગજનો ખસેલો, ઢોંગી અને ધૂર્ત ગણતા ! તેના ધંધાવાળાઓએ તેની શોધનો સ્વીકાર કર્યો, તે પહેલાં ૨૫ વર્ષ સુધી તેણે ગાળો અને ઉપહાસ વચ્ચે રાહ જોઈ. ૨૧ વર્ષનો થયો તે પહેલાં ન્યુટને ગુરુત્વાકર્ષણનો નિયમ

શોધી કાઢ્યો, પણ પૃથ્વીનો પરિઘ માપવામાં તેણે કરેલી એક નાની ભૂલથી તેના સિદ્ધાંતો ને સત્યશીલપણા વિષે પ્રયોગ કરી બતાવવામાં વિક્ષેપ નડ્યો હતો. ૩૦ વર્ષ પછી તે પોતાની ભૂલ સુધારી શક્યો અને જે નિયમ એક ફળને જમીન પર આણે છે તે જ નિયમથી ગ્રહો તેમના માર્ગમાં ગતિમાન રહે છે એ તેણે બતાવી આપ્યું. માડાગાસ્કરમાં એક પણ ધર્માનુયાયી મેળવવા પહેલાં મિશનરીઓએ દસ વર્ષ સુધી ઉપદેશ આપવો પડ્યો હતો. એક રિપોર્ટરે ટોમસ એડિસનને પૂછ્યું કે, 'તમારી શોધો શું ઉચ્ચ પ્રેરણાઓનું પરિણામ છે ? તમે જ્યારે રાત્રિએ જાગતા હો છો ત્યારે તેના જ વિચાર તમને આવે છે ?' જવાબ એવો મળ્યો કે, કરવા જેવું કોઈ પણ કામ મેં અકસ્માત્ કર્યું નથી. એક ફોનોગ્રાફ સિવાય મારી કોઈ પણ શોધ આકસ્મિક રીતે થઈ નથી. હું જ્યારે પૂરી રીતે નક્કી કરું છું કે કોઈ પણ પરિણામ આણવા જેવું છે, ત્યારે હું તે કામ પર ચડી જાઉં છું અને જ્યાં સુધી પરિણામ આવે ત્યાં સુધી એક પછી એક અજમાયશ કર્યા જ કરું છું. માત્ર લોકોની વૃત્તિ ખેંચે તેવી નવાઈની ચીજો તરીકે જ કીમતી હોય તેવી વીજળીના ચમત્કારની ચીજો પર જ ધ્યાન આપવાનો કદી પણ મને વખત મળ્યો નથી. શોધ કરવાનું કામ મને પસંદ છે એ જ એનું કારણ છે. હું જે કાંઈ કામની શરૂઆત કરું છું તે હંમેશાં મારા મનમાં રમ્યા કરે છે અને જ્યાં સુધી તે પૂરું ન થાય ત્યાં સુધી તેનાથી હું દૂર રહું તો મને ચેન પડતું નથી.

જીવન માગે છે એકાગ્રતા અને તન્મયતા, સમર્પણ અને શ્રમપ્રિયતા, ઉદાત્તતા અને નિર્મળતા. આ પૈકી જેની જીવનમાં જેટલી ઊણપ હશે, જીવનના આનંદમાં તેટલી અધૂરપ વર્તાશે; પરંતુ મોટા ભાગના લોકોને જીવનદૃષ્ટિ વિકસાવવાની પરવા અને ફુરસદ જ ક્યાં હોય છે. તેમનું સમગ્ર જીવન ભૌતિક ક્રિયાઓમાં અટવાય છે. તેમણે પોતે ઊભી કરેલી સમસ્યાઓની જાળ એમને બંદીવાન બનાવી લાચાર બનાવી દે છે.

પરિણામે એ ઉશ્કેરાયેલા, ચીડિયા કે કોઈ વાર સાવ નિર્માલ્ય અને નિર્વીર્ય બની જાય છે.

મુકુલભાઈએ જ્યૉર્જ વૉશિંગ્ટનનાં જીવનપ્રેરક સૂત્રો પોતાની એક પુસ્તિકામાં ટાંક્યાં છે. તદનુસાર જ્યૉર્જ વૉશિંગ્ટનને આદરપાત્ર બનવામાં એમના જીવનના આદર્શો – ઉદાત્ત જીવનદૃષ્ટિ જ ખપ લાગી હતી. એમણે પોતાની તલવારના મ્યાનની બંને બાજુએ બે સૂત્રો કોતરાવ્યાં હતાં – સત્ય આચર, કોઈથી ભય પામતો નહીં.

જ્યૉર્જ વૉશિંગ્ટને બીજું પણ એક મહત્ત્વનું કામ કર્યું હતું. એમણે પોતાનો જીવનવ્યવહાર સરળ બનાવે એવાં અઢાર સૂત્રો રચ્યાં હતાં. આ જીવનસૂત્રો જીવન પ્રત્યે આદર ધરાવનાર અને જીવનને ધ્યેયલક્ષી, ઉન્નત, સ્વમાનપૂર્ણ, પ્રીતિપાત્ર તથા નિર્વિઘ્ન બનાવવામાં મદદરૂપ થાય તેવાં છે. એ અઢાર સૂત્રો આ પ્રમાણે છે :

(૧) પ્રત્યેક કાર્ય હાજર વ્યક્તિઓ પ્રત્યે આદર દર્શાવીને કરવું.

(૨) ખુશામતખોર કદી બનવું નહીં.

(૩) બધાંની સાથે સમૂહમાં બેઠાં હોઈએ ત્યારે છાપું કે પુસ્તક વાંચવું નહીં.

(૪) કોઈ લખવા બેઠું હોય તો તેના કાગળ કે પુસ્તક પાસે જવું નહીં.

(૫) ચહેરો હંમેશાં હસમુખો રાખવો, પરંતુ કોઈ ગંભીર પ્રસંગ વખતે ગંભીરતા ધારણ કરવી.

(૬) બીજાની સાથે કામની વાતો ટૂંકમાં પતાવવી, નિરર્થક લંબાણ ન કરવું.

(૭) બીજાને પહેલાં બોલવા દેવું એ સારી રીતભાતની નિશાની છે.

(૮) કોઈ વ્યક્તિ પોતાનાથી બનતું કરી છૂટી હોય તોયે તેને સફળતા ન મળે તો ઠપકો ન આપવો.

(૯) કોઈની સલાહ-સૂચનોનો આભારપૂર્વક સ્વીકાર કરવો.

(૧૦) કોઈને વિષે નુકસાનકારક ગપાટા સાંભળીએ તો એકદમ માની લેવા નહીં.

(૧૧) કપડાં હંમેશાં સાદાં તથા પોતાની સ્થિતિને છાજે તેવાં પહેરવાં.

(૧૨) મોરની પેઠે પોતાની જાતને નિહાળીને ફુલાવું નહીં.

(૧૩) ખરાબ સોબતમાં રહેવા કરતાં એકલા રહેવું સારું.

(૧૪) કોઈની સાથે વાતચીત કરીએ તો ઈર્ષા અને દ્વેષથી મુક્ત રાખવી.

(૧૫) આપણા કોઈ મિત્રને બીજાની કોઈ છૂપી વાત શોધી કાઢવા માટે કદી દબાણ કરવું નહીં.

(૧૬) કોઈને ગમ્મતમાં મજા ન પડતી હોય, તો તે ઠેકાણે ગમ્મત કરવી નહીં.

(૧૭) બીજાના દોષ જોવા નહીં.

(૧૮) કોઈ બોલતું હોય ત્યારે તેની વાત ધ્યાનપૂર્વક સાંભળવી.

કેવી સરસ વાતો છે આ બધી ! જીવન તો આપણને અહર્નિશ ઘડતર કરનારી તાલીમશાળા બનવા તૈયાર છે. આપણે જીવનમાં દૃષ્ટિશૂન્ય અણઘડ નિશાળિયા રહેવા માગતા હોઈએ, તો જીવનદેવતા આપણને ક્યાંથી ઘડી શકવાનો હતો ?

## ૯

# નિષ્કામ કર્મ એટલે શું ?

**યોગેશ્વર કૃષ્ણના 'નિષ્કામ' કર્મના 'સંદેશ'ને આપણે સાચા અર્થમાં સમજ્યા છીએ ખરા ?**

યોગેશ્વર કૃષ્ણનું સ્મરણ થતાંની સાથે જ એમણે પ્રબોધેલો 'નિષ્કામ' કર્મનો અમોઘ મંત્ર મનમાં ગુંજવા લાગે છે... પરંતુ નિષ્કામ કર્મનો સિદ્ધાંત આપણે સાચા અર્થમાં પિછાણી - પચાવી શક્યા છીએ ખરા ?

આપણે આજે જે પ્રકારની સમાજવ્યવસ્થા અને લોકજીવન જોઈએ છીએ તેમાં સઘળાં કર્મો 'ધનાશ્રિત' તથા 'ધનાભિમુખ' બની ગયાં છે ! કર્તવ્યનિષ્ઠ, કર્મપૂજા-ધર્મપૂત ઈમાનદાર લોકો મૂર્ખ, ભોટ અને 'જીવન જીવવાની કલા'થી અજાણ ગણાય છે. એ પરિસ્થિતિમાં 'નિષ્કામ કર્મ' ની પ્રાસંગિકતા કેટલી ?

પણ માણસ 'કર્મફળ'ની લાલસાથી મુક્ત રહી શકે છે ખરો ? માણસ જે કાંઈ કરે છે, એની પાછળ સુખપ્રાપ્તિની કામના અને ઉદ્દેશ જોડાયેલો જ હોય છે... તાત્કાલિક સુખ મળવાની શક્યતા ભલે ન હોય, પણ ભવિષ્યમાં સુખ મળવાની શક્યતા ઊભી થવાની હોય તો એ દુ:ખ સહેવા પણ તૈયાર રહેવાનું પસંદ કરે છે. પણ દુ:ખ માણસનો પીછો છોડે.

છે ખરું ? માણસે અનુભવે એ સત્ય તારવ્યું કે પોતાને ફાવતું ને ભાવતું સુખ કાયમ મળતું નથી. મોટે ભાગે 'જીવન દુઃખપ્રધાન' હોવાની ફરિયાદ માણસ કરે છે.

તો પછી આ દુઃખનો રોદણાં રડીને બેસી રહેવું ? જીવનને આંસુનાં અર્ધ્યોની પરંપરાથી ખારું બનાવીને નિસાસા નાખ્યા કરવા ? દુઃખ સામે લડવા માટે કયા આશ્વાસક બળનો પાલવ પકડીને હૂંફ મેળવવી ?

ભારતીય તત્ત્વચિંતકોએ એ વિશે ગંભીરતાપૂર્વક વિચાર કર્યો, અને એક પાયાના પ્રશ્ન પર માણસને વિચાર કરતો કરી મૂક્યો કે ભાઈલા ! સૌથી પહેલાં તું એટલો વિચાર કર કે માણસ દુઃખ કયા કારણે અનુભવે છે ?

આનો ટૂંકો ને ટચ જવાબ એ છે કે, મનુષ્ય ઇચ્છે છે કાંઈક અને થઈ જાય છે એણે ધાર્યું હોય એનાથી કશુંક વિપરીત. મતલબ કે અનુકૂળ ફળ મેળવવાની માણસની ઇચ્છા કામયાબ થતી નથી, એટલે માણસ દુઃખી, વ્યગ્ર, બેચેન કે અશાન્ત બની જાય છે. પણ સદાય તમારા પાસા સીધા જ પડે અને જીવનમાં સફળતાની જયમાળા તમારા ગળામાં સમર્પિત થાય એવું તો બનવાનું જ નથી ! તમે ઇચ્છો કે ન ઇચ્છો પણ અણધાર્યા પ્રશ્નો, સમસ્યાઓ અને પરિસ્થિતિઓનો સામનો તમારે કરવો પડે એવું બનવાનું જ છે. શતપ્રતિશત ઇચ્છાઓ ક્યારેય કોઈનીયે ફળી છે ખરી ? આપણે જેમને આરાધ્ય માનીએ છીએ એવી વિભૂતિઓનેય પરિસ્થિતિઓના પ્રવાહોમાં ખેંચાવું પડ્યું છે. એક અદના માનવીની જેમ એમણે પણ વિવિધ પ્રકારની વિપત્તિઓ સામે ઝૂઝવા માટે તૈયાર રહેવું પડ્યું છે.

શું જગન્નિયંતાનીયે સઘળી ઇચ્છાઓ ફળી છે ખરી ?.... જો એમ જ હોત તો એણે 'અધર્મ'ના નાશ માટે વારંવાર અવતાર ધારણ કરવાની આવશ્યકતા જ ઉપસ્થિત ન થઈ હોત ?..... પરમેશ્વરની

ઇચ્છાઓ જો પરિપૂર્ણ થતી જ હોત તો એ પોતાની સૃષ્ટિને વરવું રૂપ ધારણ કરવા દેત ખરો ? હિંસા, અનાચાર, અત્યાચાર, ચોરી, લૂંટ, બેઈમાની, પાપ તથા પરપીડનથી ભરેલી સૃષ્ટિ ઈશ્વરને પણ નહીં જ ગમતી હોય, એ સ્વાભાવિક છે ! ઈશ્વર નથી ઇચ્છતો કે માણસ માણસના રક્તનો તરસ્યો બને, પતિ પત્નીની હત્યા કરે, બ્રાહ્મણોમાંથી જ્ઞાનધ્યાન અને તપ વિલોપાય, ક્ષત્રિયોનું ક્ષાત્રત્વ ફીકું પડે, વૈશ્યોના હાથમાં વેપાર સલામત અને નિર્મળ ન રહે, સેવામૂર્તિ વર્ણને અસ્પૃશ્ય ગણી અન્યાય કરવામાં આવે ! ઈશ્વર ઇચ્છે છે કે માણસ 'માણસ' બનીને આ ધરતી પર રહે, જીવે અને આનંદ કરે. પણ જો ભગવાનનીયે આવી બધી ઉચ્ચ આકાંક્ષાઓ પરિપૂર્ણ ન થતી હોય તો મનુષ્ય ? 'કિસ ખેત કી મૂલી ?'

અને ઇચ્છાઓ તો સંતતિનિયમનમાં માનતી જ નથી ! એમનો વંશ દહાડે ન વધે તેટલો રાત્રે ને રાત્રે ન વધે તેટલો દહાડે વધતો જ રહે છે ! એનું પરિણામ દુઃખદ હોવાની પૂરી શક્યતા રહેવાની જ ! એ માનસિક પરિતાપમાંથી મુક્તિ મેળવવી હોય તો એણે પોતાની જાતને એમ સમજાવવું પડે : તને માત્ર તારું નિયત કર્મ કરવાનો અધિકાર છે, એના ફળવિષયક કદી નહીં. કર્મફળની ઇચ્છા ન રાખ, તેમ જ કર્મથી વિરત પણ થઈ ન જા. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ મૂળ શ્લોકનો સમશ્લોકી અનુવાદ આ પ્રમાણે કર્યો છે.

*'કર્મે જે અધિકારી તું, ક્યારેય ફળનો નહીં;*
*મા હો કર્મફળે દૃષ્ટિ, મા હો રાગ અકર્મમાં.'*

મતલબ કે સફળતા કે નિષ્ફળતામાં સમાનભાવ રાખીને કર્મરત રહેવાનો પ્રબોધ પાર્થસારથિએ પાર્થને આપ્યો છે.

અહીં એક વાત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે કર્મનાં ફળનો સંપૂર્ણ નિયામક માણસ પોતે નથી એટલે એ ગમે તેટલા ધમપછાડા કરે

છતાં જે થવાનું છે તે થઈને જ રહેવાનું છે... પછી માણસે વ્યર્થ શું કામ દુઃખી થવું ? જે વસ્તુ પર આપણો અધિકાર ન જ હોય એના માટે દુઃખી નહીં થવામાં જ શાણપણ છે. અને એ શાણપણ દેખાડવાનો પ્રયત્ન એટલે કર્મફળની ઈચ્છાનો પરિત્યાગ.

પણ કોઈ એનો અવળો અર્થ લે તો ?..... કારણ કે સાનુકૂળ ફળની અપેક્ષા માણસ માટે પ્રેરક અને પ્રોત્સાહક બળ બનતી હોય છે. ફળની કામના વગર કામ કરવામાં સ્વાદ પણ શો આવે ? માણસ કર્મથી ભાગી શકતો નથી. કર્મ વગરનું જીવન શક્ય જ નથી. એટલે ફળની આસક્તિના પરિત્યાગનું સૂચન કર્યા છતાં પણ શ્રીકૃષ્ણે કર્મથી વિમુખ નહીં થવાનો સંદેશ આપ્યો. કારણ કે ઈચ્છા-અનિચ્છાએ પણ માણસે કર્મ તો કરવાં જ પડે છે.

શ્રીકૃષ્ણ બરાબર રીતે સમજ્યા હતા કે દુઃખનું મૂળ કારણ કર્મ નથી. પણ ફળની આસક્તિ છે, પરિણામે ઈચ્છા અપરિપુષ્ટ રહે તો માણસ બેબાકળો બની રોદણાં રડવા બેસી જાય છે. એટલે સફળતા-નિષ્ફળતાને લક્ષ્ય બનાવ્યા સિવાય માણસ કર્મમાં રચ્યોપચ્યો રહી 'ફલાસક્તિ'ની પકડમાંથી મુક્ત રહે તો દુઃખી થવાની શિકાયતનું કશું કારણ જ ન રહે. આસક્તિ હકારાત્મક હોય કે નકારાત્મક પણ મનુષ્યના મનને તો એ બાંધે જ છે. એટલે મનુષ્ય સફળતા-નિષ્ફળતાની બાબત યોગી સમાન સમભાવ ધારક બની શકે તો એનું મન પ્રસન્નતા અનુભવી શકે !

માણસનું અસંતુષ્ટ મન જ એને બેચેનીના અંધારામાં અટવાવાનું નિમિત્ત બનતું હોય છે.

શેખ સાદીના એક પ્રેરક 'પુષ્પ'માં સરસ મજાનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે !

'મેં ભાગ્ય અને ઈશ્વરની વ્યવસ્થા વિરુદ્ધ એક જ વાર પોકાર કર્યો

હતો. એક વખત મારી પાસે પગરખાં ન હતાં તેમ તે ખરીદ કરવા દામ પણ ન હતા. તેથી મેં બડબડાટ કર્યો. છેવટે હું દુઃખી હૃદયે મસ્જિદમાં ગયો. ત્યાં જતાં જ એક એવો માણસ મારી નજરે પડ્યો કે જેને પગ જ નહોતા. તરત જ મેં ઈશ્વરની કૃપા માટે આભાર માન્યો અને પગરખાંનો અભાવ સંતોષપૂર્વક સહી લીધો.

કબીરે એટલે જ કહેવું પડ્યું કે દેહધારક દેહનાં દુઃખો તો ઈચ્છા-અનિચ્છાએ સહેવાં પડવાનાં જ. એમાં વિકલ્પને અવકાશ નથી. રડીને ભોગવો કે હસીને ભોગવો – પણ દુઃખો ભોગવવાનું ફરજિયાત છે. હીન હોય, મધ્યમ હોય કે મહાત્મા હોય. કોઈનેય એમાંથી 'મુક્તિ' (દુઃખ ભોગવવામાંથી) આ ધરતી પર મળતી નથી. જેઓ સમજુ છે, શાણા છે, જ્ઞાની છે, તેઓ સમજણપૂર્વક દુઃખોને સહન કરે છે. મૂર્ખ લોકો રોઈરોઈ દુઃખના દહાડા વ્યતીત કરે છે. એટલે દુઃખાગમન ટાણે 'મજબૂર' રહેવાને બદલે 'મસ્ત' રહો એવી ગીતાગાયકનો સંદેશ છે. લાચારી એ આત્મબળ અને આત્મગૌરવની શત્રુ છે. એટલે વિપતની પળે 'લાચાર' રહેવાને બદલે ખમીરવંતા, ધૈર્યવંતા અને મસ્તીવંતા બનો એ જ શ્રેયસ્કર છે.

કર્મના અધિકારી વિશે ડૉ. દેવેન્દ્રનાથ શર્માએ મજાની સમજૂતી આપતાં કહ્યું છે કે, કર્મ કરનાર પોતાને અનુકૂળ હોય એવું જ ફળ મેળવવાનો આગ્રહ રાખે એ તો એના જેવું થયું કે પરીક્ષાર્થી પરીક્ષાના પ્રશ્નોના ઉત્તર લખ્યા બાદ એનું મૂલ્યાંકન જાતે જ કરીને માર્ક્સ આપે ! કોઈ પરીક્ષાર્થી આવી વાત કરે તો લોકો તેના વિશે શું માને? તેણે જે કાંઈ લખ્યું છે એનું મૂલ્યાંકન કરવાનું કામ બીજા કોઈકનું છે. પરીક્ષા આપી એટલે પરીક્ષાર્થીનું કામ ખતમ ! (જોકે આ વાત 'ફળલક્ષી' વિદ્યાર્થી અને તેનો અંધ 'વહાલસોયો વાલી' નહીં સ્વીકારે ! કારણ કે 'સરસ્વતી' હવે 'શ્રી'ના દરવાજાની નિર્લજ્જ ભિખારણ બન્યાના પાકા વાવડ તેને મળી ચૂક્યા છે !)

પરીક્ષાર્થીની ઉત્તરવહીના મૂલ્યાંકનનો અધિકાર પરીક્ષાર્થીને નથી. ફળ આપનારે એ નક્કી કરવાનું છે કે, તે કેટલા 'ગુણ'ને લાયક છે ! તેવી જ રીતે આપણે 'કર્મ' કર્યું એટલે આપણી ફરજ પૂરી થઈ. 'ફળ' આપનારે એનું મૂલ્યાંકન કરવાનું. આપણા શ્રદ્ધાવાદી મને એક વાર એ વાત ભરોસા તરીકે સ્વીકારી કે 'પાસા ફેંકે જનો સર્વા, દા દે હરિ હાથ છે'– પછી વ્યર્થ વિમાસણમાં પડવાનો શો અર્થ ? એટલે 'રાગરહિત' બનવામાં જ સાર છે. 'જે પુરુષ બધે રાગરહિત છે અને શુભ પામી નથી હરખાતો કે અશુભ પામી નથી શોક કરતો તેની બુદ્ધિ સ્થિર છે'.

દ્વંદ્વમુક્ત મન જ પરમશાંતિની અનુભૂતિ કરી શકે. આપણે ઈચ્છાનુસાર ફળની આશા રાખીએ છીએ પણ આપણને એ વાતની ખબર અને ખાતરી થોડી જ હોય છે કે, આવનાર ફળ આપણે માટે લાભપ્રદ છે કે હાનિકારક ? ડૉ. શર્મા કહે છે તેમ મનુષ્યની દૃષ્ટિ તો સીમિત જ જોઈ શકે છે. શક્ય છે કે જેને આપણે અમૃત માનતા હોઈએ એ ઝેર પણ નીકળે. આ વાત નાનકડા બાળકના દીપકની જ્યોતને પકડવાના ઉદાહરણથી વધુ સ્પષ્ટ રીતે કહી શકાશે. નાનકડું બાળક દીવાની જ્યોત જોઈને તેના તરફ આકર્ષાય અને ઉત્સાહ તથા ઉમંગપૂર્વક તેને પકડવા માટે તે દિશામાં આગળ વધે છે, પોતાનો હાથ પણ લંબાવે છે, પરંતુ તે દૃશ્ય જોતાંવેંત ત્યાં ઉપસ્થિત તેનું સ્વજન – માતાપિતા વગેરે તે બાળકને તેમ કરતાં રોકે છે અને દીવાને આઘો ખસેડી લે છે. પોતાની ઈચ્છા અધૂરી રહેતાં બાળક રુદન કરે છે... પણ જો તેને દીપકની જ્યોત પકડવા દીધી હોત તો એને નુકસાન જ થાત. પરંતુ અજ્ઞાનને કારણે બાળક એ વાત સમજી શકતું નથી અને મોહક, ચમકતી દીપક-જ્યોત માટે અધીર બને છે અને તેવો મોકો હાથથી સરી જવા બદલ રુદન કરે છે.

તેવી જ રીતે આપણે અજ્ઞાનને કારણે કોઈક આકર્ષક વસ્તુ, પરિસ્થિતિ, વ્યક્તિ કે વ્યવસ્થા તરફ મુગ્ધ બની તેને પ્રાપ્ત કરવા માટે આગળ વધીએ છીએ અને તેવું સ્વપ્ન સાકાર ન થતાં ઉદ્વિગ્ન બની જઈએ છીએ, પરંતુ આપણને એ વાતની ખબર નથી હોતી કે એ વસ્તુ આપણને મળી ગઈ હોત તો આપણું કેટલું અનિષ્ટ થાત ! જેવી રીતે નાનું બાળક આપણી નજરમાં 'અબોધ' છે, તેવી રીતે આપણે પણ કોઈક 'પરમ શક્તિ'ની દૃષ્ટિમાં 'અબોધ' છીએ ! આપણે આપણી જાતને 'અબોધ' નથી માનતા, પણ પેલું બાળકેય પોતાની જાતને થોડું જ અબોધ માને છે ? જો માનતું હોત તો થોડું જ રડત ! ઈશ્વરના નિર્માણમાં શ્રદ્ધાશીલ રહેવાનો અને દુઃખમાં મનને પ્રસન્ન રાખવાનો આ એક સારો ઉપાય – આશ્વાસન છે. પ્રસન્ન રહેવા માટેનો આ રામબાણ ઈલાજ છે. કારણ કે :

*'પામ્યો પ્રસન્નતા તેનાં દુઃખો સૌ નાથ પામતાં,*
*પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર'.*

અહંતા અને મમતાને પરિત્યજીને જ કોઈ પણ યુગનો માનવી શાન્તિનો અનુભવ કરી શકે.. સાચા સુખની વ્યાખ્યા આપણે જાણતા જ નથી એટલે નકલી સુખો પાછળ દોડી એની અપ્રાપ્તિ બદલ ક્લાન્તિ અને ક્લેશ અનુભવીએ છીએ. 'અસંતુષ્ટ' મન એ ભૌતિકપ્રધાન યુગનો અભિશાપ, પુરસ્કાર છે !

*આપણે જ કાંઈ નથી કરતા તેનો થાક અનુભવીએ છીએ,*
*જે કરીએ છીએ તેનો નહીં.*

**- બ્રુસ બર્ટન**

# ૭ ખુશમિજાજ માનવીઓનો વસ્તીઘટાડો

**ખુશમિજાજ માનવીઓનો વસ્તી-ઘટાડો**
**એ કોઈ પણ દેશની સૌથી મોટી**
**કંગાલિયત છે !**

જિંદગીને ધિક્કારપૂર્વક જીવનારાઓ જીવનનું અપમાન કરે છે એમ માનતા ગોલ્ડ સ્મિથે એક ખુશમિજાજ ગુલામનું વર્ણન કરતાં જીવનમાં ખુશમિજાજી અને ખુમારીનું પ્રેરક ઉદાહરણ ટાંક્યું છે. ફ્લેન્ડર્સના કિલ્લામાં બંદીવાન તરીકે રખાયેલો એ ગુલામ લંગડો હતો અને તેને જન્મટીપની સજા ફટકારવામાં આવેલી હતી. આ કેદ સાથે કાળી મજૂરી તો કરવાની જ. સવારથી સાંજ સુધી તેની પાસે તનતોડ પરિશ્રમ કરાવાતો અને અંધારું થતાં તેને આરામની તક મળતી. તેમ છતાં તે ગુલામ મસ્તીપૂર્વક ગાતો, હસતો અને મોજથી કારાવાસ ભોગવતો. તે કિલ્લામાંના અન્ય લોકો તેને સુખી માણસ માનતા હતા.

ખુશ રહેવાની કળા માણસ જાણતો નથી. માટે એ કલ્પિત દુઃખોથી વધુ પીડાય છે. ઉત્સાહનો અભાવ, ચહેરા પર નિરાશાનાં વાદળો, વાતવાતમાં રોષ અને ઉશ્કેરાટ, આંખમાં આંસુનાં તોરણિયાં, પરાજય અને પલાયન, ભાગ્યની વક્રતાનો બળાપો, સ્વજનોનો અણીના સમયે સાથ ન મળ્યાનો વસવસો, ઉપરી અધિકારી તરફથી પ્રશંસાના બે

શબ્દોની કૃપણતા, પાસા ઊંધા પડ્યાની ફરિયાદ, સુખના દિવસો સરી ગયાની વેદના, પુત્ર, પત્ની કે પ્રિયતમા પ્રતિકૂળ હોવાનો ક્લેશ, આધિ-વ્યાધિ-ઉપાધિનાં આકસ્મિક આક્રમણને કારણે જીવન છિન્નભિન્ન થઈ રહ્યાની દહેશત; માણસ પાસે બેશુમાર કારણો હોય છે ચિંતિત અને મથિત - વ્યથિત રહેવા માટેનાં. કોઈને ભાવિની ચિંતા કોરી ખાતી હોય છે તો કોઈકને 'ભયાનક' વર્તમાનની ! પરિણામે માણસ ઉલ્લાસનો આસ્વાદ કે ખુશમિજાજીની મીઠાશ માણી શકતો નથી !

હકીકતમાં ચિંતાઓ અને ક્લેશોનાં પોટલાંની હમાલી કરીને જીવવામાં આનંદની અનુભૂતિ થાય પણ ક્યાંથી ?

જ્યારે આપણે ઘટાટોપ અંધકારથી ધ્રૂજતા હોઈએ છીએ, ત્યારે જીવન - આકાશે કોઈક અજાણ્યો પ્રદેશ પ્રભાતનાં કિરણો રેલાવવા આપણી પ્રતીક્ષા કરી રહ્યો હોય છે. પરંતુ આપણે એનો અણસાર મેળવવાની સ્વસ્થતા દાખવી શકતા નથી. એટલે ચીડિયા, ઉદાસ કે ખિન્ન બનીને સહજ પ્રસન્નતાનું બલિદાન આપી દઈએ છીએ. આપણને આપણી સમસ્યાઓ, પ્રશ્નો, વેદનાઓ એટલી બધી ગંભીર લાગતી હોય છે કે, એનું સંભવિત નિરાકરણ હાથવેંતમાં હોવા છતાં આપણે તેના તરફ લક્ષ્ય આપી શકતા નથી !

તમે પેલા સિડની સ્મિથની જેમ સંધિવા, દમ અને બીજાં સાત-સાત દરદોથી ઘેરાયેલી સ્થિતિમાં એવું કહેવાની ખુમારી દાખવી શકો ખરા કે, આ બધાં દર્દો બાદ કરતાં બાકી બીજી રીતે હું ઘણો સારો છું ? અમદાવાદમાં જેવી કાળઝાળ ગરમીનો આપણે સામનો કરી રહ્યા છીએ તેવી જ ગરમીની ફરિયાદ કરતાં એક ક્રોધી છોકરી કહે છે કે, આ ગરમ હવાને હું ધિક્કારું છું. કાળા પડી જવું એનો મને વિચાર આવે છે. ગરમીથી મારું નાક દાઝી જાય છે. જ્યાં જાઉં ત્યાં મારે પંખી લઈને જવું પડે... વગેરે વગેરે.

આનાથી ઊલટો અનુભવ એક હસમુખી છોકરી વર્ણવતાં કહે છે કે, આ પ્રકાશમાન ઉનાળાના દિવસથી મને જે આનંદ મળે છે તેનું અર્ધું પણ વર્ણન હું કરી શકતી નથી. હું સુંદર ફૂલ ચૂંટી શકું છું અને મધુર સુગંધવાળા ઘાસ ઉપર રાણીની જેમ સવારી કરી શકું છું.

કેવળ ગુસ્સો, નારાજગી કે ફરિયાદ કરવાથી પરિસ્થિતિમાં તાત્કાલિક કશો ફેર પડવાનો જ ન હોય તો પછી ઉદ્વેગપૂર્ણ કે ચિંતાગ્રસ્ત રહેવાનો અર્થ પણ શો ? એટલે જ પોપનું મંતવ્ય વિચારવા જેવું છે કે, દુનિયાના દરેક અનિષ્ટ માટે ઉપાય હોય તો મહેનત કરીને ખોળી કાઢો અને ન હોય તો તેની દરકાર કરતા નહીં.

'આગળ ધસો'માં વર્ણવેલા મિનિયા પોલિસ નામના ગૃહસ્થની માલિકીની કેટલીક દુકાનો આગને કારણે ભસ્માવશેષ થઈ ગઈ. આવી આકસ્મિક આફતને કારણે તેની માનસિક દશા બગડી જાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ. એણે ઉદ્વિગ્નતા અને હતાશામાંથી બહાર આવવાની કોશિશ કરી જોઈ, પણ મનની બેચેની દૂર થતી નહોતી. તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો. એટલામાં તેને પોતાની સાત વર્ષની પુત્રીનો એક પત્ર મળ્યો, જેમાં એણે લખ્યું હતું :

'વહાલા પિતાજી, તમારી વખારો (દુકાનો) જોવા હું ગઈ હતી અને બરફથી ઢંકાયેલી તે જગા ઘણી જ સુંદર લાગે છે. હું તમને ઘણાં ચાહું છું. મારી એક વહાલભરી ચૂમી સ્વીકારશો.'

અને પોતાની નિર્દોષ પુત્રીનો એ પત્ર વાંચીને પેલા ગૃહસ્થને હસવું આવ્યું.

અગાઉ તેણે ટ્રેનમાંથી કૂદી પડીને આત્મહત્યા કરવાનો વિચાર કર્યો હતો. પણ પુત્રીના પત્રે તેના નિરાશ-હતાશ મનમાં આનંદનાં અમીછાંટણાં કર્યાં અને જીવવાના એક નવીન બળનો સંચાર થયો.

શુદ્ધ આનંદના અમીધોધમાં સ્નાન કરવાનું મહત્ત્વ આપણે પિછાણતા નથી, એટલે ચિંતાના ભાઠામાં બેસીને રોદણાં રડ્યા કરીએ છીએ. આપણે ધારી લીધેલી અડચણો કે આફતો જ આપણી આનંદયાત્રાને અધવચ ખતમ કરી નાખે છે.

ક્ષુલ્લક ફરિયાદો, તુચ્છ અપેક્ષાઓ અને નાની અમસ્તી તકલીફોને વધુ પડતું મહત્ત્વ આપીને તેના બોજ નીચે દબાઈ જવાને કારણે અમૃતપુત્ર હોવા છતાં આપણે પામર પ્રાણી હોવાની વેદના અનુભવીએ તો આમાં વાંક કોનો ? જિંદગી જીવવાનો ઉત્તમ તરીકો છે વર્તમાનનું સ્વાગત અને તેના યથાવત્ સ્વરૂપે જીવી લેવાની તૈયારી. ડૉ. સેમ્યુઅલ જોનસન એટલે જ કહે છે કે ભવિષ્યનો સોદો વર્તમાન દ્વારા જ થઈ શકે છે. વર્તમાનની ઉપેક્ષા એટલે જીવનની એક મોંઘેરી ક્ષણની ઉપેક્ષા. ગમે તેટલો સમૃદ્ધ પણ ભૂતકાળ એ ભૂતકાળ છે અને ગમે તેટલો પડકારરૂપ પણ વર્તમાન એ વર્તમાન છે. વર્ડ્ઝવર્થના શબ્દોમાં કહીએ તો વીતેલી દસ હજાર ગઈકાલ 'આજ'ની બરાબરી કરી શકતી નથી ! ધૈર્ય, શાન્તિ, સ્વસ્થતા અને કાર્યશીલતાનો કોળિયો કરી જનાર 'કાલ'ની ચિંતા જ માણસને બેહાલ બનાવનારાં પરિબળોમાંનું એક પ્રભાવક પરિબળ છે. આવેલાં દુઃખો કરતાં આવનાર દુઃખોની ભીતિ આપણને વધુ બરબાદ કરતી હોય છે.

ખલીલ જિબ્રાનના શબ્દોમાં કહીએ તો આપણે જ આગ છીએ અને આપણે જ કચરાનો ઢગલો ! આપણી આગ આપણા કચરાને ભસ્મીભૂત કરી શકે તો આપણા જેવો સુખી કોણ ?

આપણે આનંદનું મહત્ત્વ જાણવા છતાં તેનું મૂલ્ય ચૂકવવા માટે તૈયાર હોતા નથી એટલે આનંદબજારમાંથી આપણી ઝોળી ખાલી જ રાખીને આપણે પાછા ફરીએ છીએ. લક્ષાધિપતિનો મહેલ બાંધવા માટે મસ્તીથી ઈંટો ઉપાડનાર મજૂર ચિંતાગ્રસ્ત લક્ષાધિપતિ કરતાં સુખી હોઈ

શકે છે. મબલખ ધન છતાંય બીમાર અને બિસ્માર મનવાળા માણસોને સુખી કોણ કરે ? જોન વેસ્લી પોતાના મનોનિયંત્રણની શાખ પૂરતાં કહેતો કે, મને લાગણી થાય છે, ઉદ્વેગ થાય છે, પણ ઈશ્વરકૃપાથી હું કોઈ પણ બાબત માટે ચીડિયાં કરતો નથી. ખુશમિજાજ માનવીઓનો વસ્તી-ઘટાડો એ કોઈ પણ દેશની સૌથી મોટી કંગાલિયત છે.

*ખુશમિજાજમાં અદ્‌ભુત બળ રહેલું છે, તેની જીવનશક્તિ અખૂટ છે. કોઈ પણ જાતના પ્રયાસ કાયમના ઉપયોગી બનાવવા હોય તો તે સમાન રીતે આનંદયુક્ત હોવા જોઈએ. તેમાં આનંદ, આનંદનું લાવણ્ય અને પ્રકાશનું સૌંદર્ય હોવાં જોઈએ.*

**- કાર્લાઇલ**

# ૮ માણસના વ્યક્તિત્વની ઘોર ઉપેક્ષા

## આજે વ્યક્તિત્વ દેખાડે તે 'ધિક્કારપાત્ર', અંધભક્તિ દેખાડે તે 'આવકારપાત્ર'

પરિવર્તનની બાંગ પોકારતા ઘણા માણસો સમાજને બદલી નાખવાની, અર્થતંત્રમાં ધરમૂળથી પરિવર્તન કરવાની, રાજકારણમાં જબરજસ્ત ફેરફારો આણવાની વાત કરતા હોય છે અને એ માટે તમે કહો તેટલી ગરમાગરમ દલીલબાજી માટે તૈયાર હોય છે, પરંતુ એમના ક્રાન્તિ અંગેના ખ્યાલો જડ, એકતરફી અને તથાકથિત હોય છે.

આપણે જગતને હચમચાવી મૂકવાની વાત કરીએ, ત્યારે એનો આરંભ જાતને હચમચાવી મૂકવાની તૈયારીથી જ કરી શકાય. પરિવર્તનનો પાયો બાહ્ય નહીં પણ સૌપ્રથમ આંતરિક હોય છે. જે માણસ પરિવર્તન કે ક્રાન્તિ માટે મેદાને પડે એણે સૌથી પહેલાં પોતાના મનને જ વાળીઝૂડીને સાફ કરવું પડે છે. જ્યાં સુધી વૈચારિક શુદ્ધતા, ઉદાત્તતા પ્રત્યેની સંનિષ્ઠા અને નિઃસ્વાર્થભાવે, નિરાડંબરપણે સમર્પિત ભાવથી કામ કરવાની ઉત્કટ અભિલાષા, આત્મમંથન, આત્મચિંતન અને દૃઢ મનોબળનો માણસમાં વિકાસ ન થાય ત્યાં સુધી ક્રાન્તિ કે પરિવર્તનનું સામર્થ્ય તેને પ્રાપ્ત થતું નથી. ભલે યુગની આકાંક્ષા અને ઇતિહાસની

નિયતિ ક્રાન્તિના આવિર્ભાવનું નિમિત્ત બનતી હોય, પણ માનવીય પુરુષાર્થ વિના એ પાંગળી જ રહે છે. વૈચારિક પ્રસવપીડા બાદ જ ક્રાન્તિનું પનોતું સંતાન પોતાની જન્મોત્તર આંખ ખોલતું હોય છે.

જે જ્યાં ઊભો હોય, બેઠો હોય, કાર્યરત હોય, પદારુઢ હોય કે પદવિહોણો હોય, જો તે માનવતા, સત્ય કે મૂલ્યનો જયજયકાર ઇચ્છતો હોય તો એણે સ્વાર્થની શરણાગતિ સ્વીકારવાને બદલે સત્ય માટે ફનાગીરી વહોરવી જ પડશે. આજનાં આંદોલનો પરિવર્તન કે ક્રાન્તિકારી સુધારણાનું ઊજળું પાસું દેખાડવામાં નબળાં પુરવાર થતાં હોય તો તેનું કારણ એ પરિવર્તન કે સુધારણા માટેની જેહાદ અંદરથી ઊગેલી નથી પણ કોઈક ઊભરા, આવેશ, જોશ, દેખાદેખી કે સ્વાર્થપૂર્ણ ગણતરીથી મન પર લાદેલી હોય છે, એટલે કદાચ જોદાર ‘દેખાવ’ કરવામાં કામયાબ થાય છે. ચાલબાજ રાજનીતિની કોઈ ચતુરાઈભરી ચાલને કારણે ‘સંધિની શરતો’ રૂપે કશુંક ક્ષણિક પામવાનો ચમત્કાર પણ કરી દેખાડે છે પણ એ બધું ઉપરચોટિયું હોય છે ! બળનું બાવડું પકડી બળવો કરી-કરાવી શકાય. પરિવર્તન તો વૈચારિક શાસનના પ્રભાવથી જ પ્રગટે. જેના વિચારો પાંગળા હોય એના જેવો ‘બિચારો’ (બિ–ચારા – ઉપાયહીન) કોણ ?

‘ક્રાન્તિ અને સાધના’માં વાંચેલા એક પ્રસંગનું સ્મરણ થાય છે... ત્યારે માધવરાવ પેશ્વાની આણ પ્રવર્તતી હતી. રાજ્ય મરાઠાનું અને સત્તા પેશ્વાની ! ધર્મધુરંધર અને ન્યાયપારંગત એવા રામશાસ્ત્રી તે વખતે ન્યાયાધીશ તરીકે કામ કરે. એવામાં નારાયણરાવનું ખૂન થાય છે.... રાજ્યમાતા અને રાજકુટુંબ એમાં સંડોવાયાનો આક્ષેપ. ખટલો રામશાસ્ત્રી સમક્ષ રજૂ થાય છે. પોતે જેનું લૂણ ખાય છે, જેના રાજ્યમાં નોકરી કરવાની છે તેનો જ ન્યાય કરવાનો છે. કેટલું કપરું અને મુશ્કેલ કામ ! જ્યારે આત્મીય, પ્રિય અને પરિચિત જનોનો ન્યાય કરવાનો હોય

છે, ત્યારે ન્યાય કરનારની ભારે કસોટી થાય છે. ન્યાયશાસ્ત્રના કાયદા મુજબ ખૂન કરનાર ફાંસીની સજાને પાત્ર ઠરે. રાજ્યમાતાને એ વાતની ખબર હતી, એટલે વડા ન્યાયાધીશ રામશાસ્ત્રી સમક્ષ રાજમાતા ખોળો પાથરીને પોતાના પુત્રને બચાવી લેવા માટે આજીજી કરે છે ! પુત્રનું જીવતદાન માગે છે.

રાજમાતાની આજીજી સાંભળી કયા અધિકારીનું હૈયું દ્રવિત ન થઈ જાય ? પણ રામશાસ્ત્રી સ્વસ્થતાપૂર્વક રાજમાતાને કહે છે : 'હું તમારો સેવક છું. તમારું લૂણ મારા અણુએ અણુમાં ફેલાયેલું છે માટે ચાહો તો મારું માથું ઉતારી શકો છો, પરંતુ ન્યાયાસન પર આ શરીર હશે, અરે ધડ પર માથું હશે, ત્યાં સુધી તો માત્ર ન્યાય જ ચૂકવાશે.'

રામશાસ્ત્રી આજીજીને વશ ન થયા, પૈસા કે લાલચને વશ ન થયા એટલે રાજમાતાએ રામશાસ્ત્રીને ધમકી આપતાં કહ્યું, 'તમે અમારા રાજ્યના નોકર છો એટલા માટે તમારે અમારી આજ્ઞાને આધીન થવું પડશે.'

રામશાસ્ત્રી દીન કે કાયર નહોતા. ખુમારીવાળા, ખરાદિલના માનવી હતા. એમણે જવાબ આપ્યો : 'હું રાજ્યનો નોકર છું, પણ સત્યપ્રિય અને ન્યાયપ્રિય રાજ્યનો નોકર છું. અસત્ય કે અન્યાયપ્રિય રાજ્યનો નોકર નથી ! મારે હાથે જ એ સત્ય અને ન્યાયનું ખંડન કરાવવું હોય તો લઈ લો આ અમારું રાજીનામું !' અને રામશાસ્ત્રી રાજમાતાના હાથમાં ગૌરવભેર પોતાનું રાજીનામું ધરી દે છે !

'આ હાથ વડે અસત્ય, અન્યાય કે અધર્મનું કામ કદીયે નહીં થાય' એ કહેવાની તાકાત ક્રાન્તિકારીમાં જોઈએ. જ્યાં સત્યનું ખંડન થાય, ધર્મનું ખંડન થાય, માનવતાનું ખંડન થાય, ત્યાં ક્રાન્તિ થતી જ નથી, માત્ર વિપ્લવ જ થાય છે !

નૈતિક હિંમત સંસ્કૃતિની રખેવાળ બને છે અને સ્વાર્થપૂર્ણ

ગણતરીઓ વિકૃતિનું વિટામિન ! સમાજસુધારણા કે સરકારસુધારણા, શાસનસુધારણા કે શિક્ષણસુધારણા એટલે જ શક્ય નથી બનતી ! જે તે ક્ષેત્રનો દરેક માણસ પોતાના સ્વાર્થના રક્ષાકવચને હેમખેમ રાખવામાં જ પોતાની તાકાત ખર્ચે છે. વિકૃત મનવાળા માનવીઓની પલટણથી ક્રાન્તિ ન સર્જાય.

સંપત્તિ પણ માણસને આંજી શકે છે અને સત્તા પણ. પદ પણ માણસને આંજી શકે છે અને પ્રલોભન પણ. પરંતુ જેણે જીવન અને જગતને કશુંક પ્રદાન કરવું છે એ સંપત્તિ કે સત્તાથી ગાંજ્યો જતો નથી ! કબૂતરો માત્ર પાંખો ફફડાવી શકે, ક્રાન્તિ તો ગરુડ જ સર્જી શકે ! બગલાઓ માત્ર મત્સ્યભોગી બની શકે, નીરક્ષીરવિવેક તો હંસ જ દાખવી શકે !

સવાલ છે પરિસ્થિતિને વશ થવું કે પરિસ્થિતિને પોતાને વશ કરવી ! જેઓના મનમાં તાજા વિચારોનું શાસન ચાલતું હોય છે તેઓ પરિસ્થિતિને વશ થતા નથી પણ પરિસ્થિતિને વશ કરે છે.

કોઈ પણ આયોજન કે યોજના, વ્યવસ્થા કે તંત્ર જ્યાં સુધી તેના કેન્દ્રમાં રહેલા માણસો તે પરિવર્તનને ઝીલવા અને અમલી બનાવવા સમર્પણશીલ બનતા નથી ત્યાં સુધી એ ક્રાન્તિ કે પરિવર્તનના શોરબકોરોથી આગળ વધી શકાતું નથી ! ક્રાન્તિ કે પરિવર્તનની સફળતા ક્રાન્તિની વાતો કરતા લોકોના હાથમાં નથી, પરંતુ ક્રાન્તિનાં મૂલ્યો જીવનમાં ઉતારીને તે કાજે ઝૂઝતા લોકોનાં દિલ અને દિમાગમાં હોય છે !

આઝાદીની બાબતમાં લિંકને કહ્યું હતું કે, જેવી રીતે હું કોઈનો માલિક નહીં થાઉં, તેવી રીતે કોઈનો ગુલામ પણ નહીં થાઉં.

પણ એમાં ગાંધીજીને સ્વરાજ્યનું સૂત્ર અધૂરું લાગ્યું એટલે એમાં ઉમેરો કર્યો : હું કોઈનો માલિક નહીં થાઉં અને કોઈને માલિક નહીં

બનાવું. હું કોઈનો ગુલામ નહીં થાઉં અને કોઈને મારો ગુલામ નહીં બનાવું !'

પણ આજે આ વાત વીસરાઈ ગઈ ! કોઈ પણ ક્ષેત્રમાં કોઈને 'વ્યક્તિત્વવાળો' માણસ ખપતો નથી ! વ્યક્તિત્વ દેખાડે તે ધિક્કારપાત્ર, અંધભક્તિ દેખાડે તે આવકારપાત્ર ! આજની વફાદારીની વ્યાખ્યા પણ આવી છે ! વફાદારી એટલે સાચી વાતમાં આપણે પડખે ઊભો રહેનાર નહીં પણ સ્વાર્થપૂર્ણ ષડ્યંત્રોમાંય આપણી સાથે રહેનાર વૈચારિક ગુલામ ! પક્ષો અને યુનિયનોને સત્યનિષ્ઠ વફાદાર સ્વયંસેવકો કે કાર્યકરો નથી ગમતા, એમનાં સ્વાર્થભર્યાં આયોજનોમાં સામેલ થઈને એમને ઇશારે નાચે એવા માણસો ખપે છે ! 'સાચાબોલા' નહીં પણ 'કાચાબોલા' માનવીઓની આજે ચોતરફ બોલબાલા છે ! જેને બોલતાં પણ આવડે, બાફતાં પણ આવડે અને ફેરવી તોળતાં પણ આવડે ! આવા નેતૃત્વની આંગળી ઝાલી આમ માણસને ખૂબસૂરત ખ્વાબ દેખાડવામાં આવે છે. એકવીસમી સદીનાં સુખોનું ! માનવીના વિધાયક પુરુષાર્થ અને આંતરખોજ વગરની સદીઓ માત્ર યુગોમાં વર્ષો ઉમેરવાનું જ નિમિત્ત બની શકે ! દિગ્ભ્રાન્ત માણસ ઉધમાત કરી શકે, ક્રાન્તિ નહીં.

*પોતા વિના દુનિયા અટકી પડશે એવું માનનારા માનવીઓથી કબ્રસ્તાનો ભરપૂર છે.*

**- જ્યોર્જ ક્લેમેન્શો**

# ૯

## 'વિચારબંધી'

**'સંચારબંધી' પોલીસ ફરમાવે છે, પણ 'વિચારબંધી' પ્રજાજન તરીકે આપણે જાતે સ્વીકારી લીધી છે !**

શેઠ નોકરને આદેશ આપે છે : 'જા, બગીચામાં જઈને વૃક્ષોને પાણી સીંચ.'

નોકરને આશ્ચર્ય થાય છે... બહાર તો મુશળધાર વરસાદ પડી રહ્યો છે... ને શેઠ બગીચામાં પાણી સીંચવાનો હુકમ કરે છે ! એટલે એણે શેઠનું ધ્યાન ખેંચતાં કહ્યું : 'શેઠ, બહાર તો મુળશધાર વરસાદ પડે છે... પછી પાણી સીંચવાનો શો અર્થ ?'

શેઠનું અહં ઘવાયું.... તેઓ તાડૂક્યા : 'મૂર્ખ છે તું. વરસાદ પડે છે તો છત્રી લઈને જા અને પાણી સીંચ !'

યુવાચાર્યે આ ઉદાહરણ ભલે કોઈ પ્રધાન અને અમલદારને લક્ષમાં રાખીને નહીં આપ્યું હોય, પણ આજે સ્થિતિ આવી છે ! હુકમ કરનાર પોતાને જ્ઞાની, મહાજ્ઞાની, સમજદાર, શાણો માને છે અને હુકમનો અમલ કરવા બંધાયેલ અધીનસ્થને સાવ મૂર્ખ ! હુકમ કરનારની આદેશની સર્વતોમુખી તપાસ કે સૂક્ષ્મ ચિંતન પરત્વેની જવાબદારી છે, એ વાત વીસરાઈ ગઈ છે ! સ્વસ્થ આદેશ સ્વસ્થ વિચારમાંથી જન્મે છે

અને સ્વસ્થ વિચાર ઠંડા દિમાગમાંથી યાત્રા આરંભે છે, એ વિશે આજનો માણસ સભાન નથી ! ગુસ્સો કરવાની તૈયારી રાખનારે ગુસ્સો સહેવાની તૈયારી રાખવી પડે ! અધીનસ્થ માણસ એટલે વિચારશૂન્ય માણસ એવું માનીને ચાલવાનું દુઃસાહસ કોઈ પણ વિચારશીલ માણસ કેવી રીતે કરી શકે ?

સમજણ સંયમનું સંતાન છે, આવેગનું જારજ બાળ નહીં. આવેશ માણસને ધક્કો મારે છે, સંયમ માણસને જાળવે છે !

વર્તમાન યુગમાં માણસે સંયમનું દેવાળું ફૂંકવાનું શરૂ કર્યું છે. એટલે જ વ્યષ્ટિગત અને સમષ્ટિગત સંબંધો વિકૃતિની ચરમસીમાએ પહોંચતા નજરે પડે છે ! આવેશના ગગનમાં રોકટોક વિના ઉડ્ડયન કરતો માણસ વાસ્તવિકતાની ધરતી તરફ નજર નથી કરતો. પરિણામે તે સલામત ઉતરાણ માટેના સંકેતો ઝીલી શકતો નથી !

બોદા માણસોની બોલબાલાના યુગમાં વિચારશક્તિને જાકારો મળતો હોય છે અને આવેગને અતિશય આવકારો ! એટલે જ આપણે સત્ત્વશીલ, સત્યશીલ અને સંયમશીલ નેતાઓને સ્થાને સ્વાર્થી, અસત્યભાષી અને સંયમહીન નેતાઓએ લખેલા ભાગ્યલેખવાળા ભારતમાં જીવવું પડે છે ! ક્યારેક કશુંક અજુગતું કે અરાજકતાપ્રેરક બને ત્યારે એની જવાબદારી 'અસામાજિક તત્ત્વો' પર નાખી દેવામાં આવે છે ! પણ 'અસામાજિક' એટલે કોણ ? જે સમાજની ચિંતા ન કરે, સમાજકલ્યાણની ચિંતા ન કરે અને માણસની ઊંઘ હરામ કરી દે તેવું વાતાવરણ સર્જે તે અસામાજિક !!! ગુંડાગીરીના પ્રકાર યુગસાપેક્ષ હોય છે ! એ માટે છરી, ચપ્પુ, બંદૂક, બૉમ્બની જ જરૂર ગુંડાઓને નથી હોતી ! પ્રજાહિતને ગળે ટૂંપો દેવો એ ગુંડાગીરી છે, સત્તાનો નર્યા સ્વાર્થે માટે ઉપયોગ કરવો એ પણ ગુંડાગીરી છે, લીધેલા ખોટા નિર્ણયને આત્માના અવાજ કે લોકશાહીનાં મૂલ્યો સાથે જોડીને લાભ ખાટવાની

ભૂમિકા ઊભી કરવી એ પણ ગુંડાગીરી છે ! સમાજવિરોધી તત્ત્વોને છાવરવા માટે સમાજસેવકનો સ્વાંગ ધરવો એ પણ ગુંડાગીરી છે ! પ્રજાના પૈસે પગાર મેળવી જાહેર સેવાનાં ક્ષેત્રો કે સરકારી તંત્રમાં ઉચ્ચ સ્થાને વિરાજિત થઈ સામાન્ય માણસને અપમાનિત, હડધૂત અને ઉપેક્ષિત કરવો એ પણ ગુંડાગીરી છે ! કોઈના વિચારોથી દોરવાઈ જવું કે ભોળવાઈ જવું – પ્રજામાનસની આ કમજોરી છે. 'સફેદ ઠગો'ની સંખ્યા વધવાનું એ નિમિત્ત બનતી હોય છે !

એટલે જ શ્રી કિશોરલાલ મશરૂવાળાએ કહ્યું છે તેમ સત્ત્વશુદ્ધિ સંયમ વિના, ચિત્તના નિયમન વિના અશક્ય છે. સંયમ એટલે સ્વનિયમન. જગતના કોઈ જીવને કે વસ્તુને જોતાંવેંત કે સાંભળતાંવેંત જ જે લાગણી ઉત્પન્ન થાય કે મત બંધાઈ જાય, તેથી વિવશ બની જઈ તેના દોરાયા દોરવાઈ જવું એ અસંયમ છે ! 'નેતાઓ' માણસની આવી કમજોરી પારખતા હોય છે ! એટલે દરેક પક્ષ, દરેક સરકાર લોકોને ભોળવવા માટેનું એક લોકાકર્ષક સૂત્ર વહેતું મૂકે છે.... એનો કહેવતની જેમ પ્રચાર કરે છે, એનાં ઢોલ વગડાવે છે અને લોકો એનો નશીલી ગોળીની જેમ ઉપયોગ કરે છે ! 'ભંગારપાત્ર' લોકોને 'ભંડારપાત્ર' ગણવાની નાસમજદારી આપણે ક્યાં સુધી દેખાડ્યા કરીશું ? જે દેશની પ્રજા 'સંત્રી' બનવાને બદલે 'પૂજારી' બને છે, એ દેશનું તંત્ર ખાડે જાય છે ! સત્તાધીશોને સંત્રી - પ્રજાજનો નથી ખપતાં, પૂજારી - પ્રજાજનો ખપે છે ! સત્ય માટે જાન જોખમમાં નાખે એવા 'મારુતિ'ઓ ઘટ્યા છે અને 'મારુતિ'માં મહાલનારા વધ્યા છે ! 'સંચારબંધી' પોલીસ ફરમાવે છે, 'વિચારબંધી' પ્રજા તરીકે આપણે જોકે સ્વીકારી લીધી છે ! જ્હૉન કેનેડીએ એક સરસ વાત કહી છે : ઘણી વાર તો આપણે વિચાર કરવાનું કષ્ટ વેઠ્યા વિના જ અભિપ્રાયો ધરાવવાની સાહ્યબી ભોગવતા હોઈએ છીએ ! રસ્કિન આવી વિચારશૂન્યતાને સૌથી મોટી 'સાર્વજનિક

આપત્તિ' ગણાવે છે ! વિચાર કરવાનું કામ જેટલું કષ્ટસાધ્ય છે, એટલું જ કષ્ટસાધ્ય કામ વિચાર બદલવાનું છે ! આપણે વિચાર બદલવાને બદલે વગર વિચારે વર્તન બદલીએ છીએ ! પરિણામે પસ્તાવાનો વારો આવે છે ! ચૂંટણી પ્રજાનું 'વિચારપર્વ' - વિવેકપર્વ બનવી જોઈએ. કેવળ પક્ષીય 'પ્રચારપર્વ' નહીં ! પક્ષમાં 'પરમેશ્વર'નું રાજ્ય હોવાને બદલે તેના 'વડા'ના આવેગો - આવેશો - સ્વાર્થો અને લાલસાઓનું સામ્રાજ્ય હોય છે ! એટલે પ્રજાકલ્યાણ કે સિદ્ધાંતનિષ્ઠાની આશા ઠગારી નીવડે છે. પેલા ઉદાહરણ જેવી વાત : સગર્ભા માતાએ પોતાના બાબાને પૂછ્યું : 'મુન્ના, તારે શું જોઈએ છે ? બાબો કે બેબી ?' બાબો નાનો હતો ! એણે કહ્યું : 'મમ્મી, મારે તો બાબો પણ નથી જોઈતો ને બેબીય નથી જોઈતી ! મારે તો દડો જોઈએ છે !' દડો આપવા પ્રજા તરીકે આપણે રાજકીય પક્ષો સાથે શું આવી અપેક્ષા નથી રાખતા ? જે તેઓ નથી આપી શકવાના એવી આપણને ખાતરી છે, એ જ આપણે તેમની પાસેથી માગીએ છીએ ! 'મોંઘીદાટ' રીતે ચૂંટણી લડીને આવેલા માણસ પાસે મોંઘવારી–ઘટાડાનાં સ્વપ્ન સેવીએ છીએ ! દુરાચાર દ્વારા વિજેતા બનનાર પાસે સદાચાર અને સ્વચ્છ વહીવટના ખ્વાબમાં રાચીએ છીએ ! ચર્ચિલના શબ્દોમાં કહીએ તો 'કુશળ' રાજકારણી એ છે કે જે સવારે એક વાત કહે અને સાંજે એ વાતનું ખંડન એવી ચાલાકીથી કરે કે સવારે મેં કહ્યું હતું તે પણ બરાબર હતું અને અત્યારે જે કહી રહ્યો છું એ પણ બરાબર છે એમ લાગે. સત્ય તપાસ્યા વગર સ્વીકારી લેવાની આદત એ પ્રજાજનોને કોઠે પડેલો રોગ છે, એની રાજકારણીઓને ખબર છે !

આપણા સામાજિક સંબંધોમાં જે વિકૃતિઓ, વિચિત્રતાઓ અને ક્લેશો જોવા મળે છે, એમાં પણ આપણી માનસિક ચંચળતાઓ અને વિચારશૂન્ય કૂદકાઓ જ મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. માણસને

સમજવો હોય કે મૂલવવો હોય તો 'અપ્રદૂષિત દૃષ્ટિ' જોઈએ ! પણ આવેશનો ભયાનક પડછાયો આપણી દૃષ્ટિને 'અપ્રદૂષિત' રહેવા દેતો નથી ! પરિણામે આપણા સંબંધોને ઘેરી વળે છે શંકા, કુશંકા, ગેરસમજ, અનાસ્થા, અહં, જીદ અને કૃત્રિમતા ! આપણે આપણા નિકટના સ્વજનને સમજવા તૈયાર નથી, પછી સહિષ્ણુતાની તો વાત જ ક્યાં ? માણસને આપણે માપવા ઉતાવળા થઈએ છીએ, સમજવા નહીં ! સમજણ-સંબંધોમાં માપ ગેરમાર્ગે દોરે છે ! એટલે જ સંબંધોમાં ખાઈઓ ઉદ્ભવી છે ! એ ખાઈને પૂરવા માટે સમય, સંયમ અને અહંકારશૂન્ય અભિગમ જોઈએ, પણ વ્યસ્તતાના આ યુગમાં એ માટે માણસ સમય ફાળવી શકતો નથી ! પરિણામે અધકચરા સંબંધો, અધકચરી વ્યવસ્થાઓ, અધકચરી નિષ્ઠાઓ અને અધકચરી વફાદારીની કાણી હોડીમાં બેસી આપણે ઘૂમ્યા કરીએ છીએ. આડેધડ, આવેશોના તોફાની તરંગોના મહાસાગરમાં એટલે આપણે ડૂબીએ છીએ ! જે પહેલાં વિચારસાગરમાં ડૂબકી લગાવે છે, એ તરે છે અને જે પાછળથી વિચારે છે એણે જળસમાધિ લેવી પડે છે ! ઘર અશાન્ત છે, સમાજ અશાન્ત છે, સંસ્થાઓ અશાન્ત છે, વ્યવસ્થાતંત્ર અશાન્ત છે, દેશ અને દુનિયા અશાન્ત છે, કારણ કે વિચાર દિગ્ભ્રાન્ત છે ! દિગ્ભ્રાન્ત વિચાર સમસ્યાઓ જન્માવે છે, પરિપક્વ વિચાર સમસ્યાઓનું સમાધાન શોધી આપે છે !

કશુંક ખોટું થાય કે આચરવામાં આવે ત્યારે માણસ 'સંજોગો'ની મજબૂરીનું લોકપ્રચલિત બહાનું કાઢી પોતાની કમજોરીને ઢાંકવાની કોશિશ કરે છે ! પણ એવા સંજોગો એ તેનો આવેશ, પ્રમાદ, નિષ્ક્રિયતા, બેદરકારી કે બેજવાબદારીનું પરિણામ હોઈ શકે છે, એ વિશે ગંભીરતાપૂર્વક વિચારવા તે તૈયાર નથી થતો ! પોતાની નબળાઈનું વિશ્લેષણ કરવાને બદલે એને વ્યર્થ બહાનાંથી ઢાંકવાની કોશિશ કરવી

એ જીવનભર નબળા રહેવારની વૃત્તિને આળપંપાળ સમાન છે. જીવન પ્રત્યે આપણને લેશમાત્ર આદર હોય તો આપણે આપણી જાત સાથે ફરેબી ન બનીએ, કારણ કે જગત સાથે ફરેબી બનવાની આદત એમાંથી જ આકાર લેતી હોય છે ! તેજસ્વી માનવીને દુઃખ પોતાની શક્તિની મર્યાદાનું હોય છે પોતાનામાં જે શક્તિ છે; તેની લોકોને કદર નથી એ વાતનો રંજ એને નથી હોતો ! કોન્ફ્યુશિયસની આ વાણી કાને ન ધરે એને શાણો કોણ કહે ?

*ઘણી વાર તો આપણે વિચાર કરવાનું કષ્ટ વેઠ્યા વિના જ અભિપ્રાયો ધરાવવાની સાહ્યબી ભોગવીએ છીએ.*

**- જ્હોન કેનેડી**

## ૧૦

## સૌથી મોટી પદવી

**ઉત્કૃષ્ટતા માટેનો આગ્રહ એ આત્મશિક્ષણની યુનિવર્સિટીએ પ્રદાન કરેલી સૌથી મોટી પદવી છે !**

એક છોકરો ગઈ રાતની ઘટના વર્ણવતાં પોતાના પિતાને કહે છે : ‘આપણા મહોલ્લામાં ગઈ રાતે મેં કૂતરાની એક ફોજ જોઈ ! મને ખાતરી છે કે ૫૦૦ કૂતરાં મેં જોયાં !’

પિતાએ કહ્યું : ‘ના ! ના ! તેટલાં તો નહીં જ હોય !’

‘પણ સોથી ઓછાં તો નહીં જ હોય !’ છોકરાનો જવાબ.

‘પણ આપણા ગામમાં સો કૂતરાં હોય એમ માનવા હું તૈયાર જ નથી !’

‘ભલે.... તો પછી દસેક તો હશે જ !’ છોકરાનો ઉત્તર.

‘તેં દસેક કૂતરાં જોયાં હશે એની પણ મને ખાતરી નથી, કારણ કે હાલ તું દસની સંખ્યા બોલે છે, તેટલા જ વિશ્વાસથી તું ૫૦૦ કૂતરાં જોયાનું કહેતો હતો. બે વાર તેં તારું બોલેલું ફેરવી નાખ્યું છે... હવે હું... તારી વાત માનીશ નહીં.’

- પિતાએ અકળાઈને કહ્યું.

'સારું.... સારું.... ત્યારે મેં તમારો ડેશ કૂતરો અને એની સાથે બીજા એક કૂતરાને તો ચોક્કસ જોયા હશે !'

'આગળ ધસો'ની આ વાર્તાના 'રજનું ગજ' કરતા છોકરા વિષે આપણા મનમાં એક પ્રકારનો ક્રોધ જન્મે છે. એની અતિશયોક્તિ આપણને અકળાવી મૂકે છે, પણ શું આપણું દૈનિક જીવન આપણને આવા અવગુણમાંથી મુક્ત રાખી શકે છે ખરું ? આડેધડ કરવામાં આવતાં વિધાનો, બિનપાયેદાર વાતો, જાતમાહિતી મેળવ્યા વગરના આંકડાઓ, કોઈકના ચારિત્ર્ય વિષે 'ક્યાંક' સાંભળવા મળેલી અફવાનો 'સત્ય ઘટના' તરીકે આપણા દ્વારા ટેસથી કરવામાં આવતો પ્રચાર, ફરજના ભાગ તરીકે આપણા હસ્તકની જવાબદારીઓ વિશે ઉપરી અધિકારીને આપવામાં આવતો અધકચરો અહેવાલ, 'આવી ટાઢ, તાપ કે વરસાદ અગાઉ ક્યારેય નહોતાં જોયાં' એવો આપણા તરફથી અવૈજ્ઞાનિક ઢબે નિરાંતે જાહેર કરવામાં આવતો વરતારો એ વાતની શાખ પૂરે છે કે માણસને ચોકસાઈ કર્યા વગર વિધાનો કરવાની આદત છે. આપણે આપણી મોટા ભાગની શક્તિ જૂઠું બોલવામાં, છાવરવામાં ને જૂઠાને સાચું ઠેરવવાના ધમપછાડામાં વેડફી નાખીએ છીએ. ભણતરને આપણે ચોક્સાઈના સૂત્રધાર અને સત્યના સંતરી બનવામાં પ્રયુક્ત કરવાને બદલે સ્વાર્થના સોદાગર અને બહાનાખોરીના બાદશાહ બનવામાં જ ઉપયોગમાં લેતા હોઈએ છીએ. પરિણામે આપણું સામાજિક કે રાજકીય જીવન જૂઠની તાલીમશાળા બની જાય છે. ઉપરચોટિયું જ્ઞાન, ઉપરચોટિયા પ્રયત્નો અને ઉપરચોટિયા ખંત એ આપણને શરમનો નહીં પણ 'ખોટાં વૈતરાં'થી બચવાનો અનુકરણીય માર્ગ દેખાય છે. આપણે એટલેથી અટકતા નથી, એ માર્ગે ચાલનારા આપણે એકલા જ ન રહીએ અને આપણી એવી જમાતનો કાફલો વધતો જાય એ માટે સત્યનિષ્ઠા, ચોક્સાઈ અને ખંતપૂર્વક કામ

કરનારાઓને 'એની કદર કોઈ નથી કરવાનું'ની 'સુફિયાણી' સલાહ સતત આપતા રહીએ છીએ ! જૂઠું બોલવાના રસ્તાઓનો નકશો માણસ જાતે બનાવી લેતો હોય છે અને સત્યના માર્ગે વિહરવાની વૃત્તિ પર જાતે જ કર્ફ્યુ સંચારબંધી લાદતો હોય છે !

'કળિયુગના વાસ' વિશેની એક પુરાણી વાર્તા. એક રાજા એક બળદ અને એક ગાયને મારતો હતો. પરીક્ષિત રાજાએ આ જોયું. એટલે તેણે પેલા રાજાનો સામનો કર્યો. પેલો રાજા ભયભીત બનીને પરીક્ષિતને શરણે આવ્યો અને કહ્યું : 'રાજન, મને જવા દો. હું કલિ છું !'

પરીક્ષિતે બળદને પૂછ્યું : 'અને તમે કોણ છો ? તમને આ કલિ શા માટે પરેશાન કરે છે ?'

બળદે કહ્યું : 'હે મહારાજ, હું ધર્મ છું. પરંતુ કાળબળને લીધે હું આટલો ક્ષીણ અને નિર્બળ બની ગયો છું !'

પછી પરીક્ષિતે ગાયને પૂછ્યું : 'મૈયા, તમારો પરિચય ?'

ગાયે કહ્યું : 'હે સમ્રાટ, હું પૃથ્વી છું. હું વૃદ્ધ થઈ ગઈ છું. દૂબળી પડી ગઈ છું એટલે આ કલિ મને પીડી રહ્યો છે !'

પરીક્ષિત રાજા આ બધું સાંભળી વિમાસણમાં પડી ગયો. કલિ જેવા બળવાનને શી શિક્ષા કરવી ? છેવટે પરીક્ષિતે કલિને કહ્યું : 'કલિ, તને અભયદાન આપું છું. પણ એક શરત, હવે પછી તારે મારા રાજ્યમાં રહેવાનું નહીં !'

કલિએ કાકલૂદી કરતાં કહ્યું, 'મહારાજ ! આપના રાજ્યમાં અસંખ્ય જીવો વસે છે. મને થોડીક જગા આપો, હું મારો ગુજારો કરી લઈશ !'

'ભલે, રહેવાની જગા માગો.' પરીક્ષિતે કહ્યું.

'ના મહારાજ, એમ નહીં, આપને ઠીક લાગે ત્યાં રહેવાની મને જગા કરી આપો.' કલિએ વિનંતી કરી.

પરીક્ષિતે કહ્યું : 'જ્યાં જુગાર રમાતો હોય ત્યાં તમારે રહેવું.'

કલિએ કહ્યું : 'બસ ! એટલું જ ?'

'તો પછી જ્યાં દારૂ વગેરે કેફી વસ્તુનું ચલણ હોય ત્યાં રહેવું.' પરીક્ષિતે વધારો સૂચવ્યો.

કલિએ ફરીથી કહ્યું : 'રાજન ! આપ જાણો છો કે હું કલિ છું.... મારો પરિવાર ખૂબ મોટો છે. બીજે ક્યાંક રહેવાની વ્યવસ્થાની હજી જરૂર છે !'

કલિની વાત સાંભળી પરીક્ષિતે છૂટછાટમાં વધારો કર્યો. 'બસ ! હવે આ છેલ્લી વાત. જ્યાં અનીતિથી ધન ભેગું થતું હોય ત્યાં તમારો વાસ થજો !'

અને કલિ ત્યારે માની ગયો હતો ! પરીક્ષિત જેવા પવિત્ર સમ્રાટને જોઈને જ કદાચ એણે 'રાજકારણ'માં પોતાનો નિવાસ નહીં માગ્યો હોય અથવા સરસ્વતીની પવિત્રતા લક્ષમાં લઈને એણે બુદ્ધિજીવીઓની 'બુદ્ધિ'માં રહેવાનો અધિકાર તે વખતે જતો કર્યો હશે ! અને પાછળથી પરીક્ષિતને બાનમાં લઈને એ બંને ક્ષેત્રોમાં પણ પોતાના વસવાટનો પરવાનો કલિએ મેળવી લીધો હશે !

એક શિક્ષિત માણસ જ્યારે શિક્ષણ, રાજકારણ, અર્થકારણ કે ધર્મમાં પ્રવેશે ત્યારે એની પાસેથી પવિત્રતા, ખંત, સત્યનિષ્ઠા અને ચોકસાઈની ખાતરી રાખવામાં આવે છે ! ગાડીમાં ટિકિટચેકરનું અસ્તિત્વ એ વાતનો પુરાવો છે કે, માણસ ચેકિંગ કરવું પડે તેવું પ્રાણી છે ! એટલે જ કોઈકે ટીકા કરી છે કે જનસમાજ એક જૂઠું બોલનાર સંસ્થા છે. સામાને ખોટું ન લાગે તેટલા માટે જ માત્ર સારી રીતે વાતો કહેવી, સાચું બોલવાને બદલે મૂંગા રહેવું, દ્વિઅર્થી બોલવું, અમુક બોલવાથી દૂર રહેવું, બોલવામાં દાવપેચ રમવા, સાચા કરતાં જે જરૂરનું હોય તે બોલવું, સાચું બોલતાં સંકોચ રાખવો, બીજાના અભિપ્રાયો સાથે મળતા

હોવાનો દેખાવ કરવો, આંખના મીંચકારાથી, માથું હલાવીને, સ્મિત અગર કોઈ ચેષ્ટાથી છેતરવું, તમે જાણતા ન હો, જે ધારતા ન હો અગર જેની તમને લાગણી ન હોય તેનો દેખાવ કરવો - આ સઘળાં ચોક્સાઈની ખામીથી ઉત્પન્ન થતાં પોકળપણાં અને જૂઠાણાંનાં જુદાં જુદાં દર્શન માત્ર છે.

આપણા ભાગે જે કાંઈ કરવાની જવાબદારી આવે તે ઉત્તમ સારસંભાળ, બળ અને શુભનિષ્ઠા તથા સમર્પણભાવથી કરવું એ પણ આપણા ચારિત્ર્યનો એક ભાગ જ છે !

અમેરિકાનો એક સ્વમાની અને કર્મનિષ્ઠ મજૂર પોતાના નોકરીદાતા શેઠ સામે જઈને ઊભો રહ્યો, ત્યારે શેઠે કહ્યું : 'જુઓ, આ તમારા વિભાગનો સુપરવાઈઝર છે... તમે બરાબર રીતે કામ કરો છો કે નહીં તેનું સતત નિરીક્ષણ કરશે... આજથી તમારે એના હાથ નીચે કામ કરવાનું છે... જાઓ.... કામ શરૂ કરો !'

મજૂરે કહ્યું : 'માફ કરજો ! મારાથી આપને ત્યાં નોકરી નહીં થાય ! હું મારો સુપરવાઈઝર સાથે લઈને આવ્યો છું ! અને બે સુપરવાઈઝર મને ખપતા નથી !'

'ક્યાં છે તમારો સુપરવાઈઝર !' શેઠે આજુબાજુ નજર કરતાં કહ્યું.

'એ છે મારો આત્મા, જે મને હરામખોરીથી સદાય દૂર રાખે છે ! અને સુપરવાઈઝર સલામત હશે, ત્યાં સુધી બીજા કોઈની આણમાં મારે રહેવું નહીં પડે !' મજૂરે કહ્યું.

ક્ષુદ્રતાથી કરાતી કદમબોસી જ માણસનું હીરખમીર છીનવી લે છે ! જો એમ જ ન હોત તો માણસ વેચાણ અને ખપત તથા ધંધાના વિકાસ માટે છેતરામણી વિજ્ઞાપનાનો આશરો ન લેત !

આપણું મન એ ગંદકીઓને આળોટવાનો બિસ્તરો નથી, એ વાત

આપણે સતત ભૂલી જતા હોઈએ છીએ. આપણા મનને શિથિલ કરી નાખતી ટેવો, તાત્કાલિક પરિણામથી બચવાની આપણી રક્ષણાત્મક બહાનાખોરી અને આત્મશ્રદ્ધાનો અભાવ આપણને ચોકસાઈ, સચ્ચાઈ અને ભલાઈથી સેંકડો જોજન દૂર રાખે છે. તાજું ગુલાબ મેળવવા માટે વેઠવું પડતું કષ્ટ આપણને ગમતું નથી, એટલે જ આપણે રેડીમેઈડ 'અત્તર' તરફ સતૃષ્ણ નજરે જોતા હોઈએ છીએ ! આપણી જાતને આપણા 'તાપ'થી દૂર રાખીએ છીએ, એટલે જ 'સંતાપ'માંથી આપણે છૂટી શકતા નથી ! એટલે જ બાઇબલમાં કહેવામાં આવ્યું છે કે, મુશ્કેલીઓને જે જીતે છે, તેને હું મારા તખ્ત ઉપર બેસવા માટે જગા કરી આપું છું. ઉત્કૃષ્ટતાનો આગ્રહ એ આત્મશિક્ષણની યુનિવર્સિટીએ પ્રદાન કરેલી સૌથી મોટી પદવી છે ! એ પદવી વગરનો ગમે તેવી મોટી ડિગ્રી કે હોદ્દો ધરાવતો માણસ પણ જીવનદેવતાની નજરે તો સાવ ઠોઠ જ ઠરે છે !

*મનને ખુશ રાખવું એ એક વાત છે અને ખરેખર ખુશ હોવું એ બીજી વાત છે.*

**- ગૌતમ બુદ્ધ**

# ૧૧

## દિવસ સાથેની ઠગાઈ

**દિવસ આપણને 'ઠગતો' જ નથી,
આપણે જ દિવસ સાથે 'ઠગાઈ'
કરીએ છીએ !**

જીવન પ્રત્યે તમને માન છે ? તો તમે એક કામ કરો. તમે જીવનને ચાહતાં શીખો. જીવનને ચાહવાની દૃષ્ટિ તમારામાં વિકસશે એટલે જીવનને કે કોઈ પણ ચીજવસ્તુને વેડફવાનો વિચાર સુધ્ધાં તમારા મનમાં નહીં આવે !

એક માણસ બેફામ રીતે પોતાની કાર હંકારે જતો હતો. એકાએક એણે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો. એક વૃદ્ધ સ્ત્રી માટલાં વેચવા બેઠી હતી. બેકાબૂ બનેલી કારે માટલાંનો ભુક્કો બોલાવી નાખ્યો. પેલી ડોસીએ રોકકળ કરી મૂકી. એટલે કાર હંકારનાર અમીરે નીચે આવીને કહ્યું, 'ડોશી, આમ રાડારાડ શું કામ કરે છે ? એક માટલાની કિંમત ચાર રૂપિયાને હિસાબે ફૂટેલાં ૧૦ માટલાંની કિંમત ચાળીસ રૂપિયા થાય....! રડવાનું બંધ કર..... લે, ચાળીસને બદલે પચાસ રૂપિયા !'

અને પેલો માણસ પચાસની નોટ ફેંકીને ચાલતો થયો. પણ એ વૃદ્ધાએ નોટ તરફ નજર પણ ન કરી. શ્રમનું અપમાન કરે એવા પથ્થરદિલ પાસે સહાનુભૂતિની અપેક્ષા ક્યાંથી રખાય ? એ માજીને

માટલાં ફૂટ્યાં કરતાં મહેનત એળે ગયાનું દુ:ખ વિશેષ હતું. માટલું ફૂટે તો નવું લવાય, પણ પેલા અમીરે શ્રમને સન્માનની દૃષ્ટિએ જોતી વૃદ્ધાના મનને ઘાયલ કર્યું હતું.

જિંદગીને આપણે કેવળ રૂપિયા–પૈસાના સરવાળા-બાદબાકીની નજરે જોવી છે ? જિંદગીને માત્ર પદ–પ્રતિષ્ઠા કે સત્તાને ત્રાજવે તોળવી છે ? જિંદગીને વર્ષો–દિવસો અને ક્ષણોમાં માપવી છે ? જિંદગીને ક્ષુલ્લક, પણ માણસના અહંકારે મોટી અને મહત્ત્વની ગણી લીધેલી બાબતોના સંકીર્ણ કૂંડાળામાં ગોંધી રાખવી છે ?

હકીકત તો એ છે કે સમૃદ્ધિ, સંપત્તિ અને સુખના સ્વામી બનવા જન્મેલા આપણે જીવનનું કેન્દ્ર ક્યાં છે, એ નહીં પિછાણવાને કારણે કસ્તૂરીમૃગની જેમ ખુશબોની તલાશીમાં ભટક્યા જ કરીએ છીએ. પરિણામે આપણા હાથમાં બધું જ આવે છે, પણ 'જીવન' નથી આવતું ! પરિણામે આપણે સમ્રાટોના મહાસમ્રાટ, અમીરોનાય મહાઅમીર અને સત્તાધીશોનાય મહાસત્તાધીશ હોવા છતાંય જીવન સામે અકિંચન બનીને ઊભા રહીએ છીએ ! દાતા હોવાની ક્ષમતા છતાં ભિખારી બનવાની જેને આદત પડી હોય એને કોણ બચાવી શકે ? માજીનાં માટલાં ફોડનાર પેલા ઘમંડી અમીર જેવા માણસોની આ દુનિયામાં ખોટ નથી ! એવા માણસોની સાન ઠેકાણે લાવવા માટે એમની સાથે લડવાને બદલે આપણે આપણા ચારિત્ર્યની તાકાતનો પરચો તેમને કરાવવાની જરૂર છે !

કોઈ એક તવંગર નબીરાએ દક્ષિણ ભારતના વણકર જુલાહા - સંત મહાત્મા તિરુવલ્લુવરનાં વખાણ સાંભળ્યાં એટલે એને મન થયું સંતની સહિષ્ણુતાની કસોટી કરવાનું, સંત તિરુવલ્લુવર માત્ર બે સાડીઓ લઈને પેટિયું રળવા બેઠા હતા. ગ્રાહક તરીકે પેલો અમીરપુત્ર તિરુવલ્લુવર

સામે જઈને ઊભો રહ્યો અને રુઆબથી કહ્યું, 'મારે એક સાડી ખરીદવી છે... ભાવ બોલો !'

'બે રૂપિયા, ભાઈ !' તિરુવલ્લુવરે પ્રેમથી જવાબ આપ્યો.

પેલા છોકરાએ સાડીના વચ્ચેથી બે ટુકડા કરી નાખતાં કહ્યું : 'મારે આખી નહીં, આટલી અડધી સાડી જોઈએ છે !'

'તો અડધા રૂપિયા એટલે કે એક રૂપિયો આપો !'

'પણ મારે તો આ સાડીનું ચોથિયું જ જોઈએ છે !'

'તો ચોથા ભાગની કિંમત મુજબ આઠ આના આપો.' તિરુવલ્લુવરે નમ્રતાથી કહ્યું.

એમની નમ્રતા જોઈ પેલો અમીરપુત્ર ઉશ્કેરાયો. એણે સાડીના ટુકડે-ટુકડા કરી ચીંથરાં જમીન્ર પર ફેંકવાનું ચાલુ રાખ્યું. સંત તિરુવલ્લુવર ક્રમશઃ કિંમત ઘટાડતા જ ગયા.

અંતે પેલા અમીરપુત્રે કહ્યું, 'આ સાડીના ટુકડા લઈ જઈને હું શું કરું !'

'તોય વાંધો નહીં....' સંતે જવાબ આપ્યો.

'એના કરતાં આ સાડીની પૂરી કિંમત બે રૂપિયા લઈ લો.'

'બે રૂપિયાના બદલામાં મારે તને આ સાડીના ટુકડા આપવા પડે. એના કરતાં હું એ ટુકડાને સાંધીને એમાંથી થોડીક આવક ઊભી કરીશ.... મારે મફતના રૂપિયા નથી જોઈતા' સંતે તેને સમજાવવાની કોશિશ કરી.

'જવા દો ને હવે મફત ને બફતની વાત ! મારા ઘરમાં રૂપિયા પેઢીની પેઢીઓ ખાય તોય ખૂટે નહીં એટલા છે ! પણ સાડી મેં ફાડી નાખી, એટલે નુક્સાનની રકમ ચૂકવી આપવાની મારી ફરજ છે !'

'તો ભાઈ, એમ કહેને કે તારે નુકસાની ભરપાઈ કરી આપવી છે... પણ એક વાત તને પૂછું ? સાડીના બે રૂપિયા ચૂકવી આપવાથી નુકસાન ભરપાઈ કેવી રીતે થવાનું ? જો સાંભળ :

- ખેડૂતે મહામહેનતે કપાસની ખેતી કરી કાલું તૈયાર કર્યું.

- મારી ઘરવાળીએ રૂ કાંતીને સૂતર તૈયાર કર્યું.

- મેં સૂતરને વણી-રંગીને સાડી બનાવી ? શું કામ ? કોઈક એને પહેરીને હરખાય એટલા માટે, પણ તેં સાડી ફાડી નાખી એટલે અમે બધાંએ કરેલો શ્રમ તેં નકામો બનાવી દીધો.....!'

'ક્ષમા કરો સંત ! મેં સાડી બગાડી એનું મને દુ:ખ છે !' એ યુવાનનો હૃદયપલટો થયો.

'ભાઈ ! સાડી બગડે તો બીજી બનાવી શકાય.... પણ બગડેલી જિંદગીનું શું ?..... માનવજીવન થોડું વારંવાર મળે છે ?'

તિરુવલ્લુવરે એ અમીરપુત્રના માથે પોતાનો અમી વરસાવતો હાથ મૂકતાં કહ્યું :

'કબીર જેવા સંતો આત્મવિશ્વાસ અને નિર્મળ જીવનયાત્રાના આગ્રહને બળે કહી શકે કે જીવનની ચાદરને ડાઘ લગાડ્યા સિવાય પરમાત્માને ચરણે યથાવત્ નિષ્કલંકરૂપે પોતે ધરી દેશે !'

ભલે દરેક માણસ સંતત્વની શ્રેણીમાં ન બેસી શકે, પણ પોતાના જીવનને ઉદાત્ત, કર્તવ્યરત, ક્ષમાશીલ અને સેવાની સુગંધવાળું તો બનાવી જ શકે.

મૂળ વાત છે જીવન જીવવાની દૃષ્ટિ ઉછીની નથી મળતી. માણસે જાતે જ કેળવવી પડે છે. સંત-મહાત્મા પ્રેરણા આપી શકે, પણ હવે તો સંત-મહાત્મા કોને કહેવા એય નક્કી કરવાનું મુશ્કેલ બનતું જાય છે !

પણ જે વાત આપણા હાથની જ છે, એ કરતાં-અપનાવતાં આપણને કોણ રોકે છે ?

રોજબરોજનું આપણું જીવન કેમ ક્લેશમય બને છે એનો આપણે ગંભીરતાથી વિચાર કરી શકીએ છીએ ખરા ? આપણે અન્યના અભિપ્રાયનો આદર કરવા જેટલું ઔદાર્ય દાખવી શકીએ છીએ ખરા ? મંદિર કે તીર્થસ્થાનમાં મનની શાન્તિ શોધવા ભટકીએ છીએ, પણ ઘરને જ 'મંદિર' બનાવવાનો સંકલ્પ આપણા મનમાં કેમ સ્ફુરતો નથી ? કુદરતી આપત્તિ, પડકાર કે માનવતાનો કોઈ સાદ કરે ત્યારે આપણી કરુણાનો ઝરો એકાએક વહેવા લાગે છે. દાનવૃત્તિ સક્રિય બની જાય છે. તેને બદલે આપણું દૈનિક જીવન કરુણાબિંદુથી કેમ ભાવભીનું બની શકતું નથી ?

માનવસેવા કરતાં દુ:ખી પીડિતને મદદરૂપ થવા માટે આપણે નીકળી પડીએ છીએ ત્યારે આપણી નજીકમાં રહેતા લોકો—આપણાં સ્વજનો—સ્નેહીઓ—ને ઠારવાની સહજવૃત્તિ આપણામાં કેમ ઉદ્‌ભવતી નથી ? શું આપણે 'સેવા'ને પ્રદર્શનનો અને 'પ્રેમ'ને 'નાટક'નો વિષય બનાવીને જ સંતોષ લેવો છે ?

ભૂખે મરતી ગાયને કે કોઢગ્રસ્ત રોગીને તમારી હમદર્દીની જેટલી જરૂર છે તેટલી જ હમદર્દીની જરૂર તમારા અલ્પવેતન નોકર, માળી કે કામવાળીને પણ છે. હૉસ્પિટલમાં દર્દીઓના ખબરઅંતર પૂછી તમે સેવા કે માનવતાનું કાર્ય કર્યાનો પરિતોષ અનુભવવા માગતા હો તો એની શરૂઆત તમારે તમારા ઘરથી કરવી પડશે.... તમારી વૃદ્ધ, અશક્ત માતા કે દાદીમાને તમે બગીચાને બાંકડે બેસાડી એમની કપાયેલી જિંદગીને માનવમહેરામણની ઊર્મિઓનો આસ્વાદ લેવાની અનુકૂળતા કરી આપો તો એ સેવાનું મૂલ્ય કોઈ સંઘ, સંગઠન કે મંડળીના સભ્ય તરીકે તમે કરેલાં સેવાકાર્ય કરતાં જરાય ઓછું નહીં ઠરે !

પરમાત્માને ચોપડે પુણ્ય નોંધાવવાને બદલે માણસના અંતઃકરણને જ તમારાં સત્યકૃત્યોનો હિસાબનીશ બનાવો ! કરવું જ હોય તો શ્રદ્ધા ને ભરોસાનું દાન કરો. વહેંચવું જ હોય તો કરુણાથી ઉત્તમ વસ્તુ આ પૃથ્વી પર નથી ! પામવું હોય તો માણસના જીવનને ઉજાળીને પરિતોષ અનુભવવાથી અદકેરી કોઈ પ્રાપ્તિ નથી ! પણ ક્ષુલ્લક વૃત્તિઓનો બંદીવાન માણસ ! એનો ખેલ તો જુઓ..... ભજવા જેવી વસ્તુને 'ત્યજે' છે ને 'ત્યજવા' જેવી વસ્તુને 'ભજે' છે ! સત્ત્વશીલ ન હોય એવું જીવન શા કામનું ? હળવાશ ન અનુભવાય એવી સહયાત્રા શા ખપની ? બોજ લાગે એવો અભિશપ્ત દિવસ શા ખપનો ?

આજે દરેક માણસની શિકાયત છે કે એક પણ ક્ષેત્ર એવું નથી, જે બદબોથી ભરેલું ન હોય ! પણ આવું વિધાન કરીને આપણે આપણે જ સર્જેલી જીવનવ્યવસ્થાનું અપમાન નથી કરતાં ? બદબો છે, કારણ કે બદબો પેદા કરનાર છે; બદબો છે, કારણ કે બદબોને છાવરનાર છે; બદબો છે, કારણ કે બદબોને ટકાવનાર છે; બદબો છે, કારણ કે માણસનું 'નાક' પોતાનો વિવેક ભૂલી ગયું છે ! બદબોને જ 'સુગંધ' માનનાર સમજણહીનને બદબો ન ખટકે તો એમાં સુગંધનો શો વાંક ?

બસરી નામના મહાત્માને એમના એક અનુયાયીએ પૂછ્યું : 'પ્રભુ ! મારી દુર્દશાનું કારણ શું ?'

સંત બસરીએ કહ્યું : 'હૃદયનું મૃત્યુ.'

'હૃદયનું મૃત્યુ ?..... હૃદયનું મૃત્યુ કેવી રીતે થાય ?' અનુયાયીએ સ્પષ્ટીકરણ માગ્યું.

'સંસારમાં વધુ પડતી આસક્તિ એ હૃદયનું મૃત્યુ છે, ભાઈ ! તારી જ નહીં, જગતની પણ દુર્દશા હૃદયના મૃત્યુને કારણે જ થઈ છે !'

આપણે 'કોરા' કર્મચારી બનીએ છીએ. 'કોરા' ડૉક્ટર, વકીલ,

ઈજનેર કે અધ્યાપક બનીએ છીએ, પણ 'ભાવભીના' બનવાનું ભૂલી જઈએ છીએ. પરિણામે આપણે આપણું 'કર્મ' સમાજદેવતા, જીવનદેવતા, રાષ્ટ્રદેવતા, વિશ્વદેવતાને 'અર્ધ્ય' બની શકતું નથી ! 'રોજગારી'ને તમે રોજ 'ગાળ' ન ખાવાનું ગૌરવ બક્ષી શકો છો ખરા ? પરિતાપને તમે આખા દિવસમાં પળવારેય પ્રસન્નતાથી છલકાવી શકો છો ખરા ? સ્વજનોને તમે તમારો સુજન્ત્વનો અહેસાસ કરાવી શકો છો ખરા ? તમારી મૈત્રી મિત્રની 'ત્રાતા' બની શકે છે ખરી ? તમે કોઈની નજરમાં પૂરેપૂરા વિશ્વાસપાત્ર ઠરી શકો છો ખરા ?....

એમ ન હોય તો તમારે માટે ઉજ્જ્વળના પેગામ લઈને આવતા પ્રત્યેક દિવસ સાથે તમે પ્રવંચના કરો છો ! 'આજનો દિવસ બગડ્યો' કહેનારા આપણે દિવસ સાથે કેવો ભૂંડો વર્તાવ કરીએ છીએ ! દિવસ 'ઠગારો' હોતો જ નથી, આપણે જ દિવસ સાથે ઠગાઈ કરીએ છીએ !

'પરમ સમીપે'ની પેલી પ્રાર્થનાની જેમ આપણા જીવનની પણ એ જ આરજૂ અને વંદના હોઈ શકે.

પરમાત્મા ! અમને દૃષ્ટિ આપો કે અમે સહેલા અને અઘરા વચ્ચે ભેદ પારખી શકીએ !

અમને શક્તિ આપો કે અમે અઘરી વાટે ચાલી શકીએ !

હે પરમ પ્રભુ !

અમારા વિચારોને એટલા ઉદાર બનાવો કે બીજા માણસનું દૃષ્ટિબિંદુ અમે સમજી શકીએ. અમારી લાગણીઓને એટલી મુક્ત કરો કે બીજાઓ પ્રત્યે અમે તેને વહાવી શકીએ.

અમારા મનને એટલું સંવેદનશીલ કરો કે બીજાઓ ક્યાં ઘવાયા છે તે અમે જોઈ શકીએ. અમારા હૃદયને એટલું ખુલ્લું કરો કે બીજાઓનો પ્રેમ અમે ઝીલી શકીએ. અમારા ચિત્તને એટલું વિશાળ કરો કે પોતાના

ને પારકાના ભેદથી ઉપર ઊઠી શકીએ. સ્વધર્મનું વિસ્મરણ ન થાય, એ જાગૃત મનથી જોતાં રહેવું એય આખરે તો ઈશ્વરોપાસના છે ! કર્મમાં આસક્તિનું વિષ ઉમેરતાં તો આપણે શીખી લીધું છે, પણ કર્મમાં ભક્તિનું અમી ઉમેરવાનું આપણને હજી આવડ્યું નથી ! કારણ કે 'અજ્ઞાન' આપણને કોઠે પડી ગયું છે ! માણસ 'રોગ' અને 'ત્યાગ' વચ્ચે અટવાયેલો રહે તો એના હાથમાં 'રાખ' સિવાય બીજું આવે પણ શું ?

*જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી, જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ.*

**- ક. મા. મુનશી**

# ૧૨ અહંપ્રેમ : આજના જીવનનું કેન્સર

**અહંપ્રેમી માણસ એટલે અંદરથી અશાન્ત માણસ. અંદરથી અશાન્ત માણસ પોતાના અને અન્યના જીવનમાં ઉપાધિઓ - આંધીઓ સર્જતો હોય છે !**

ઍરપૉર્ટ પર ઊભેલા બે માણસોને એક ત્રીજો માણસ મળે છે. પેલા બે પૈકી એક તો તેનો પરિચિત છે. પણ બીજાને તે ઓળખતો નથી. એટલે વિનયપૂર્વક પૂછે છે : 'શ્રીમાન, આપનો પરિચય ?'

પ્રશ્નોના જવાબ આપવાને બદલે એ મગરૂબીવાળો અમીર વાયુયાત્રી પોતાની સાથેના માણસને કહે છે : 'ઈન કો બતાઓ કિ હમ કૌન હૈં !'

અને એ અમીરને ખુશ કરવા પેલો બીજા માણસને કહે છે : 'અરે ! તમે કેવા માણસ છો ! આમને ન ઓળખ્યા ?..... ભલા માણસ ! કઈ દુનિયામાં જીવો છો ? આટલી મોટી હસ્તીનું નામ તમે નથી જાણતા ?.... આ ગ્રેટમૅનનું નામ છે.... !'

'..... અરે..... એમનો પરિચય ફરી ક્યારેક.... મારે અગત્યના કામે જવાનો સમય થઈ ગયો છે....' કહેતો પેલો ત્રીજો માણસ એ 'હસ્તીનું નામ' જાણ્યા વગર જ વિદાય થઈ ગયો !

કદાચ પેલો અમીર વાયુયાત્રી મોટપનું રહસ્ય પિછાણતો હોત તો અહંનો અંચળો ત્યજીને વિલિયમ હેનરીએ લખ્યું છે તેમ તેને પોતાના

જીવનનો આદર્શ ગણતો હોત : થોડી વસ્તુથી સંતુષ્ટ રહેવું, વૈભવને બદલે સુંદરતા અને ફેશનને બદલે સુઘડતા પ્રગટ કરવી, સન્માનનીય થવા કરતાં - સન્માનને ઝંખવાને બદલે માનને યોગ્ય અને પાત્ર બનવું, સંપતવાન નહીં પણ સમૃદ્ધ બનવું, સખત પરિશ્રમ કરવો, શાન્તચિત્તે વિચાર કરવો, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું, તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુઓનાં હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવાં, બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કરવું, અવસરની રાહ જોવી, ઉતાવળ કરવી નહીં, ટૂંકમાં સામાન્યતામાં વણકથી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રગટવા દેવી આ મારી જીવનભાવના છે !

પરંતુ અહંવાદીને મન જીવનની આવી ઉદાત્ત ભાવના અને ઉચ્ચ આદર્શોનું મૂલ્ય હોતું નથી, કારણ કે એનું મન અને હૃદય જીવનના કેન્દ્રમાં હોતું નથી ! અહંનો નશો માણસ પાસેથી વિવેક છીનવી લે છે, વિનય હરી લે છે અને નમ્રતાને નામશેષ બનાવી દે છે !

મહાનતા એ હાટડીએ વેચાનારી ચીજ નથી. અને ખુશામતખોરો જૂઠી હરાજી કરીને એને વેચી શકતા નથી ! કારણ કે મહાનતાની વેલને રક્તથી સીંચીને ઉછેરવી પડે છે ! જીવનનો કોઈક મહત્ત્વનો ટુકડો કાપી આપવા તૈયાર થાય એને જ જગત મહાન લોકોની પંક્તિમાં બેસાડતું હોય છે !

અહંપ્રેમ એ આજપર્યંત ટકી રહેલો અસાધ્ય રોગ છે. યુગોયુગોથી સંતો - મહંતો - વિભૂતિઓ આ વ્યાધિના વૈદ્ય બનીને એને મનવટો દેવાની કોશિશ કરતા રહ્યા છે, પરંતુ આ લાઈલાજ રોગનો રામબાણ ઈલાજ જડતો નથી ! જ્ઞાની હોય કે અજ્ઞાની, રાય હોય કે રંક, અહંપ્રેમથી અલિપ્ત રહેવાનો વિવેક એ સાચવી શકતો નથી ! કાકાસાહેબ આ અહંપ્રેમને સ્વાર્થ કરતાં પણ વધુ ખતરનાક માને છે ! અહંપ્રેમ અહંકાર કરતાં નીચ છે અને દંભ તો એના પેટમાં રહેલો છે.

અહંપ્રેમ મનુષ્યનો પરમમિત્ર હોવાનો ડોળ કરી એને સતત દગો જ દે છે. અને માણસ પણ એને વેરી તરીકે ઓળખવા છતાં પરમમિત્ર તરીકે અહંપ્રેમને સંઘરે છે અને માણસની વિભૂતિ એની સાથે સતી થાય છે.

જેમ જેમ માણસ સુસંસ્કૃત કે વિદ્યાપ્રેમી બને, તેમતેમ એના અહંપ્રેમમાં ઓટ આવવી જોઈએ, પણ પરિસ્થિતિ આજે એનાથી ઊંધી છે. આજનાં વિદ્યાલયો, મહાવિદ્યાલયો અહંપ્રેમીઓના અડ્ડા બન્યા છે ! એવા અહંપ્રેમીઓની વિદ્યા 'દાનાય' નહીં પણ 'અભિમાનાય' હોય છે ! જેમ જેમ અહંપ્રેમ વધતો ગયો, તેમતેમ 'ગુરુ'નું 'ગુરુત્વ' ઘટતું ગયું અને 'માહિતીપ્રાપ્ત' વ્યક્તિનું છીછરાપણું વકરતું ગયું. જ્ઞાન વ્યક્તિને નમ્ર બનાવે છે, જ્ઞાનાભાસ વ્યક્તિને બહેકાવે છે ! એટલે જ આજે કરુણામૂર્તિ, વાત્સલ્ય નીતરતા, આકંઠ વિદ્યાસાધનારત, શિષ્યપ્રેમી ગુરુઓની વસ્તીગણતરી કરવાનું કામ સાસણગીરમાં સિંહની વસ્તીગણતરી કરવા જેટલું દુષ્કર બની ગયું છે ! 'ગુરુપૂર્ણિમા' એ 'ગુરુ અમાવાસ્યા' તરફ ગતિ કરતી હોય ત્યારે કયા જ્ઞાનભૂખ્યાના હૈયામાં વેદના ન જન્મે ? અહંકામી શિક્ષક કે અધ્યાપક વિદ્યાર્થીઓની વિકૃતિઓના નિમંત્રકો છે.

સમાજ જેમને 'વી. આઈ. પી.' ગણે છે એવા રાજકારણના આગેવાનો, સત્તાધીશો અને સમાજના રાહબર બની શકે એવા સાહિત્યસેવકો પણ, કાકાસાહેબે ટકોર કરી છે તેમ, 'સેલ્ફ લવ'ને વધારે ને વધારે માન્યતા આપતા જાય છે અને લજ્જાનો નાશ કરતા જાય છે એમ દેખાય છે !

જે. કૃષ્ણમૂર્તિ કહે છે તેમ દુઃખનું જો કોઈ કારણ હોય તો તે પોતાની જાત છે, જે વિસ્તાર માટે, કંઈ બનવા માટે, પોતે હોય તેથી કંઈ બીજું જ બનવા માટે, સત્તા, સુખ, ઇન્દ્રિયગત અનુભવવા માટે લાલસા ધરાવે છે. પ્રશ્નોની જાળમાં જ્યારે મન સપડાયેલું હોય છે ત્યારે તે શાન્ત નથી હોતું.

અહંપ્રેમી માણસ એટલે અંદરથી અશાન્ત માણસ. અંદરથી અશાન્ત માણસ પોતાના અને અન્યના જીવનમાં ઉપાધિઓ – આંધીઓ સર્જતો હોય છે ! 'દેવીલાલ' બનવું સહેલું છે, 'દૈવીલાલ' બનવાનું અઘરું છે ! દૈવીલાલ એટલે અહંપ્રેમમુક્ત સરળ આદમી. અહંકાર જ અત્યાચાર અને 'હાહાકારનો પ્રવર્તક છે. અહંકારી માણસ પોતાને 'નાનો' માને છે એટલે જ મોટો દેખાવાની કોશિશ કરતો હોય છે ! એવા અહંપ્રેમીઓ દંભના વિષને અમૃત માનીને તેની પ્યાલીઓ ગટગટાવવામાં ગુલતાન રહેતા હોય છે.

આપણને જો જીવન પ્રત્યે આદર હોય અને આપણે એને સરળતાપૂર્વક વહેતું રહેવા દેવા ઇચ્છતા હોઈએ તો જીવનના માર્ગમાં અહંપ્રેમના અંતરાયો ઊભા કરવાની પ્રવૃત્તિથી દૂર જ રહેવું હિતાવહ છે ! આપણે ઇચ્છતા હોઈએ કે, આપણું જીવન પોતાને માટે તેમ જ સમાજ કાજે ઉપકારક બને તો અહંકામને તિલાંજલિ આપીને, જેમણે આત્મઘડતર તેમ જ જગતના હિત માટે કશુંક રૂડું કર્યું છે, એમના જીવનને નજર સમક્ષ રાખીને અહંજાળમાંથી શીઘ્ર મુક્ત થવું જોઈએ. કારણ કે અહંપ્રેમને એકલા રહેવાની નહીં, જીહજૂરીઓનો દરબાર ભરીને ઝૂમવાની આદત છે ! અહંપ્રેમીની નિકટતામાં રહેનારાઓ પણ વહેલામોડા નિરભિમાનીપણાની નહીં, પરંતુ અહંપ્રેમની નશાખોરીના બંધાણી બની જતા હોય છે. એક વાર મહર્ષિ દયાનંદ સરસ્વતીને કોઈકે કહ્યું કે, આપ તો ઋષિશિરોમણિ ગણાઓ તેટલા મહાન છો ! ત્યારે દયાનંદ સરસ્વતીએ નમ્રતાપૂર્વક કહ્યું : 'ભાઈ, આજના જમાનામાં પ્રખર ઋષિઓના અભાવે તમે લોકો મારા જેવા એક સામાન્ય સાધકને ઋષિ તરીકેનું સન્માન બક્ષી રહ્યા છો ! પણ યાદ રાખો કે, હું ઋષિવર કણાદના યુગમાં અવતર્યો હોત તો સામાન્ય વિદ્વાનોની યાદીમાં પણ મારા નામનો સમાવેશ પરાણે થાત !'

ઠેકઠેકાણે રચાતાં નાનાં-મોટાં સંગઠનો, અહંપ્રેમી સ્થાપકો અને અર્થ દ્વારા પોતાની પકડ અક્ષત રાખવા ઈચ્છતા કહેવાતા દાનવીરોની માયાજાળથી મુક્ત રહી શકતાં હોત તો સેવાની સરિતાને બદલે મહાસાગરો જોવા મળત ! આદર્શોની પાછળ ફરનારા નહીં પણ પોતાની પાછળ ફરનારાઓનો સમૂહ પેદા થાય એ આજના અહંપ્રેમી નેતાઓનું મુખ્ય લક્ષ્ય છે ! કડવા પણ સાચા ટીકાકારો અહંપ્રેમીઓની સંખ્યાને નાથી શકશે. પ્રામાણિક ટીકા સહન કરવી એ નામર્દનું કામ નથી.... અને અહંપ્રેમી જેવો બીજો કોઈ નામર્દ નથી ! અહંપ્રેમ આજના સમાજનું કેન્સર છે !

*જો તમારામાંથી અહંકાર ચાલ્યો ગયો હોય તો કોઈ પણ ધર્મ-પુસ્તકની એક લીટી પણ વાંચ્યા વિના કે કોઈ પણ દેવાલયમાં પગ મૂક્યા વિના તમે જ્યાં બેઠા છો ત્યાં જ મોક્ષ પ્રાપ્ત થઈ જશે.*

**- સ્વામી વિવેકાનંદ**

# ૧૩

# નિખાલસતાની ખેરાત

> **જન કે જગને નિખાલસતાની ખેરાત માટે પણ મર્દાનગીની જરૂર પડે છે !**

પોતાના બે પુત્રોનો પરિચય આપતાં પિતા કહી રહ્યા હતા : 'આ અમારો નાનો સાવ ભોળો પેટમાં કશું રાખે નહીં. જે કહેવું હોય તે તરત જ કહી દે !'

'પરંતુ આ અમારો મોટો ભારે ચાલાક છે. ભારે મીંઢો, તમે આડાઅવળા દસ સવાલ પૂછો, પણ એના પેટનું પાણીયે ન હાલે. ભારે વહેવાર-કુશળિયો છે આ અમારો મોટો !'

આવા સંવાદો તમે અલગ અલગ ઠેકાણે અને અલગ અલગ માણસોને મોઢે સાંભળ્યા હશે.......!

જેમ જેમ જમાનો ગણતરીબાજ બનતો જાય છે, સરળ અને નિષ્પાપ લોકો તેમાં જીવવા માટે ગેરલાયક ઠરે છે ! કોણ જાણે જીવતર માટે આપણે એવી ખોટી ગણતરીનો પ્રચાર કરી દીધો છે કે જીવવા માટે લુચ્ચાઈ ફરજિયાત છે અને એ લુચ્ચાઈને આપણે અંગત જીવનમાં, પારિવારિક જીવનમાં અને સમાજ કે રાષ્ટ્રિય જીવનમાં એટલું મહત્ત્વ આપી દીધું છે કે, એ પ્રકારનું ચાતુર્ય દેખાડનાર તરફ આપણે અહોભાવથી જોઈએ છીએ !

એક વાર ગાંધીજીને કોઈએ પૂછ્યું કે, 'બાપુ, આપનું અઠવાડિયું કેવું ગયું ?' ત્યારે તેમણે બેફિકરાઈથી કહેલું, 'મારું 'હરિજનબંધુ' છાપું જોઈ લો.'

ગાંધીજી પોતાની વાતો ખુલ્લંખુલ્લા મહાદેવભાઈ, સરદાર વલ્લભભાઈ, કિશોરલાલ મશરૂવાળા વગેરે આપ્તજનોને કશાય ઢાંકપિછોડા વગર કહેતા ત્યાં સુધી તો ઠીક પણ આપ્તજનોના દોષોની છાપામાં ટીકા કરતા. કહેવાય છે કે કસ્તુરબાએ પોતાની પુત્રવધૂ માટે થોડાક પૈસા બાપુને જણાવ્યા વગર સાચવી રાખ્યા હતા. ગાંધીજીને આ વાતની ખબર પડી કે એમણે છાપામાં આ વાતનો ઉલ્લેખ કરીને કસ્તુરબાના વર્તનની ટીકા કરેલી.

ભલે માણસ ગાંધીબાપુની કક્ષાએ પહોંચીને 'સત્યના પ્રયોગો' સુધી પહોંચી ન શકે, પણ પોતે હળવોફૂલ રહે એ માટે એણે મનને જાત જાતના વિચારોના ભારણથી મુક્ત રાખવું જોઈએ. ઘર કે પરિવારના મોટા ભાગના ઝઘડાનું આપણે મૂળ તપાસીશું તો આપણને અવશ્ય માલૂમ પડશે કે આપણી છુપાવવાની પ્રવૃત્તિ જ આપણા નિખાલસ સંબંધો માટે શત્રુ બની છે. 'ખાલિસ' ઉર્દૂ ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે વિશુદ્ધ. દોષોને ખલાસ કરે તે ખાલિસ.

જાતને છુપાવનારાઓએ જ જગતને સદાય આફતમાં હડસેલ્યું છે, દેશને બરબાદ કર્યો છે, ને પરિવારોને પાયમાલ કર્યાં છે. માણસને જાહેર કરીને શેતાન ઠરવા કરતાં છુપાવીને સાધુ બનવાનું વધારે ગમે છે, કારણ કે એમ કરવામાં સત્યાચરણને કારણે આવી પડનાર પડકારો અને સમસ્યાઓનો સામનો કરવામાંથી એને તાત્કાલિક મુક્તિ મળી જાય છે. ખાલી ન થવાને માણસ શાણપણ કે ચાતુર્ય માને છે અને મનના ભાવો છુપાવીને સામેની વ્યક્તિને પ્રવંચિત, ભ્રમિત કે મૂર્ખ બનાવવામાં કેવી રીતે પોતે સફળ થયો એને પોતાની બુદ્ધિ અને વિચક્ષણતાનો

વિજયધ્વજ માને છે. હકીકતમાં આવા પ્રસંગોએ આપણે જાતે જ છેતરાયા હોઈએ છીએ, આપણી જાત દ્વારા.

માણસે જેમ જેમ નિખાલસતાનો પાલવ છોડવા માંડ્યો તેમ તેમ તેનું અંગત, પારિવારિક તેમ જ સામાજિક જીવન અટપટું, ગૂંચવાડાભર્યું અને અવિશ્વાસપૂર્ણ બનવાં લાગ્યું. પરિણામે માણસ અંદરથી શંકિત બનવા લાગ્યો. કારણ કે શંકા શંકા જન્માવે છે અને શ્રદ્ધા શ્રદ્ધાને નોતરે છે. પોતે નિખાલસ નથી તો બીજો પણ કેવી રીતે હોઈ શકે એવું ગણિત એણે માંડી લીધું. આને લીધે માણસના સંબંધો નિખાલસ ન રહ્યા. પરિણામે માણસ ન તો નિખાલસ પ્રેમ કોઈને આપી શકવામાં સફળ થયો કે ન તો નિખાલસ પ્રેમ મેળવવામાં.

ફૂલને ભાષા નથી ને છતાંય તેનું ખુલ્લાપણું આપણને આકર્ષે છે. આકાશ દૂર છે, છતાં એના હૈયાની વિશાળતા આપણને આહ્‌લાદક લાગે છે. નિષ્ભાવ રીતે મરક મરક હસતું બાળ તેને ગોદમાં બેસાડવાની આપણને ફરજ પાડે છે ! નિખાલસ લાગણી મૂંગું પ્રાણી કે આંગણામાં આકસ્મિક રીતે ફરકતું પંખી પણ સમજે છે ! પોતાના પ્રિય પાત્રની વાતમાં ક્યાં પ્રવંચના ને દંભ છે ને ક્યાં હેતભીની લાગણીનો લસરકો છે એનો ખ્યાલ પ્રિય પાત્રને વગર સ્પષ્ટીકરણે આવી જાય છે.

મીંઢાપણું, ગણતરીપૂર્વકનું મૌન કે ઉપેક્ષા એ હૃદયની અંદર ઊભાં થયેલાં સંકીર્ણતાનાં કોટડાંની ચાડી ખાય છે. તમારા અંતઃકરણમાં રહેલી લાગણી, સહાનુભૂતિ, પ્રેમ, આતિથ્યભાવના, પરોપકારવૃત્તિ, ત્યાગ, ક્ષમા અને ઉદારતા જો તમારા સ્વાર્થના સેફ ડિપૉઝિટ વૉલ્ટમાં રાખી મૂકવાની વસ્તુ બની જાય તો વ્યક્તિ તરીકે તમારાથી તમારા પરિવાર કે સમાજને શો લાભ ?

'ઉદ્‌ગાર'માં હૃદયની ઉષ્માવિહોણા એક ભોજન સમારંભનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. જેમાં શોરોએ નોંધ્યું છે : 'એક વાર હું

ભોજન સમારંભમાં બેઠો હતો. તેમાં સમૃદ્ધ ખાનપાનની વાનગીઓ પાર વગરની હતી ને દેખભાળમાં કશી મણા નહોતી, પણ નિષ્ઠા અને સત્ય ત્યાં ગેરહાજર હતાં. એટલે આતિથ્યશૂન્ય ભાણેથી હું ભૂખ્યો ને ભૂખ્યો જ ચાલ્યો ગયો. આતિથ્ય કેવળ ભાવશૂન્ય હતું. આસવ કેટલો જૂનો હતો ને દ્રાક્ષનો પાક કેટલો મશહૂર હતો તેની વાતો તેઓ મારી આગળ કરતા હતા. પરંતુ હું તો વધારે જૂના ને તાજા અને વધારે શુદ્ધ આસવનો અને અધિક પ્રશંસનીય દ્રાક્ષના પાકનો વિચાર કરી રહ્યો હતો, જે તેમની પાસે ન હતો, ને તેઓ, તે ખરીદી શકે એમ પણ નહોતું. બાહ્ય આડંબર, ઘર અને તેના બાગબગીચા અને આગતાસ્વાગતાની મારે મન કશી કિંમત્ત નથી. મારી પાડોશમાં એક માણસ ઝાડની બખોલમાં રહેતો હતો અને એની રીતભાત ખરેખર બાદશાહી હતી. હું જો એને મળવા ગયો હોત તો વધારે સારું થાત !

પૈસાના સામ્રાજયવાળા આ જગતમાં આપણે દરેક વસ્તુનું મૂલ્ય રૂપિયા કે ઉપયોગિતામાં આંકીએ છીએ. સુખી કરવા કરતાં સુખી થવાને જ આપણે જીવનનો ચરમ–પરમ ઉદ્દેશ ગણીએ છીએ, એટલે ખુલ્લા મને કશુંક સમર્પિત કરવાનો આનંદ લઈ શકતા નથી. ખુલ્લા ન રહેવું એ આંતરિક ગરીબી છે. જન કે જગને નિખાલસતાની ખેરાત માટે પણ મર્દાનગી જોઈએ. એ મર્દાનગીને અભાવે માણસ મનમાં પ્રપંચ અને ચાલબાજીનો એંઠવાડો ભરી રાખે છે.

પણ ખૂબીની વાત તો એ છે કે, રૂપિયાની જેમ પોતાની સંકુચિત ભાવનાઓ અને વૃત્તિઓનો સંગ્રહ કરી મીંઢા રહેનારને જગત 'વહેવારકુશળ' ગણી વખાણે છે. ડૉ. રાધાકૃષ્ણન્ એવી વહેવારકુશળતા પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરતાં કહે છે કે જે લોકો વહેવારકુશળ હોવાનો ફાંકો રાખે છે તેઓ આદર્શને નીચે ઉતારી તેને સામાન્ય મનુષ્યસ્વભાવની હારમાં લાવીને મૂકે છે. આદર્શમાં કાપકૂપ કરીને

સગવડિયો બનાવવાની આવડતને માણસ 'વહેવારકુશળતા'માં ખપાવતો હોય છે. જ્યાં મૂલ્ય ચૂકવવાનું જોખમ ઊભું થાય ત્યાં સગવડિયો માર્ગ પકડી લેવો એનું નામ 'વહેવારકુશળતા'.

આવી 'વહેવારકુશળતા'એ આપણી પાસેથી અંતરની અમીરાત છીનવી લઈને આપણને વ્યવસ્થાનાં મહોરાં બનાવી દીધાં છે. પરિણામે આપણા સામાજિક સંબંધો, આપણું અંગત અને જાહેર જીવન મુક્ત ભાવનાની આબોહવા માણી શકતું નથી. કોચલામાં કેદ થવાને વહેવારકુશળતા ગણવામાં આવતી હોય તો એ અભિશાપ જ કહેવાય. માણસ એટલે પૂર્ણતા શોધતું પ્રાણી. વહેવારકુશળતા આપણી પાસેથી પૂર્ણતાનું સાહસ જ છીનવી લે છે.

એક સમય હતો, જ્યારે 'પ્રણ'ની રક્ષા જ 'પ્રાણ'ની રક્ષા ગણાતી. આજે 'પ્રાણ' મુખ્ય અને 'પ્રણ' ગૌણ બની ગયું છે.

છળકપટ, દ્વેષ, ઈર્ષ્યા, દંભ અને વેરવૃત્તિને છુપાવવાનું કૌશલ્ય એ આજની વહેવારકુશળતાનો પર્યાય બની ગયાં છે. કડદો અને પરદો આજના માણસની વહેવારકુશળતાના માપદંડો બની ગયા હોય ત્યાં બિચારી નિખાલસતાનો ભાવ કોણ પૂછે ?

*જીવન આરસી જેવું છે, તેની સામે મલકો તો મોહક લાગે; તેની સામે ઘૂરકો તો બેડોળ બને.*

**- એડવિગ ફિલિપ**

# ૧૪ ખોટા આદર્શો

**સમાજને આદર્શોના અભાવ કરતાં આદર્શોનાં 'ખોટાં અર્થઘટનો'થી વધારે નુકસાન થયું છે !**

૧૯૩૨ની સાલની આ વાત છે. ગાંધીજીના પ્રથમ ઉપવાસનો અંત આવ્યા પછી ઉપવાસ દરમિયાન જેલખાતાએ આપેલાં બધાં સાધનો પાછાં લઈ લેવામાં આવ્યાં. એક આરામખુરશી બાપુ માટે આણેલી એ પણ મંગાવી લીધી.

આરામખુરશી લઈ ગયા એ સરદાર વલ્લભભાઈ અને મહાદેવભાઈ દેસાઈને ગમ્યું નહીં.

બાપુએ કહ્યું : 'એ ખુરશી એ લોકોને વેચવાની હશે એટલે મંગાવી હશે.'

મહાદેવભાઈએ કહ્યું : 'પણ એનામાં એટલી સભ્યતા નહીં કે તમને પૂછે કે હવે આની જરૂર ન હોય તો લઈ જઈએ !'

બાપુ કહે : 'ના, એ ખુરશી અત્યાર અગાઉ પાછી મોકલી આપવાની સભ્યતા આપણામાં હોવી જોઈતી હતી. તેમાં આપણે ચૂક્યા.'

વલ્લભભાઈ આ સાંભળીને કહે : 'તમને તો બધાના ગુણ જ દેખાય

છે ! જ્યાં ગુણ ન હોય ત્યાંય ગુણ દેખાય. એ લોકો તદ્દન જડ જેવા છે. ઘણી વસ્તુઓ એકાઉન્ટમાં ચઢાવી તેમ આ પણ ચઢાવે તો કોણ પૂછવાનું હતું ? એને વેચવાની ઉતાવળ હોય તો તમારા ખાતામાં નાખીને વેચેલી બતાવત, પણ આ તો અસભ્યતા બતાવવી એટલે શું ?'

બાપુએ સુપરિન્ટેન્ડેન્ટની અજાણતાનો બચાવ કરીને ગીતાનો શ્લોક ટાંકતાં કહ્યું : 'વલ્લભભાઈ, આત્મા આત્માનો બંધુ છે !'

એટલે વલ્લભભાઈ બોલી ઊઠ્યા : 'તે છેસ્તો ! પણ આત્મા એ આત્માનો શત્રુ પણ છે ને !'

એ સાંભળી બાપુ ખડખડાટ હસી પડ્યા. 'ત્રિવેણી સંગમ'નો આ પ્રસંગ 'નમ્રતા'ની દૃષ્ટિએ પણ વિચારવા જેવો છે.

જગત પ્રત્યે, લોકોએ આપણને કરેલા અન્યાયો પ્રત્યે, આપણી ભલમનસાઈ કે સૌજન્યનો ગેરલાભ લઈને આપણને કરવામાં આવેલા અન્યાય કે શોષણના પ્રયત્ન તરફ કેવો ભાવ દાખવવો એવો પ્રશ્ન ઘણાનાં મનને મૂંઝવતો હોય છે. દુશ્મનના કે અન્યાયકર્તાના દુર્વ્યવહાર, દુષ્ટતા કે અન્યાયમાં પણ સૌજન્ય અને સદ્‌ગુણનાં દર્શન કરી ક્ષમાભાવનાં ગીત ગાવાં કે ન્યાય માટે તેને પડકારીને જરૂર પડે તો સંઘર્ષમાં ઊતરવું ?

સવાલ 'આંધળી' નમ્રતા અને ન્યાય માટે અન્યાયકર્તાનો જવાબ માગવાનો છે. માણસના વર્તનને નીતિપ્રધાન સિદ્ધાંતો સાથે જોડીને બાળક શાળામાં દાખલ થાય ત્યારથી આપણે મનમાં 'નમ્રતા', 'વિનયશીલતા', 'ઉદારતા', 'ક્ષમાભાવ', 'સહિષ્ણુતા' – વગેરેનું 'બૉટલ ફીડિંગ' – તેને સતત કરાવતાં રહીએ છીએ ! શિક્ષકો, વડીલો અને ઉપદેશકો નૈતિક ઉપદેશને પોતાનો જન્મસિદ્ધ અધિકાર માનીને એવી તક ક્યારેય જતી કરતા નથી ! જેમનામાં એવા બધા મહાન ગુણો હોય તે બધા 'માનવ' નહીં પણ અ-માનવ (દેવ) છે, એમ ઠસાવવાની

કોશિશ થતી રહે છે. એમના જેવા બનવાની ઉપદેશાત્મક વાતો સતત બાળકો આગળ કરતા રહીને એવા 'અવતારી પુરુષો'ને માણસથી સાવ જુદા – 'ચમત્કારી વિભૂતિ'ની શ્રેણીમાં પ્રતિષ્ઠિત કરતા રહીએ છીએ. એમનામાં રહેલું 'ચમત્કાર તત્ત્વ' જ એમને 'દેવત્વ' બનાવનારું તત્ત્વ છે, એમ કહેવું એ શું અવતારી મહાપુરુષનું અપમાન નથી ? બાળકો અને બૃહદ્‌સમાજને ગેરમાર્ગે દોરવાનો આવો પ્રયત્ન શુદ્ધ અને તટસ્થ મૂલ્યાંકનની શાખ નથી પૂરતો. જેને આપણે 'દેવ' તરીકે પૂજીએ છીએ, એવા 'અવતારી' પુરુષો પણ આપણા જેવા જ માનવ હતા અને આપણા જેવી જ શક્તિઓ ધરાવતા હતા, આપણી જેમ જ સુખનો આનંદ લૂંટનારા અને લાગણીનાં ઈમાનદાર આંસુ વહેવડાવનાર હતા અને તેમ છતાં માણસ તરીકે પોતાને મળેલી વિશિષ્ટ શક્તિઓ પરત્વે સદાય સભાન, એ શક્તિઓની શ્રેષ્ઠ રચનાત્મક અભિવ્યક્તિ માટે સંકલ્પબદ્ધ અને સામાજિક સ્વાસ્થ્ય માટે ઝઝૂમનારા પરગજુઓ હતા અને પોતાના અંતઃકરણને શુદ્ધ બનાવવા માટે સતત મથામણ અનુભવનારા અદકેરા ઈન્સાનો હતા, એ વાતને ઝાઝેરું મહત્ત્વ આપવું જોઈએ, નહીં કે એમણે કરેલાં ચમત્કારિક કાર્યોને.

સદ્‌ગુણ પણ મર્યાદાની સીમાથી મુક્ત નથી, એ વાત માણસે સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ.

આ વાત નહીં સમજનાર 'ઉદાર' માણસ અંગત રીતે પોતાના જીવનને અને વ્યાપક રીતે સમાજ માટે પણ નુકસાનકારક હોઈ શકે ! વિનમ્રતા એ આવકાર્ય સદ્‌ગુણ છે, પણ એનો અર્થ એ નથી કે આતતાયી સિતમગાર કે શોષણકર્તાને આપણે છૂટો દોર આપવો ! નમ્રતા એ કર્તવ્ય છે, પણ કર્તવ્યપાલનમાં નમ્રતાનો પાલવ પકડીને બેસી ન રહેવાય ! દુષ્ટો પ્રત્યેની નમ્રતા એ સમાજ અને રાષ્ટ્ર માટે વિઘાતક છે. આપણું સૌજન્ય કોઈક તકસાધુને સ્વાર્થનો રોટલો શેકી

ખાવાની સગડી નથી ! નમ્રતા અને શરણાગતિ વચ્ચેનો ભેદ માણસે પારખવો જ પડે છે ! અને આપણી નમ્રતાને સ્વાર્થી માણસ 'બૂટની એડી' તળે ચગદે નહીં, અથવા આપણી 'લા-ચારી'નો ગેરલાભ ઉઠાવીને આપણને કઠપૂતલીની જેમ નચાવે નહીં એટલા માટે 'ફૂંફાડો' રાખવાની વાત વિસ્મરવા જેવી નથી !

આપણે કોઈને 'નડતો' ગ્રહ બનીને ભલે પરેશાન ન કરીએ. પણ 'સારા' ગ્રહ તરીકે 'સ્થાનભ્રષ્ટ' બનાવવાની, ઉપેક્ષા કરવાની અને અપમાનિત રાખવાની ચાલ કોઈ ગણતરીબાજ ન આચરી બેસે, એ માટે પણ આપણે વિવેક અને નિર્ભયતાના રખોપિયા નમ્રતાની સાથે રાખવા જ જોઈએ.

'નમ્રતા'ને સંતત્વની પરાકાષ્ઠા જોડીને આત્મસમ્માનનો છેદ ઉડાડવાની અનુકૂળતાનો ભોગવટો કોઈને ન જ કરવા દેવાય. સંતોએ દેખાડેલી ઉદારતા કે અતિ નમ્રતાને માત્ર આદરભાવથી-અહોભાવથી નીરખવાને બદલે અત્યધિક ઉદારતાના માઠા પરિણામદર્શક બોધપાઠો લેવાનું પણ ટાળવા જેવું ન જ હોઈ શકે.

સમાજને આદર્શોના અભાવ કરતાં આદર્શોના ખોટા અર્થઘટનથી વધારે નુક્સાન થયું છે ! આવા આદર્શોએ જ વગર વાંકે પોતાને ઝૂડી નાખનાર પતિને 'મારઝૂડના અબાધિત અધિકાર' ધારક તરીકે વેઠવાનો મોકો આપ્યો છે ! પોતાની સાથે ઘાતકી, અન્યાયી અને શોષણભર્યું વર્તન દાખવનાર 'માલિક'ના 'લૂણ'નો બદલો ચૂકવવા તેના અન્યાયનો ચૂપચાપ સ્વીકાર કરીને તેને સતત હાથ જોડતાં રહેવાની, દયાભાવની યાચના કરવાની અને માલિકના સ્વાર્થનું આજીવન પ્યાદું બનવાની વૃત્તિ 'નોકર'માં જન્માવી છે ! આપણા વહીવટીતંત્રમાં અધિકારીઓનો જે ખોટો 'રોફ' જોવા મળે છે, 'લોકશાહી'તંત્રના પગારદાર નોકર હોવા છતાં 'લોકો'નું સતત અપમાન કરવાની તત્પરતા જુદાં જુદાં કાર્યાલયો

કે સરકારી-અર્ધસરકારી નિગમો, સંસ્થાઓમાં જોવા મળે છે, તેનું મુખ્ય કારણ એક પ્રજાજન તરીકે આપણે ધારણ કરેલી અનાવશ્યક અતિનમ્રતાનું જ દુષ્પરિણામ છે !

નમ્રતામાંથી વેરવૃત્તિની બાદબાકી કરી અન્યાયીને તેની 'સીમા' બતાવી દેવી એ પણ સંતત્વ જ છે ! જેનામાં ન્યાય માટે ઝૂઝવાની શક્તિ હોય એ નમ્રતાનું રક્ષાકવચ પહેરીને અન્યાયીની કરુણાની ભીખ શું કામ માગે ? આપણું વ્યક્તિત્વ 'સ્વસ્થ' બને એ આપણું કર્તવ્ય હોય તો કોઈનો સ્વાર્થ એને શોષણલીલાનો શિકાર ન બનાવી જાય એ જોવાની પણ આપણી પવિત્ર ફરજ છે.

નમ્રતાનો નૈતિક નિયમ અંધશ્રદ્ધાની જેમ પાળવો એ જાત સાથેની ક્રૂરતા છે. મનને સ્વસ્થ - સ્વચ્છ અને નિર્ભય રાખવું એ પણ દેવત્વની આરાધના છે. ધર્મપાલન એ કાયરોની નહીં પણ વીરોનો વિષય છે !

આજે સામાજિક જીવનમાં સર્વત્ર કઠોરતા, સ્વાર્થવૃત્તિ અને ઉદ્ધતાઈને છૂટો દોર મળી રહ્યો છે, ત્યારે દેશના સમાજના એક જાગૃત નાગરિક તરીકે બેવડા વળીને સંકોચાઈને એકતરફી નમ્રતાની અંધકારભરી ગુફામાં બેસી રહેવાનું પોસાય નહીં, એ રીતે વર્તવું ન્યાયોચિત પણ નથી. નમ્રતા 'વેંતિયા' બનવા માટે નહીં, પણ 'વિરાટત્વ'-વિભૂષિત 'સંયમી' બનવા માટે પ્રયોજવી જોઈએ. જો એમ ન બને તો કંસને સજા કરનાર કૃષ્ણને, 'ધર્મયુદ્ધ' લડવા માટે તત્પર યુધિષ્ઠિરને, કે પોતાની પત્નીનું અપહરણ કરનાર રાવણ સાથે સંગ્રામ કરનાર 'રામ'ના ચરિત્રને તમે ન્યાય નહીં આપી શકો ! એમની ઉગ્રતામાં પણ નમ્રતા હતી અને 'નમ્રતા'માં ન્યાય માટેની ઉગ્રતા !

નમ્રતા એ નથી દીનતા કે નથી હીનતા, એ તો છે પૌરુષમાંથી નીપજવા પાત્ર સંયમનું નવનીત ! નમ્રતા એ મીણ જેવા બનાવનારી નહીં પણ પથ્થરદિલ ઈન્સાનનેય મીણ જેવા બનાવનારી મહાશક્તિ છે

એટલે જ એ કાયરતાની આડપેદાશ ન જ બનવી જોઈએ. આપણી નમ્રતા એ ટટ્ટુ નથી, પણ એક તાકતવરની લગામથી વશીભૂત થયેલો પાણીદાર અશ્વ છે, એ વાતની પ્રતીતિ પણ આપણને અન્યાય કરનાર વ્યક્તિને થવી જ જોઈએ. કદાચ એટલે જ દોસ્તોયવસ્કીએ કહ્યું હશે કે 'મારી નમ્રતા મને હંમેશાં નુકસાનકારક નીવડતી રહી !'

નમ્રતામાં 'લચીલાપણું' છે, એ વાત માણસ ભૂલી જતો હોય છે, એટલે એનામાં દીનતા પ્રવેશે છે. નમ્રતા એ માણસે સમજણપૂર્વક શિથિલ બનાવેલી ધનુષ્ય-પણછ છે. એમાં જરૂર પડ્યે ખેંચાવાની અને માણસને વીર બનાવીને વિજય અપાવવાની તાકત હોવી જોઈએ, નહીં તો એ નમ્રતા 'વંધ્યા' ગણાય. નમ્રતા એ બીજાને ખુશ કરવાનું નહીં પણ જાતને પ્રસન્ન રાખવાનું શૌર્યભર્યું ઉપકરણ છે એ વાત યાદ રાખવી ઘટે.

*નમ્રતા દ્વારા સ્વશાસન પ્રાપ્ત થાય છે. અભિમાનના ફળ રૂપે જે અશાન્તિ જન્મે છે તે અંતરને સદાય અશાન્ત રાખે છે. પ્રથમ તમે પોતાના મિત્ર થાઓ એટલે બીજાઓ પણ થશે.*

**- સંકલિત**

# ૧૫

## માણસનું ખૂન એટલે....

**કોઈના કફનમાંથી 'નૅપ્કિન' બનાવવા તલપાપડ ઝનૂની પાસે સદ્‌વર્તનની આશા ક્યાંથી રાખી શકાય ?**

નૂર મોહમ્મદ રૌશનીની એક કવિતા છે, જેનું શીર્ષક છે – 'ભગવાન શેતાન'. આ કવિતાનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે કરવામાં આવ્યો છે :

*"બેબાકળા અને શ્વાસ થંભ્યો હોય એવા,*
*શેતાનને સ્વર્ગમાં ફરતો જોઈ ઈશ્વરે પૂછ્યું,*
*'અહીં શા માટે આવ્યો છે ?*
*તારું સ્થાન તો નીચે છે !'*
*શેતાને કહ્યું,*
*'હે ઈશ્વર, હું તો અહીં માગવા આવ્યો છું.*
*કારણ કે માણસે મારી બધી કળા છીનવી લીધી છે.*
*હવે મારું પોતાનું એવું કશુંય રહ્યું નથી'!"*

માણસ શેતાન બનવાનો નિર્ણય કરે ત્યારે શેતાનને પણ શરમાવે એવી હીનતા આચરે છે !

વારંવાર કોમી આગ ફાટી નીકળે છે, એને ઠારવા આપણે

શાન્તિસમિતિઓ રચીએ છીએ, અપીલો કરીએ છીએ, પણ કોમી આગ ઠરતી નથી ! શું છે એનું કારણ ?

ધર્મવીર ભારતીની એક કવિતા યાદ આવે છે, જેમાં એમણે કહ્યું છે કે વેરઝેરનાં ને વિષનાં બીજ વાવો, પછી સાપની ફસલ તૈયાર ન થાય તો બીજું થાય પણ શું ? આજે જે કાંઈ બની રહ્યું છે તે કારણ નથી, પરિણામ છે. સાંપ્રદાયિકતાના સદ્ભાવનો બગીચો તૈયાર કરવાને બદલે મતલક્ષી નેતાઓ વિષવેલને રક્ષનારી કાંટાળી વાડો જ બનાવતા રહ્યા, એટલે જ કોઈએ કહ્યું છે તેમ -

*'પાસબાં જબ ચોર હો તો કૌન રખવાલી કરે ?*
*ઉસ ચમન કા હાલ ક્યા જો માલી પામાલી કરે.'*

નફરતથી છલકાતા હૃદયવાળા નેતાઓ દેશભક્તિ અને કોમી એકતાની વાત કરે છે, ત્યારે નેતાગીરીનું સ્તર સાવ રસાતળે ગયેલું જોઈ હૃદય કમકમી ઊઠે છે ! નૈતિકબળ વગરના નેતૃત્વની અપીલોની અસર પણ શી પડે ? જેમણે આઝાદી પછી હવા અને આબોહવાને દૂષિત કરવામાં, ગરીબને વધુ ગરીબ અને અમીરને વધુ અમીર બનાવવામાં, દેશની ચૂંટણી અને શ્રેષ્ઠ સાંસ્કૃતિક, ચારિત્રિક અને જાહેર વર્તણૂકની પરંપરાઓને કમજોર, પોલી અને પ્રભાવહીન બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, જેમણે દેશ કરતાં પોતાની જાતને ઊંચે લાવવામાં આકાશપાતાળ એક કર્યાં છે, એવા લોકો વેશપલટા કરીને દેશવિધાતા, રાજ્યવિધાતા બને ત્યારે પ્રજા પાયમાલ થાય એમાં શી નવાઈ ?

ધર્મ, સંસ્કૃતિ, પ્રદેશ અને વર્ગના વૈવિધ્ય છતાં ભારત એક રહી શક્યું હતું એનું ખરું કારણ દેશની એકતાને સાચા હૃદયથી ચાહનારા અગાઉના નેતાઓ હતા ! જેમને દેશની વધુ ચિંતા હતી, એમની ભૂખ અને એમનાં દુઃખોની ચિંતા હતી.

બ્યાસી કરોડની વસ્તીસંખ્યાને આંબી ચૂકેલો દેશ ગરીબી, ભૂખમરો,

બેરોજગારી, શોષણ, અને આવતીકાલના અંધકારમય ભવિષ્યની કલ્પનાથી ક્ષુબ્ધ-વિક્ષુબ્ધ, જીર્ણ-શીર્ણ, વ્યથિત-મથિત છે ત્યારે એમને શિસ્ત અને શાંતિ જાળવવાનો ઠાલો ઉપદેશ કેવી રીતે મનાવી શકવાનો ? જ્યાં સુધી ભૂખ અને ભાખરી, ગરીબી અને બેકારી, મોંઘવારી અને વેતનવૃદ્ધિ – એ બધા વચ્ચે સંતુલન પ્રસ્થાપિત કરવાની સંનિષ્ઠ કોશિશ નહીં થાય ત્યાં સુધી સમાજમાં શાંતિ, એકતા અને એખલાસ તથા અનુશાસન સ્થપાશે નહિ ! દેશપ્રેમની ભાવનાની પકડ ઢીલી પડે એ માટે બ્રિટિશરોએ આ જાતજાતનાં ષડ્યંત્રો રચ્યાં હતાં. આજે કોમ-કોમ વચ્ચે એકતા ન સધાય તે માટે એવાં જ ષડ્યંત્રો રચનારાઓની સંખ્યા નાનીસૂની નથી.

આજની રાજનીતિના પોસ્ટર પર એક જ શબ્દ છે – હિંસા ! આ હિંસા કેવળ માણસની જ નહિ, શ્રદ્ધાની હિંસા, વિશ્વાસની હિંસા, સ્વાર્થ ખાતર સાથસંગાથની હિંસા, આપેલ વચનો, વાયદાઓ અને પ્રજાને દેખાડેલાં ખૂબસૂરત સ્વપ્નોની હિંસા ! પોતીકા ગણનાર, ગણાવનારની પોતીકાના હાથે જ થયેલી ખુલ્લેઆમ હિંસા ! કોઈના કફનમાંથી ‘નેપ્કિન’ બનાવવા તલપાપડ ઝનૂની પાસે સદ્‌બુદ્ધિની આશા ક્યાંથી રાખી શકાય ?

શરમ આવે છે માણસના ચારિત્રિક પતનની ચરમસીમા પર ! કોઈકે કહ્યું હતું કે, નવરંગપુરામાં જૂતાંની દુકાન અગાઉ લૂંટાઈ હતી ત્યારે કેટલાક તકવાદી લોકો સ્કૂટરો અને કારોમાં બૂટ-ચંપલો લઈને રફુચક્કર થઈ ગયા હતા. કોને ‘શરીફ’ ગણવા ?

દાઝવાની તૈયારી વગર આગમાં ફસાયેલાઓને બચાવવાની વાતો કરવામાં આપણે શૂરા છીએ. વસંત-રજબ કે ગણેશશંકર વિદ્યાર્થીની જરૂર પડે છે ! એકલા ‘વસંત’ને બચાવવાથી કે એકલા ‘રજબ’ને બચાવવાથી અમદાવાદ નહીં બચે. ‘વસંત-રજબ’ બંને હેમખેમ રહે એ

માટે પ્રત્યેક નગરવાસીએ, નરવી–ગરવી નિર્મળ માનવપ્રીતિ દાખવવી પડશે ! 'પોલીસ સ્ટેશન' સ્થપાયે શાંતિ નહિ આવે, શાંતિ આવશે લત્તેલત્તે 'કોમી એકતા સ્ટેશન' સ્થાપવાથી !

મરનારનો અંતિમ શ્વાસ કહે છે :

*'ધરતી કા કોઈ ધર્મ નહીં હોતા,*
*મેરા ભી નહીં હૈ,*
*કિસ ઈશ્વર કે લિયે તુમ મેરા ગલા કાટ રહે હો ?*
*મૈંને જો આગ અલ્લાહ કે દરબાર સે તુમ્હારે લિયે ચુરાઈ*
*ઉસીસે તુમ મુઝે જલા રહો હો ?*
*મર ભી જાઉંગા તો મુઝે કોઈ ગમ નહીં,*
*પર અન્ન ખાનેવાલો !*
*તુમ્હારે બચ્ચોં પર યહ આરોપ લગે કિ*
*વે હત્યારે હૈં ઈશ્વર કે,*
*મુઝસે યહ સહન નહીં હોગા !'*

આપણે માણસની હત્યા નથી કરતા, ઈશ્વરની હત્યા કરીએ છીએ કારણ કે લોહીને કોઈ ધર્મ નથી હોતો.

આ કવિતા વકરેલા હિંસાના તાંડવકારી રૂપ અને ભયાનક પરિણામો પર જે કાંઈ કહી જાય છે એ પર છે કશી ટીકાટિપ્પણની જરૂર ? ૧૯૮૪ના 'ધર્મયુગ'માં એ કવિતા છપાઈ હતી :

*'આગ ખ્વાબોં મેં જલી તો આનેવાલે કલ જલે,*
*ગુલ જલે, કલિયાઁ જલીં, આંસૂ જલે, કાજલ જલે.*
*જલ રહી હૈ સારી નગરી, આગ યહ કૈસે બુઝે ?*
*અપની અપની આગ મેં જબ સબકે સબ બાદલ જલે !*
*ઓ મેરે અશ્ક (આંસૂ), જરા હોશિયાર રહના,*
*કબ ક્યા પતા ? કોઈ પગડી જલા દે, કબ કોઈ આંચલ જલે.*

*ઈસ નદી મેં કાતિલોં ને હાથ ધોયે હૈં જરૂર*
*અબ તક જલે યા કિસી સાહિલ અબ નદી કા જલ જલે.*
*જિસ ચિરાગોં કા ઉજાલા અપને તક મહદૂર હૈ*
*વો જલે મંદિર મેં યા મસ્જિદ મેં સબ નિષ્ફલ જલે.'*

ખરી વાત આ છે. મંદિરનો દીવો માત્ર હિન્દુ માટે નથી જલતો, ન જલવો જોઈએ, એ દીવો માનવમાત્રને પ્રકાશની પ્રતીતિ કરાવવા જલવો જોઈએ. મસ્જિદના અલ્લાહની દુઆનો અહેસાસ મનુષ્ય-માત્રને થઈ શકે એવું વાતાવરણ સર્જવું જોઈએ ! માણસની આંખની લાચારી કોઈ પણ ધર્મથી સહન ન જ થવી જોઈએ.

'નશા હિંસા કા'માં કવિ ફૂલચંદ માનવ કહે છે :

*'એક આદમી કો મારને કા મતલબ સમઝતે હો ?*
*એક સંસ્કૃતિ કા અંત હોતી હૈ મોત યા હત્યા !*
*જિસસે જુડે લોગ નફરત મેં પલને લગતે હૈં.*
*મિત્ર, બંધુ કો ભી આસ્તિન કા સાંપ સમજતે હૈં,*
*કહાઁ લે જાયેગા યહ નશા હિંસા કા ?*
*યહ કિસને પ્યાર કે પૈગામ કો બદલ દિયા હૈ*
*હથિયારોં મેં, છાપામારોં મેં ?*
*નિત્ય નયી ચીખેં બેચૈન કર જાતી હૈં,*
*મરી – અધમરી સંસ્કૃતિ કા માતમ મનાતી હૈં.'*

બેમોત મરેલા માણસને અભિશાપ આપતાં આપતાં અહીંથી વિદાય થવું પડે એવી પરિસ્થિતિ આપણને કઠવી જ જોઈએ. હિંસાનો ઊભરો ઠલવાઈ ગયા પછી હવે 'બધું જ સલામત છે' એવું બેફિકરાઈભર્યું વલણ આપણને ન જ પોસાવું જોઈએ ! કારણ કે દરરોજ ઊગતો સૂરજ માણસાઈનું કદ નાનું જોવા માટે ભરબપોરેય જલતા રહેવાની પીડા નથી સહેતો !

ખૂન 'એ' માત્ર પોસ્ટમૉર્ટમ, મૃતનાં સગાંવહાલાંને અવેજ કે આશ્વાસન-પ્રદર્શનનાં વચનોનો નહીં પણ બચેલાને રક્ષાકવચ માટેની ખાતરીના સંનિષ્ઠ આયાસ અને હર કોમના માણસ માટે આત્મદર્શનનો કરુણ પ્રસંગ છે, એવું ગાંભીર્ય આપણે ક્યાં સુધી નહીં સમજીએ ?

*તું કૌરવ, તું પાંડવ મનવા !*
*તું રાવણ, તું રામ !*
*હૈયાના આ કુરુક્ષેત્ર પર*
*પળપળના સંગ્રામ.*

**- સુરેશ દલાલ**

## ૧૬ બાહ્ય વિજયનું મૂલ્ય કેટલું ?

**'નવાં મૂલ્યો'ની વાત કરનાર આજનો માણસ અંદરથી 'નવો' હોય છે ખરો ?**

એક ઑફિસરને તેનો ક્લાર્ક રુઆબભેર કહે છે : 'જુઓ મિ., અંગ્રેજો તો ચાલ્યા ગયા એમની સાહેબગીરી લઈને ! હું તમને 'બૉસ' તરીકે આદર આપવા બંધાયેલો નથી ! તમે પણ કંપનીના નોકર છો અને હું પણ ! તમે ઊંચા હોદ્દા પર બેઠા છો એટલે તમે વધુ માનપાત્ર ગણાઓ અને મારો હોદો નાનો છે એટલે હું 'નાનો' એવો ભેદ મને મંજૂર નથી ! જમાનો બદલાયો છે... તેની સાથે મૂલ્યો પણ બદલાયાં છે... જૂનાં-પૂરાણાં મૂલ્યો મને સ્વીકાર્ય નથી... હું તમને 'સર' નહીં જ કહું.... તમે મિ. પ્રસાદ છો અને હું મિ. તન્ના ! આપણે એકમેકને એ રીતે જ ઓળખવા જોઈએ !'

'બૉસ' પ્રત્યે રોષનાં તીર છોડીને મિ. તન્ના પોતાને ઘેર જઈ પહોંચે છે... એમનાં પત્ની પાડોશમાં ગયાં છે.... મિ. તન્ના ગરમ થઈ જાય છે. નોકરને ધમકાવે છે. પત્નીને તાબડતોબ બોલાવીને તેનો ઊધડો લે છે, 'તારી આવી સ્વચ્છંદતા હું નહીં સાંખી લઉં. મારા ઑફિસેથી ઘેર આવવાને સમયે હાજર રહેવા તું બંધાયેલી છે ! હવેથી આવી ભૂલ હું નહીં ચલાવી લઉં.... સમજી ?'

આ છે મિ. તન્નાનો બીજો ચહેરો : 'બૉસ'ને 'સર' કહેવા કે માન આપવામાં એમને જૂનવાણીપણું લાગતું હતું.... પણ પોતાની પત્ની પડોશીને ઘેર પાંચ મિનિટ બેસવા જાય એટલુંય 'નારીસ્વાતંત્ર્ય' એમને મંજૂર નહોતું ! કારણ કે પોતે ઘરના 'બૉસ' તરીકેના વિશેષાધિકારોમાં બાંધછોડ કરવા તૈયાર નહોતા.

આજે દરેક શિક્ષિત માણસ બેધડક વાત કરતો હોય તો તે છે, 'નવાં મૂલ્યો'ની. વાણી, વિચાર કે વ્યવહારમાં એ અન્ય કરતાં જુદો પડે અને એમાં દેખાતી ખરેખરી ક્ષતિ વિશે કોઈ એનું ધ્યાન દોરે તો એ 'બદલાયેલાં મૂલ્યો, નવીન જીવનશૈલી, પ્રગતિશીલ વિચારસરણી' વગેરેનાં ખૂબસૂરત કારણો રજૂ કરી પોતાનો બચાવ કરવા મેદાને પડે છે, પેલા મિ. તન્નાની જેમ ! બે પેઢીના અંતરને પણ આપણે 'જૂની-નવી પેઢીના અંતર' જેવા ચલણી માપદંડથી મૂલવવા બેસી જઈએ છીએ !

પણ સાચું પૂછો તો 'મૂલ્ય' શબ્દનાં મૂલ્ય અને એમાં સમાવિષ્ટ ભાવના વિશે આપણે ગંભીરતાથી વિચાર કર્યો જ હોતો નથી ! પરિણામે આપણે આડે આવતી વ્યવસ્થા, વિચારસરણી કે જીવનશૈલીને અવરોધવા, અપ્રભાવક બનાવવા કે નિષ્ફળ બનાવવા 'નવાં મૂલ્યો'ની ચક્રફેંક કે ભાલાફેંકની રમત શરૂ કરી દઈએ છીએ. મૂલ્યાંતરની વાત માણસ સ્વાર્થસિદ્ધિનાં સોગઠાં તરીકે જ કરતો હોય છે. 'નવાં મૂલ્યો'ની વાત કરનાર માણસના પોતાની પત્ની, પુત્ર કે વડીલો સાથેના વ્યવહારમાં સ્વાતંત્ર્ય અને મતાંતર પ્રત્યેનો ક્ષમાભાવ ભાગ્યે જ જોવા મળે છે ! ઑફિસમાં 'બૉસ'ને 'વ્યક્તિસ્વાતંત્ર્ય'નું મહત્ત્વ સમજાવતો માણસ 'ઘર'માં 'વ્યક્તિસ્વાતંત્ર્ય'નો અમલ ચલાવી લેવા તૈયાર નથી હોતો. આચાર્ય કૃપાલાનીએ એટલે જ આવાં બેવડાં ધોરણો અપનાવતાં માણસો વિશે લખ્યું છે, કે જ્યારે આપણે બીજાનાં વર્તનનો વિચાર કરીએ છીએ, ત્યારે હંમેશાં જૂનાં મૂલ્યો જ વાપરીએ છીએ. ફક્ત

આપણે જ્યારે બદલાયેલાં મૂલ્યોએ નહીં પણ લોભ, સ્વાર્થ અને વિલાસવૃત્તિએ પ્રેરેલાં આપણાં સ્વૈર કાર્યોનો બચાવ કરતાં હોઈએ છીએ ત્યારે જ 'નવાં મૂલ્યો'ને વચમાં લાવીએ છીએ !

સામાજિક જીવનની તંદુરસ્તી અને સુવ્યવસ્થા માટે કેટલાક ચોક્કસ નિયમો જરૂરી હોય છે અને એ નિયમોને ઈષ્ટ કે આવકાર્ય ગણી લોકો તેનું પરિપાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, એવા નિયમોની વિરુદ્ધની બાબતોને ત્યાજ્ય કે અનાવકાર્ય ગણવામાં આવે છે. એનાથી ઊલટું, 'બદલાયેલાં મૂલ્યો' કે નવાં મૂલ્યોને બદલાયેલાં નીતિ-ધોરણો, જીવનપ્રણાલિકાઓ તરીકે સમજવામાં આવે છે; પરંતુ એક પાયાની વાત બંનેમાં સામાન્ય એ કે મૂલ્ય નવું હોય કે જૂનું તેનો મૂળ ઉદ્દેશ સમાજમાં વર્તનને લગતું ચોક્કસ ધોરણ ઊભું થાય એ જ હોય છે. એમાં અકારણ ઉદંડતા, વિદ્રોહિતા અને ફેશન કે દેખાવ ખાતર કરવામાં આવેલા વિરોધને સ્થાન ન જ હોય.

અહીં શ્રી કૃપાલાનીજીએ કેટલાક દાખલા આપ્યા છે તે વિચારવા જેવા છે :

★ 'નવા જમાનાના માણસ તરીકે આપણે ચમત્કારથી રોગ મટે છે, એવું માનતા નથી પણ જો 'નવા' ડૉક્ટરો એમ કહે કે આ રોગ અસાધ્ય છે તો આપણે યોગીઓ, સાધુઓ, પીરો કે ફકીરો પાસે જતાં અચકાતા નથી ! એમની સલાહથી આપણે હાથે માદળિયું બાંધીશું, સ્ત્રીઓ પોતાની નાજુક ડોકે ભાગ્ય સુધરશે એ માટે રુદ્રાક્ષની માળા પહેરશે. અગ્નિદાહ દેવામાં આવે છે ત્યારે દેહની રાખનો કે અસ્થિનો અમુક ભાગ પ્રયાગના સંગમમાં પધરાવવા રાખી નથી મૂકતા ?

★ જો કોઈ ધનવાન પડોશીને ઘેર ચોરી થાય છે તો 'સામાજિક ન્યાય'ને નામે તેને ગૌણ ગણવામાં આવે છે, પણ જો આપણા ઘરમાં ચોરી થાય તો આપણે ભારે હોહા મચાવી દઈએ છીએ. મેં હજી એવો

નક્સલવાદી નથી જોયો જેણે સામાજિક ન્યાય સ્થાપવા માટે પોતાનાં માબાપનાં ઘરમાં ચોરી કરી હોય !

★ રાજકારણ અને વહીવટનાં ક્ષેત્રો લઈએ. આ બંને ક્ષેત્રોમાં આપણા દેશમાં વ્યાપક ભ્રષ્ટાચાર પ્રવર્તે છે એમ કહીએ છીએ. તેમ છતાં, આપણે કોઈ પ્રામાણિક રાજવી કે અમલદારનાં વખાણ નથી કરતાં. આપણે કોઈ ભ્રષ્ટાચારી રાજકારણી પુરુષ કે અમલદારોનો 'મૂલ્યો બદલાયાં છે' એમ કરીને બચાવ નથી કરતાં. આપણે તેમને લોભ અને લાલસા માટે સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. ધારો કે કોઈ ધારાસભ્ય પોતાના પક્ષમાંથી નીકળી જઈ બીજા પક્ષમાં જોડાય, અને જો તે આપણા પક્ષમાં ન જોડાય તો આપણે તેના વર્તનને વખોડી કાઢીએ છીએ. આવા બધા દાખલાઓમાં આપણે જૂનાં મૂલ્યોને આધારે જ વિચાર કરીએ છીએ !

★ શું કર્મચારીઓની પસંદગીમાં માલિક કે અમલદાર તરીકે આપણે જ્ઞાતિવાદ કે સગાંવાદથી પર રહી શકીએ છીએ ખરા ? દાન કે ફાળો આપતી વખતે આપણે આપણી 'જ્ઞાતિ' પ્રત્યેની પ્રીતિને કેન્દ્રમાં નથી રાખતા ? 'શિક્ષિત' વ્યક્તિના મનમાંથી 'નાતો' ગઈ છે ખરી ?

★ માણસ 'કરચોરી' કરે છે ત્યારે કયું મૂલ્ય યાદ રાખે છે ? 'બધાંય એવું કરે છે' એ દલીલ હેઠળ 'અંતરાત્માના અવાજ'ને સુવડાવી દેવામાં આપણને વાર નથી લાગતી !

આજે 'નવાં મૂલ્યો'ને નામે 'ખોટાં મૂલ્યો'ની આળપંપાળ કરવાની આપણને પડી ગયેલી આદત ખતરનાક પરિણામો લાવ્યા વગર રહેવાની નથી જ. માણસો અને સમૂહો જૂઠી લાગણીઓ અને સ્વાર્થી હેતુઓને કારણે પરિવર્તનની હિમાયત કરતા હોય છે પણ એવાં પરિવર્તન કે ફેરફાર એ કંઈ સુધારો કે ક્રાન્તિ લાવી શકવાનાં નથી. એ તો કદાચ પરિણામે પ્રત્યાઘાતી પણ નીવડે, કારણ કે એને લીધે ખોટા

વિચારો અને ખોટાં મૂલ્યો પેદા થાય છે. મોટા ભાગના માણસો સુધારાની વાતનો ઢાલ તરીકે ઉપયોગ કરતા હોય છે. માણસોનાં વર્તન પાછળનું પ્રેરક બળ તેમની વાસનાઓ, સ્નેહસંબંધો અને આવેગો જ હોય છે અને તેનો બચાવ કરે છે 'નવી નીતિ' અને 'નવાં મૂલ્યો'ને નામે ! આપણને એ કબૂલતાં શરમ આવે છે કે આપણું વર્તન સામાન્ય પણ સંકુચિત અર્થમાં અહંપ્રેરિત અને સ્વાર્થી હોય છે ! એ સંદર્ભમાં કૃપાલાનીજીની આ ટકોર કેટલી બધી સૂચક છે : 'સ્વરાજ્ય મળ્યા પછી આપણે આપણા જીવનમાંથી બધી શિસ્તને રજા આપી છે.' મૂલ્યોનાં સારાસારનો વિવેક, સંયમ અને શિસ્ત ગર્ભિત રહેલાં છે !'

બાઈબલમાં કહ્યું છે તેમ 'મનુષ્ય આત્મપ્રપંચનામાં કેટલો બધો ચતુર છે ! તમે મૂર્ખ પર કાંઈક વિશ્વાસ રાખી શકો પણ આત્મપ્રવંચક ઉપર તો કદાપિ નહીં. જૂનાના ઉચ્છેદની જેટલી જરૂર છે તેટલી જ જરૂર 'નવા'ને સત્યતા અને નિર્મળતાની દૃષ્ટિએ તાવવાની અને તપાસવાની છે ! નિર્દોષ હોય તે જ મૂલ્ય. એમાં દોષ પ્રવેશે એટલે એ પરિષ્કારને પાત્ર બને પણ એવો પરિષ્કાર કે સુધારણા, પરિવર્તન કે ફેરફાર નીતિમત્તાનાં તટસ્થ અને ઉદાત્ત ધોરણો નજર સમક્ષ રાખીને જ કરવાં જોઈએ ! એ આડે આવતી 'માંગણીઓ' કે 'લાગણીઓ', સુવિધાઓ કે આપણી તરફેણમાં લાવી શકાય એવા લોભથી પ્રેરિત ન જ હોવી જોઈએ. પરિવર્તન એ પ્રદર્શનનો નહીં પણ પવિત્રતાના પરિપાલનની પ્રતિજ્ઞાનો વિષય છે. સંયમ અને શિસ્તવિહોણું પરિવર્તન કેવળ આંધી બનીને અટકી જાય, ઉત્થાનનું નિમિત્ત ન બને. આ સત્ય આપણા શાણા સમાજસુધારકો જાણતા હતા એટલે મૂલ્યોની વાત કરવાની સાથે પોતાનાં વાણી, વર્તન અને વ્યવહાર પર જાતે જ શિસ્તનાં બંધનો મૂકતા. 'મૂલ્યો'ના પ્રચારકે એના સંત્રી બનવાની પણ પ્રતિજ્ઞા લેવી પડે છે. આપણે 'જૂનાં મૂલ્યો'માંથી મળી શકે તેટલો લાભ તો લેવો જ છે,

પણ એ 'લાભ' આપણી તરફેણમાં ન આવતો હોય તો 'નવાં મૂલ્યો'ને નામે લાભ આંચકી લેવામાં કે લેવડાવવામાં આપણને વાંધો નથી હોતો ! આપણે બાહ્ય રીતે બદલાયા છીએ. અંદરથી નહીં ! અને મોટા ભાગના માણસોને પોતાનું 'મહોરું' એટલે જ સાચવી રાખવાની ચિંતા હોય છે ! જો આપણામાં કામચોરી વધી હોય, કાર્યદક્ષતામાં ઊણપ આવી હોય, સ્વાર્થવૃત્તિ વકરી હોય, અર્થેષણા બળવત્તર બની હોય, આપણી સાથે સંમત ન થનાર પ્રત્યે વેરવૃત્તિ આપણું મન સેવતું હોય, પ્રતિશોધની આગ જલતી રહે, પરસેવાની કમાણી આપણને અભિશાપ અને ભ્રષ્ટાચાર પ્રદત્ત રૂપિયો આપણને વરદાન લાગતો હોય તો આપણે પ્રગતિ કરી કે અધોગતિ ? આપણે 'મૂલ્ય' ભણી નૂતન ગતિ કરી કે માણસાઈનાં 'અવમૂલ્યન' ભણી ? 'નવા માણસ'ની કોઈ પરિભાષા આપણા મનમાં આકારબદ્ધ બની છે ખરી ? 'નવાં મૂલ્યો'ની આપણી વાત આપણા અંગત અસંતોષની 'આડપેદાશ' તો નથીને ? 'નવું મૂલ્ય' દુર્બળ માનવીઓની છાતીમાંથી કદી નહીં પ્રગટે. 'નવું મૂલ્ય' ક્ષણિક ધૂન કે આવેશની પેદાશ નથી હોતું પણ ચોક્કસ પરિવર્તન માટે સંકલ્પબદ્ધ બનેલા ઉદાત્ત મનનું પવિત્ર સંતાન છે. આટલી સમજણ કેળવાય તોય ઘણું ! મૂલ્યોના સિકંદર બનવા નીકળેલા આપણે આપણા અંતઃકરણના સૈનિકને હાથે પરાજિત થતા હોઈએ તો આપણા કહેવાતા બાહ્ય વિજયનું મૂલ્ય કેટલું ?

*નિષ્કલંક અંતરાત્મા જેવું મુલાયમ ઓશીકું બીજું કોઇ નથી.*

**- ફ્રેંચ કહેવત**

# ૧૭ માણસને ઘડવાની વર્કશૉપ

‘અછતની છત’
માણસને ઘડનારી
મોટી ‘વર્કશૉપ’ છે !

એક ઊંચો, કદાવર અને હૃષ્ટપુષ્ટ લાગતો માણસ બસ-સ્ટૅન્ડે ઊભો ઊભો પોતાની ગરીબી અને લાચારીને ધિક્કારી રહ્યો હતો અને ‘રંકને આ દુનિયામાં જીવવાનો કોઈ જ અધિકાર નથી’ એવો નિરાશાભર્યો ફરિયાદસૂર વ્યક્ત કરી રહ્યો હતો !

જીવનનો પરાજય ભાવે વિચાર કરી એની નિંદા કરે એ માણસ જેવો બીજો રંક કોણ ? માણસનું દિમાગ કે બુદ્ધિ ગમે તેટલાં સક્ષમ હોય પણ તેની વૃત્તિ અકિંચન–ગરીબડી હોય તો એ માણસ જીવનભર આંસુના દુર્વ્યય સિવાય બીજું કશું જ નહીં કરી શકે. ખરો શ્રીમંત કે તવંગર માણસ એને જ કહી શકાય કે જેની શ્રદ્ધામાં શ્રીમંતાઈનું ઓજસ હોય. જીવન પ્રત્યેની સંકુચિત, ક્ષુદ્ર અને રોદણાંભરી દૃષ્ટિ માણસને ગતિ અને પ્રગતિની તમામ શક્યતાઓથી વંચિત રાખતી હોય છે.

માણસે બહારથી સમૃદ્ધ થવા માટે પણ આંતરિક રીતે તો સમૃદ્ધ થવું જ પડે. કીર્તિ અને ધન નિર્વીર્યના રળતરનો વિષય નથી. કાર્યશક્તિ પરનું પ્રભુત્વ અને વિપદાને વરદાનમાં પલટાવવાની આદત જ

માણસને રંકમાંથી રાજરાજેશ્વર બનાવી શકે છે. પદવીનાં પ્રમાણપત્રો હોય પણ કોઠાસૂઝ ન હોય, સ્થાન મળ્યું હોય પણ પડકારો ઝીલીને આગળ વધવાનું સામર્થ્ય ન હોય, ધંધામાં માણસ પડ્યો હોય પણ આત્મવિશ્વાસ, કુનેહ, નિર્ણયશક્તિ અને પરિશ્રમની પ્રબળ વૃત્તિ ન હોય તો તે માણસ જીવનમાં કશું જ હાંસલ નહીં કરી શકે ! પદવીધારી બન્યા છતાં પામરતાથી તમારો પિંડ મુક્ત ન હાય તો પ્રમાણપત્ર તમારી પવિત્રતાનો વિજયધ્વજ ક્યાંથી ફરકાવી શકે ?

એટલે રૂસોએ કહેલી વાત વિચારવા જેવી છે કે માણસ તરીકે ફરજ બજાવવા માટે જે કોઈ શિક્ષિત થયો છે તે પોતા સાથે સંકળાયેલાં કામ માટે ખરાબ રીતે ઘડાયો ન હોય. મારા વિદ્યાર્થીઓ લશ્કર, મંચ કે હોટેલ માટે તૈયાર થાય તે બાબત મારે મન મહત્ત્વની નથી. કુદરતે આપણને, આપણાં સામાજિક લક્ષ્યો નક્કી કરીએ તે પહેલાં માનવીય જીવન જીવવા માટે ઘડ્યા છે. જીવન જીવવાનો કસબ હું તેને શીખવવા ચાહું. જ્યારે હું તેને તેમાં તૈયાર કરીશ ત્યારે ખરેખર તો તે સૈનિક કે વકીલ બીજું કાંઈ નહીં હોય. પ્રથમ તેને મનુષ્ય થવા દો. તકદીર ભલે તેને રુચે તેમ, એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડે, તે તેની જગ્યાએ જ રહેશે.

એટલે મૂળ વાત છે માણસની શક્તિ અને ગૌરવના પ્રગટીકરણની. કામનો અધિકાર મળે તે માટે, બૂમબરાડા પાડનાર લોકો 'કામના અધિકારી' બનવા પ્રત્યે કેટલા બેદરકાર હોય છે ! તળિયે રહીને પણ બળિયા બની શકો તો જ ટોચને લાયક ઠરી શકો !

આજના માનવીની કરુણતા એ છે કે એણે વાસ્તવિકતાની માટી પર પગ મૂક્યા વગર જ રાતોરાત ટોચને લાયક બની જવું છે. આ પણ એક પ્રકારની દરિદ્રતા જ છે. જેઓ ધરતીની ઉપેક્ષા કરીને કેવળ આભમાં ઊડે છે એને આભ સંઘરતું નથી. તેઓ ભમે છે, ભટકે છે, રઝળે છે પણ ઠરતા નથી !

જીવન સાથેનો નાતો મજબૂત નહીં હોવાને કારણે જ માણસ લાચારી અને ભયનો અનુભવ કરતો હાય છે ! જીવન સાથેનો નાતો કપાયાની નિશાની એક જ છે : શ્રેષ્ઠતાના આગ્રહની સદંતર ઉપેક્ષા ! સર્વત્ર 'ચાલશે, વાંધો નહીં, એ તો એમ જ ચાલે'-ની ઢીલી નીતિનો વટભેર પ્રચાર થઈ રહ્યો છે ! સમયપાલનના આગ્રહનો અભાવ, નિયમિતતાના આગ્રહનો અભાવ, નિષ્ઠા અને ફરજપાલનના આગ્રહનો અભાવ ! આ બધાંના સરવાળાએ આપણને 'મહારંક' બનાવી દીધા છે ! રુઆબદાર વસ્ત્રો, વાણીવર્તનમાં રંકતા, મોટી પદવી કે પદ, પણ ચારિત્ર્યમાં રંકતા, પૈસાની રેલંછેલ પણ માનવતાની રંકતા ! રંકતાએ આડો આંક વાળી દીધો છે ! તર્કમાં શૂરા પણ આચરણમાં સાવ અધૂરા માણસોની વધતી જતી વણજાર ! ગાંધીજી એટલે જ કહેતા કે સો મણ તર્ક કરતાં એક અધોળ આચરણ ચડે છે !

માણસ પોતે રંકત્વની મનોવૃત્તિ ધારણ કરીને તક નહીં આપનાર ઈશ્વરને નિંદે એ ક્યાંનો ન્યાય ? માણસને જોઈએ તેટલું અન્ન પકવવા ધરતી આપી છે, સાગરખેડુ બનવું હોય તો ખૂંદતાં થાકો નહીં એટલા સાગરો આપ્યા છે અને એ બધું પણ પોતે ઉત્પન્ન કરેલાં માણસોને પેટ પૂરતું મળી રહે એની કાળજી રાખીને ! એનો અલ્પ ઉપયોગ કરીને સાહસ, શૌર્ય અને મહેનત કરવાના સંકલ્પને અભાવે ઠંડીમાં બેસીને થરથર્યા કરીએ તો આપણા જેવો બીજો હતભાગી કોણ ? સંકલ્પ જ જીવનની કાયાપલટ કરી શકે.

પોતાનું મૂલ્ય ન સમજે તે 'મામૂલી'. આવા મામૂલીઓ સામે ચાલીને દુર્ભાગ્યના યજમાનો બનતા હોય છે.

જેનું અનુભવ-જગત જેટલું સમૃદ્ધ, તે માનવી અંદરથી એટલો જ સમૃદ્ધ. પરંતુ વામણા લૌકો આપત્તિના વાયરા ફૂંકાવાની શક્યતાથી અનુભવપ્રાપ્તિના મોકાથી દૂર રહેવામાં પોતાનું શાણપણ સમજતા

હોય છે. આવા લોકો રંક રહે એમાં નવાઈ શી ? કારણ કે રંકત્વ એમની રગેરગમાં વ્યાપેલું છે ! ફ્રેંકલીન એટલે જ અનુભવને મહાવિદ્યાલય માને છે. મૂર્ખાઓ એમાં ઠોઠ રહે તો એમાં વિદ્યાલયનો શો વાંક ?

છતની લત માણસની ઘડતરયાત્રાનું સૌથી મોટું વિઘ્ન છે. એટલે જ 'સફળતાનાં રહસ્ય'માં કહેવામાં આવ્યું છે : 'ઓ અછત, તું અમારી મહાન શિક્ષક છે. તેં પ્રજાઓને શિક્ષણ આપ્યું છે.'

'તેં માણસોને અનિશ્ચિતતામાં શિક્ષણ આપ્યું છે અને સુંદર સ્વપ્નાં દેખાડી નિશ્ચિતતા તરફ ધકેલ્યા છે. હે અછત, તેં ઘણા આત્માઓની બહાદુરી પ્રગટ કરી છે અને નિઃસ્વાર્થ ભક્તિ પ્રાપ્ત કરી છે. તેં ગુલામીમાં સ્ત્રીઓને સબડતી જોઈ છે અને અનેક સન્નારીઓ જગતને અર્પણ કરી છે. તેં અમને આકાશ સુધી જેનાં ઉન્નત મસ્તક વિસ્તરે છે, એવા આત્માઓની ભેટ ધરી છે.

'તેં અમને પોસીન જેવા દુકાનનાં બોર્ડ ચીતરનારા અને પેરિસના રસ્તા પર ભટકનાર માનવીમાંથી મહાન કલાકાર શોધી આપ્યા છે. તેં અમને ચાંટ્રે જેવા ગધેડા ઉપર દૂધનાં બોઘડાં ભરીને ઘરાકને પહોંચાડનાર દૂધવાળામાંથી સૈકાના મહાન શિલ્પીની ભેટ ધરી છે. તેં અમને સ્વીડનના રસ્તા ઉપર રખડતા સામાન્ય માનવીમાંથી પ્રસિદ્ધિને શિખરે આરોહણ કરનારા, રિચાર્ડ ફોલી જેવા માનવી આપ્યા છે. તેં અમને નાટકના થિયેટરની બહાર બારણા પાસે ઘોડા પકડીને ઊભા રહેનારમાંથી, 'હેમ્લેટ' જેવા અમર નાટકોના સર્જનાર નાટકકાર, શેક્સપિયર આપ્યા છે. તેં અમને ગ્રીસના દરિયાકિનારે ફરનારા હોમરમાંથી જગતનું મહાન કાવ્ય 'ઇલિયડ' લખનારા હોમર આપ્યા છે !

વ્યાસ હોય કે કાલિદાસ, અછતની ડાળે બંધાયેલા જીર્ણ વસ્ત્રના ઘોડિયામાં ઝૂલીને જ સૌ મોટા ગજાના માનવીઓ બની શક્યા છે. અછતની છત માણસને ઘડનારી મોટી 'વર્કશૉપ' છે. એમાં નહીં

ઘડાવાની દાનત રાખનાર રંક રહે છે. ટિપાવાની દાનતને અભાવે જ કલાકૃતિ બનવાને લાયક લોખંડનો ટુકડો ભંગારલાયક બની જતો હોય છે. ચિત્તની એકાગ્રતાનો અભાવ જ આપણા હાથમાંથી વિકાસની અનેક શક્યતાઓ સરી જવાનું નિમિત્ત બને છે. તંગીના વિચારને તિલાંજલિ એટલે પ્રગતિને સ્વતંત્રાંજલિ તંગીના વિચારનો પરિત્યાગ કરવાથી જ કાર્ય પ્રત્યેનો સાચો અનુરાગ, તન્મયતા અને સંનિષ્ઠા પ્રગટે છે ! જગતમાં સારી વસ્તુઓ નથી, એમ કહેનારે એટલું જ યાદ રાખવું જોઈએ કે, તેને સારી વસ્તુઓ મેળવતાં આવડતું નથી ! જે વસ્તુ મેળવવા માટે આપણે હૃદયથી સમર્પિત બનીએ એ વસ્તુ આપણે વહેલામોડા પણ મેળવી શકીએ છીએ. ત્યાં સુધી પ્રતીક્ષા નહીં કરવાની દાનત જ માણસને દીન અને ગમગીન બનાવે છે. સત્યતા, નિયમિતતા, સ્થિરતા અને ઉચિત શીઘ્રતા - આ ચાર મહાશક્તિઓ જીવનમાં મબલખ સુખ અને સમૃદ્ધિ ખેંચી લાવનાર મહત્ત્વનાં પરિબળો છે. આ પરિબળોને પોતાનું બળ બતાવનાર કદાપિ નિર્બળ રહી શકે નહીં. તમે કાષ્ઠખંડ તરીકે પડ્યા રહો તો કયું લોહચુંબક તમને આકર્ષી શકે ? જેટલાં વિશ્રામગૃહો વધશે એટલાં પરિશ્રમાલયો ઘટશે. અને વિશ્રામગૃહોમાં શ્રમ નહીં કરનારા જ મહાલે છે, કારણ કે કઠણ બનવાનું વરદાન કુદરતે એમને નથી આપ્યું !

*જેની પાસે, ધન ઓછું છે તે ગરીબ નથી, પણ જેની ઇચ્છાઓ અતૃપ્ત હોય છે તે ગરીબ છે.*

**- ડેનિયલ**

# ૧૮

## ખરો સત્તાધીશ

**સત્તા સરી ગયાની જેને વેદના ન હોય
તે ખરો સત્તાધીશ, બાકી બધા
ખુરશીના ગુલામ.....**

વાત સિકંદરના એક સૂબેદારની છે. એક વખત સિકંદરે પોતાના જ એક સજ્જન સેનાપતિને વિના વાંકે નારાજ થઈ સૂબેદારના હોદ્દા પરથી ઉતારી પાડ્યો.

થોડા દિવસ પછી કામ પ્રસંગે તેને સિકંદરે બોલાવ્યો. ખેદ પામ્યા વગર પ્રસન્ન મુખે તે આવ્યો. સિકંદરે પૂછ્યું : 'હું તમને પહેલાંના જેવા જ ખુશમિજાજ જોઉં છું.... તેનું કારણ શું ?'

સૂબેદારે ઉત્તર આપ્યો : 'મને હવે ઘણું સારું લાગે છે. આખી ફોજના સૂબેદારો મને હવે માન આપે છે, સાધારણ સિપાઈ જે પહેલાં મારી પાસે આવતાં સંકોચાતો હતો, તે હવે ખુશીથી મારી પાસે આવે છે. અને હું તેમને સાચી સલાહ આપી શકું છું. તેઓનો પણ હું માનીતો માણસ થઈ પડ્યો છું. ઘણા માણસો ચાહે એ જ આ સંસારમાં મોટું સુખ અને લહાવો છે.'

સિકંદરે પૂછ્યું : 'ઘેરબેઠાંનું દુઃખ શું તમને નથી લાગતું ?'

સૂબેદારે કહ્યું : 'આબરૂ પદવીમાં છે કે માણસાઈમાં ? જે માણસ પોતાને સોંપાયેલ કામ બરાબર કરે અને બીજાને મદદ કરે તેને જ લોકો ભલો કહે છે. મોટો માણસ થઈને લાંચરુશ્વત લે, તો નાના સિપાઈઓ કરતાં પણ તે હલકો ગણાય છે.' આ વાક્યો સાંભળી સિકંદર બહુ રાજી થયો અને બધા સિપાઈઓનો તેને ફરીથી ઉપરી નીમ્યો.

'સુબોધ કથાસાગર'ની આ પ્રેરકકથા ઘણું બધું કહી જાય છે... વિશેષતઃ એવા લોકોને, જેમને કોઈક કારણસર પોતાનું સ્થાન ગુમાવવું પડે છે.

હાર અને જીત એ જીવનનો ક્રમ જ છે, એ વાત ગળે નહીં ઊતરવાને કારણે જ માણસ હંમેશાં જીત તરફ નજર રાખીને યેનકેન પ્રકારેણ જીત કે ફતેહ પોતાના પક્ષમાં ખેંચી લાવવાની કોશિશ કરે છે. અને તેમ કરવામાં નિષ્ફળ નીવડે ત્યારે 'ભાંડણલીલા' શરૂ કરે છે, આક્રમક બને છે, આક્ષેપોની આંધી શરૂ કરે છે અને મનની શાન્તિ ખોઈ બેસેછે.

હાર એ હતાશાનો નહીં, આત્મદર્શનનો અમૂલ્ય અવસર છે. વિજયની ઘેલછા માણસ પાસેથી વિવેકદૃષ્ટિ છીનવી લે છે, ત્યારે તે માણસ પોતાને હાથે જ પરાજિત થાય છે. એટલે જ ખરો વિજયી એ નથી, જેણે બીજા પર જીત મેળવી લીધી હોય, પણ ખરો વિજયી એ છે જેણે પોતાના પર જીત મેળવી હોય ! પ્રાપ્ત અનુકૂળ જીત પાખંડી, સ્વાર્થી કે જવાબદાર પદાધિકારી બનવાનો પરવાનો કદાપિ ન હોઈ શકે !

જીત માટે તમે ચારિત્ર્યહીનતા અને નૈતિક અશુદ્ધિ અપનાવો ત્યારથી જ તમારા પરાજયનાં એંધાણ શરૂ થઈ જાય છે. કોઈ પણ પક્ષ રચાય છે, ત્યારે તેની સામે સૌથી મહત્ત્વની બાબત હોય છે એ પક્ષમાં કયા પ્રકારના માણસોને પ્રવેશ આપવો તે. પક્ષને બાહ્ય રીતે મજબૂત

કરવા માટે મોવડીમંડળ 'વગ ધરાવતા' બળિયાને મહત્ત્વ આપે અને સચ્ચરિત્રશીલ – અદબવાળા કાર્યકરોની ઉપેક્ષા કરે તો કદાચ આકસ્મિક વિજય મેળવવાનો યશ મળી જાય, પણ લાંબે ગાળે કારમા પતનનો દિવસ જોવાનો વારો આવે છે.

એટલે જ ગુલામીની પ્રથા નાબૂદ કરવા માટે જ્યારે અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન મેદાને પડ્યા, ત્યારે તેમના મદદગાર જોન બ્રાઉનને પોતાના નવપ્રસ્થાપિત મંડળનો ઉદ્દેશ અને કાર્યરીતિ સમજાવતાં કહ્યું હતું, કે અમારા મંડળમાં કૉલેરા, પ્લેગ કે ક્ષયના દર્દીઓને ખુશીથી દાખલ કરીશું, પરંતુ ચારિત્ર્યહીન માણસોને અમારા મંડળમાં સ્થાન મળશે નહીં !

જોન બ્રાઉનના આ શબ્દો દરેકે–દરેક રાજકીય પક્ષે મુદ્રાલેખ તરીકે સ્વીકારી લેવાના છે ! 'અ-સભ્ય'નું સભ્યસંખ્યાબળ પક્ષને મૂળમાંથી ખતમ થવાનું નિમિત્ત બનતું હોય છે.

હાર એ નથી પ્રમાદનો અવસર કે નથી નિદ્રાનો, એ તો આત્મબળ સુરક્ષિત રાખી આત્મપરિષ્કાર માટે સંકલ્પબદ્ધ બનવાનો સોનેરી અવસર છે ! પરંતુ રાજકારણીઓ પરાજયને 'વિષ' માને છે, પીયૂષ નહીં ! હકીકતમાં પરાજયને જે પચાવી શકે તે 'વિષ'ને પીયૂષમાં પરિણત કરી શકે !

આપણે ત્યાં વિજયી 'રાજકારણી'નું જેટલું બહુમાન થાય છે, તેટલું કોઈ પવિત્ર સંતનું પણ નથી થતું ! એટલે જ આચાર્ય કૃપાલાનીજી કહેતા હતા કે, જો આજના રાજકારણીની ખુશામત ન કરીએ અને તેને મોટો ભા ન બનાવીએ તો આપણને તેની પાસેથી વધુ સારી સેવા મળી શકશે. પેલું ખુશામતનું વલણ રાજકારણીને બગાડે છે એટલું જ નહિ, આપણી લોકશાહીને પણ હાનિ પહોંચાડે છે.

આ બાબતમાં 'દેશભક્ત અને રાજકારણી' લેખમાં તેમણે કહ્યું છે તેમ ગાંધીયુગમાં રાજકારણનો અર્થ દેશની સ્વાધીનતા માટે સતત સેવાકાર્ય એવો થઈ ગયો હતો. એમાં પ્રસંગોપાત્ત જેલ જવાનું પણ આવતું. કેટલાક આગેવાનોએ તો પોતાની બાદશાહી આવકનો ભોગ આપવો પડ્યો હતો અને પોતાની આખી જીવનપદ્ધતિ જ બદલી નાખવી પડી હતી. રાષ્ટ્રની સ્વતંત્રતા માટે સહન કરનારા અને ભોગ આપનારા આવા માણસોને લોક અસામાન્ય ને આદરપાત્ર માને તે સ્વાભાવિક હતું. એટલે લોકો તેમની 'જય' પોકારતા !

પણ આજે તો રાજકારણીએ કોઈ ભોગ આપવો પડતો નથી ! દરેક ધંધાના માણસની જેમ રાજકારણી પણ એક સામાજિક કર્તવ્ય બજાવે છે. સ્વતંત્ર સમાજમાં એમ કરવા માટે એણે કોઈ ભોગ આપવો પડતો નથી કે કશું વેઠવાનું આવતું નથી. આજે તો રાજકારણી કાં તો સરકારમાં હોય છે કે ધારાસભામાં, કોઈ સંસ્થામાં પણ હોય, પણ આ બધે સ્થાનેથી એ પોતાના પગાર ઉપરાંત સત્તા પણ ભોગવતો હોય ! તેમ છતાં, પહેલાંના જમાનાને ટેવાયેલા હિન્દુસ્તાનના લોકો સ્વાતંત્ર્ય પહેલાંના દિવસોમાં દેશભક્ત રાજકારણીને જે માન અને આદર આપતા હતા તે આજના રાજકારણીને આપે છે. આથી એ રાજકારણીને એમ લાગે છે કે જાણે પોતે દેશભક્ત છે અને આદરપાત્ર છે. લોકો આજે પણ પહેલાંની જેમ તેની 'જય' પોકારે છે, 'ઝિંદાબાદ' ઇચ્છે છે. તેઓ તેનાં ચરણસ્પર્શ પણ કરે છે.

લોકો ભલે 'સ્વાર્થવશ' કદાચ એમ કરતા હોય, પણ લોકોએ હવે એ વાત સમજી લેવાનો સમય પાકી ગયો છે કે આજનો રાજકારણી એ બીજા કોઈ પણ ધંધાદારી જેવો ધંધાદારી જ છે.

માણસોને પદ ગયાનો પરિતાપ હોય એ સ્વાભાવિક છે. પરંતુ એ પદ સાથે અપ્રતિષ્ઠા જોડાઈ હોય તો તે કેવી રીતે દૂર થાય એ માટેના

પશ્ચાત્તાપની ઉત્કટ અભિલાષા જ એના પુનરોત્કર્ષનું સોપાન બની શકે છે. પરાજિત માણસ નકામો નથી, નકામો તો એ છે જે મનુષ્યને લાયક કાર્યો કરવામાં વામણો પુરવાર થયો છે. એટલે જ પાયથાગોરસે કહેલી વાત સાચી લાગે છે કે લોકો તમારે વિશે ગમે તે ધારે, તો પણ જેને તમે સત્કાર્ય ધારતા હો, તે કાર્ય તમે કરજો. નિંદાની સ્પૃહા રાખશો નહીં અને સ્તુતિની પણ સ્પૃહા કરશો નહીં !

તમે ખુરશી ખાલી કરો ત્યારે એવું ગૌરવપૂર્વક કહી શકવાની સ્થિતિમાં છો કે અમુક કારણસર મારે જવું પડે છે. પણ હું મારું 'ચારિત્ર્ય' મારી પાછળ મૂકીને જાઉં છું ! ખુશી થઈને ખુરશી છોડે એવી ખુમારી આજના રાજકારણીઓ કે પદલોલુપોમાં રહી જ ક્યાં છે ?

આપણાથી અન્ય કોઈ સુયોગ્ય શક્તિશાળી જણાય છે, ત્યારે તેને ઈર્ષ્યાપાત્ર ગણવામાં આપણે પાછી પાની કરતા નથી ! આ રીત પ્રગતિના ઉપાસક માટે સાવ ખોટી છે. કોઈને પ્રગતિ કરતો જોઈ અદેખાઈ કરવાને બદલે તે ક્ષણે આપણે એટલો જ વિચાર કરવો જોઈએ કે આપણી કઈ મર્યાદા આપણી પ્રગતિના પંથમાં રુકાવટ બની. પ્રામાણિક પુરુષાર્થ કર્યા છતાં પણ સફળતા, ફતેહ કે વિજય ન મળે ત્યારે વિચલિત થવાને બદલે વધુ યોગ્યતા સંચિત કરવાનો સંકલ્પ જ આપણે માટે એક માત્ર વિકલ્પ રહે છે. પણ યોગ્યતા માટેની સતત સાધના સદંતર એળે ગઈ હોય એવું ક્યારેય બનતું નથી.

એટલે મૂળ સવાલ છે પરાજયની વસમી ઘડીએ જાતને જાળવવાનો અને વિજયની ધન્ય ઘડીએ જીતને જીરવવાનો ! વામણા વિજેતા બનવું એના કરતાં શાનદાર પરાજિત ઠરવું શ્રેયસ્કર છે. પરમેશ્વરને મહાનતાનો સોદો 'સસ્તા'માં પતાવવાની આદત નથી ! એટલે જેને એ સાચા અર્થમાં મહાન ઠેરવવા ઇચ્છે છે, તેના જીવનમાં જયપરાજયની ઘડીઓનું નિર્માણ એ કરે જ જાય છે. પરાજયની ક્ષણે વરવો ન બને,

અને વિજયની ઘડીએ 'ગરવો' અને 'નરવો' રહે, એવો ઝિંદાદિલ માણસ કુદરતની કસોટીમાં કામયાબ ગણાય છે. આવું બળ માણસને પ્રતિષ્ઠિત વંશપરંપરામાંથી કે ધનના અંબારમાંથી પ્રાપ્ત થતું જ નથી, પરંતુ જાત-કેળવણીમાંથી પ્રાપ્ત થાય છે. માણસ ઉછીના અજવાળાથી અદકો બની શકતો નથી. પરાજય એ કમનસીબી નથી, પણ ખોટાં સાધનો અખત્યાર કરીને મેળવેલી જીત એ કમનસીબી છે. કારણ કે એવી જીત એ ભાવિ પરાજયનો પાયો રચતી હોય છે. અહીં એક રોમન કિસાનનો કિસ્સો નોંધવા જેવો છે. રોમન શહેનશાહત જ્યારે ભયમાં હતી ત્યારે રોમન રાજસભાના સભ્યો ક્વીન્ટીયન સિન સિનેટ્સને એલચીની જગા માટે બોલાવી ગયા. સભાસદોએ તેને હળ ચલાવતો, સાદા પોશાકમાં અને પદવી માટેના કાંઈ પણ લોભ વગરનો જોયો હતો. પોતાના મિતાચાર, દયા, સદ્ગુણ અને ન્યાયવૃત્તિથી, કુસંપને લીધે થયેલી ઈર્ષ્યાની વચ્ચે, તે સાર્વજનિક શાન્તિ ફરીથી લાવી શક્યો અને પોતાના ખેતીના ધંધામાં તે ફરી દાખલ થયો.

ફરી એક મહત્ત્વનો પ્રસંગ ઊભો થયો. રાજસભાએ તેને અમર્યાદિત સત્તા સાથે ડિક્ટેટર બનાવ્યો. તેણે લોકોમાં ફરી વિશ્વાસ ઉત્પન્ન કર્યો. લડાઈમાં જે કીમતી લૂંટ મળી હતી, તેમાં ભાગ લેવાની તેણે ના પાડી. ચૌદ દિવસ ડિક્ટેટર રહ્યો, પછી તેણે તે જગ્યાનું રાજીનામું આપ્યું અને જાણે કાંઈ જ બન્યું ન હોય એમ તે પોતાના ખેતર ઉપર શાંતિ સહિત ફરીથી કામ કરવા લાગ્યો.

સત્તા સરી ગયાની જેને વેદના ન હોય એ ખરો સત્તાધીશ, બાકી બધા ખુરશીના ગુલામ ! 'ખુરશી'ને દાસ તો અનેક મળે છે, પણ સુયોગ્ય 'સ્વામી' માટે એણે વલખાં મારવાં પડે એના જેવી બીજી સત્તાની કમનસીબી કઈ ?

**૧૯**

# ઝિંદાદિલી

**પોતાની હાજરીમાં તારો પણ ન ટમકી શકે એ સૂરજની સિદ્ધિ નથી, પણ પરાજય છે !**

'ઉદ્‌ગાર'માં એન્તન ચેખોવનું એક વાક્ય નજરે પડે છે, જેનો અનુવાદ છે : જીવન એક સકંજો ? ચેખોવ વૉર્ડ નંબર સિક્સના નાયક એન્ડ્રી યેફીમિચનું વર્ણન કરે છે. સકંજામાંથી છૂટવા મથતા માણસ તરીકે પણ લુચ્ચા લોકોએ ગોઠવેલા સકંજામાંથી છૂટવાનો મૃત્યુ સિવાય બીજો કોઈ પણ વિકલ્પ નથી. જીવતર પણ દુ:ખભર્યું અને એનાથી મુક્ત થવા માટેનું મૃત્યુ પણ પીડાકારક ! આ સાણસામાં સલવાયેલા માણસની શાંતિની તમે કલ્પના પણ શી રીતે કરી શકો ?

માણસ શોધે છે આઝાદી ! પણ ક્યાં છે આઝાદી ? શાસ્ત્રકારો અને તત્ત્વજ્ઞાનીઓ કહે છે કે માણસ કર્મોને અધીન છે. કર્મનું ફળ ભોગવવા જેવું જીવતર મળે તે રીતે જનમવાનું ! માતા - પિતા - રક્તસંબંધો બધું જ પૂર્વનિર્ધારિત ! એમાં ગમા-અણગમાનો પ્રશ્ન જ નથી !

આવી અનેક 'લાચારી'ઓનું વર્ણન વિજય શાસ્ત્રીએ કર્યું છે ! વાઘ જેવા વાઘને પણ લાચાર બનાવી શકાય છે અને સામાને એક યા બીજા કારણે સાચા કે ખોટા કારણે લાચાર બનાવી દેવો એ માણસજાતનો

મોટામાં મોટો આનંદ છે. વાઘને પણ આ સકંજામાં લાચાર બનેલો જોઈ માણસ કેટલો ફુલાય છે ! વાઘ સકંજામાં સપડાયેલો હોય ત્યારે મહોલ્લાની બકરીઓ પણ દમામથી, રોફપૂર્વક તેની તપાસ કરવા નીકળી પડે છે ! ચેખોવ એટલે જ કહે છે કે આવો માણસ પોતાની હસ્તીનો ઉદ્દેશ કે અર્થ શોધવા જો પ્રયત્ન કરે છે તો એને કાં તો જવાબ જ નથી મળતો અથવા તો બેહૂદી વાતો કહેવામાં આવે છે !

'જન્મ, કુટુંબ, સગપણ, લગ્ન, નોકરી જેવા જીવલેણ સકંજાઓમાં માણસ માત્ર બે ટંક દાળભાત જેવી નજીવી વસ્તુ માટે બંધાઈ જાય છે. બે રોટલી માટે ને થોડા હલકી ધાતુના સિક્કા માટે માણસને આખી જિંદગી કિંમત ચૂકવવી પડે છે ! વાઘને બકરીના પગ પાસે આળોટવું પડે છે ! પારેવાંઓને ગીધડાંની સામે હસવું પડે છે. ફૂલોને ભ્રમરના ડંખ સહેવા પડે છે. સૉક્રેટિસને ઝેર પીવું પડે છે ! ગાંધીને ગોળીઓ ઝીલવી પડે છે. ભારોભાર ક્રોધનો સાગર ઘૂઘવી રહ્યો હોય છતાં હોઠે સ્મિત આણવું પડે છે. કારણ : એ 'માણસ' સકંજામાં સપડાયો છે.

માણસોને જીવવા ખાતર પોતાની જાતને કોઈના ઈશારે ગીરો મૂકવી પડે એવી લાચારી લમણે લખનારાઓ પણ આખરે તો પોતાના અહંકારના સકંજામાં સપડાયેલા પામર માણસો જ છે ને !

જીવનની ચિંતાથી વ્યથિત થયેલો માણસ પરલોક સુધારવા ફાંફાં મારે એ પણ એક લાચારી ! અને પરલોક સુધારવા માટે ધર્મની જાળ બિછાવીને બેઠેલા ઈશ્વરના દલાલો પણ માણસને ક્યાં આઝાદ રહેવા દે છે ! લાચારીમાંથી મુક્તિ મળતી નથી, લાચારી પ્રદાન કરનાર માધ્યમ બદલાય છે ! આ લોકથી થાકેલા-હારેલા માણસને પરલોકનો ભય દેખાડી 'પડેલાને પાટુ' મારવાનીપ્રક્રિયાને આપણે 'ધર્મ' કહીશું કે અધર્મ? સહી સહીને અધમૂઓ થઈ ગયેલા માણસને સહનશીલતાનો સંદેશ આપવો અને જેની પાસે ધન કે સત્તાની તાકાત છે એને 'આર્થિક

ઉપયોગિતા' ખાતર સન્માન આપવું એ શું કહેવાતા 'ધર્મતંત્ર'ની લાચારી નથી ? રોટલો કેમ રળવો એ શિક્ષણ શીખવશે, પણ દરેક કોળિયાને મીઠો કેમ બનાવવો એવી કેળવણી તો નિર્મળ ધર્મભાવના જ શીખવી શકે ?

બીજાને સકંજામાં સપડાવવાની કળામાં નિપુણ બનવાના આત્મઘાતી પ્રયોગને માણસ પોતાના જીવનની પ્રાપ્તિ કે ઉપલબ્ધિ માને એનાથી બીજો મોટો વિનિપાત માનવજાતિનો શો હોઈ શકે ? માણસ પોતાનાં કુકર્મોને હંમેશાં ઢાંકી રાખવાનો પ્રયત્ન કરી મેદાન મારી ગયાનું અનુભવે છે ! પણ આવી ચાલાકી પણ અંતે તો તેનો સકંજો જ છે ! પ્રપંચોની આદત માણસ સહેલાઈથી છોડી શકતો નથી ! અને પ્રપંચ પાસે સદાકાળ ગુપ્ત રહેવાનો પરવાનો હોતો નથી ! એટલે જ ચાણક્યે કહ્યું હતું કે, દુષ્કૃત્યોને ઢાંકી રાખે એવો પડદો બનાવનાર કોઈ વણકર આજ સુધી જગતમાં પાક્યો નથી !

જગતને 'જળ' રહેવા દેવાને બદલે આપણે એને 'જાળ' બનાવી દીધું છે, કારણ કે માણસ બીજાને પોતાના સકંજામાં સપડાવવા સદા તત્પર રહે છે ! આપણે 'સરસ' માણસ કોને કહીએ છીએ ? આપણને સદા-સર્વદા અનુકૂળ રહેતો આવ્યો હોય તેને ! આપણા સકંજા સામેના તેના વિદ્રોહને આપણે બિનવફાદારીનું લેબલ ચોંટાડી દઈએ છીએ ! આપણને કેવળ 'મૅન' નથી ખપતો પણ 'જેન્ટલમૅન' ખપે છે. અને 'જેન્ટલમૅન' એટલે ? આપણને ગમે તેવો ડાહ્યોડમરો, આજ્ઞાંકિત અને અનુયાયી ! લગ્ન પ્રસંગે આગળ ચાલે એવા માણસો 'વરઘોડા'ની શાન ગણાય છે, પણ વાસ્તવિક જીવનમાં માણસ પોતાનાથી આગળ ચાલનારનો પગ પકડીને એને પછાડે છે ! કારણ કે દરેક માણસ દુનિયામાં હકનો જ વધુ વિચાર કરે છે ! આપણે વાતો ઐક્યની કરીએ છીએ પણ આપણને વહાલું છે દ્વૈત ! બીજાને જુદો રાખવામાં, ગણવામાં

માણસ પોતાની બેતૃતીયાંશ શક્તિ વેડફી નાખે છે ! હિંસાનો પાયો પણ આ દ્વૈત પર જ ટક્યો છે ! માણસ બીજાને પોતાનાથી અલગ ગણતો જ ન હોત તો તેને મન, વચન, કર્મથી દૂભવવાનો પ્રશ્ન જ ક્યાંથી ઉદ્ભવત ?

તમે બીજાને કેટલા ખુશ રાખી શકો છો, એના પર જ જીવનની નિશ્ચિતતા ટકેલી હોય એવા યુગમાં જીવતો માણસ કેટલો બધો લાચાર કહેવાય ! દરેક પતિને અનુકૂળ પત્ની જોઈએ છે, દરેક પિતાને અનુકૂળ પુત્ર, દરેક શેઠને આજ્ઞાંકિત નોકર અને નોકરને અનુકૂળ શેઠ ! ઉત્તમતા અને અનુકૂળતા એ બન્ને વચ્ચેની સીમારેખા ભૂલવાનું વલણ આજે જગતને ભારે પડી રહ્યું છે ! નોકરી માટે લેવાતા ઇન્ટરવ્યુ મોટે ભાગે તો 'ઉત્તમ' માણસ કરતાં 'અનુકૂળ' માણસની જ શોધ હોય છે ને ! ક્યાંક કોઈ સાચા કારણસર પણ માણસે પોતાનું વ્યક્તિત્વ દેખાડ્યું હોય અને નોકરીને લાત મારી સ્વમાન ખાતર અમુક નોકરીથી અળગો થયો હોય, પણ એવા સમાચાર આપણે કાને પડે છે ત્યારે આપણે સોને બદલે સવાસો ગળણે ગાળીને નિર્ણય લેતા હોઈએ છીએ, કારણ કે આપણને આપણા સકંજામાં રહે તેવો માણસ ગમે છે. ભલે પછી તે 'માણસ' પણ ન હોય ! માણસ પોતાની બુદ્ધિ અને ચાતુર્ય સબળાને નબળો બનાવવામાં ન ખર્ચી નાખતો હોત તો કેટકેટલી પ્રતિભાઓને ચમકવા માટે મુક્ત આકાશ મળ્યું હોત ! કેટકેટલા સૂરજ માણસના દ્વેષની કાતરથી કપાઈને તારાની હરોળમાં હડસેલાઈ ગયા છે, એની ગણતરી જગતે કરી નથી ! પોતાની હાજરીમાં તારોય ન ટમકી શકે એ સૂરજની સિદ્ધિ નથી પણ પરાજય છે ! અને આખરે સૂરજ પણ કોઈક નિયમના સકંજામાં સપડાયેલું બળબળતું અસ્તિત્વ જ છે ને ! ન એને આઝાદી, ન એને વિરામ !

બીજાને કાયર સ્થિતિમાં રાખવો કે કાયર બનાવવો એ બહાદુરી

નથી ! કારણ કે કાયરતા પોતે જ એક સકંજો છે અને એવા સકંજામાં બીજાને રાખનાર પણ કાયર જ કહેવાય ! જીવન પ્રત્યે આપણને માન હોય, જગતને આપણે નિરાંતે જીવવાની વિહારભૂમિ માનતા હોઈએ તો 'સકંજા અને સાણસા'ની લીલા છોડી દઈને મુક્તિનો અહેસાસ કરીએ અને બીજાને કરાવીએ. તમે બીજાની આઝાદી કેટલા પ્રમાણમાં સહી શકો છો એના ઉપરથી જ અમારી આઝાદી વિશેની સમજનો માપદંડ નક્કી થાય છે ! એટલે જગત પ્રત્યે તમને રતીભાર પણ પ્રેમ હોય તો તમને હું એક વ્રત લેવાની વિનંતી કરું છું.... હું લાચાર રહીશ નહીં અને બીજાને લાચાર બનાવીશ નહીં. આ એક મહાવ્રત છે !.... આ ધરતી પર જ તમે સ્વર્ગ અને મોક્ષનો અહેસાસ કરી શકો એવું વ્રત ! આ આકરું પણ હૃદયને મોકળું બનાવનારું વ્રત કદાચ મારા-તમારા-આપણા જીવનની ખૂબ મોટી સિદ્ધિ હશે !

*જીવનનો સામનો ધિક્કારપૂર્વક કરવો તે જિંદગી જીવવાની નબળી રીત છે.*

**- થીયોડોર રૂઝવેલ્ટ**

# ૨૦

## શ્રદ્ધાનો દીપક

**ઘટનાઓથી હેબતાઈ જનારો નહીં, હચમચી ઊઠનારો જ જગતને કશુંક આપી શકે છે**

એક સ્ત્રીને તેનો મનોચિકિત્સક સલાહ આપે છે : 'તમારે ચિંતા–મુક્ત રહેવું હોય તો હવે ઘરનો કારભાર પુત્રવધૂને સોંપી દો !'

એ સ્ત્રીને માઠું લાગે છે અને જવાબ આપે છે : 'ડૉક્ટર, હજી હું સાવ 'ઘરડી' નથી થઈ ગઈ ! 'બોજો' સંભાળવાની તાકાત હજી મારામાં છે. હક છોડી દીધા પછી પ્રાપ્ત કરવાનું કામ અઘરું છે... હક છોડી લાચાર થવું એના કરતાં હક રાખી બીમાર રહેવું સારું !'

આ બાઈ જેવી મનોવૃત્તિ અનેક લોકો ધરાવતાં હોય છે ! આપણી અધિકારક્ષુધા આપણને કેવાં કેવાં ભારેખમ પોટલાં ઊંચકાવીને આપણી પાસે બિનજરૂરી મજૂરી કરાવતી હોય છે ! કુદરતે આપણને હળવા રહેવાનો અધિકાર આપ્યો છે. હા, ભારને આપણે જીવન જીવવાની અવાંછનીય શરત બનાવી દઈને જીવનદેવતાના વિધાનમા અનાવશ્યક દખલ ઊભી કરી દીધી છે.

એક પર્ણકુટિ પાસેથી પસાર થતાં શબ્દો કાને પડે છે, 'તન સોંપ દિયા મન સોંપ દિયા, સબ ભાર તુમ્હારે હાથોં મેં.' કોઈ સુરદાસ મઢૂલી પાસે બેસીને મસ્તીથી ગાઈ રહ્યો હતો. આંખો નથી, ભોજન કોઈ કરાવશે એની

વ્યવસ્થાની કશી ગૅરન્ટી નથી. અને છતાંય મોજીલો સુરદાસ કોઈક પરમ તત્ત્વને જીવનની સઘળી ચિંતા સોંપીને હળવોફૂલ બની ગયો છે ! એને ખબર છે કે માણસે પરાણે ઉપાડેલો ભાર જ માણસની હારનું નિમિત્ત બનતો હોય છે.

જીવનમાં ઘણી વાર એવી પરિસ્થિતિઓ આવતી હોય છે, જ્યારે માણસ ભયગ્રસ્ત બની એકાકીપણું અનુભવતો હોય છે. આ એકાકીપણાનો બોજ એટલો બધો અસહ્ય બની જાય છે કે, માણસ જીવનમાંથી શ્રદ્ધા ગુમાવી બેસે છે. આવી કસોટી અને કટોકટીની પળોમાં જીવનમાં કશુંક 'શુભ' થવાનું જ છે, એવી શ્રદ્ધા જ એને નિરાશાના ભારમાંથી મુક્ત રાખી શકે છે.

ડૉક્ટર જોસેફ સીઝને એ વાતની ચિંતા હતી કે ભારે પરિશ્રમ કર્યા છતાં પોતે તબીબી વ્યવસાયમાં ધારી સફળતા મેળવી નહીં શકે તો ? બસ, પછી તો નિરાશાનાં વાદળ એમને ઘેરી વળ્યાં ! જિંદગી ખારી લાગવા માંડી.

એવામાં એમને એક સજ્જન મળ્યા. તેમની આગળ ડૉ. જોસેફે હૈયું હળવું કરવાની કોશિશ કરી. એમણે વાતવાતમાં ડૉ. જોસેફને એક એવું મહત્ત્વનું સૂત્ર આપી દીધું કે, એમની નિરાશા પળવારમાં દૂર થઈ ગઈ. આશા-ઉલ્લાસનું એક નવીન કિરણ તેમને લાધ્યું અને સમાજસેવાના કાર્યમાં તેઓ સમર્પિત થઈ ગયા.

ડૉક્ટર જોસેફને પેલા સજ્જન તરફથી મળેલા આશ્વાસનના શબ્દોનો સાર આ હતો : 'ભાઈ, જેણે તને આ ધરતી પર મોકલ્યો છે, તે જીવનયાત્રામાં પણ તારી અડખે-પડખે જ છે. એમ ન માનતો કે તેણે તને એકલો છોડી દીધો છે.'

કહેવાય છે કે ઇંગ્લૅન્ડના પ્રસિદ્ધ ચિત્રકાર ટર્નરને એમ લાગ્યું કે પોતાની કીર્તિનો ભાર પોતાની શાન્ત જીવનયાત્રામાં બાધક બની રહ્યો છે. ત્યારે એણે નગરજીવનનો મોહ છોડીને એક નાનકડા ગામનું શરણું

શોધ્યું. ટેમ્સ નદીને કિનારે બેસીને આ કુદરતનું સૌંદર્ય માણતો, પક્ષીઓનો કલરવ, શીતળ વાયુનો મધુર સ્પર્શ અને આંખ ઠારે એવું ચોમેર વેરાયેલું કુદરતનું અપાર સૌંદર્ય, સરિતાનો સંગ અને ફૂલોનો રંગ ! જિંદગીમાં ટર્નરના કલાકાર હૃદયને એક વિરલ સુખનો અનુભવ થયો. એણે ટેમ્સ નદીનાં વિવિધ રૂપોને રંગ અને રેખામાં અભિવ્યક્ત કરવા માંડ્યાં અને યુરોપની પ્રજાનું દિલ જીતી લે એવું શ્રેષ્ઠ નજરાણું ટર્નર તૂલિકાએ અર્પણ કર્યું.

આપણે વધીએ છીએ ખરા, પણ ઊગતા નથી ! માત્ર ભૌતિક વિકાસ એ 'ઊગવાની' ક્રિયા નથી, ધાર વધારવાની ક્રિયા છે. પરિણામે આપણી મહત્ત્વાકાંક્ષાના આકાશ તરફની દોડ ધરતી સાથેનો આપણો સંબંધ કાપી નાખે છે ! સુખ ને શાન્તિ માટેનાં વલખાં એ જીવન નથી, પરંતુ જીવનનો ભ્રમ છે. જ્યાં સુધી માણસ ભીતરી આઝાદી ન અનુભવી શકે ત્યાં સુધી એના હાથમાં 'જીવન' ક્યારેય આવી શકે નહીં ! જ્યાં શંકા અને ભયનાં વમળો ઘુઘવાટ કરતાં હોય ત્યાં જીવનનો નાદ સંભળાય પણ કેવી રીતે ?

જીવન સદાય ભૂલમુક્ત રહી શકે નહિ, પણ જો ભૂલોનેય માણસ ભાર ગણીને એનાથી ગભરાતો રહે તો એ ભાર અનેક ભૂલોની પરંપરાઓનો નિમંત્રક અને સર્જક બની જતો હોય છે. ભૂલ એટલે સોટીવાળો શિક્ષક ! એ ફટકારે અને ફોરમ પણ પ્રગટાવે. ભૂલનું જેને ભાન હોય તેને માટે ભૂલો હાનિકારક બનવાને બદલે ઘડતરરૂપ બની જતી હોય છે.

ભૂલ જાગૃતિ બની શકતી નથી માટે જ જીવન ભારરૂપ બની જતું હોય છે. સરળતાની શોધ અને કઠિનતાનો વિરોધ જીવવિકાસના શત્રુઓ છે. જે કાંઈ સરળ હોય, સાધ્ય હોય, નિરાપદ હોય તેને માણસ ઉમળકાભેર અપનાવે છે, પણ જ્યાં કષ્ટ સહેવાની વાત આવે છે ત્યાં આપણે તરત જ કહી દઈએ છીએ, 'એ કામ મારું નથી, સંતોનું છે. હું કાંઈ સંત નથી ! હું તો સંસારી છું.' માણસ પાળવામાં જ માણસની કસોટી થાય છે, એટલે

માણસ માણસને પાળવા કરતાં 'પશુ'ને પાળવાનું સરળ માને છે ! સરળતાની ઉપાસનાએ આજના માણસ પાસેથી સાધનાની શક્તિ છીનવી લીધી છે ! ગુલાબ તોડવા જતાં કાંટા વાગવાના ડરે જ માણસને પ્લાસ્ટિકનાં ફૂલોનો ચાહક બનાવ્યો છે ! ડુંગરા ખૂંદવાની, સાગરો ખેડવાની અને જંગલોમાં નિર્ભયપણે ભમવાની શક્તિ આપણે ગુમાવવા માંડ્યા, એટલે જ આપણા દીવાનખાનામાં 'પોસ્ટરો', 'વૉલપિક્ચર્સ' અને પશુઓની તસવીરોની બોલબાલા વધતી ગઈ !.....

ભાર ભગવાનને સોંપવાની વાતમાં પલાયનવૃત્તિ કે પામરતા નથી, પણ હળવા રહેવાનો સત્ય સંકલ્પ છે. જીવન જાળવવું હોય તો એને શોકમુક્ત, વિષાદમુક્ત રાખવાની કળા પણ શીખી લેવી પડે ! અનુભવોએ જગતને એ વાત સ્પષ્ટ રીતે જણાવી છે કે –

તમે ઇચ્છો કે ન ઇચ્છો પણ અમુક ઘટનાઓ, બનાવો, પ્રસંગો કે **પરિસ્થિતિઓ સર્જાવાની છે, એટલે સર્જાવાની જ ! જે પરિસ્થિતિઓ પર આપણો કાબૂ ન હોય એમાંથી નિપજેલાં પરિણામો માટે આંસુ વહાવવાનો કે ભાર લઈને ફરવાનો અર્થ પણ શો ? અડાબીડ અંધકારમાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે – પ્રકાશની શ્રદ્ધાપૂર્વકની પ્રતીક્ષા અને પ્રકાશ પામવાના પ્રયત્નોની અવિરામ સાધના ! કેવળ પ્રતીક્ષા કર્યાથી પ્રકાશ ન પણ મળે ! એટલે જ પ્રકાશની પ્રતીક્ષા સાથે પ્રકાશની તલાશ** અને સાધનાનો પાલવ મજબૂત હાથે પકડી રાખવો પડે.

શત્રુઓ સામે પડ્યા હોય, પાસા ઊંધા પડતા હોય, મુસીબતોનો ઝંઝાનિલ શ્રદ્ધાના દીપકની જ્યોત સાથે ચેડાં કરતો હોય, સ્વજનો અને મિત્રો આપણો સંગ છોડીને દૂર રહેવામાં શાણપણ સમજતાં હોય, હાથમાં આવેલા પ્યાલા હોઠ સુધી પહોંચીને દૂર સરી જતા હોય, માથે મોતનો ભય તોળાતો હોય, સાચા હોવા છતાં ઠગારાઓની અદાલતમાં અપરાધી બનાવીને આપણને ખડા કરી દેવામાં આવ્યા હોય, આપણા સદ્ગુણોને દોષમાં ખપાવીને ક્રૂરતાપૂર્વક હાંસી ઉડાવવાની હીન કોશિશો થતી હોય,

અને પગ નીચેની ધરતી સરતી ભાસતી હોય ત્યારે તમે ભારમુક્ત બની ભડવીર થઈ ભયની ભેખડોને જમીનદોસ્ત કરી શકો છો ખરા ? શત્રુઓના ડંખને વેદનામાં કણસ્યા કરવાનું પસંદ કરવાને બદલે ડંખને વરદાનમાં પલટાવી શકો છો ખરા ? કદાચ, જ્યાંથી તમે પીછેહઠ કરવાનો વિચાર કર્યો હોય એ જ ક્ષણ તમારે માથે સફળતાનાં સુમનોનો ટોપલો ઠાલવવા ઉત્સુક હોય એની કોને ખબર ? એટલે જ 'જીવન એક ખેલ'માં કહ્યું છે તેમ, કોઈક કદાચ પૂછે : 'આ અંધકારમાં ક્યાં સુધી રહેવું પડશે ?' મારો જવાબ છે, 'અંધારામાં જોઈ શકીએ ત્યાં સુધી !' અને બોજો ફેંકી દેવાથી માણસ અંધારામાં પણ જોઈ શકે છે ! આવી જ એક સ્ત્રીનો દાખલો પ્રેરણાદાયી છે. કશીક ગેરસમજને કારણે એક સ્ત્રી અને તેનો પતિ છૂટાં પડી ગયાં હતાં. સ્ત્રી તેના પતિને ખૂબ જ ચાહતી હતી, પણ પતિ સમાધાન માટે કેમેય તૈયાર થતો ન હતો ! પત્ની સાથે વાત કરવા સુધ્ધાં તે તૈયાર નહોતો.

આધ્યાત્મિક નિયમની તે સ્ત્રીને જાણ થતાં તેણે જુદાઈની પરિસ્થિતિનો જ-ઇન્કાર કર્યો ! ભગવાનની ચેતનામાં કોઈ જુદાઈ નથી ! તેણે આ બાબતમાં સક્રિય શ્રદ્ધા દર્શાવી. તે જમવાના ટેબલ પર પોતાના પતિની જગ્યા રાખતી. અને એ રીતે અર્ધજાગૃત મન પર પતિના પાછા ફરવાનું ચિત્ર તે અંકિત કરતી. એક વરસ વીતી ગયું. તે શ્રદ્ધામાંથી જરા પણ ડગી નહીં ! અને એક દિવસ તેનો પતિ ઘેર આવ્યો.....!

કદાચ એનો પતિ ઘેર પાછો ન ફર્યો હોત તો પણ પોતાના મનમાંથી નિરાશાનાં વાદળો હઠાવી લાગણીનું સંગીત સાંભળવા માટે તે સ્ત્રીની પ્રેમપૂજા તેને માટે વરદાનરૂપ હતી.

ઘટનાઓથી હેબતાઈ જનારો નહીં પણ હચમચી ઊઠનારો જ જગતને કશુંક આપી શકે, જીવનને કશુંક શ્રેષ્ઠ સમર્પિત કરી શકે.....!

# ૨૧

## પ્રજાનું નિર્માલ્ય

**આ જગત ગંદું છે, કારણ કે એને 'સુપરવાઈઝર' વધુ મળ્યા છે, પરંતુ 'ઝાડુવાળા' સાવ ઓછા !**

એક વાર કલકત્તાથી એક યુવક ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના 'શાન્તિ-નિકેતન'માં બોલપુર આવી પહોંચે છે. 'કૉલેજિયન તરીકે પોતાનો પરિચય આપે છે.

શાન્તિ-નિકેતનમાં રાત્રિસભા સમયે દરેકને દિવસ દરમિયાનના પોતાના વ્યક્તિગત અનુભવો કહેવાની છૂટ. ગુરુદેવ પોતે પણ તે સભામાં હાજર રહેતા.

હવે પોતાના જાતઅનુભવ કહેવાનો વારો કલકત્તાથી આવેલા પેલા કૉલેજિયનનો આવ્યો. એણે શરૂ કર્યું : 'વંદનીય ગુરુદેવ અને વહાલા મિત્રો ! આજે તો ખરું થયું ! અમે કેટલાક કૉલેજિયનમિત્રો હુગલીની એક સ્ટીમરમાં મુસાફરી કરતા હતા. સામે બેઠેલો હતો ઊંચો, કદાવર અને પહેલવાન જેવો એક યુરોપિયન. એની સામે બેઠી હતી ગરીબ પણ રૂપાળી દેખાતી એક બંગાળી બાઈ. પેલો ગોરો એને જોઈને વિચલિત થયો. એણે આંખના ચેનચાળા શરૂ કર્યા. એ બાઈને સ્પર્શ

કરતાં એની છેડતી પણ શરૂ કરી ! ગલીચ શબ્દોનો ઉપયોગ પણ કરવા માંડ્યો ! બાઈ લાચારીપૂર્વક અમારા સૌ સામે જોઈ રહી !

ગુરુદેવ રવીન્દ્રનાથ આ યુવકની વાત ઠંડે કલેજે સાંભળી રહ્યા હતા. એમણે વિસ્મયજનક પૂછ્યું : 'પછી ?'

એ વિદ્યાર્થીને લાગ્યું કે ગુરુદેવને આ પ્રસંગમાં રસ પડ્યો લાગે છે એટલે વાત પૂરી થયા પછી પોતાને શાબાશી આપશે ! એટલે એણે વાતનો દોર આગળ ચલાવ્યો : 'બસ, પછી તો કિનારો આવ્યો. તે બાઈ ગભરાતી ગભરાતી સ્ટીમરમાંથી ઊતરી ગઈ. પોતાની બેઈજ્જતી થવાને કારણે એનો ચહેરો સાવ કરમાઈ ગયો હતો. પેલો યુરોપિયન ગોરો પણ ઊતરીને બીજી દિશામાં ચાલ્યો ગયો અને અમે પણ ઊતરીને ઘરભેગા થઈ ગયા.'

ગુરુદેવ અત્યાર સુધી આ બધી વાતો શાન્તિપૂર્વક સાંભળતા હતા. પણ એકાએક તેમનો ચહેરો ક્રોધથી લાલઘૂમ થઈ ગયો. અને એમણે ઠપકાના સ્વરૂપમાં પેલા યુવાનને કહ્યું : 'પણ તું પહેલાં મને એ વાત સમજાવ કે આ વાત અહીં અમને કહેવા આવવા માટે તું જીવતો કેવી રીતે આવ્યો ? અરે નામર્દ ! તેં તો ભણતર અને જીવતર બેય લજવ્યું– એક લાચાર સ્ત્રીનું રક્ષણ કરવાનીયે જેનામાં હામ ન હોય એને જવાન કે શિક્ષિત કેવી રીતે કહેવાય ? એ યુરોપિયનને પાઠ ભણાવવા માટે તું મરી ફીટ્યો હોત તો હું તને બહાદુર માનત !'

સાહસકથાઓ, શૌર્યકથાઓ, વીરકથાઓ, જવાંમર્દીની વાતો, સ્વાતંત્ર્યસંગ્રામની કથાઓ આપણે વાંચીએ છીએ, આપણાં સંતાનોને ભણાવીએ છીએ, વીરભૂમિ ને દેવભૂમિ તરીકે 'ભરતભૂમિ'ના પુત્રો તરીકે આપણી છાતી ગજ ગજ ફુલાવતાં થાકતા નથી, રાષ્ટ્રધ્વજ ફરકાવીએ છીએ, વંદેમાતરમ્ કે જનગણમન અધિનાયક જય હે – બુલંદ સ્વરે ગાઈએ છીએ, પણ એક વીરપ્રસૂતાભૂમિનું એક નાનકડું

કાર્ય કરવાય આપણે તૈયાર નથી, કારણ કે જોખમથી દૂર રહેવામાં આંપણે વ્યવહારકૌશલ્ય માનીએ છીએ ! દેશાભિમાન અને દેવાભિમાનને કેવળ વાણીવિલાસનો વિષય બનાવી દીધો છે. અને એટલે જ આઝાદ દેશના નાગરિક હોવા છતાં આપણે આપણામાં ભયની આળપંપાળ કરવાની આદતના ગુલામ બની ગયા છીએ ! બોપલ એવા 'કાગળિયા વીરો' પર વ્યંગ્ય કરતાં કહે છે કે તે માનવી ગુલામ છે કે જે પતિત અને દલિત માટે કશો અવાજ ઉઠાવતાં ડરે છે ! રોબર્ટ ફ્રોસ્ટ દુઃખ સાથે કહેતો કે હું બીકણ લોકોથી જેટલો ડરું છું તેટલો બીજા કશાથી ડરતો નથી !

આ દેશનું બૂરું કરવામાં ભણેલા પણ નિર્માલ્ય લોકોનો ફાળો નાનો-સૂનો નથી. શ્રી કિશોરલાલ મશરૂવાળા એવા સારાપણાને 'કમજોર સાત્ત્વિકતા' કહે છે. ભણેલા અને વિચાર કરનારા લોકોનો એક એવો વર્ગ આપણા દેશમાં મળી આવે છે કે જેઓ મનથી ભલા છે, ભલાઈ ઇચ્છે છે અને ભલાઈના રસ્તે ચાલીને પોતાનાં મન અને કર્મોને પવિત્ર કરતાં રહેવા ઇચ્છે છે. પણ સાથે જ તેઓ પોતામાં એક જાતની કમજોરી જુએ છે. તેઓ પોતાના નિશ્ચયો પર સ્થિર રહેવાની અને તેનો અમલ કરવાની પોતામાં શક્તિ જોતા નથી. આવા લોકોમાં એક તરફ સાત્ત્વિકતા હોય છે અને બીજી તરફ કમજોરી !

એક માણસ પોતાના યુવાન પુત્રને સંસ્કારી બનાવ્યાનો સંતોષ લેતાં કહે છે : 'હું પણ એને મારી સાથે ઉપવાસ કરાવું છું. સીધી લીટીએ ચાલવાનું શીખવું છું અને કોઈને બચાવવા માટે નાહક ડખલમાં નહીં પડવાની સલાહ આપું છું ! કર્તવ્યપાલન અને આપદગ્રસ્તને મદદ કરવા માટેની ઉત્કટ અભિલાષા એ જ યુવાકાળનો સૌથી મોટો ધર્મ હોઈ શકે એ વાત પોતાના પુત્રને નહીં શીખવીને એ સજ્જન યુવાશક્તિને નિર્વીર્ય બનાવવાનો કેટલો મોટો અક્ષમ્ય અપરાધ કરી રહ્યા છે એની એમને કલ્પના પણ નહીં હોય !

એક જાગ્રત પ્રજાજન તરીકે વિશ્વમાં આપણે આપણા દેશ અને સંસ્કૃતિનો ડંકો વગાડવો હોય તો ઊંચા આદર્શો, આધ્યાત્મિકતાની વધારે પડતી ઘેલછા, સમજ્યા વગર ધર્મ પાછળના ગાડરિયા પ્રવાહમાં ભળવાના આવેશ અને ભ્રમમાંથી મુક્ત થવું પડશે. અહિંસા એ પરમ ધર્મ છે, કબૂલ, પણ અહિંસા અને કાયરતા એ બન્નેનો ભેદ પણ આપણે સમજવો પડશે. ક્ષમા, સહિષ્ણુતા અને સંયમ એ માણસની અંદર રહેલા હીર-ખમીરનો ખાતમો બોલાવવા માટે નથી, પરંતુ તન-મનથી બળવાન બની અકારણ આવેશનો શિકાર બની સર્જાનાર અરાજકતા અટકાવવા માટેનાં માર્ગદર્શક સૂત્રો છે. એનું હાર્દ સમજવું જોઈએ.

માણસની 'કર્તૃત્વશક્તિ'ના પ્રવાહને સૂકવી દેવામાં, શુદ્ધ અજ્ઞાન કરતાં ભ્રમજનક જ્ઞાનનો હિસ્સો ઘણો મોટો છે ! માણસને ગર્ભવાસનાં દુઃખો, શૈશવ, નર્કનાં ભયાનક વર્ણનો, માયાનાં દુષ્પરિણામો તથા સંસારની અસારતા સમજાવવામાં આપણે સદીઓ બગાડી, હવે એને જેવું છે તેવું પણ આ જગતને જીવવાલાયક બનાવવા માટે સંકલ્પબદ્ધ બનવાની પ્રેરણા આપીએ. સ્મરણની જેમ કર્તવ્યસ્મરણનો જાપ પણ એને જપાવીએ. ભગવાનની શક્તિની સાથે સાથે માણસની પોતાની અપરિચિત શક્તિ સાથે એનું અનુસંધાન થવા દઈએ ! માણસને એની ઊણપોનું સતત સ્મરણ કરાવવાને બદલે એનામાં રહેલી શક્તિઓ અને સદ્‌ગુણોના વિચાર માટે તૈયાર કરીએ. શાસ્ત્રોનાં ટાંચણોની ટાંકણીઓ એના દિમાગમાં સતત ખોસતા રહેવાને બદલે માણસને નિરીક્ષણ, અભ્યાસ અને અનુભવ દ્વારા શીખવાની પ્રેરણા આપીએ. આપણામાં રહેલી 'સાત્ત્વિક કમજોરી'ને દૂર કરીએ. સક્ષમ માનવત્વના પ્રગટીકરણ માટેની ભૂમિકા સર્જીએ ! જેવું છે તેવું પણ આ જગત આપણું છે, કારણ કે આપણે એના નિવાસી છીએ ! એને ગંદું રાખવું એ પણ અપરાધ છે અને ગંદું રહેવા દેવું એ પણ અપરાધ છે. જગતની ગંદકીને

'સુપરવાઈઝર' વધુ મળ્યા છે, 'ઝાડુવાળા' સાવ ઓછા ! એટલે જ આ જગત ગંદું રહ્યું છે ! શું આ પણ આપણી સામે ગંભીરપણે વિચારવા જેવો પડકાર નથી ? દુર્યોધન અને રાવણ, કંસ અને ચાણૂર જો બહેકી શકતા હોય તો એમાં દોષ એમનો પોતાનો નથી, એમને સહેનારાં નિર્માલ્ય પ્રજાજનોનો સવિશેષ છે !

*છે પ્રજા,*

*સત્તાયે છે,*

*પણ*

*ક્યાં છે પ્રજાસત્તાક ?*

**- કરસનદાસ માણેક**

# ૨૨

## જીવન અંજલિ થાજો !

**'ભારતને એવો ધર્મ જોઈએ છે જે**
**માણસને માણસ બનાવે'**
**- સ્વામી વિવેકાનંદ**

સ્વામી વિવેકાનંદનો જન્મદિન આપણે કેવળ 'યુવાદિન' તરીકે જ ઊજવીને સંતોષ લઈ શકીએ ? હરગિજ નહીં ! વિવેકાનંદે યૌવનને શક્તિનો ધોધ ગણી એને પોરો ચઢાવ્યો, કારણ કે યુવાશક્તિ દેશ અને દુનિયાને હચમચાવી શકે એવી પણ શક્તિ છે.... પરંતુ વિવેકાનંદનું મુખ્ય કાર્ય તો માણસનો જયજયકાર હતો, માણસમાત્રનો ! એમની દૃષ્ટિ સંકીર્ણ નહોતી; ઉદાર, સંવાદી અને સમન્વયવાદી હતી, કારણ કે એના પાયામાં માણસ હતો, માણસની બુલંદ શક્તિ હતી.

એક વાર એક બાઈએ સ્વામી વિવેકાનંદને ભોજન માટે નિમંત્રણ પાઠવ્યું. ભોજન શરૂ કરતાં પહેલાં યજમાનબાઈએ એમને ભગવાનનો આભાર માનવાનું કહ્યું, ત્યારે એમણે કહ્યું : 'બહેન ! હું જમું છું તમારી કૃપાથી માટે આભાર તો તમારો જ માનું છું. હું જ્યારે કામ કરું છું ત્યારે હું મારો પોતાનો આભાર માનું છું. મેં સખત કામ કર્યું અને મારી પાસે જે છે તે મેં મેળવ્યું, માટે મારો જયજયકાર હો'. જે માણસ આત્મ-ગૌરવનું મૂલ્ય જાણતો નથી એ બીજાના ગૌરવનું મૂલ્ય પણ સમજી

શકતો નથી. એટલે જ સ્વામી વિવેકાનંદ શક્તિ, બહાદુરી, આત્મવિશ્વાસ અને ચારિત્ર્યનો જયજયકાર કરતા હતા. એમને મન સંયમમુક્ત શક્તિ એ જ સૌથી મોટો ધર્મ હતો. કાયરતા, દીનતા, હીનતા એ જ પરાજય !

આજના યુગમાં જોવા મળતો વકરેલો દંભ અને પ્રદર્શનપ્રિયતાનું મુખ્ય કારણ પણ માણસની નિર્બળતા જ છે. એટલે જ સ્વામીજી કહેતા : બળ એ જીવન છે અને નિર્બળતા એ મૃત્યુ. 'નિર્બળતા' એ એક શબ્દમાં જ બધાં પાપો અને અનિષ્ટો સમાઈ જાય છે. નિર્બળતા સર્વ પ્રકારના સ્વાર્થનું મૂળ છે. નિર્બળતા બીજાનું બૂરું કરાવે છે. પોતે જે વાસ્તવિક રીતે નથી તે બહાર દેખાડવામાં પણ નિર્બળતા જ કારણભૂત છે. એટલે જ એમણે યૌવનને આત્મવિશ્વાસ અને પ્રચંડ શક્તિધારક બનવાનો સંદેશ આપતાં કહ્યું હતું : 'મારાં બહાદુર બાળકો ! મહાન કાર્ય કરવાને તમે સરજાયાં છો, એવી શ્રદ્ધા રાખો. કૂતરાં ભસભસ કરે તેથી બીતા નહિ. અરે ! આકાશ તૂટી પડે તોપણ શું ? ટટ્ટાર ઊભા રહો અને કામ કરો. તમારા દેશને વીરોની જરૂર છે. મર્દ બનો.' યૌવન શક્તિને વેડફી નાખે એ એમને મંજૂર નહોતું. કોઈકે સાચું જ કહ્યું છે કે વરાળને છોડી દઈએ તો કાં એ વ્યર્થ જાય છે, કાં તો નજીકમાં ઊભેલાને દઝાડે છે. પરંતુ એને સ્ટીમ એન્જિનમાં પૂરવામાં આવે તો એ ગાડીના અનેક ડબ્બાઓને દૂર લઈ જાય છે. વિજય બહાદુરને વરે છે, કાયરને નહીં.

શક્તિશાળીઓ પણ વેરવિખેર રહે તો કશું જ ન કરી શકે. સંસ્કૃતિના સર્જન માટે ખભેખભા મિલાવીને ચાલી શકે એવા દૃષ્ટિસંપન્ન વીર માણસોની એકતાની જરૂર છે. સ્વામી વિવેકાનંદે એટલે જ કહ્યું હતું : 'સિંહનાં સંગઠન નહીં કરો તો સંસ્કૃતિ ઘેટાં જેવી રહેશે.'

સંન્યસ્તને તેઓ નિષ્ક્રિયતાનો નહીં પણ કર્મયોગનો અવસર માનતા હતા. સમાજ માટે શરીર, મન, બુદ્ધિ વગેરે દ્વારા સમર્પણભાવે સેવારત બનવું એનું નામ જ સંન્યાસ. સ્વામીજીએ ધર્મયોગ અને

કર્મયોગના સમન્વય પર ભાર મૂક્યો હતો અને સંન્યાસીઓમાં જોવા મળતાં, આળસ, પ્રમાદને દૂર કરવાની હાકલ કરી. આસક્તિ-અનાસક્તિના ભ્રામક ખ્યાલોનું નિરસન કર્યું અને સેવાધર્મનો ધ્વજ ફરકાવ્યો. એમણે કહ્યું, હું એક જ ભગવાનમાં માનું છું અને તે છે દરિદ્રનારાયણ ! નિર્મળ દૃષ્ટિ અને નિર્મળ ચારિત્ર્ય વગર માણસને ધર્મધુરા સંભાળવાનો અધિકાર ન મળે. સ્વામી વિવેકાનંદજીના જીવનનો એક પ્રસંગ સંન્યાસી જીવનની પવિત્રતાનો નંદાદીપ છે. એક વાર એક કલાકાર સ્ત્રીએ સ્વામી વિવેકાનંદ પાસે આવીને કહ્યું : 'હું આપની પાસે કંઈક માગવા આવી છું. હું જે માગું તે તમે આપશો ખરા ?' સ્વામીજી વિચારમાં પડી ગયા. એમણે મનોમન વિચાર્યું કે આ સ્ત્રી મારી પાસે શું માગશે ? પોતે તો અકિંચન છે ! એમણે કહ્યું : 'મારી પાસે હવે આપને આપવા જેવું શું છે ? હું તો સંન્યાસી છું. મારી પાસે જે કાંઈ હતું એ મેં ઈશ્વરનાં ચરણોમાં ધરી દીધું છે.' પેલી સ્ત્રીએ કહ્યું : 'તમારી પાસે આપવા જેવું છે તે જ હું માગવા આવી છું. મને પુત્રદાન આપો !'

બે ક્ષણ માટે વિવેકાનંદજી સ્તબ્ધ થઈ ગયા. જે મનુષ્યે દુનિયાની તમામ સ્ત્રીઓને મા, બહેન કે દીકરી સમાન ગણી બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું છે એની પાસે આ સ્ત્રી પુત્રદાનની માગણી કરે છે, એટલા માટે કે પોતાનું સૌંદર્ય અને મારી પ્રતિભાના યોગથી મહાન બાળક જન્મે ? આ વિચારમાં આધ્યાત્મિકતાએ અમેરિકાની ભૌતિકતા સામે માથું ઊંચું કર્યું. એક ક્ષણ બાદ સ્વામી વિવેકાનંદ ઊભા થયા અને પેલી સ્ત્રીનાં ચરણોમાં માથું મૂકીને કહેવા લાગ્યા : 'તું મારી માતા અને હું તારો પુત્ર. મારાથી બહેતર પુત્ર તને ક્યાં મળશે ?' પેલી સ્ત્રીની વાસના ઓગળી ગઈ અને ક્ષમાપ્રાર્થના કરવા લાગી !

ધર્મના નામે વિલાસના અખાડા ચલાવતા દુરાચારી, અનાચારી,

વ્યભિચારી કહેવાતા ધર્મગુરુઓ માટે વિવેકાનંદનો આ પ્રસંગ એમની ભ્રમરવૃત્તિ પર તીવ્ર પ્રહાર નથી શું ? લૂંટે એ ધર્મ નહીં. પછી ભલે એ લૂંટ કોઈની નાણાંકોથળીની હોય કે શિયળની ! એટલે જ વિવેકાનંદે એક વાર કહ્યું હતું કે, ભારત સ્ત્રીને માતા તરીકે જુએ છે, જ્યારે યુરોપ-અમેરિકા સ્ત્રીને પત્ની તરીકે જુએ છે ! પહેલામાં માતૃદૃષ્ટિ છે, બીજામાં ભોગદૃષ્ટિ. 'ક્રાન્તિ અને સાધના'માં મુ. શ્રી. હરીશ વ્યાસે કહ્યું છે તેમ વિવેકાનંદજીને મનુષ્યને મનુષ્ય બનાવે તેવો ધર્મ ખપતો હતો, મનુષ્યને મનુષ્ય બનાવે તેવું શિક્ષણ ખપતું હતું, એમને માનવને માનવ બનાવે તેવો સમાજ ખપતો હતો. એ ત્યારે જ શક્ય બને જ્યારે માણસ તમામ ભેદભાવથી ઊંચે ઊઠીને આત્મ-ઐક્ય સિદ્ધ કરે અને માનવધર્મમાં શ્રદ્ધા રાખે.

આવી શુદ્ધ ધર્મદૃષ્ટિએ જ વિવેકાનંદને એવું કહેવાની તાકાત બક્ષી હતી કે, 'હું મુસલમાનની મસ્જિદમાં જઈશ, ખ્રિસ્તીના દેવળમાં જઈશ અને ક્રૉસની સમક્ષ નમન કરીશ. હું બૌદ્ધોના ચૈત્યોમાં જઈશ અને ત્યાં બુદ્ધ અને બૌદ્ધ ધર્મનું શરણ સ્વીકારીશ, હું જંગલમાં જઈશ અને દરેક અંતરને અજવાળતી જ્યોતિનાં દર્શન કરવા પ્રયત્ન કરતા હિંદુની સાથે ધ્યાનમાં બેસી જઈશ.' તેમના મતાનુસાર 'ઈશ્વર વિષેની આપણી સમગ્ર ભાવના, આપણી પ્રાર્થના, આપણી પૂજા-ઉપાસના વગેરે સઘળાં આપણાં અજ્ઞાનથી ભરપૂર છે અને આપણે શરીર છીએ એવા આપણા મૂર્ખતાપૂર્ણ ખ્યાલથી કલુષિત થયેલાં હોય છે ! કોઈ મૂર્ખ માણસ ગંગાને કાંઠે રહેવા છતાં પાણી માટે કૂવો ખોદે છે, આપણે એના જેવા છીએ. આપણે ઈશ્વરને મૂર્તિના રૂપમાં બહાર પ્રગટ કરીએ છીએ ત્યારે તે તો નિરંતર આપણા શરીરરૂપી દેવાલયમાં જ વસેલો હોય છે. વસ્તુમાત્રનું ઈશ્વર તરીકે પૂજન કરો. પ્રત્યેક આકાર તેનું મંદિર છે, બીજું બધું ભ્રાન્તિ છે. હંમેશાં અંતરમાં દૃષ્ટિ રાખો, બહાર કદી નહીં.'

એમની કરુણાદૃષ્ટિમાં કેવળ લાગણીશીલતા નહીં પણ અન્ય માટે કશુંક કરી છૂટવાની ભાવના હતી. બીજાની ગરીબી, બેકારી અને વસ્ત્રહીનતા જોઈ એમનું દિલ દ્રવિત થઈ જતું હતું, એટલે બારણે આવેલા સાધુને એમણે નાનપણમાં નવીનક્કોર શાલ આપી દીધી હતી. માતાએ ઠપકો આપ્યો ત્યારે એમણે કહ્યું હતું કે, 'જા, હું શિયાળામાં શાલ સિવાય જ ચલાવી લઈશ.'

તેમના વિશ્વબંધુત્વમાં વિશ્વનાં તમામ નાગરિકો સમાયાં હતાં. ગોરા-કાળા, અમીર-ગરીબ, ઊંચ-નીચ, સ્વધર્મી - વિધર્મી એવા ભેદો નહોતા. તેઓ માનતા હતા કે, એક ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને, એક મુસલમાન સાચો મુસલમાન બને, એક હિન્દુ સાચો હિન્દુ બને. તેઓ મનુષ્ય માટેની મૂળભૂત એકતામાં શ્રદ્ધા ધરાવતા હતા.

ભારત અને ભારતવાસીઓને તેઓ ખરા દિલથી ચાહતા હતા. એટલે જ એમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે, 'તું ભૂલતો નહીં કે ભારતનો નીચે પડેલો વર્ગ, અજ્ઞાની ભારતવાસી, અભણ ભારતવાસી, ગરીબ ભારતવાસી, ભારતનો ચમાર સુધ્ધાં તારાં લોહીનાં સગાંઓ છે, બંધુઓ છે. હે વીર ! તું હિંમતવાન થા અને ગૌરવ લે કે તું ભારતવાસી છે ! હે મા ગૌરી ! જગજ્જનની અંબે ! તું મને મનુષ્યત્વ આપ. હે સામર્થ્યદાયિની માતા ! મારી નિર્બળતાનો નાશ કર, મારી કાયરતાને દૂર હઠાવ અને મને મર્દ બનાવ.'

વિવેકાનંદની આવી માનવતાવાદી, ઉદારમતાવલંબી ધર્મદૃષ્ટિ જ ભારતને સંકુચિત સાંપ્રદાયિકતામાંથી ઉગારી સર્વધર્મસમભાવનો ઉન્નતપંથ ચીંધી શકવા સમર્થ છે. આજે જ્યારે દેશ જાતજાતના સંઘર્ષો અને કટોકટીની કપરી ક્ષણોમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે વિવેકાનંદની કલ્પનાનુસારના નાગરિકો અને નેતાઓ જ તારણહાર બની શકે. તેઓ કહે છે : 'દેશને માટે પોતાનું સર્વસ્વ હોમી દે એવા માણસો, પૂરેપૂરા

નિખાલસ માણસો તમારામાં હશે, જ્યારે આવા માણસો પાકશે ત્યારે ભારતવર્ષ દરેક રીતે મહાન બનશે. મનુષ્ય દ્વારા રાષ્ટ્ર બને છે. 'કોમી વિખવાદ અને વેરઝેરના વાતાવરણમાં વિવેકાનંદનો આ દિવ્યસંદેશ આપણે યાદ રાખીએ. ધર્મને હાનિ પહોંચાડ્યા સિવાય જનવર્ગની ઉન્નતિ થવી જોઈએ. અહીં ધર્મ એટલે માનવતા, માનવધર્મ, એ જ અર્થ વિવેકાનંદને અભિપ્રેત છે.

*દોસ્તો, સફરના સાથીઓ,*
*એ દેશની ખાજો દયા,*
*જ્યાં ધર્મને છાંટો નહીં,*
*ફિરકા છતાં ફાલી રહ્યા.*

**- મકરંદ દવે**

# ૨૩ પ્રભુ ! અમને એવા માણસો આપ !

**કેટલાક લોકો હઠીલા અજાણ્યા બહાદુર માણસો છે, જેઓ ગરીબી અને અછતના આક્રમણ સામે પ્રાણઘાતક લડાઈ લડીને વિજય મેળવે છે.**

'કર્મવાદ' પુસ્તકમાંનું ગાય અને ખેડૂતનું એક સુંદર ઉદાહરણ વાંચવામાં આવ્યું : એક ખેતરમાં ગાય ચરતી હતી. માલિક ખેતરની રખેવાળી કરતો હતો. તેણે ગાયને હાંકી કાઢવાનો પ્રયાસ કર્યો ત્યારે ગાય બોલી, 'મને કેમ કાઢો છો ?'

'તું મારું ખેતર ઉજાડી રહી છે, પછી હું શું ખાઈશ ? કોઈના ખેતરમાં ઘૂસી જવું અને અનાજ ખાઈ જવું એ સારું નથી.'

'પણ હું બહુ દૂરથી આવી છું.'

'તારું ઘર ક્યાં છે ?'

'મારું ઘર સ્વર્ગ છે.'

'અહીં કેમ આવી છે ?'

'મેં અનાજ જોયું, મન લલચાઈ ગયું તેથી ખાવા આવી. તમે મને કાઢશો નહીં, ખાવા દો.'

'તો પછી હું શું ખાઈશ ?' ખેડૂતે પૂછ્યું.

'ચિંતા ન કરશો, મારી સાથે સ્વર્ગમાં ચાલો. હું તમને પેટ ભરીને લાડુ ખવડાવીશ.'

ખેડૂત માની ગયો અને ગાય તેને સ્વર્ગમાં લઈ ગઈ અને તેને ખૂબ લાડુ ખવડાવ્યા.

ખેડૂતે લાડુ કદી ખાધા નહોતા. તેને તે ખૂબ ભાવ્યા. તે બોલ્યો, 'ગાય માતા ! તમે રોજ મારા ખેતરમાં આવજો. પેટ ભરીને અનાજ ખાજો અને મને રોજ અહીં લઈ આવજો.'

ગાયે સમાધાન સ્વીકારી લીધું. તે ખેતરમાં ચરવા આવતી અને ખેડૂત રોજ સ્વર્ગમાં જતો. આ પ્રમાણે કેટલાક દિવસ ચાલ્યું. એક દિવસ ખેડૂતના ઘરનાં માણસો ખેતરમાં આવ્યાં અને ખેતરને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયાં. ખેતર અર્ધું ખવાઈ ગયું હતું. તેમણે ઘરના માલિકને પૂછ્યું : 'ખેતરની આવી હાલત કેવી રીતે થઈ ? હજુ તો પાક લણ્યો નથી ને અર્ધું ખેતર ખાલી થઈ ગયું ? શું થયું ?'

'હું નથી જાણતો.' ખેડૂતે કહ્યું.

'તમે કેમ ન જાણો ? તમે તો ખેતરના રખેવાળ છો. તમારા માથે તો જવાબદારી છે. જવાબ આપો કે પાક ક્યાં ગયો.' ઘરના લોકોએ પૂછ્યું.

ખેડૂતે બધી વાત કરી. ઘરનાં લોકોએ કહ્યું, 'તું ઘણો સ્વાર્થી નીકળ્યો. ખેતીમાં સૌનો ભાગ છે. તું એકલો સ્વર્ગમાં જાય અને લાડુ ખાય છે. હવે આ નહીં ચાલે.' યુવાચાર્ય મહાપ્રજ્ઞે લખેલી આ વાર્તા આગળ ચાલે છે પણ અહીં પાયાનો પ્રશ્ન એ થાય છે કે ખેતર વાવવામાં, ખેડવામાં અનેક લોકોનો પ્રસ્વેદ ભળેલો હોય છે, પરંતુ 'લાડુ' ખાવાનો અધિકાર માત્ર ખેતરનો 'માલિક' કે 'રખેવાળ' બની બેઠેલો એકલો ભોગવી જાય એ કેટલે અંશે ઉચિત ?

આજે જાહેર સંસ્થાઓમાં, મંડળોમાં, ટ્રસ્ટોમાં, સંગઠનોમાં આપણે

જોઈએ છીએ કે, પરિશ્રમ કરનારા પાછળ રહી જાય છે અને જેના હાથમાં સત્તા હોય છે એ સંસ્થાના 'સેવક' બનવાને બદલે સ્વામી બની માન-સન્માન-પ્રશંસા-અભિનંદન-ધન્યવાદનો અધિકાર એકલા ભોગવે છે ! સંસ્થાકીય કે અન્ય જાહેર ચૂંટણીઓ દ્વારા કે નિયુક્તિઓ દ્વારા તેના પદાધિકારીઓ પસંદ થાય છે, એનો સીધો અર્થ એ અભિપ્રેત છે કે તે લોકોની ઇચ્છા, આકાંક્ષા, ભાવના અને હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. 'ચેરમૅન' એ 'ચેર'ને નહિ 'મૅન'ને વફાદાર રહેવા બંધાયેલો છે. અને એટલે જ એણે પોતાને મળતા માનનો યશ સહકાર્યકર્તાઓને આપવાનું તેમાં અભિપ્રેત છે. સંસ્થાઓના વડાઓને 'લાડુ' જમવાનું નિમિત્ત પૂરું પાડે અને સંસ્થા માટે કામ કરનારા ભૂખ્યા રહે તો એ સંસ્થાઓનો સદુપયોગ નહીં પણ દુરુપયોગ થયો કહેવાય ! 'વડો' વિકસિત થઈ જાય અને એના હાથપગ સમા 'કાર્યકર' જ્યાંના ત્યાં પડ્યા રહે એ 'વડપણ' નથી, પણ સંસ્થાનું શોષણ છે. સંસ્થાઓ માનભૂખ્યા માટે સન્માનના લાડુ જમીને મેદસ્વી બનવાનું સાધન નથી ! પણ સંસ્થાની ડાળે બેઠેલા સૌ કોઈના ઉત્કર્ષની શ્રદ્ધાસ્પદ ખાતરીનું શ્રેયસ્કર ઠેકાણું છે. સંસ્થાઓ આમ આદમી માટે 'કામધેનુ' બનવી જોઈએ, 'ખાસ આદમી' માટે નહીં.

સંસ્થા કે તંત્રનો માલિક હોવાનો ગર્વ જ માણસને બહેકાવે છે. સંસ્થા માટે તન-મન-ધનથી સમર્પિત પણ સંસ્થા કે સંગઠનના વડા પ્રત્યે અંગત રીતે વફાદારી ન દાખવનારનો અ-કારણ ભોગ લેવાની હીન મનોવૃત્તિથી સંસ્થાઓના ઇતિહાસ કેટલો બધો ખરડાયેલો છે ! કોઈક વડાની જીદ, હઠ કે વટ સમક્ષ સિદ્ધાંતનિષ્ઠા ખાતર નમતું નહિ જોખનાર 'મૂક શહીદો'ની કથાઓ અખબારને પાને ચમકે નહિ, એટલે એનું મૂલ્ય ઘટી જતું નથી.

વિક્ટર હ્યુગોએ એટલે જ કહ્યું છે કે નાના નાના સંઘર્ષોમાં

માણસનાં મહાન કાર્યો પ્રગટ થાય છે. કેટલાક લોકો હઠીલા અજાણ્યા બહાદુર માણસો છે, જેઓ ગરીબી અને અછતના આક્રમણ સામે પ્રાણઘાતક લડાઈ લડીને વિજય મેળવે છે. કેટલીક ઉમદા ને રહસ્યમય જીત લોકોની નજરમાં આવતી નથી. એને કોઈ ઇનામ-અકરામ બદલારૂપે મળતાં નથી. પ્રખ્યાતિ મળતી નથી. દુર્ભાગ્ય, એકલતા, લોકોનો તિરસ્કાર અને ગરીબી એ એવાં યુદ્ધનાં મેદાનો છે જ્યાં કેટલાક લોકો બહાદુરીથી લડી રહ્યા છે.

જેમને સમાજ કે સરકારે એમની બુદ્ધિ, શક્તિ, ન્યાયપ્રિયતા, તટસ્થતા, સેવાવૃત્તિ, ઈમાનદારીમાં વિશ્વાસ મૂકીને સત્તાનાં સૂત્રો સોંપ્યાં હોય એમની જાહેર જીવનમાં ઉચ્ચ ધોરણો હેમખેમ રાખવાની જવાબદારી પણ વધી જતી હોય છે ! એમના તરંગી નિર્ણયો, સ્વાર્થી આયોજનો, 'ગણતરીપૂર્વક'ની ગોઠવણો કે રમતો સમષ્ટિગત કલ્યાણમાં અવરોધક બનતી હોય તો તેવું વર્તન 'વડપણ'નું નહીં પણ 'હીણપત'ને પ્રતિબિંબિત કરે છે.

સંસ્થા કે દેશનું તંત્ર 'એકશાહી'ને નહીં પણ 'લોકશાહી'ને પોષવાની પ્રયોગશાળા છે. નેતૃત્વ એટલે લોક ઉશ્કેરણી નહિ પણ 'લોક કેળવણી' એ વાત જાહેર જીવનમાં પડેલી વ્યક્તિએ ખાસ યાદ રાખવા જેવી છે.

માણસની જાહેર વર્તણૂકના પાયામાં શિસ્ત, ચારિત્ર્ય, સત્યનિષ્ઠા અને સમર્પણભાવ નહિ હોય તો એવો માણસ સંસ્થાઓ અને શાસનતંત્ર બંને માટે અભિશાપરૂપ સાબિત થશે. 'લોકશાહી, જાહેર જીવન અને ચૂંટણી' પુસ્તકમાં શ્રી પુરુષોત્તમ માવલંકરે પોતાના એક ચિંતનપૂર્ણ લેખમાં જાહેર જીવનનાં મૂલ્યોની વિશદ છણાવટ કરી છે. તેમના મતે જાહેર જીવનના પાયામાં સચ્ચાઈ, સંવેદનશીલતા, સંસ્કારિતા અને સમાજલક્ષી સેવા એમ ચાર મૂળભૂત મૂલ્યો સમાયેલાં છે... જાહેર

જીવન એ સત્તા, વિશેષાધિકાર, સંપત્તિ, મોજશોખ વગેરે માટેની પડાપડીનું સ્થાન કે અખાડો નથી પણ માનવીની સેવા વડે અને માનવતાનાં મૂલ્યોની માવજત દ્વારા પ્રભુને પામવાનું મંગલ મંદિર છે.... આપણી પ્રજાકીય સંસ્થાઓમાં અભ્યાસવૃત્તિવાળા પ્રતિનિધિઓ હોવા જોઈએ. માત્ર હાથ ઊંચા કરવાથી કશું નહિ વળે. સરવાળે આપણા જાહેર જીવનમાં સુમેળ જોઈશે. નહિતર આપણું જાહેર જીવન અસ્તવ્યસ્ત થઈ જશે.

દેશનો ઉત્કર્ષ કલ્યાણભૂખ્યા રાજકારણીઓ, સમાજસેવકો કે પલાયનવાદી નાગરિકોથી કદાપિ ન થાય.... વર્તમાન સ્થિતિ જોતાં જોશીઆ ગિલ્બર્ટ હોલૅન્ડની 'God Give Us, Men'માં વર્ણવાયેલા 'માણસો'ની દેશને જરૂર છે. મુ. શ્રી યશવંતભાઈએ આ કવિતાનો ગુજરાતીમાં સરસ અનુવાદ કર્યો છે :

*હે પ્રભુ ! અમને સેવા માણસો આપ !*
*વખત જે આવ્યો છે, આજે,*
*જોઈશે કાઠાં મન,*
*વિશાળ હૈયાં, સાચી શ્રદ્ધા, અને ક્રિયાતત્પર હાથ.*
*એવા માણસો, પદલાલસા જેમને હતવીર્ય બનાવશે નહિ,*
*એવા માણસો જેમને*
*અધિકારસ્થાનોએથી ફેંકેલા ટુકડા ખરીદી શકશે નહિ.*
*એવા માણસો જેમને હશે અભિપ્રાય*
*અને હશે સંકલ્પશક્તિ.*
*એવા માણસો જેમને હશે ઇજ્જત,*
*એવા માણસો, જેઓ જૂઠું નહિ બોલે.*
*એવા માણસો જેઓ લોકટોળાંને*
*બહેકાવનારા ભાષણિયાઓની*

મોઢામોઢ ઊભા રહી,
આંખ પણ મટમટાવ્યા વિના,
તેમની દગાખોર ખુશામતખોરી ઉપર,
લ્યાનતો વરસાવશે.
ઊંચેરા માણસો, સૂર્ય મુકુટધારી જેઓ જાહેર કર્તવ્યોમાં, અને,
અંગત વિચારણાઓમાં,
ધુમ્મસથી ઊંચા ઊઠનારા હોય.
કેમ કે કચરાપટ્ટી જેવા કાચવટિયાઓ,
એમના જડસુ, કાલજીર્ણ સંપ્રદાયો,
અને બડાશ મારતાં વચનો, અને અલ્પતમ કાર્યો લઈને
સ્વાર્થનાં ધિંગાણાં ખેલી રહ્યા છે.
ત્યારે હોય !
સ્વતંત્રતા રુદિયાફાટ રડે છે.
અનીતિ રાજ કરે છે,
અને રાહ જોઈને બેઠેલો ન્યાય ઘોરે છે.

કેટલાક મહાપુરુષો એવા હોય છે કે જે દરેક માણસને તેની લઘુતાનું ભાન કરાવે છે, પણ સાચો મહાપુરુષ તો એ છે કે જે દરેક માણસને એની મહત્તાનું ભાન કરાવે છે.

**- ચાર્લ્સ ડિકન્સ**

# ૨૪

## આત્મ-સુધારણા

**ગંદાં પાણીનાં પાંચ તળાવ કરતાં એક નાનકડો વીરડો વધારે મહત્ત્વનો છે !!**

કેરીનો ઢગલો કરીને વેચવા બેઠેલી એક વૃદ્ધાને કોઈ ટીખળી ગ્રાહક વાત-વાતમાં કહે છે : 'ડોશીમા, હવે તો ભાવ ઘટાડો ! હવે તો દેશમાં નવો વહીવટ આવ્યો !'

'રાજ કરનારા તો મૂઆ બધાય એક જ વેલાનાં તુંબડાં ! કડવાં વખ !' ડોશીમાએ પોતાનો બળાપો કાઢતાં કહ્યું.

આપણે પણ વારંવાર આવાં વાક્યો ઉચ્ચારતાં રહીએ છીએ : રાજકારણ તો ગંદું છે ! 'ડર્ટી પોલિટિક્સ !' પણ આ 'રાજકારણ'ને ગંદું કોણ બનાવે છે ? જેમને મન 'રાજકારણ' સત્તાલાલસા કે કમાણીનું સાધન છે તેઓ. જ્યાં સત્યનિષ્ઠા છે, સિદ્ધાંતનિષ્ઠા છે, આચારશુદ્ધિનો આગ્રહ છે, ત્યાં કોઈ ગંદકી પ્રવેશી શકતી જ નથી ! એટલે રાજકારણી ગંદો હોઈ શકે, રાજકારણની વાત પછીથી આવે છે.

લોકશાહીમાં આપણે લોકોના પ્રતિનિધિત્વને મહત્ત્વ આપ્યું, એની પાછળ લોકભાવનાની કદર અને જયજયકારની વાત જોડાયેલી છે. પક્ષોની રચના અને સંગઠન સત્યની રક્ષા કરવા માટે નહીં પરંતુ હરીફ સામે વેરની વસૂલાત માટે થાય, ત્યારે રાજકારણમાં 'ગંદકી'ની ગટર

ન ઊભરાય તો બીજું થાય પણ શું ? જે વ્યવસ્થા માનવતા વધારવા, તેને પ્રસરાવવા ઊભી ન થાય, ત્યાં સ્વચ્છતાની કલ્પના પણ કેવી રીતે કરાય ? સદ્‌ભાવ નહીં, પણ દ્વેષભાવની બોલબાલાવાળા વાતાવરણમાં મહાભારત જ સર્જાય છે. સંસ્થાઓ કે પક્ષોનો આશય માનવ-માનવ વચ્ચે સદ્‌ભાવની સરિતા વહેવડાવવાનો નહીં, પણ બીજા માણસની પીઠ પર પગ મૂકી ઉપર ચઢ્યા બાદ તેને ખીણમાં હડસેલી દેવાનો હોય, ત્યાં દુર્ભાવનાના ઉકરડા જ સર્જાય. કિશોરલાલ મશરૂવાળા આ બાબતમાં 'શાસકવર્ગ'ની 'હવાડા' સાથે, અને 'પ્રજા'ની 'કૂવા' સાથે સરખામણી કરતાં કહે છે : 'કૂવામાં હોય તેટલું હવાડામાં આવે' - એ કહેવત જાણીતી છે. 'તેટલું'ની સાથે 'તેવું' પણ ઉમેરી શકાય. એટલે કે 'કૂવામાં હોય તેવું અને તેટલું હવાડામાં આવે' ! કૂવા કરતાં હવાડામાં ઓછું આવે તેમ બને. વળી કૂવાનું પાણી ચોખ્ખું હોય તેવા કાયદાઓ અને બંધારણો ઘડો; પણ સમસ્ત પ્રજાના ચારિત્ર કરતાં શાસક વર્ગનું ચારિત્ર ઘણું ઊંચું હોય એમ બનવાનું નહીં ! કૂવા કરતાં હવાડો નાનો હોય એ ખરું, પણ શાસક વર્ગનો હવાડો એટલો નાનો નથી હોતો કે થોડો ઉપરનો ભાગ ચોખ્ખો હોય ને નીચેના ભાગમાં સખત કાયદાની શોધક દવા નાખીએ એટલે બધું બરાબર ચાલે ! કારણ કે પ્રજાનાં પ્રત્યક્ષ સુખ-સ્વાતંત્ર્ય શાસકોના ઉપલા માણસોના હાથમાં નથી હોતાં, પણ નીચેના લોકોના હાથમાં હોય છે !

'લોકશાહી'નાં આપણે ઢોલ-નગારાં વગાડીને વખાણ કરીએ છીએ, પણ એનો વહેવારુ અર્થ 'માથાગણતરી' એટલો જ થઈ ગયો છે. કોઈ એમ તો ન જ કહી શકે કે, ઘણાં માથાં એટલે ઘણું ડહાપણ ! જે બાજુએ ઘણાં માથાં ઊંચાં થયાં છે તે બાજુનો નિર્ણય વધારે ડાહ્યો ? માથાં શા માટે ઊંચાં થયાં છે એ મહત્ત્વનું છે, કેવળ કેટલાં માથાં ઊંચાં થયાં તે નહીં ! ગંદા પાણીનાં પાંચ તળાવ કરતાં એક નાનકડો વીરડો વધારે મહત્ત્વનો છે.

પક્ષોનું રાજ્ય એટલે પ્રજાનું રાજ્ય નહીં, પણ 'સુરાજ્ય' એટલે પ્રજાનું રાજ્ય ! ભારતનાં પ્રજાજનોએ કોણ રાજ્ય કરે છે, તેની ચિંતા કરવા કરતાં 'કેવી રીતે' રાજ્ય કરે છે તેના તરફ વધુ નજર રાખી છે. પરિણામે રાજા જો પ્રજાના આદર્શો અને સત્યનિષ્ઠાથી રાજ્ય કરતો હોય તો તેને આદર આપવાનું મુનાસિબ ગણ્યું છે. જ્યાં સુધી શાસકોએ 'દેવત્વ'ને નજર સમક્ષ રાખ્યું છે, ત્યાં સુધી ભારતનાં પ્રજાજનોએ કાયદો હાથમાં લેવાની કલ્પના સુધ્ધાં નથી કરી ! 'રાજદ્વાર' અને 'લોકદ્વાર' વચ્ચેની દીવાલ ભારતનાં નાગરિકોને ક્યારેય મંજૂર નથી રહી !

પરિણામે જે શાસકોએ કે વડાપ્રધાનોએ સત્તાને 'પ્રજાની થાપણ' માની છે, એમને પ્રજા પૂજતી રહી છે ! સરકારી સંપત્તિને 'પ્રજા-સંપત્તિ' ગણી એનો અંગત સ્વાર્થ ખાતર ઉપયોગ ન કરે એ પ્રજાની હંમેશાં પ્રધાનો, મુખ્યપ્રધાનો ને વડાપ્રધાનો પાસે અપેક્ષા રહી છે. ગરીબ દેશનો શાસક ભલે 'ફકીર' ન હોય, પણ પ્રજાની આકાંક્ષાની 'તસવીર' બને એવી ઝંખના અસ્થાને પણ નથી !

આ બાબતમાં લાલબહાદુર શાસ્ત્રીનું વડાપ્રધાન તરીકેનું જીવન અત્યંત પ્રેરક છે. એમના પુત્ર સુનીલ શાસ્ત્રીએ મૂર્ધન્ય સાહિત્યકાર ધર્મવીર ભારતીને શાસ્ત્રીજીનાં સ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે, અમારા ઘરમાં ત્યારે બે ગાડીઓ (કાર) હતી.

એક મોટી ઈમ્પોર્ટેડ ગાડી, જે સરકારી હતી. અને જેનો ઉપયોગ લાલબહાદુર શાસ્ત્રીને વડાપ્રધાનની કચેરીએ લઈ જવા માટે કરવામાં આવતો હતો. સરકારી કાર્યક્રમો-આયોજનોમાં જ્યાં તેમને વડાપ્રધાનની હેસિયતથી જવાનું બનતું, ત્યાં તેઓ એ સરકારી ગાડીનો ઉપયોગ કરતા હતા. એનો ઉપયોગ કરવાની માતાને (લલિતાદેવી), હરિભૈયાને કે મને છૂટ નહોતી. ભાડાની ટૅક્સી કરીને અમને જવા-આવવાનું ખૂબ જ મોંઘું પડતું હતું, એટલે ઘરના ઉપયોગ માટે નાનકડી ફિયાટકાર

ખરીદવામાં આવી હતી. એની પૂરી કિંમત ચૂકવવાની તો શાસ્ત્રીજીમાં તાકાત નહોતી, એટલે વિક્રેતા પાસેથી હપતેથી એ ગાડી લેવામાં આવી હતી. ત્યારે અમે નાના હતા. મોંઘી–શાનદાર સરકારી ગાડી પ્રત્યેનું આકર્ષણ મનમાંથી ખસતું નહોતું. એક દિવસ સાંજના સમયે શાસ્ત્રીજી નહોતા પરંતુ તેમની ઈમ્પોર્ટેડ કાર હાજર હતી. મોટાભાઈને ઈમ્પોર્ટેડ ગાડી ચલાવવાનો ભારે શોખ ! માતાને પૂછ્યું. એમણે કહ્યું કે, લઈ જવી હોય તો લઈ જાઓ, પરંતુ ડ્રાઈવરને સાથે રાખજો... અડધા કલાકમાં પાછા આવી જજો !

અમે ઈમ્પોર્ટેડ કાર લઈને નીકળ્યા. પણ એ ગાડીમાં ફરવાનો - ચલાવવાનો એવો ચસકો લાગ્યો કે, ખાસ્સું મોડું થઈ ગયું. આવીને જોયું તો પિતાશ્રી (શાસ્ત્રીજી) પાછા ફર્યા નહોતા. અમને હાશ થઈ. રસોડાના પાછલા બારણેથી ચૂપચાપ બંગલામાં પ્રવેશ કર્યો. અવાજને લીધે માતુશ્રી જાગી ગયાં ! તેઓ વઢે તે પહેલાં જ આજીજીપૂર્વક કહ્યું કે, અમને બચાવી લો. પિતાશ્રીને ખબર ન પડવી જોઈએ કે, અમે સરકારી ગાડી લઈને બહાર ગયા હતા ! ખૂબ વિનવણી-મનામણીથી માતુશ્રી માની ગયાં અને અમે ભાઈઓ પોતપોતાના ઓરડામાં જઈને સૂઈ ગયા.

સવારે નોકર અમારા ઓરડામાં આવીને ચા આપી જતો હતો. સવારે બારણે ખડખડાટ સાંભળીને મેં ચિડાતાં કહ્યું, ચા પાછી લઈ જા. મોડી રાત્રે પાછો ફર્યો હતો, એટલે સૂઈ રહીશ. પછીથી ચા લાવજે !

સહેજ આંખ મળી હશે, ત્યાં બારણે ટકોરા ! નોકરને વઢવા માટે હું ઊઠ્યો, પણ નજર કરી તો સામે પિતાશ્રી ઊભેલા ! મારા છક્કા છૂટી ગયા !

પિતાશ્રીએ પૂછ્યું, રાત્રે મોડો સૂઈ ગયો હતો એમ? પણ તારાં માતુશ્રી તો કહે છે કે, તું સમયસર આવીને વહેલો સૂઈ ગયો હતો ! રાત્રે પિક્ચર જોવા ગયો હતો ?

હવે મારે મોં ખોલવું પડ્યું. નીચી મૂંડીએ કહ્યું કે, અમે મોટી (સરકારી) ગાડી લઈને ફરવા ગયા હતા !

'મોટી ગાડી ચલાવવાનો શોખ હતો એમ ને ! વારુ ! હવેથી સરકારી ગાડી ક્યારેય ન લઈ જશો. આપણા ઘરની ફિયાટકારનો ઉપયોગ કરજો !'

પિતાશ્રી ચાલ્યા ગયા ! મને હોશ આવ્યા ! ચાલો છૂટ્યા..... વાત પૂરી થઈ ! પણ વાત પૂરી થઈ નહોતી !

કચેરીએ જવાનો સમય થતાં પિતાશ્રીએ ડ્રાઈવરને પૂછ્યું, 'લૉગબુક રાખે છે ને ? એ જોઈને મને કહે કે, આપણે કચેરીએથી પાછા ફર્યા તે પછી ગાડી કેટલા મીટર ચાલી છે ?'

ડ્રાઈવરે કિલોમીટર જોઈને કહ્યું, 'ચૌદ કિલોમીટર.'

'ભલે. સચિવને બોલાવો.'

સચિવ આવ્યા. પિતાશ્રીએ કહ્યું, 'મોટી ગાડી(સરકારી)ના ઉપયોગ માટે કિલોમીટર દીઠ જે ખર્ચ થતું હોય, તે મારી પાસેથી વસૂલ કરીને ટ્રાન્સપોર્ટ ખાતામાં જમા કરાવો !'

આ છે આપણા દેશના સાચા વડાપ્રધાનની તસવીર, જેણે રાજકારણને ગંદું નહોતું બનાવ્યું, પણ પોતાના જીવનકાળ દરમિયાન ગંદકી ઉલેચવાનું સત્કૃત્ય કર્યું હતું ! એટલે જ એમનાં સંતાનોનાં જીવનમાં પણ તે કાળે પ્રજાધર્મપરાયણના સંસ્કાર વણાઈ ગયા હતા. સુનીલ શાસ્ત્રી ઉત્તરપ્રદેશના નાયબપ્રધાન હતા, ત્યારે પોતાને નાયબપ્રધાનપદ મળ્યા બાદ ટપાલમાં મળેલ પત્ર-પત્રિકાઓની પસ્તીની રકમ પ્રજાની થાપણ ગણીને સરકારમાં જમા કરાવી હતી !

સમગ્ર દુનિયાની સુધારણા ભલે શક્ય ન હોય, માણસ પોતાના અંતઃકરણનો તો બાદશાહ છે જ, જેની સુધારણા માટે એણે કોઈની પરવાનગી લેવાની હોતી નથી !

## ૨૫

# કૃષ્ણ એટલે જીવનતીર્થ

**કૃષ્ણને તિથિ સાથે નહીં
પણ 'જીવનતીર્થ'
સાથે લેવા-દેવા છે !**

'ગોકુળને ઘેલું કરનાર, તારનાર, પાળનાર, બાલાવતાર ગોપ અને ગોપીઓમાં આત્મીયતા અને નિજત્વ પ્રગટાવનાર એ રૂપાવતાર ; સ્વજનની પેઠે વિરહથી વીંધતો એ વિરહાવતાર ! પૃથ્વીમાંથી પાપ અને પાખંડને વિચ્છેદનાર પુણ્યાવતાર, દીનદુઃખીઉદ્ધારક દીનાવતાર; રાધાનો બાળસખા ને દ્રૌપદીના ધર્મસખા; ઉદ્ધવના અંતરસખા અને સુદામાના આત્મસખા; અર્જુનના યોગસખા અને રુક્મિણીના જીવનસખા; વસુદેવ-દેવકીનો લાલ અને નંદ-યશોદાનો વહાલસોયો બાળ; કંસ-શિશુપાળનો કાળ અને અજોડ કલાકાર ! અજબ વિષ્ટિકાર અને ગજબ દૃષ્ટિકાર પાર્થસારથિ અને ધર્મયોદ્ધા ! ભીષ્મ પિતામહ પણ જેને પૂજ્ય માને એવો ચારિત્ર્યશીલ અને નિષ્કામ-નિર્લેપ દેહધારી, અનન્ય સુદર્શનચક્રશોધક, ગીતાપ્રબોધક, ગોવાળ અને ગોપાળ, બંસીધર અને અસ્ત્રશસ્ત્રવિશારદ, ધર્મધારક અને નીતિપાલકને બીજું શું કહી શકાય ? સિવાય કે પુરુષોત્તમ ?' શ્રીકૃષ્ણ પ્રત્યેના આદરભાવથી નખશિખ ભીંજાયેલા લેખક શ્રીચક્રવાકે શ્રીકૃષ્ણના વૈવિધ્યસભર શાલીન વ્યક્તિત્વને સુપેરે શબ્દાંકિત કર્યું છે !

પણ શ્રીકૃષ્ણના મહિમામંડિત વ્યક્તિત્વને સમજવા માટે એક જ વાક્ય પૂરતું છે કે એ કર્મયોગી સંન્યાસી હતા અને સંન્યાસપૂત કર્મયોગી હતા ! ફલાસક્તિના પરિત્યાગનું એમણે ગીતામાં પ્રબોધેલું મહાસૂત્ર વૈશ્વિક તત્ત્વજ્ઞાન પરંપરામાં મૂર્ધન્ય સ્થાને વિરાજે છે. વાત આમ તો વિચિત્ર લાગે ! કર્મ કરવું અને ફળની ઇચ્છાનો ત્યાગ ? મંજિલ વગર માણસ દોડી શકે ખરો ? લક્ષ્ય વગર માણસ ચાલી શકે ખરો ? ફળની ઇચ્છા વગર પરિશ્રમની પ્રેરણા ટકી શકે ખરી ?

આ બાબતમાં આચાર્ય રજનીશે કૃષ્ણના વ્યક્તિત્વને મૂલવતાં કહેલી વાત વિચારવા જેવી છે. તેમણે કહ્યું છે કે કૃષ્ણે સંન્યાસની આખી ધારણા જ બદલી નાખી ! એમણે એ વાત પર ભાર મૂક્યો કે સંન્યાસ વેશાન્તર નથી, પરંતુ એ અંતરાત્માનું રૂપાંતરણ છે. સંન્યાસ જીવનનો ત્યાગ નથી પરંતુ જીવવાનો વિશુદ્ધ પરમ ભોગ છે.

વાત તો ઊલટી લાગે, પણ છે વિચારવા જેવી. શ્રીકૃષ્ણ આપણને એ સમજાવવા માગે છે કે, તમે જીવનને વાસના અને આકાંક્ષાઓમાં બાંધવાની કોશિશ કરશો તો જીવન તેટલું જ તમારા હાથની બહાર રહી જશે. જીવનને ખુલ્લું રાખો, કારણ કે જીવન પોતે જ એક આનંદ છે. પલાયનવાદી સંન્યાસી બનશો તોપણ ઇચ્છાઓ તો તમારો પીછો છોડવાની નથી. એવા સંન્યાસી રૂપે તમે 'જંગલમાં નવું મંગલ' કરશો, કારણ કે સંન્યાસનું સરનામું સંસારત્યાગમાં નહીં, પણ મનઃસંયમમાં છે. જેના મનમાં ઇચ્છાઓનાં તોફાનો ન હોય એ સંસારમાં રહ્યા છતાં સંન્યાસી છે. અને એટલે જ આજના કહેવાતા સંન્યાસીઓ વેશપલટુ ગૃહસ્થો જ છે. ઘરનાં સુખો એમણે 'ઘર બહાર' વસાવ્યાં એટલું જ ! કૃષ્ણનો આદર્શ ગૃહસ્થ પણ નિર્મળ વ્યક્તિવાળા, ઇચ્છાઓના દોરે નહીં નાચનારા અણીશુદ્ધ સજ્જનનો હતો. એવો સજ્જન સંન્યાસીથી ઊતરતો ન જ ગણાય. માણસ કર્મ વગર જીવી ન શકે. એટલે કર્મ છોડીને ભાગવું એ તો પ્રમાદ થયો. કૃષ્ણને એવા પ્રમાદી સંન્યાસીઓ

મંજૂર નથી ! કોઈ મોટી ઇચ્છા માટે નાની ઇચ્છાનો ત્યાગ એ કર્મત્યાગ નથી, પરંતુ છોડવા જેવાં ખોટાં કર્મોનો ત્યાગ એ સાચું સંન્યસ્ત છે. ઇચ્છાઓનો ત્યાગ એટલે કર્મ પર પૂર્ણવિરામ નહીં, પરંતુ શ્રીકૃષ્ણે 'કર્મ' સમજવામાં થાપ ખાધી નથી. તેઓ માને છે કે 'કરવા જોગ' હોય તે જ કર્મ. ઇચ્છાઓનો ત્યાગ કરો એટલે ખોટાં કર્મો સાથેનો નાતો અને ચસકો આપોઆપ ઘટવાનો.

રજનીશજીએ આ વાત સમજાવવા માટે ચોરનો દાખલો આપ્યો છે. અઠંગ ઉઠાઉગીર કે રીઢો ગુનેગાર કે ચોર પણ એમ જ કહેતો હોય છે કે પોતે ચોર નથી, પણ પરિસ્થિતિવશ પોતે ચોરી કરવી પડી છે ! બાકી આમ તો હું સારો માણસ છું. ઇચ્છાઓનું વર્ચસ્વ જ માણસ પાસે દુષ્કર્મ કરાવી જાય છે. પરિણામે ખોટું પણ તેને ખોટું લાગતું નથી. ખરાબમાં ખરાબ માણસની તર્કશૈલી પણ એવી જ હોય છે કે પોતે જે કાંઈ કરે છે તે બરાબર છે. હું મકાન બનાવવા ઇચ્છતો હોઉં અને તેમાં વિશ્રામ કરવા ઇચ્છું તો તેમાં કશું ખોટું કરું છું ? અને પછી એ મકાન બનાવવાની ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે થોડાંક કાળાં બજાર, થોડીક લાંચરુશવત, થોડીક ચોરી કરવી પડે તો કરું પણ ખરો, કારણ કે એના વગર મકાન શક્ય ન હોય તો તેમાં વાંધો શો ? શ્રીકૃષ્ણે એટલે જ એ વાત ઠસાવવાનો પ્રયત્ન કર્યો છે કે ભાઈ ! તારી ઇચ્છાઓ ઘટશે, એટલે બૂરાં કર્મો આપોઆપ ઘટશે, અને સારાં કામો તારો સંગ છોડશે નહીં ! જીવનમાંથી સ્વાભાવિક રીતે ઉદ્‌ભવે, જીવનમાંથી સહજ રીતે ઉદ્‌ભવે તેવા કર્મપ્રવાહમાં જીવન પરિસ્નાન કરતું રહે જ છે ! કારણ કે મન જ ઇચ્છાઓની જાળ બિછાવે છે. ઇચ્છાઓ એકબીજાને ધકેલીને પોતપોતાનું સ્થાન જમાવવા કોશિશ કરતી હોય છે. એ ઇચ્છાઓના રખેવાળ, પાલક અને પોષક બનવામાં માણસ અટવાયેલો રહે તો ઇચ્છાઓની ભીડમાં પોતે ખોવાઈ જાય ! 'જીવવાની' એને તક જ ન રહે. જીવન કેવળ ઢસરડો બની જાય ! એટલે મનરૂપી બહુરૂપીના ઇશારે ન નાચવામાં જ

સલામતી છે. શ્રીકૃષ્ણ નિષ્ઠાવાન છે. એમનું મન નિષ્ઠાથી ભર્યું ભર્યું છે. રજનીશે સાચું જ કહ્યું છે કે, શ્રીકૃષ્ણ માને છે કે માણસ તો સારો જ છે. બસ, એ ઇચ્છાઓનો નચાવ્યો ન નાચે. એ ઇચ્છાઓને છોડી દેશે એટલે એની અંદર શુભત્વનો જન્મ થશે અને એ પછી જે કાંઈ બહાર આવશે તે ઉત્તમ જ હશે, શુદ્ધ હશે, સાત્ત્વિક હશે. જેમ દર્પણ પર ધૂળ ચોંટી હોય તો આપણે આપણું પ્રતિબિંબ તેમાં નિહાળી શકતા નથી, પરંતુ ધૂળ લૂછી નાખવામાં આવે તો પ્રતિબિંબ તરત જ દેખાય છે, તેવું જ માણસનું પણ છે. માણસ દર્પણ જેવો ચોખ્ખો છે. ઇચ્છાઓ દ્વારા એ ધૂળ એકઠી કરી લે છે, ચોતરફથી, એટલે એની નિર્દોષતા ઢંકાઈ જાય છે. બાકી માણસની ચેતના તો નિર્દોષ હોય છે. દોષો તો બહારની ધૂળ છે. એમને ફૂંક મારીને ઉડાડી દેતાં આવડે તે જીવનનો કસબી. ઇચ્છા વગરની ચેતના તો નિર્દોષ હોય છે. દોષો તો બહારની ધૂળ છે. એમને ફૂંક મારીને ઉડાડી દેતાં આવડે તે જીવનનો કસબી. ઇચ્છા વગરની ચેતના જ શુભત્વની ઊર્જા પેદા કરે છે. કૃષ્ણજન્મદિન એ પાપનો ભાર વધી પડ્યો છે, માટે પ્રભુ, તમે પધારો, એવા કાલાવાલા કરવાનો ઉત્સવ નથી, પરંતુ કૃષ્ણે સૂચવેલી પેલા દર્પણની ધૂળ ખંખેરવા માટે સંકલ્પબદ્ધ બનવાનો દિવસ છે ! અનેક સમસ્યાઓ વચ્ચે ઘેરાયેલા શ્રીકૃષ્ણે ક્યારેય લાચારી કે દૈન્યભાવ ભજવ્યો નહોતો, પછી એના આરાધકો પણ પોતાના ઉદ્ધાર માટે શ્રીકૃષ્ણ પાસે કરુણાની ભીખ માગે એ શ્રીકૃષ્ણને કેવી રીતે ગમે ? કૃષ્ણનો જીવનસંદેશ-ઉત્સવ બહાર નહીં, અંદર પણ ઊજવો. કારણ કે તમને મળેલી આજ, આજની ઘડી, રળિયામણી છે. 'વહાલો આવ્યાની વધામણી' એટલે વહાલાને આવકારવા માટેનું પવિત્ર મન ! જન્માષ્ટમીએ જ નહીં પણ કૃષ્ણને હર પળે તમારા મનના મથુરામાં જન્મવા દો ! કારણ કે કૃષ્ણ જેની સાથે સંબંધ રાખે છે એની સાથે કાયમી સંબંધ રાખે છે. ટેમ્પરરી સંબંધ કૃષ્ણને ક્યારેય રુચ્યો નથી ! કૃષ્ણને તિથિ સાથે નહીં, જીવનતીર્થ સાથે લેવાદેવા છે.

## ૨૯

## સત્યનો વિયોગ

**સત્યનો પ્રયોગ નહિ પણ વિયોગ !**

સ્કૂલનાં બાળકો તન્મયતાપૂર્વક પ્રાર્થના કરી રહ્યાં છે, 'હે પ્રભુ ! અમારી પર કૃપા કરજે. અમે સદાય સાચું બોલીશું !' શિક્ષકો પ્રાર્થનાનો 'નિત્યક્રમ' સત્વરે પૂરો થવાની વાટ જોઈ રહ્યાં છે... બાળકો આવે છે, જાય છે.... પ્રાર્થનાઓ થાય છે, પ્રતિજ્ઞાઓ લેવાય છે... બાળકોનું જીવન મૂલ્યનિષ્ઠ હોવું જ જોઈએ.... એમણે મહાન પ્રતિજ્ઞાઓ લેવી જ જોઈએ.... કારણ કે એ 'બાળકો' છે. 'બાળકો' છે એટલે તો કસોટી થાય તેવી કપરી પ્રતિજ્ઞાઓ લેવા તૈયાર છે.... પ્રતિજ્ઞા પાળવા માટે છે, કેવળ મોઢેથી બોલવા માટે નહીં. એવી પળોજણમાં પડવાને બદલે 'પ્રતિજ્ઞા' એટલે 'પ્રતિજ્ઞા' એવું સીધું ગણિત માંડે છે....

પણ શું ઉત્તમ પ્રતિજ્ઞાઓ કેવળ 'બાળકો'એ જ લેવાની છે કે પછી 'પ્રતિજ્ઞા' લેતી સમયે 'બાળક' જેવા નિર્દોષ બનવાનું છે ?

એવી કોઈ શાળા કે કૉલેજો છે ખરી જેમાં આચાર્ય અને અધ્યાપકો, શિક્ષકો અને કર્મચારીઓ પ્રતિજ્ઞા લેતાં હોય કે અમે સાચું બોલીશું, અમે મૂલ્યનિષ્ઠ બનીશું, ન્યાયયુક્ત વ્યવહાર રાખીશું !

જેમણે જ્યાં ક્યાંય કશું 'સોગંદ' પર કહેવું પડે છે, 'પ્રતિજ્ઞાઓ' લેવી પડે છે તેઓ પણ માત્ર વિધિ ખાતર શબ્દો બોલી જાય છે... તેમાં નથી હોતી બાળકની નિર્દોષતા કે નથી હોતી પ્રતિજ્ઞા પ્રત્યેની ગંભીરતા !

આપણે એમ માનીને ચાલીએ છીએ કે 'બાળકો'એ જ સત્યનિષ્ઠા, સંસ્કારનિષ્ઠા, અનુશાસન અને ખેલદિલી શીખવાની અને આચરવાની છે ! શું મોટા થવું એટલે 'ખોટા' થવું ? મોટા થવા માટે જ સરળતા, નિર્દોષતા, નિરાડંબરતા, નિખાલસતાનું બલિદાન આપવું આવશ્યક છે ? શું મોટાઈ છળકપટનો અને પ્રવંચક ચતુરાઈનો પર્યાય છે ?

એક પિતા પોતાના બે પુત્રોની સરખામણી કરતાં કહે છે : અમારો નાનકો ! તમે એને દસ વરસ પહેલાં જોયો હતો તે ! તમે કહેશો.... 'આ... હો ! આ નાનકો ! આટલો મોટો થઈ ગયો ? મને યાદ છે ત્યારે હું ઘરમાં જેવો પગ મૂકતો કે તરત જ 'નમસ્તે અંકલ' કહીને મને આવકારતો !' તમારી વાત પૂરી થાય એ પહેલાં 'નાનકા'માંથી 'મોટકો' થયેલો એ તરુણ તમારા તરફ નજર કર્યા સિવાય અદૃશ્ય થઈ ગયો હશે..... એના અવિનયનો બચાવ કરતાં એના પિતા કહેશે : 'ત્યારે તો નાનો હતો ને ! હવે તો એ મોટો થયો..... 'સમજણો' થયો એટલે જવાન છોકરાની રીતભાત આપણે ઇચ્છીએ એના કરતાં જુદી રહેવાની ! કદાચ પિતા શરમથી નીચું પણ જોશે.... 'મોટકો' તમને આદર આપ્યા વગર ચાલ્યો ગયો એનાથી દુભાઈને ! ક્યાં ગઈ એ 'નાનકા'ની 'વિનયશીલતા ?' ક્યાં ગઈ પેલાં બાળકોની 'સત્યનિષ્ઠા ?' સમાજમાં રહ્યા છતાં માનવી કેમ 'સામાજિક પ્રાણી' બનવાને બદલે કેવળ 'પ્રાણી' શબ્દ જ યાદ રાખે છે ? કે પછી આપણને મૂલ્યનિષ્ઠ સમાજ ખપતો જ નથી ? બાળકોને દરરોજ સાચું બોલવાની પ્રતિજ્ઞા કરાવનાર શિક્ષકના જીવનમાં સત્યપ્રિયતાનો સરવાળો થાય છે કે બાદબાકી ? નિયમિતતાનો

પાઠ શીખવનાર ખુદ નિયમિત છે ખરો ? અદાલતમાં 'સત્યમેવ જયતે' રહે તે ન્યાય માગનારા, તોળનારા અને કાયદાનાં પુસ્તકો લઈ ઘૂમનારાને મંજૂર છે ખરું ? 'જે મુક્તિ આપે તે વિદ્યા' એવાં વિશ્વવિદ્યાલયો 'મુક્ત' છે ખરાં ? ધર્મસ્થાનો 'સત્ય'નો મહિમા પિછાણે છે ખરાં ? સત્ય માટે શું સૉક્રેટિસે મરવાનું ? ઈસુ ખ્રિસ્તે જ શૂળીએ ચઢવાનું ? ગાંધીએ જ ગોળીઓ ખાવાની ?

જે સત્યનાં આપણે ઢોલ વગાડી-વગાડીને ગાણાં ગાઈએ છીએ, સૂત્રરૂપે એને ટાંકીએ છીએ, કોઈ જૂઠું બોલે છે એવો આપણને ખ્યાલ આવે તો એને ટોકવાનો આપણો જન્મસિદ્ધ અધિકાર માનીએ છીએ, એની રક્ષા માટે આપણે કશું મૂલ્ય ચૂકવીએ છીએ ખરા ? ધાર્મિક ઝનૂનથી પ્રેરાઈને બલિદાન આપનારા કદાચ જડી આવશે, પણ સત્ય ખાતર ઠંડે કલેજે ઝઝૂમી મૃત્યુથી ભયમુક્ત માનવીઓ આધુનિક યુગમાં જવલ્લે જ જોવા મળે છે. આમ કેમ ? સત્ય આવું મહાન છે, ઉપકારક છે, આદર્શ છે તો એના ઝંડાધારીઓ કેમ ઘટી રહ્યા છે ? શા માટે માણસ સત્ય બોલતાં અચકાય છે ? ખચકાય છે ? ભૌતિક સત્યો આપણે બેધડક ઉચ્ચારીએ છીએ, કારણ કે એ ખોટું પડે તો બોલનારે કશું ગુમાવવાનું હોતું નથી, પણ વ્યક્તિ કે સમાજને સ્પર્શતી બાબતો વિષે સત્ય બોલવામાં તે 'સાવધ' રહે છે, કારણ કે એ જાણે છે કે, એનું કથન 'અસત્ય' પુરવાર થશે તો અનેક પ્રકારની કટુતાઓ અને સમસ્યાઓનો સામનો કરવો પડશે....

એટલે માથામાં વાગે તેવું સત્ય માથામાં વાગે એવી રીતે બોલવાને બદલે 'પ્રિયકર' રીતે બોલવાની વાત આદર્શ તરીકે રજૂ કરવામાં આવી. સાચું બોલવું પણ અપ્રિય લાગે તે રીતે બોલીને માણસને દૂભવવાના યત્નથી દૂર રહેવું ! પણ એનો અર્થ કેવળ 'પ્રિય'ની રક્ષા અને 'સત્ય'ની અસલામતી હરગિજ નહીં !

આપણે 'પ્રિય'ની વાત યાદ રાખી અને 'સત્ય'ને ભૂલ્યા, એટલે જ માણસની ખુશામતનો ડોળ કરતા થઈ ગયા ! જાહેર સમારંભો અને કાર્યક્રમો તથા શ્રદ્ધાંજલિનાં લખાણો જુઓ ! જેમના હૈયે કર્મચારી કે કારીગરના હિતનો છાંટોયે ન હોય એવા માણસનું મરણ થતાં એમના 'સ્વર્ગવાસ' વિષે, એમની દયા-કરુણા અને પરોપકારની ઉદાત્ત ભાવના વિશે એમના સ્ટાફના માણસો લખાણ-વખાણ કરે છે-તેમના પછી અધિકારસ્થાને વિરાજેલા એ 'શેઠપુત્ર'ને ખુશ રાખવા માટે ! જેટલી શ્રદ્ધાંજલિઓ આપણે વાંચીએ છીએ એ તમામ માણસો પ્રત્યે પૂજ્યભાવ ધરાવવો—પ્રદર્શિત કરવો એ એક વાત થઈ ! એમના મહાન ગુણોનું સ્મરણ કરવું એ માનવીય કર્તવ્ય છે એ પણ કબૂલ ! પણ એમાં વપરાતા શબ્દો પ્રામાણિકતાની મહેંક લઈ ચાલે એ પણ એટલું જ અપેક્ષિત ! શ્રદ્ધાંજલિઓના જાહેર કાર્યક્રમમાં પણ આવું જ બને છે. વક્તા અવસાન પામેલી 'મહત્ત્વ'ની વ્યક્તિ પ્રત્યેની પોતાની નિકટતા, આત્મીયતા અને સંબંધની ઘનિષ્ઠતા પ્રદર્શિત કરતાં - કરતાં બહેકવા માંડે છે ! કેટલાક તો શબ્દે-શબ્દનો પ્રયોગ એવી રીતે કરે છે કે મરનાર કરતાં પોતે જ્ઞાન કે વિદ્વત્તામાં વધુ મોટો અને મહત્ત્વનો છે એવો ભાવ પ્રતિબિંબિત થાય ! કાર્યક્રમોમાં 'વરદ' હસ્ત, 'ચરણકમળ', 'કીમતી સમય'-વગેરે શબ્દોમાં બિચારું 'સત્ય' કેટલે-કેટલે ઠેકાણે ગૂંગળાય છે !

સત્ય એ સાધના છે, સત્ય એ યોગ છે, સત્ય એ તપ છે, 'સત્ય' એ ઈશ્વર છે, એમ કહીને આપણે 'સત્ય'ને ઉચ્ચ સ્થાને પ્રસ્થાપિત કરીએ છીએ. ત્યારે આપણી એ પણ ફરજ બની જાય છે કે, સત્ય ખાતર ગમે તેવી વસ્તુ કે વ્યક્તિનું બલિદાન આપીએ પણ સ્વાર્થ ખાતર સત્યને શૂળીએ ચઢાવવા તૈયાર ન જ રહીએ !

કેવી વિચિત્રતા છે સત્ય અને અસત્યની ! 'સત્ય'ના પાઠ ભણાવવામાં આવે છે છતાં 'સત્ય' બોલનારા શોધ્યાય જડતા નથી !

અને 'અસત્ય'ને ભણાવવા માટે કોઈ પાઠશાળા નથી.... છતાંય અસત્ય બોલવામાં માણસો આપોઆપ પાવરધા કે નિષ્ણાત બની જતા હોય છે ! લોકશાહી માટે 'પ્રૌઢ શિક્ષણ'ની જેટલી જરૂર છે તેથી વધુ ભણેલાઓ માટે જ 'સત્યશિક્ષણ'ની જરૂર છે ! અભણ માણસ કરતાં જૂઠો માણસ વધુ ખતરનાક !

ખરેખર તો સાચું બોલવું સહેલું છે, કારણ કે એ બોલ્યા પછી તમે જુદા જુદા માણસ આગળ જુદી જુદી વાત કરવાની પળોજણમાંથી મુક્ત રહી શકો છો. એક 'અસત્ય' ઉચ્ચાર્યા પછી એની રક્ષા માટે માણસ કેટકેટલા પ્રયત્નો કરતો હોય છે ! એનાથી અડધી મહેનતે તો એ 'સત્ય' બોલી શકે !

પણ સાચું બોલનાર સમજે છે કે, વાત સાચું બોલવાથી પતી જતી નથી, પણ એ વાત જેને લાગુ પડતી હશે, તે માણસ સત્યનું સ્વાગત કરવાની ઉદારતા દેખાડવાનો નથી ! પરિણામે તમે કહેલી સાચી વાતથી એ નારાજ થશે, આક્રમક પણ બની શકે, વેરનાં બીજ પણ વવાય, વર્ષોથી સીંચી-સીંચીને ઊછેરેલો સ્નેહસંબંધ છિન્ન-ભિન્ન પણ થઈ જાય, મૈત્રી શત્રુતાનું રૂપ ધારણ કરી લે, સત્ય સાબિત કરવા સાક્ષી રજૂ કરવો પડે, અને સાક્ષીએય અણીના સમયે સત્યનો સંત્રી બનશે એની કોઈ ગૅરંટી ખરી ? સત્યમાં આટલો બધો 'ખતરો' હોય તો એનો 'અખતરો' કરવાની શી જરૂર ? સત્ય બોલનારે ને આચરનારે જાત-જાતની મુસીબતો અને સમસ્યાઓનો સામનો કરવા તૈયાર રહેવું પડે છે ! આમ, સત્ય બોલનાર અને સાંભળનાર બંનેએ 'સત્ય'નું પરિણામ સહેવું પડે છે ! સાંભળનારને એ 'કડવું' લાગે છે અને બોલનારને 'બાહ્ય' રીતે એ 'ભારે' પડે છે....

હા, એની સરખામણીમાં 'અસત્ય' બોલનાર અને સાંભળનારને તાત્કાલિક તો 'લીલાલહેર'નો જ અનુભવ થાય છે ! અસત્ય બોલનાર

મીઠું-મીઠું બોલે છે, એટલે અસત્ય સાંભળનાર હરખાય છે ! એનું મન 'ઉદ્વેગ' પામવાને બદલે 'ઉમંગ' પામે છે... જોખમ કોઈના પક્ષે નહીં ! તુમ ભી સલામત ! હમ ભી સલામત ! તો પછી 'પૂજા' સત્યનારાયણની અને સથવારો અસત્યનારાયણનો ! 'સત્ય'ને આપણે 'કથા'નો વિષય બનાવી દીધો છે એને બદલે સત્ય નહીં આચરી.શકવાની આપણી 'લાચારી'ને આત્મદર્શનની વ્યથાનો વિષય બનાવ્યો હોત તો જીવન અને જગતનું ચિત્ર જુદું હોત ! આજનો માણસ 'સત્યનો પ્રયોગ' કરવામાં નહીં પણ જીવનમાં સત્યનો 'વિયોગ' પેદા કરવામાં જ પોતાની ચતુરાઈ માને છે ! સત્યને ઠેબે ચઢાવનાર પ્રજા કે વ્યક્તિ આખરે તો પતનને જ પામે છે !

અસત્યનાં રૂપ જૂજવાં, સત્યનું કેવળ એક ! કારણ કે 'અસત્ય' બહુરૂપી છે. છળકપટ આચરનારે 'બહુરૂપિયા'નો વેશ ધારણ કરવો પડે છે ! એટલે અસત્યને રાજકારણમાં મોકળું મેદાન મળી જાય છે ! જેઓ આપણો વિશ્વાસ રાખે, આપણી તરફ શ્રદ્ધાભાવ સેવે, તેને અસત્યનો સહારો લઈ દગો કરવો એ અસત્યનારાયણનું અધમતમ રૂપ છે ! 'મનુસ્મૃતિ'માં એટલે જ એવી ચેતવણી આપવામાં આવી છે, સત્ય બોલો, પ્રિય બોલો, પણ પ્રિય 'અસત્ય' તો ન જ બોલશો ! રાજકારણને આજકાલના નેતાઓએ લોકપ્રિય અસત્યો ઉચ્ચારવાનું પ્રસારણકેન્દ્ર બનાવી દીધું છે ! જેનું મન સત્યના તેજથી ઝળહળતું હોય, એવો માણસ ભલે ઉચ્ચ પદવીધારી ન હોય કે ઉચ્ચ પદારૂઢ ન હોય, પણ એ જ સૌથી મોટો દેશસેવક છે !

ઘણી વાર માણસ એવી દલીલો કરતો નજરે પડે છે કે જુદા જુદા ધર્માત્માઓ, ધર્મોપદેશકો કે સત્યપ્રવર્તકોના અમુક કથનમાં ભેદ પ્રવર્તે છે, તેથી સત્યની બાબતમાં ગૂંચવાઈ જવાય છે ! પણ આની ચોખવટ પણ ઉપનિષદોએ સરસ રીતે કરી આપી છે. 'જેમ ગાયો અનેક રંગની

હોય છે, પણ દૂધ તો સફેદ જ હોય છે એમ સત્યપ્રવર્તકોના કથનમાં ભાષાભેદ હોય છે, ભાવભેદ નહીં.'

અસત્યના સામ્રાજ્યના શહેનશાહ બનવું એના કરતાં સત્યની પર્ણકુટીના પરિપાલક બનવું વધુ શ્રેયસ્કર છે ! અસત્યના ઉદ્યાનના પ્રવંચક યાત્રી બનવા કરતાં સત્યની માવજત કરનારા માળી બનવામાં જીવનની વધુ સાર્થકતા છે... જૂઠાણાંના વસંતવિહાર કરતાં સત્યના એકાકી વૃક્ષ હેઠળ ધૂણી ધખાવવામાં જીવનનું સાચું જ્ઞાન રહેલું છે !

આપણે સત્યના ઉપાસક બનીએ, એટલા માટે નહીં કે ઈશ્વર ખુશ થાય, પરંતુ એટલા માટે કે આપણને નિષ્કલંક જીવન પ્રત્યે આદર છે, અને સેવા જ કરવી હોય તોય સત્યથી મોટું સેવ્ય તમને ક્યાંથી મળવાનું છે ?

*સહેવાનું આવે ત્યારે એરણ બનજો, ને સામે ઝઝૂમવાનું આવે ત્યારે ઘણ બનજો.*

**- રવિશંકર મહારાજ**

## ૨૭

## ચહેરાની રક્ષા

**મહોરું ધારણ કરવાનું કામ તો સરળ છે, કઠણ તો છે 'ચહેરો' જાળવી રાખવાનું !**

'એક કસોટીપત્રમાં વી. આઈ. પી. નો ગુજરાતી પર્યાય આપવાનું પૂછવામાં આવ્યું હતું. ઉમેદવારે તેનો જવાબ લખ્યો હતો : 'વી. આઈ. પી.' એટલે ખાનદાન અથવા જાતવાન માણસ !

'વેરી ઈમ્પોર્ટન્ટ પર્સન' શબ્દ પ્રયોજવાનું જેણે વિચાર્યું હશે, કદાચ તેના મનમાં એ પણ ખ્યાલ હશે કે આવી 'અત્યંત મહત્ત્વની વ્યક્તિ' – ખાનદાન કે જાતવાન હોવી જોઈએ, પણ વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે જે 'ખાનદાન' કે 'જાતવાન' હોય છે એને કોઈ 'વી. આઈ. પી.' ગણતું નથી અને જેઓ 'વી. આઈ. પી.' ગણાય છે તે પૈકી બધાને 'ખાનદાન' જેવા ઉદાત્ત શબ્દની છત્રછાયામાં બેસાડવાનું આપણે ઇચ્છીએ તોપણ સાહસ કરી શકીએ તેમ નથી !

'વી. આઈ. પી.' શબ્દ સાંભળતાંવેંત આપણી સમક્ષ એક એવી વ્યક્તિનું ચિત્ર ખડું થાય છે, જેના શબ્દકોશમાં 'ન ભોગવાય તેવો વિશેષાધિકાર' એવો કોઈ શબ્દ જ નથી ! વી. આઈ. પી. એટલે નખશિખ રોફ–રુઆબ દાખવવાનો અધિકાર ધરાવતી વ્યક્તિ !

હા, એને કાર્યક્રમમાં મોડા જવાનો છતાંય મંચ પર 'વિરાજવાનો' તથા નિયમિતતા અને સમયપાલન પર વિનાસંકોચ ભાષણ ફટકારવાનો અધિકાર છે ! એ 'ડૂબતા'ને તારી શકે છે અને એની ખફામરજી 'તરતા'ને તરત જ ડુબાડી શકે છે.... વી. આઈ. પી. બોલતા નથી, 'વદે' છે. એમના 'ધૂલિધૂસરિત' પગ 'ચરણકમળ' ગણાય છે. તેઓ કરકમળથી ઉદ્‌ઘાટન કરી શકે છે, 'મુખકમળ' દ્વારા 'પ્રેરક વાણી' વહાવી શકે છે ! એમની રહેમ 'અમીદૃષ્ટિ' ગણાય છે અને એમનું આચરણ અનુકરણીય ! આ વી. આઈ. પી.ને બોલવાનો જ નહીં પણ બાફવાનો, બકવાનો, વધારવાનો અને બોલ્યું ફેરવી તોળવાનો અધિકાર છે ! એમના આડંબરનીયે અધીનસ્થો, લાલચુઓ, તકવાદીઓ અને ગણતરીબાજોએ 'પૂજા' કરવી પડે છે ! એમણે ફાળવેલો સમય 'કીમતી' ગણાય છે અને એમણે કરેલું અપમાન પણ સહિષ્ણુતાનો સબક શીખવાનું નિમિત્ત ગણાય છે ! તમે 'વી. આઈ. પી.' બનો એટલે તમારા ભૂતકાળની ડાઘાડૂઘીવાળી દીવાલ પર લોકો સ્વહસ્તે - સ્વખર્ચે સફેદ ઑઈલ પેઈન્ટ લગાવવાની જવાબદારી ઉપાડી લે છે !

'વી. આઈ. પી.' એટલે 'અખિલ બ્રહ્માંડમાં એક હું' માનનારો માણસ. આવા વી. આઈ. પી.ને કાયદાનું અસ્ત્ર-શસ્ત્ર છેદી શકતું નથી, વિરોધનો અગ્નિ બાળી શકતો નથી ! એમની જીવનલીલામાં 'જરા'ને જરીયે સ્થાન નથી ! વી. આઈ. પી. એટલે સદાબહાર સદાય તરુણ રહેનાર વ્યક્તિ !

જેમ સંતો માને છે કે 'મુઝસા બૂરા ન કોઈ' પરંતુ વી. આઈ. પી.નો સિદ્ધાંત એનાથી તદ્દન જુદા પ્રકારનો છે. તેઓ માને છે કે 'મુઝસા ભલા ન કોઈ !' એટલે જેમ ડૉ. દેવેન્દ્ર શર્માએ 'એક મુઝે છોડકર'માં વર્ણવ્યું છે : આપણા 'ભાષણપ્રિય' દેશમાં રાતદિવસ ભાષણો થયાં કરે છે – સાહિત્ય ઉપર, સંસ્કૃતિ ઉપર, ધર્મવિષયક, સમાજવિષયક, યુદ્ધ અને શાંતિ ઉપર – યોજનાઓ અને રાજનીતિ ઉપર ને ભાષાણોમાંય એક

જ કાર્યક્રમમાં કેટકેટલું વૈવિધ્ય – ઉદ્‌ઘાટન પ્રવચન, મુખ્ય ભાષણ, ઉપસંહાર પ્રવચન, આભારવિધિ ! કોઈને ઉદ્‌ઘાટક બનાવો તો કોઈને અધ્યક્ષ..... એમાંય ન સમાવી શકાય તો એક્સ્ટ્રા બીજાં બે-ચાર પદ ઉમેરી દો : 'મુખ્ય અતિથિ', 'અતિથિવિશેષ', ૧-૨-૩, વિશેષતઃ ઉપસ્થિત મહેમાન, ખાસ હાજરી આપનાર 'વ્યક્તિવિશેષ' !

'વી. આઈ. પી.ના સ્વાગત માટે જયંતી, રજત જયંતી, સુવર્ણ જયંતી, હીરક મહોત્સવ, શતાબ્દી, શ્રદ્ધાંજલી કાર્યક્રમ, પુણ્યતિથિ, વર્ષગાંઠ, ઇનામવિતરણ, પ્રશસ્તિપત્રપ્રદાન, સન્માન સમારંભ.... ગણ્યાગાંઠ્યા નહીં, વીણ્યા વિણાય નહીં તોય મારા 'ભારત'માં સમાય એટલા બધા ! ભારતમાં માણસે કાં તો વક્તા બનવાની તૈયારી રાખવી પડે અથવા શ્રોતા ! અહીં 'પાણી'ની અછત હોઈ શકે–'પ્રેરક વાણી'નો દુકાળ તો ક્યારેય પડવાનો નહીં, કારણ કે આઝાદી પછીના ભારતને લલાટે લખાયો છે એક નવો શબ્દ 'વી. આઈ. પી.' ! સંતો, ભક્તો અને સાધુ-મહાત્માઓ 'પ્રેરણાસ્રોત'નો 'ક્વોટા' બંધ કરી શકે તોપણ ભારતે 'પ્રેરક વાણી' માટે આંખે પાણી લાવવાનો વખત નહીં આવે, કારણ કે વ્યાખ્યાનની બાબતમાં એક વી. આઈ. પી. સો સંતોની ગરજ સારી શકે તેમ છે !

સંતો માટે 'બોલવાનું' અઘરું છે, જ્યારે વી. આઈ. પી. માટે સહેલું, કારણ કે સંતો પાસે લોકોની એક અપેક્ષા હોય છે – એની 'કથની' અને 'કરણી'માં સમાનતા હોવી જ જોઈએ ! ભારતની ઉદાર જનતાએ એ બાબતમાં 'વી. આઈ. પી.'ને 'એક્ઝમ્પ્શન' આપ્યું છે ! 'વી. આઈ. પી.'ને કેવળ 'કથની'નો અધિકાર છે. એની કથની અને કરણીમાં સામ્ય જોવા મળે તો તમારું નસીબ ! 'વી. આઈ. પી.'ને લોકો કેવળ 'વિશેષ જન' ગણે છે, પછી 'સજ્જન' જેવા 'ચીલાચાલુ' શબ્દની પરિધિમાં એમને ગોંધી રાખવાની 'કૃપણતા' શું કામ દેખાડે ?

'વી. આઈ. પી.' માને છે કે 'જ્ઞાન' અને 'ભાષણ' એ બંનેનાં ક્ષેત્રો

જુદાં છે ! 'આચરણ'નું તો વળી એનાથી યે જુદું ! એટલે તેમનાં ભાષણોમાં 'એક મુઝે છોડકર' અર્થાત્ 'મારા સિવાય'ની ફિલસૂફી કેન્દ્રસ્થાને હાય છે. 'સૌએ ઈમાનદાર બનવું જોઈએ' (મારા સિવાય !)– સૌએ સત્ય અપનાવવું જોઈએ (મને બાકાતા રાખીને !) – કોઈએ ચોરી કે પક્ષપાતનો આશરો ન લેવો જોઈએ (મારા સિવાય !) – વગેરે વગેરે ! આપણા દેશમાં તમામ ક્ષેત્રોમાં કામ કરતાં લોકોની 'આચાર-સંહિતા' અંગે શોરબકોર થઈ રહ્યો છે સિવાય કે 'વી. આઈ. પી.' ! જે ક્ષણે - ક્ષણે વાણી - વર્તન - વિચાર - આચાર - પ્રચાર - પ્રહાર - આહાર - વિહાર વગેરેમાં 'નવીનતા' દેખાડી શકવાનું સામર્થ્ય ધરાવે એને વ્યાખ્યામાં પરિબદ્ધ કરવાનું સાહસ દેખાડનાર 'મહામૂર્ખ' કહેવાય !

જિંદગીનું ચરમ અને પરમ ધ્યેય શું ? 'મોટા માણસ' બનવાનું કે ગણાવાનું અથવા 'સાચુકલા માણસ' ઠરવાનું ? જીવનદેવતા આપણને પોકારી-પોકારીને કહે છે કે તમે 'મોટા નહીં' બનો તો જગતને વાંધો નથી, પણ 'સાચુકલા' નહીં બનો તો ખતરારૂપ સાબિત થશો. આઈઝેક બરોએ કહ્યું છે તેમ 'સીધી લીટી' એ નીતિની દૃષ્ટિએ અને ભૂમિતિની દૃષ્ટિએ સૌથી ટૂંકી છે. જે 'સીધી લીટી'એ જીવનાર હોય તે સમાજની દૃષ્ટિએ 'વી. આઈ. પી.' ગણાવો જોઈએ.

'વી. આઈ. પી.' ગણાવું એ ગર્વનો વિષય નથી, જવાબદારીનો વિષય છે એ વાત 'વી. આઈ. પી.' ગણાનાર ભૂલી જતો હોય છે. સમાજ તમને 'નોખા' માણસ ગણે, ત્યારે તમારે તમારું વ્યક્તિત્વ 'નોખા પ્રકાર'નું ગૌરવપૂર્ણ છે એની પ્રતીતિ કરાવવી જોઈએ અને આવી પ્રતીતિ કરાવવાનું કામ સહેલું નથી ! અતૃપ્ત ઇચ્છાઓનો પડછાયો લઈ ઘૂમનાર માણસ ગમે તેટલો 'મોટો હોય' પણ એ 'વામણો' જ રહેવાનો. 'વી. આઈ. પી.' બનવું એટલે સામાન્યપણામાંથી મુક્ત બનીને ઊર્ધ્વોન્મુખ બનવું. સચ્ચાઈ અને નિર્મળતા એનો પાયો છે. નિઃસ્વાર્થ

સેવા એનો પ્રાણ છે. ઈમાનદારી એની ખુશબો છે. ત્યાગ એનું ચાલક બળ છે. ઘસાવાની ઉત્કટ અભિલાષા એ એનું પ્રેરક બળ છે. કાર્લાઈલ કહે છે તેમ 'અહો ! ઈશ્વરની સૃષ્ટિનો એકાદ ખૂણો પણ વિશેષ ફળદ્રુપ, સુન્દર અને ઈશ્વરને વધુ પ્રિય બનાવવો, કોઈ મનુષ્યને વિશેષ બુદ્ધિમાન, વિશેષ સુખી અને અધિક વૈભવશાળી બનાવવો, તેનું થોડુંક પણ દુઃખ ઓછું કરવું, એ મહાન કાર્ય છે અને એના જેવી બીજી કોઈ મહત્તા નથી !

આપણને મળેલા કહેવાતા 'વી. આઈ. પી.' એવા લોકો છે જેમને પોતાના જીવનમાં ઉત્તમ વિચારોનું વાવેતર કરવાનો સમય મળ્યો નથી ! અને છતાંય જેઓ 'સદ્‌ગુણી' ગણાવાના વહેમમાં જીવે છે. સદ્‌ગુણીપણું એ ખાનદાનીની આરસી છે. આવી આરસી પૂર્વજોએ પ્રદાન કરેલા ધનના અંબાર કે પ્રજા કે સરકાર પાસેથી આકસ્મિક રીતે પ્રાપ્ત થયેલા પદ દ્વારા પ્રાપ્ત થતી નથી, પરંતુ ઉમદા સ્વભાવ અને નિર્મળ ચારિત્ર્યના પરિપાલન દ્વારા જ સુલભ બને છે. એટલે જ કેરાલાઈન મેટિલ્ડાને એવી પ્રાર્થના કરવાનું ગમતું હતું કે, હે પરમેશ્વર, મને પોતાને નિર્દોષ રાખજે, બીજાને ભલે મહાન બનાવજે.

'આમ આદમી' અને 'ખાસ આદમી'(વી. આઈ. પી.)માં જે તફાવત છે એ આ છે ! આઝાદી પછી 'સાચા નાગરિકો'ની સંખ્યા ઘટી છે એટલું જ નહીં, 'ખોટા નેતાઓ'ની સંખ્યા બેશુમારપણે વધી છે. 'નેતાઓ'ને તમામ રીતે 'ફાવી જતાં' જોઈ ભારતનો પ્રત્યેક માણસ હવે 'આમ આદમી' ગણાવાને બદલે 'ખાસ આદમી' ગણાવાનું દિવાસ્વપ્ન જોતો થઈ ગયો છે ! લોકો એમ માને છે કે 'ખાસ આદમી' બનવાનું અઘરું છે પણ હકીકત એનાથી જુદી છે! 'આમ આદમી' અર્થાત્ સામાન્ય માણસ બનવાનું અઘરું છે, કારણ કે 'સામાન્ય માણસ' તરીકે ટકી રહેવા માટે તમારે અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે ! 'ખાસ આદમી' બનવા માટે તો તમારે એક જ કામ કરવું પડે – અંતરાત્માના

ગળે ટૂંપો દેવાનું, સિદ્ધાંતોને નેવે મૂકવાનું, દંભનો અંચળો ઓઢવાનું, વાયદાને અંગૂઠો દેખાડવાનું, પ્રપંચને પંપાળવાનું અને મહોરાની માવજત કરવાનું ! મહોરું ધારણ કરવાનું કામ સરળ છે; કઠણ તો છે 'ચહેરો' જાળવી રાખવાનું! માણસ મહોરું બનાવી શકે, ટકાવી પણ શકે; 'ચહેરો' સુરક્ષિત રાખવા માટે માણસે ઘણું બધું કુરબાન કરવું પડે છે ! 'વી. આઈ. પી.' જો પોતાનો 'ચહેરો' ગુમાવી ન બેસે તો સાચુકલો ઇન્સાન બની શકે છે ! મિથ્યાડંબર એ મહાનતાનો શત્રુ છે, એ વાત 'મોટા' દેખાવા માટે મથતા માનવીઓ ભૂલી જાય છે. જીવનશુદ્ધિ આગળ 'નત' થયા સિવાય 'ઉન્નત' ન બની શકાય !

દેશની ઉન્નતિ માટે સ્વાર્થમાં ભેળવાયેલા નહીં પણ પરમાર્થ માટે કેળવાયેલા નાગરિકો અને નેતાઓની જરૂર છે. ક્યાંક વાંચેલું કે ઑલિવર ક્રોમવેલે કોઈક ચિત્રકાર પાસે પોતાનું ચિત્ર દોરાવ્યું. એ ચિત્રકાર ઑલિવરના ચહેરા પરનો સ્વાભાવિક ડાઘો કાઢવા માટેની કોશિશ કરવા લાગ્યો. ઑલિવરે તેને તરત જ કહ્યું, 'મારો ચહેરો જેવો છે તેવો રાખવાનો છે. 'સ્વાભાવિકતા'ને 'કૃત્રિમતાની પૉલિશ'ની જરૂર નથી !'

કોઈ પણ ક્ષેત્રમાં માણસના 'સ્વાભાવિક ચહેરા'ને ઓળખવાનું કામ દિવસે–દિવસે મુશ્કેલ બનતું જાય છે. એને કારણે જ આપણે દૈનિક જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ! 'સેઇલ'(Sale) નાં પ્રલોભનકારી પાટિયાં વાંચી સસ્તી ખરીદી માટે દોડી જનાર માણસ ખરીદી કરવાને બદલે પોતાની વિવેકદૃષ્ટિનું લિલામ કરીને જ પાછો ફરે છે ! પ્રવંચના એ શિક્ષિત લોકોનો વિશેષાધિકાર બની ગયો છે ! પરિણામે 'સફળતા'ની પરિભાષા બદલાઈ ગઈ છે ! જેના 'હાથ'માં 'ફળ' આવે તે સફળ ! 'ફળ'પ્રાપ્તિની રીત પૂછવા જાઓ તો લોકો એમ જ કહેશે : તમારે 'મમ મમ' જોડે લેવાદેવા છે કે 'ટપ ટપ' જોડે ? જગત 'સફળતા'ની પૂજા કરવા ટેવાયેલું છે, 'પાત્રતા'ની નહીં ! પરિણામે

'સફળ' વ્યક્તિને 'વી. આઈ. પી.' માને છે, 'સુપાત્ર' વ્યક્તિને નહીં ! આમ કેમ ?

'પાત્રતા'ની નહીં, 'સફળતા'ની આરાધનાએ જ આપણા દેશને નૈતિક પતનના માર્ગ પર હડસેલી દીધો છે. અહીં 'ભારતની કીર્તિ' નામના પ્રેરક દૃષ્ટાંતનું સ્મરણ થાય છે.

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર એક વાર ચીન અને જપાનના પ્રવાસે ગયા હતા. ત્યાંના ઘણાખરા લોકો ભારત માટે ખૂબ ઊંચા ખ્યાલો ધરાવતા હતા. તેઓ ગુરુદેવને મુગ્ધભાવે કહેવા લાગ્યા કે, 'ભારત જેવી પવિત્ર ધર્મભૂમિમાં કોઈ અસત્ય નહીં બોલતું હોય, કોઈ અણહકનું લેવા નહીં જ ચાહતું હોય, બધાં સૌનું ભલું ચાહતાં હશે !'

આ સાંભળી ગુરુદેવની આંખોમાંથી હર્ષ સાથે શોકનાં આંસુ ટપકવા લાગ્યાં ! પ્રાચીન ભારતની કેવી કીર્તિ છે !

પણ તેઓ ગળગળા અવાજે બોલ્યા : 'ભાઈઓ ! તમે ધારો છે એવું ભારત આજે નથી ! ત્યાં આવા બધાયે દોષો ઘર કરી બેઠા છે !'

કદાચ આ સવાલ આજે આપણને કોઈ પૂછે તો આપણે ઝાઝું કશુંક બોલવાની જરૂર ન પડે ! આપણે માત્ર આટલું જ કહેવું પડે : 'ભારતના નૈતિક અધઃપતનનું માપ કાઢવું છે ? તો કહેવાતા 'વી. આઈ. પી.'ની જિંદગીની અપ્રકાશિત તસવીરોનો તાગ મેળવી લો ! ભારતની નૈતિકતાની આછી–પાતળી રૂપરેખા મેળવવી છે ? તો 'આમ આદમી'માં રહેલી માનવતાની તસવીર શોધી લો !'

ચૂંટણી એટલે 'ખાસ આદમી'ને સાચા અર્થમાં ઓળખવાનો અવસર! એની જવાબદારી 'આમ આદમી' પર છે ! 'આમ આદમી'ની ભૂલ અને સહનશીલતા જ ખરેખર તો ભ્રષ્ટ 'ખાસ આદમી'ઓને ફૂલવા-ફાલવાનો મોકો પૂરી પાડતી હોય છે !

આપણે ઇચ્છીએ કે પેલા પરીક્ષાર્થીએ અર્થ લખવામાં કરેલી ભૂલ સાચી પડે–'વી. આઈ. પી.' એટલે ખાનદાન માણસ !

# ૨૮

## ગાંધીમાર્ગ એટલે.....

**ગાંધીમાર્ગ એટલે માણસને ચઢેલો શેતાનિયતનો તાવ માપવાનું થર્મોમીટર**

૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ !

લોકોનો, લોકો માટે જીવતો, લોકો વચ્ચે ફરતો સાચુકલો એક માણસ રામનામ સાથે સદા માટે પરલોકના ગામોતરે ગયો ! 'લોકઘાટ'ના માણસને આપણે સમાધિરૂપે 'રાજઘાટે' સાચવવાની કોશિશ કરી ! આજે પણ 'રાજઘાટ'ના રાજકારણી પ્રવાસીઓ સ્વાર્થસિદ્ધિ માટે એના નામનું નામમાત્રનું તિલક કરે છે ! ગાંધી એમને મન 'કામધેનુ' છે, ગાંધી એમને મન શત્રુઓનું મોં બંધ કરવાનું સાધન છે. જેવા માણસોને આ પોતાની હાજરીમાં પોતાની પાસે પળવાર માટે ઊભા રહેવા દે એવાઓ સ્વાર્થગ્રહ માટે ગાંધીની પીઠ પર પગ મૂકીને 'ઊંચે' ચઢવાની કોશિશ કરે છે ! ગાંધી હવે એટલે ઊંચે છે કે 'વેંતિયા'ઓ એમના સુધી પહોંચવા સીડીનો આશરો લે છે ! પોતાના મુક્તિદાતાની ક્યારેય ન થઈ હોય એવી ફજેતી ગાંધીની થઈ રહી છે. ગાંધી કોઈકને મન ચૌરો છે, કોઈકને મન ચબૂતરો છે કે કોઈકને મન ચલણી નાણું ! 'વાદ'માં નહીં માનતા માણસને આપણે 'વાદ' સાથે જોડીને એનું ગૌરવ છીનવી લીધું છે !

એમને કોઈકે પૂછેલું : 'બાપુ, તમારે સ્વરાજ શું કામ જોઈએ છે ?'

એમણે તરત જ કહેલું : 'ઈશ્વરનાં દર્શન કરવા માટે મારે સ્વરાજ જોઈએ છે.'

ગાંધીજીનો સ્વરાજનો આદર્શ બિલકુલ સ્પષ્ટ હતો. પોતાના સ્વપ્નના ભારતનું સ્વરૂપ આલેખતાં કહ્યું હતું : 'પોતાનાં નામો મતદાર તરીકે નોંધાવી આપવાની તસ્દી લેનાર તથા જાતમહેનત કરી રાજ્યને પોતાની સેવા આપનાર દરેક જણ, મરદ અથવા ઓરત, અસલ વતની અથવા હિન્દુસ્તાનને પોતાનો દેશ કરી અહીં વસેલાં, મોટી ઉંમરના વધારેમાં વધારે લોકોના મતો વડે મેળવેલી હિન્દુસ્તાનની સમ્મતિથી થતું શાસન એટલે સ્વરાજ.... સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુક્ત થવાનો સતત પ્રયાસ, પછી ભલે તે સરકાર પરદેશી હોય કે દેશની, જો લોકો જીવનની દરેક વિગતના નિયમન માટે સરકાર તરફ જોશે તો તે સ્વરાજમાં ઝાઝો સાર નહીં હોય !'

ગાંધીજીને કેવળ રાજકીય આઝાદી નહોતી ખપતી, એમને સ્વસ્થ અને સ્વચ્છ શાસનપ્રણાલીની અપેક્ષા હતી. તેઓ સાદગીની વાત એટલા માટે નહોતા કરતા કે, અમીરીના તેઓ વિરોધી હતા, પણ તેઓ માનતા કે 'શ્રી' એટલે કે લક્ષ્મી એ સમાજની સંપત્તિ છે અને તેથી સુખાધિકાર સૌને મળવા જોઈએ. કેવી કરુણતા છે આ દેશની ! સત્ય ને અહિંસાના શસ્ત્રથી વિદેશી અંગ્રેજોને આપણે ભારતમાંથી દૂર કરી શક્યા, પણ એ જ શસ્ત્રો સ્વદેશી શેતાનોને ભગાડવામાં પાંગળાં પુરવાર થાય છે ! નૈતિક અને સામાજિક સ્વાતંત્ર્ય તથા ધાર્મિક સ્વાતંત્ર્ય વગર આઝાદી ક્યારેય પરિપૂર્ણ ન થાય. એટલે રાજકીય અને આર્થિક સ્વાતંત્ર્ય જેટલું જ આ બંને પ્રકારની આઝાદીનું મહત્ત્વ છે. નૈતિક સ્વાતંત્ર્ય વગરનું નેતૃત્વ પક્ષપલટુઓની પલટણ ખડી કરી શકે, સમર્થ નેતાઓ નહીં.

ગાંધીજી નમકનું મૂલ્ય સમજતા હતા, એટલે તેઓ ન તો દેશ પ્રત્યે નમકહરામ બની શક્યા કે ન તો માનવતા પ્રત્યે – આજે દેશમાં મીઠું છે, પણ માણસમાંથી 'મીઠું' અદૃશ્ય થઈ ગયું છે ! મીઠા વગરના માનવીઓ નમકહરામ બની શકે, નમકહલાલ નહીં ! બાપુ ! આ દેશના લોકોને 'ચપટીક મીઠા'ની જરૂર છે !

સ્વ. જયપ્રકાશજીએ કહ્યું હતું : સ્વરાજ્યનો પૂર્વાર્ધ પૂરો થયો, અંગ્રેજી શાસનના ખાતમાં (અંત) સાથે; એનો ઉત્તરાર્ધ પૂરો થશે સમતાની સ્થાપનાથી, ગરીબીના અંત અને શોષણ તથા દમનની પકડમાંથી મુક્તિથી !

વિશ્વમાં દેશોને 'મુક્તિદાતા'ઓ તો મળ્યા છે, પણ 'મહાત્મા' મુક્તિદાતા જવલ્લે જ મળ્યા છે ! ગાંધીજી મુક્તિદાતા પણ હતા અને 'મહાત્મા' પણ ! ભારતનું એથી મોટું સૌભાગ્ય શું હોઈ શકે ?

'ગાંધી દર્શન'માં વર્ણવ્યા અનુસાર " 'અહિંસક સ્વરાજ' માં કોઈ કોઈના દુશ્મન ન હોય. બધા પોતપોતાનો ફાળો ભરે. કોઈ નિરક્ષર ન હોય. ઉત્તરોત્તર જ્ઞાન વધતું જાય. આવી પ્રજામાં રોગ ઓછામાં ઓછા હોય. કંગાલ કોઈ હોય નહીં. મહેનત કરનારને મહેનત મળતી હોય. તેમાં જુગાર, મદ્યપાન, વ્યભિચાર ન હોય. વર્ગવિગ્રહ ન હોય. ધનિક પોતાનું ધન વિવેકસર વાપરે, ભોગવિલાસ કે અતિશય રાખવામાં નહીં. મૂઠીભર ધનિક મીનાકારીના મહેલમાં રહે અને લાખો લોક હવા-અજવાળું ન હોય એવા અંધારિયામાં રહે એમ પણ ન હોય ! કોઈના વાજબી હક ઉપર અહિંસક સ્વરાજ્યમાં કોઈ તરાપ ન મારી શકે. ત્યાં તંત્ર વ્યવસ્થિત છે. ત્યાં ગેરવાજબી હક કોઈથી ભોગવી શકાતા જ નથી. ગેરવાજબી હક ભોગવનારની સામે હિંસાનો ઉપયોગ કરવાપણું નથી રહેતું."

આવું સ્વરાજ આપણે ૫૦ વર્ષ પર્યંત પણ ભારતને આપી શક્યા નથી ! ગાંધીજી સાથે આપણે ભારે છેતરપિંડી કરી છે !

ભોગ આપવા ખાતર નહીં, પણ 'ભોગ' લેવા ખાતર આજે 'સત્યાગ્રહ'નું શસ્ત્ર પ્રયોજાઈ રહ્યું છે ! ગેરશિસ્તને હવે ભારતવાસી જન્મસિદ્ધ અધિકાર માને છે ! એ ગેરશિસ્ત 'સડક' થી માંડી સંસદ સુધી જોવા મળે છે ! તેવી ગેરશિસ્ત આચરવામાં માણસને નથી શરમ કે નથી ગેરશિસ્ત છાવરવામાં શરમ !

બકિંગહામ પૅલેસમાં પાંચમા જ્યૉર્જ અને રાણી મેરીને મળવા ગાંધીજી ગયા ત્યારે તેઓ 'રાજા'ને મળવા ગરીબોનો પોશાક પહેરીને ગયા હતા. તેમના અર્ધા પગ ખુલ્લા દેખાતા હતા. રાજાએ એમને કહ્યું : 'મિ. ગાંધી, હિન્દુસ્તાન કેમ છે ?'

તેમણે જવાબ આપ્યો : 'મને જુઓ, એટલે હિન્દુસ્તાન કેવું છે તેની ખબર પડી જશે !'

હજીયે ગાંધીનું ભારત ભૂખ અને ભીખ, શોષણ અને સિતમમાંથી મુક્ત થયું નથી !

દલીલ કરનારાઓ એમ પણ કહે છે કે, બાપુના સંતપણાની માંદલી ભૂરકીની આજે ઉપયોગિતા શી ? જ્યારે શસ્ત્રબળ નિર્ણાયક બનતું હોય ત્યારે અહિંસા અને હૃદયપરિવર્તન તેની સામે ક્યાં સુધી ટકી શકે ? પણ બાપુની ત્રુટિઓ ગણાવવામાં નહીં ખચકાનાર આચાર્ય કૃપાલાનીજીએ પણ આટલું તો કબૂલવું જ પડ્યું હતું કે માણસને માનવ બનાવનાર સર્વ કોઈના વૈશ્વિક સંહારના જોખમના ભયથી ત્રસ્ત રહેતા આજના સ્પુટનિક યુગમાં નૈતિક મૂલ્યો ઉપર આધારિત ગાંધીજીના સામાજિક દર્શનની માગ હિંદ એકલાને જ નહીં, પણ સમગ્ર વિશ્વને જરૂર છે !

કારણ કે નૈતિક મૂલ્યોની સદંતર અવહેલના કરી કોઈ પણ દેશ કે

માનવ ટકી શકે નહીં. પોતે જેને સાચું માનતા હોય એને સત્યની સરાણે કસોટીએ ચઢાવવાનો પ્રયત્ન અને તે ખાતર ખપી જવાની તૈયારી કાંઈ નાની-સૂની સિદ્ધિ નથી ! વિશ્વની ચારિત્રિક સ્વસ્થતા મૂલ્યનિષ્ઠ માનવીઓના સદ્‌વર્તન દ્વારા ટકી શકે છે ! ગાંધીજીને સમજવાની કોશિશ એટલે એમની વાતોમાંથી પણ તટસ્થપણે સત્ય તારવવાની અને સત્યની કસોટીએ ટકે તેવી બાબતો અપનાવીને જીવનને સમુજ્જ્વળ બનાવવાની કોશિશ.

આજે જાહેર જીવનનાં મૂલ્યો નામશેષ બની રહ્યાં છે, ત્યારે ગાંધીજીનો એક પ્રસંગ (લે. સુહાસી) કેટલો બધો પ્રેરક છે ! નોઆખલીના પ્રવાસ વખતનો આ પ્રસંગ છે. લોકોનાં દુઃખ-દર્દ જોતાં, દિલાસો દેતાં બાપુ એક ગામમાં ઊતરેલા. મનુબહેન માટે પંજાબી પોશાક લાવીને એક જાહેર સેવકે ભેટ તરીકે આપ્યો. બાપુએ તરત જ કહ્યું : 'આનું બિલ લાવો.'

પેલા સેવકભાઈએ કહ્યું : 'એમાં વળી બિલ શાનું ?' બાપુ તરફના પ્રેમને કારણે એ ભાઈ બિલ લેવા રાજી ન હતા. પણ બાપુ એમ માને ? એમણે કહ્યું :

'તમે ક્યાંથી કાઢશો ? તમારી પાસે પૈસા છે એ તો લોકોના છે ! તમારાથી કે મારાથી લોકોની એક પાઈ પણ ન વપરાય ! આ છોકરીના બાપ આટલા પૈસા આપી શકે તેમ છે, માટે આ બિલ લઈ જ લો. જાહેર સેવકે લોકોના પૈસા કેમ વાપરવા, એનો વિચાર રાખવો જોઈએ.'

આવો જ બીજો પ્રસંગ કસ્તુરબા સાથેનો છે. તે વખતે ગાંધીજી આફ્રિકામાં હતા. કસ્તુરબા સાથે જેલમાં હતાં અને પુત્ર મણિલાલ માંદો હતો. પોતાના દીકરાનો કાગળ નહીં આવવાને કારણે કસ્તુરબા ચિંતિત હતાં, એટલે એમણે ગભરાતાં ગભરાતાં કહ્યું : 'મણિલાલને તાર કરવો જોઈએ !'

બાએ મનુબહેનને તાર લખાવ્યો અને તે કેટલી સાહેબને આપ્યો. કેટલી સાહેબ જેલના મોટા અમલદાર, પણ બા-બાપૂ પ્રત્યે તેમને ખૂબ જ માન.

કેટલી સાહેબ તાર લઈને ગાંધીજી પાસે આવીને કહે : 'આ તાર કરવો છે એના પૈસા ?'

ગાંધીજીએ કહ્યું : 'બા પાસે જ માગોને. તાર તો એણે કરાવ્યો છે !'

બાએ કહ્યું : 'હું વળી ક્યાંથી લાવું ?'

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું : 'કસ્તુરબા પાસે ખાદીની સાડી છે એને વેચી આવશો, તો બેત્રણ રૂપિયા તો મળશે !'

ગાંધીજીનું જીવન એટલે નૈતિક મૂલ્યોનો કંટકભર્યો પંથ. એમાં 'પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને'-ના શૂરવીરને જ તેના સ્વીકારનો પરવાનો મળી શકે ! તકવાદને એમાં સ્થાન નથી, કારણ કે એ શુદ્ધ પ્રેમ, સેવા અને માનવતાનો મહાપંથ છે, એવો પંથ જેને અપનાવ્યા વગર વિશ્વે ચાલવાનું નથી ! જે સમયોચિત નથી એની ભલે બાદબાકી કરી નાખીએ, પણ ગાંધીજીની ઝોળીમાં એવું ઘણું બધું છે, જે માણસને માણસ બનાવી શકે ! ગાંધી એટલે માણસાઈના સ્વપ્નનો માળી, માણસાઈને એણે રક્ત-પ્રસ્વેદથી સીંચી છે ! ગાંધીમાર્ગ એટલે માણસને ચઢેલો શેતાનિયતનો તાવ માપી આપનારું થર્મોમીટર ! ગાંધીની પુણ્યતિથિએ આ થર્મોમીટરને હેમખેમ રાખી 'તાવ'ની દવા શોધવાનો પ્રયત્ન કરીએ જ સાચું તર્પણ છે. ઘેલી દુનિયા આ વાત સમજી શકે ?

# ૨૯

## અભિપ્રાય-વિષ

**દોરંગી દુનિયાનું 'અભિપ્રાય-વિષ'
વિશ્વનું સૌથી ખતરનાક ઝેર છે !**

એક મહાત્મા તીર્થયાત્રા કરવા ગયા હતા. તેઓ એક રાતે પૂર્વ તરફ ઓશીકું કરીને સૂઈ ગયા. આ વખતે કોઈ માણસે આવીને કહ્યું કે, 'તમારા પગ પશ્ચિમ તરફ છે, તે બહુ ખોટું છે. કારણ કે તે તરફ દ્વારકા છે. અને ત્યાં સાક્ષાત્ કૃષ્ણચંદ્ર બિરાજે છે.' આ સાંભળી પેલા મહાત્માએ તરત જ પશ્ચિમ તરફ ઓશીકું કર્યું.

એટલે પગ પૂર્વ તરફ ગયા. તે વખતે બીજો માણસ આવ્યો અને બોલ્યો : 'મહારાજ, પૂર્વ તરફ સાક્ષાત્ જગન્નાથ બિરાજે છે માટે તે તરફ પગ ન કરાય.'

એટલે તે મહાત્માએ હવે ઉત્તર તરફ પગ કર્યા, ત્યારે ત્રીજા માણસે આવીને કહ્યું : 'ઉત્તરમાં તો બદરીનારાયણ છે, તે તરફ પગ કર્યા તે ઠીક ન કર્યું.'

હવે તેમણે દક્ષિણ તરફ પગ કર્યા. એટલે ચોથાએ આવીને કહ્યું : 'દક્ષિણમાં તો રામેશ્વર બિરાજે છે. તેમનું તમે અપમાન કર્યું.'

મહાત્માએ અકળાઈને નીચે માથું કર્યું અને ઊંચે પગ રાખ્યા.

પાંચમાએ કહ્યું : 'મહાત્માજી, આકાશમાં સૂર્ય - ચંદ્ર અને વૈકુંઠ આદિ લોકો બિરાજે છે. તેની સામે તમે પગ કર્યા એ અધમ કાર્ય ગણાય.'

તેણે છેવટે ઊભા રહેવાનું પસંદ કર્યું એટલે છઠ્ઠા માણસે કહ્યું : 'તમે તો ઘણું જ ખરાબ કર્યું. કારણ કે પાતાળમાં શેષનાગ રહે છે. તેની ઉપર વિષ્ણુ શયન કરે છે. તે બાજુ પગ રખાય નહીં.'

હવે મહાત્મા થાક્યા અને બોલ્યા : 'મેં તમારા બધાની શરમ રાખી, પણ તમે કોઈએ મારી શરમ ન રાખી. માટે જાઓ, મારી મરજી પ્રમાણે હું સૂઈશ.'

પ્રસંગના રચયિતા સ્વામીશ્રી ગણેશાનંદજીએ નોંધ્યું છે તેમ આ દુનિયા દોરંગી છે. વિચારશીલ મનુષ્ય તેમાં ન ઘસડાતાં મરજી મુજબ વર્તે છે.

આ જગતમાં વ્યર્થ સલાહ આપનારાઓ કે પાણીમાંથી પોરા કાઢનારાઓની ખોટ નથી. કેટલાક લોકો વર્તમાન વ્યવસ્થાથી વિપરીત અભિપ્રાય વ્યક્ત કરવાનો પોતાનો જન્મસિદ્ધ અધિકાર માને છે. તેઓ એક નાક, એક મોં, બે આંખો, બે હાથ અને બે પગ આપનાર બ્રહ્માની ભૂલોની યાદી પણ તમને ઇન્સ્ટંટ આપી શકે છે. તેમને મન ગુલાબ-શા સુંદર ફૂલની સાથે કાંટા ઉગાડનાર કે પૂનમની સાથે અમાવસ્યાની વ્યવસ્થા કરનાર કુદરત 'સેન્સલેસ' છે ! નાનકડા વેલા ઉપર મોટું તડબૂચ ઉગાડનાર અને આંબલીના ઝાડ ઉપર નાનકડા કાતરા સર્જનાર પ્રકૃતિમાં તેમને શાણપણનો અભાવ વરતાય છે. 'સુલોચનાને લલાટે અંધ સ્વામીનો' અભિશાપ લખનાર વિધાતાની વ્યવસ્થાનો તેઓ ઊધડો લે છે.

અને આત્મબળ અને આત્મવિશ્વાસના અભાવથી પીડાતા લોકો આવા 'મોબાઇલ અભિપ્રાય-સમ્રાટો'ની સલાહથી પ્રભાવિત થઈને તરત જ પોતાના નિર્ણયની પુનર્વિચારણા કરે છે અને ડરથી પોતાના

વિચારને પડતો મૂકે છે.

જે મનુષ્યને પ્રગતિ કરવી છે, ઉન્નતિ સાધવી છે, પોતાનું જીવન મસ્તીપૂર્વક જીવવું છે એમને બીજાના અભિપ્રાયથી દોરવાઈને કૂદાકૂદ કરવાનું પોસાય નહીં. કારણ કે દુનિયા 'દોરંગી' છે. એની કથની અને કરણીમાં ભેદ છે, માણસે-માણસે ભેદ, સ્થળે-સ્થળે ભેદ, વાતે-વાતે ભેદ, અરે પળે-પળે ભેદ !

મનુષ્ય માટે એ જરૂરી છે કે તેને પોતાની નિર્ણયશક્તિમાં વિશ્વાસ હોય. જે માણસ પોતાના સંકલ્પને વફાદાર નથી હોતો, એ કશાને વફાદાર નથી હોતો.

જેઓ જિંદગીને ઝિંદાદિલીથી માણવાની ખુમારી કેળવી શકતા નથી તેઓ જ બીજાના અભિપ્રાયોની 'બૅટરી' લઈને અંધકારમાં અટવાયા કરે છે. જીવન એટલે કુદરતની કોઈ વ્યવસ્થાનું યથા સમયે, યથા ક્રમે ખૂલતું અજ્ઞાત પાનું. ડી. ટોકવીલે એટલે જ ભારપૂર્વક એ વાત સમજાવવાની કોશિશ કરી છે કે, પરમાત્માએ દરેક માનવીને સદ્‌ગુણ, સ્વભાવ અને સમજ આપ્યાં છે. જીવન દરમિયાન માનવી તેનો કઈ રીતે ઉપયોગ કરે છે તે પરમાત્મા તપાસે છે. તેનાં સત્કાર્યો મુજબ પરમાત્મા તેનું સ્થાન નક્કી કરે છે. જિંદગી એ સુખ-દુઃખનો સરવાળો નથી, પરંતુ પોતાની જાતનો ભોગ આપવાની ભાવનાથી થતાં, હિંમતભર્યાં કાર્યોની ગંભીર જવાબદારીવાળો અવસર છે.

જેણે જીવનનું ઘડતર કરવું છે એણે લોકોના અભિપ્રાયોની પવન-પાવડીનો ઉપયોગ કરી ઊડવાનું કે લોકોના અપવાદના કોરડાથી જખમી થઈ હતપ્રભ થવાનું ટાળવું જોઈએ. કારણ કે આપણું મન અન્યની શબ્દજાળમાં ફસાઈને તેના દોરીસંચાર પ્રમાણે વર્તન કરે એ આપણા વ્યક્તિત્વની શું નિષ્ફળતા નથી ? સ્પષ્ટ અને નિશ્ચયાત્મક ઉદ્દેશ વગર ફતેહમંદીના કિનારે પહોંચી શકાતું નથી.

ધ્યેયપૂર્તિ માટે સહનશીલતા અને પ્રતીક્ષાનું ધૈર્ય એ બે અમોઘ શસ્ત્રો છે. જગતની નિંદાની પરવા કર્યા સિવાય જે નરબંકાઓ ધ્યેય માટે ઝઝૂમે છે તેઓ વંદનીય છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે લોકોના તિરસ્કારનાં સડેલાં ટમેટાંનો માર સહન કરી તમે શાન્ત અને સ્થિર ઊભા રહી શકશો ? જે વખતે તમારા દરેક વાક્યે મોટો ઉપહાસ અને તિરસ્કાર થતો હોય તે વખતે સ્થિર પગે ઊભા રહેવાની શક્તિ છે તમારામાં ? અબ્રાહમ લિંકનની પેઠે, તમે ખરીદી ન શકો એવી ચોપડી મેળવવા માટે ૪૦ માઈલ ચાલી નાખવા જેટલી વિદ્યા ઉપર તમને પ્રીતિ છે ? સાહિત્યમાં અમર થઈ ગયેલું કોઈ પુસ્તક લખવાનો તમારો ઉત્સાહ કેદખાનાનાં બારણાંમાં, સળિયા અને કેદખાનાની લાંબી રાત્રિઓથી નરમ નહીં પડે ?

હોથોર્થની એ વાત સાચી છે, જ્યારે દરેક વિરોધી બાબતની બરોબર સામે કોઈ થાય છે, ત્યારે વિરોધી તત્ત્વો નરમ પડી જાય છે. જિંદગીમાં એના જેવી વિચિત્ર વસ્તુ મેં જોઈ નથી ! એક વૈજ્ઞાનિકને કહેવામાં આવ્યું કે, તેમની શોધો જો અમલી બનશે તો દુનિયાના ટુકડે-ટુકડા થઈ જશે. ત્યારે તે વૈજ્ઞાનિકે એવા અભિપ્રાયની ઉપેક્ષા કરતાં કહ્યું કે વાંધો નહીં, પૃથ્વી ઉપરાંત બીજા ઘણા ગ્રહો હોવાની શક્યતા છે.

તમે જ્યારે પણ કશુંક નવું કરો છો, નવો વિચાર વહેતો મૂકો છો, નવી યોજના અમલી બનાવો છો, નવી વ્યવસ્થા વિચારો છો, નવા પ્રયોગો કરો છો ત્યારે ચીલે ચાલતું જગત કે અભિપ્રાયોના અરણ્યમાં આડેધડ ગોળીબાર કરનાર માણસો તમારા નિર્ણયને તમારી નજરોનજર વીંધી નાખવાની કોશિશ કરે છે. અકસ્માત અને અમંગળનો ભય તમને દેખાડે છે, નિષ્ફળ લોકોની નામાવલી રજૂ કરે છે. પણ લોખંડી મનોબળ ધરાવનાર માણસના મન પર એની કશી અસર થતી નથી. મજબૂત મનવાળા માનવીને તરંગ અને તુક્કાઓ તથા બેબુનિયાદ તર્કજાળમાં

નહીં પરંતુ કારણ અને પરિણામમાં રસ હોય છે. ઘસાયેલા અંકોડાઓ સુંદર માળા સર્જી શકતા નથી.

શ્રદ્ધાની હૂંડી નામર્દ, નિંદાખોરો અને ભયગ્રસ્ત કાયરોના નામે ન જ લખાય. જે મનુષ્ય જીવનમાં પામરતાને પોતાની પાસે પળવારેય ફરકવા દેતો નથી; જેનું મન અશ્રદ્ધાને નવ ગજના નમસ્કાર કરે છે; જે અબ્રાહમ લિંકનની જેમ સદાય પોતાના એક જ જીવનસૂત્રને વફાદાર રહે છે કે, માણસ સાચો હશે ત્યારે હું તેની સાથે હોઈશ, પરંતુ જ્યારે તે ખોટો હશે ત્યારે તેને અલવિદા કહીશ – જીવન તેને દાદ આપે છે.

મોટા ભાગના લોકો અભિપ્રાયના અધિકારનો 'બૅટરી'ને બદલે 'કુહાડી' તરીકે ઉપયોગ કરતા હોય છે. ખોટી ટીકા એ સૌથી ખરાબ હિંસા છે. ખોટી સલાહથી 'શહીદ થયેલાઓ'નું મરણપત્રક વિશ્વમાં હજી સુધી લખાયું નથી ! દોરંગી દુનિયાનું અભિપ્રાય-વિષ વિશ્વનું સૌથી ખતરનાક ઝેર છે.

*તમે જે કહેશો તે વિશે લોકો કદાચ શંકા કરે, પણ તમે જે કરી બતાવશો એ તેઓ માનશે.*

**બર્નાર્ડ શૉ**

# 30

## નિંદાની હાટડી

**નિંદાનો દુકાળ ક્યારેય નહિ પડવાનો !**

સંસ્કૃતમાં એક સુભાષિત છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, મગરના મુખની દાઢમાં ગયેલ મણિ કદાચ બળાત્કારે પાછો લેવાય, વેગવાળા તરંગોમાંથી ખળભળતો સમુદ્ર તરી જવાય, કોપેલા સાપને ફૂલની જેમ મસ્તક પર ધારણ કરી શકાય પરંતુ જેણે વિપરીત અર્થ પકડી લીધો છે, એવા મૂર્ખજનના ચિત્તને રીઝવી શકાય નહીં ! રેતીને ઘાણીમાં પીલવામાં આવે તો કદાચ તેમાંથી તેલ મેળવી શકાય, તરસથી પીડાતો માણસ કદાચ ઝાંઝવાનું જળ પી લે, અને ભટકતો પુરુષ કદાચ સસલાના શીંગડાને શોધી કાઢે, પરંતુ જેણે વિપરીત અર્થ પકડી લીધો છે, એવા મૂર્ખજનના ચિત્તને રીઝવી શકાય નહીં !

આ મૂર્ખમતિવાળા માનવીમાં નિંદકનો સમાવેશ કરવો હોય તો અવશ્ય થઈ શકે ! માણસ 'બૂટેડ-સૂટેડ' હોય કે એ.સી.માં રહેનાર, પણ જો તેનું મન નિંદાના પ્રદૂષિત પ્રાંગણમાં લટારો મારતું રહેતું હોય તો તેના જેવો મતિભ્રષ્ટ માણસ બીજો કોણ હોઈ શકે ?

વિદ્વાનોએ જુદા જુદા રસો પર આફરીન થઈને તેમની પર

શ્રેષ્ઠત્વનો સિક્કો મારી દીધો છે. ભોજને મન શૃંગાર એ રસરાજ છે, તો ભવભૂતિએ કરુણરસ પર શ્રેષ્ઠત્વનો કળશ ઢોળ્યો છે ! રસનો સાર ચમત્કાર છે, એમ માની નારાયણ ભટે 'અદ્‌ભુત' રસને બિરદાવ્યો !

પણ એ બધાને ટપી જાય એવો શ્રેષ્ઠ રસ આમજનતાથી માંડીને પંડિતો સુધી પંકાયેલો, રાજકારણીઓને માટે શત્રુસંહારક રામબાણ ઇલાજ સિદ્ધ થયેલો, આબાલવૃદ્ધની રુચિને સમાન રીતે આકર્ષનારો જો કોઈ રસ હોય તો તે 'નિંદારસ' છે ! જુદા જુદા દેશના લોકોમાં ભાષા, સંસ્કૃતિ, રહેણી-કરણી, ધર્મભાવના, પહેરવેશ વગેરેની વિભિન્નતા હોઈ શકે, પણ વિશ્વનો પ્રત્યેક નાગરિક જેનાથી પર નથી રહી શકતો, એવો વિશ્વવ્યાપી રસ હોય તો તે છે 'નિંદારસ.' 'ઈશાવાસ્ય' ઉપનિષદમાં 'ઈશનું રાજ્ય છે આખું, જે આ જગતિ વિષે' એવું કહેવામાં આવ્યું છે એમ નિંદાની બાબતોમાં પણ એમ જ કહી શકાય – 'નિંદાનું રાજ્ય છે આખું, જે આ જગતિ વિષે; નિંદીને ભોગવી જાણો, નિંદો ગૌરવ અન્યનું !' નિંદકોની ડાયરીનું આ મહાકાવ્ય હોઈ શકે ! નિંદારસ એ આંતરરાષ્ટ્રીય રસ છે !

'નિંદારસ'નું મહાસામ્રાજ્ય તો જુઓ, 'સુભાષિતો'ની સાથે નિંદાના 'કુભાષિત'ને પણ સુભાષિતકારોએ સ્થાન આપવું પડે છે ! કવિઓની પ્રશંસાના શ્લોકો સાથે નિંદાના શ્લોકો પણ રચવાનું સુભાષિતકાર ભૂલી શક્યો નથી. વેદપાઠીની પ્રશંસા સાથે વેદપાઠીની નિંદાના શ્લોકો પણ મળે ! સજ્જનની પ્રશંસા સાથે 'દુર્જનનિંદા' પર પણ કવિની કલમ ચાલે !

અને આ નિંદાના મહાસામ્રાજ્યનું નાગરિકત્વ ઉંમરના બાધ વગર, દેશ-વિદેશના ભેદ વગર સૌને મળે છે ! શૃંગારરસ ભલે યુવા હૃદયોમાં હિલોળો લેતો હોય, ભક્તિ-ભાગીરથી વાનપ્રસ્થો અને સંન્યાસીઓના ભવસાગર-હાર્યા હૃદયમાં ધસમસતા વેગથી વહેતી

હોય, પણ નિંદા તો ગમે તે વય - વર્ણ - ધર્મ કે વર્ગના માનવીના મનમાં મુક્તપણે વહેવાનો પોતાનો કુબુદ્ધિસિદ્ધ અધિકાર માને છે ! ભક્ત ભગવાનનું નામ લેવામાં ભૂલચૂક કરી બેસે, બત્રીસેય દાંતોએ રાજીનામું આપ્યા પછી માણસ કઠણ પદાર્થો ચાવવાનું સામર્થ્ય ગુમાવી બેસે પણ કઠોર વેણ ઉચ્ચારીને બીજાના હૃદયને વીંધવાનું બળ ગુમાવતો નથી ! ઘણી વાર માણસનું મન બીજા બધા રસોમાંથી પીછેહઠ કરે છે, ત્યારે નિંદારસમાં મહાલવા માટે વલખાં મારતું જોવા મળે છે !

માણસ માટે ખુશ રહેવાનાં કે થવાનાં અનેક ક્ષેત્રો છે, પણ એ સઘળાં પૈકી નિંદામાંથી માણસ જેવો અને જેટલો રસ મેળવવામાં તન્મય બને છે, તેવો અને તેટલો રસ એને અન્ય ક્ષેત્રોમાંથી મળ્યાનો સંતોષ કદાચ નહીં થતો હોય ! નિંદા જેવો 'રસદાયક' શબ્દ એને મન અન્ય કોઈ નથી !

માણસ પ્રશંસા સાંભળવામાં ક્ષણનો વિલંબ સહી શકે, પણ 'નિંદા' સાંભળવામાં એ સેકન્ડનોય વિલંબ સહી શકતો નથી ! બહેરો માણસ ભલે બીજું બધું સાંભળવામાં 'શ્રવણ'પ્રૂફ હોય, પણ એની હાજરીમાં બીજા સાથે કાનફૂસી કરવાની કોશિશ કરી જુઓ, હાથના હીયરિંગ એઇડની મદદથી શબ્દોનાં મોજાં કાન દ્વારે એકઠાં કરવા માટે સાવધાન બની 'શી ચર્ચા થઈ' તે સાંભળવામાં અસાધારણ ઉત્સુકતા દાખવે છે, તે દૃશ્ય જોવા જેવું હોય છે ! નિંદારસમાં સહભાગી થવાનું નોતરું મળતાં મૂક માઇકો ફોડે તેટલો બળવાન બની જાય છે અને 'પંગુ'ને નિંદારસનો એવરેસ્ટ વિજેતા બનવા માટે સંકલ્પબદ્ધ બનવામાં વાર નથી લાગતી ! સંતના વાક્સંયમનો અંત પણ નિંદારસની શતરંજ શરૂ થતાં એક પળમાં આવી જાય છે !

ચોવીસ કલાકના દિવસમાં માણસનું ખાવા-પીવા કે ઊંઘવાનું ટાઇમટેબલ ડિસ્ટર્બ થઈ શકે.... પણ જાણે-અજાણે તેનો દિવસ

'નિંદાશૂન્ય' રીતે ભાગ્યે જ પસાર થઈ શકે ! માણસ નિદ્રાશૂન્ય બની શકે, નિંદાશૂન્ય નહીં ! ભક્તિરસમાં માણસ ભીરુ પુરવાર થાય, પણ કૂથલીમાં તો એ ભડવીર જ પુરવાર થતો હોય છે ! 'રામનામ સત્ય છે' કહેતાં કહેતાં મૃત શરીરનો અંતિમસંસ્કાર કરવા ગયેલા લોકો પણ 'મડદું બળે' એટલે ઇન્ટરવલમાં 'નિંદારસ સત્ય છે' એ વાક્ય ભૂલતા નથી. નિંદાસુન્દરીને મન મહેલ કે જેલ, ચોકી કે ચિતાનો ભેદ નથી હોતો, મંદિરનું પ્રાંગણ કે સરસ્વતીનું ધામ એને મન જ્યાં જ્યાં એકથી વધારે માણસ ભેગા મળે ત્યાં ત્યાં એનું વિહારધામ છે !

નિંદાના મરી-મસાલા વગર લોકોને એમ લાગ્યા કરે છે કે, વાતચીતની વાનગી જામતી નથી ! બે માણસોની ખાનગી મુલાકાત હોય કે જગજાહેર, સંસ્થાની કાર્યવાહક સમિતિની બેઠક હોય કે પક્ષની પૉલિસીવિષયક સભા – નિંદાનો ગિયર પાડ્યા વિના ચર્ચાની ગાડી દોડી શકતી નથી ! સંતો કામિની અને કંચનનો મોહ ત્યાગીને ભાગી શકે, પણ નિંદા સાથેનું છેડાગાંઠણ ફાડી શકતા નથી ! ઉપવાસને દિવસે માણસનું મન ભૂખને કારણે ભગવદ્ભક્તિમાં એકાગ્ર ન બની શકે, પણ જો કોઈ નિંદારસિક નિંદાનો ડાયરો જમાવે તો ભૂખ્યો માણસ પણ ભૂખ-તરસ-ઊંઘ-થાક બધુંય વીસરી એકચિત્તે સાંભળવામાં લીન-તલ્લીન બને છે, એટલું જ નહીં પણ એ રસમાં યથાશક્તિ અંજલિ, ખોબો કે જરૂર પડે તો આખી ટાંકી ખાલી કરીનેય પુરવઠો 'સપ્લાય' કરતો રહે છે ! માણસાઈનો દુષ્કાળ પડે કે ન પડે, પણ નિંદાનો દુકાળ ક્યારેય પડવાનો નથી એની ગૅરન્ટી !

માણસ નિંદા કોની કરે છે ?..... અજાણ્યાની ? અપરિચિતની ? જી ના ! નિંદાની પરિધિમાં સમાનાર માણસ કાં તો 'જિગરી' સાથી હોય છે કાં તો 'પ્રિય' શત્રુ ! જેનાં મન, વચન, કર્મ, રીતભાત, ઇતિહાસ, કર્મપત્રી કે 'પરાક્રમો'થી આપણે પરિચિત હોઈએ, જેનાથી માણસ

ગભરાતો હોય, જેની સાથે કશોક હિસાબ ચૂકવવાનો હોય, જેની શક્તિ કે સામર્થ્ય વિષે નિંદકના મનમાં ઈર્ષાભાવ હોય, જેની પ્રગતિ, પદ, પ્રતિષ્ઠા, પૈસો કે સુખ-વૈભવથી માણસ અંજાઈને પોતાને તે સઘળું ન મળ્યાનો વસવસો સેવતો હોય, તેના તરફ માણસ ઈર્ષાળુ બને છે ! કોને નિંદાપાત્ર ગણવું અને કોને પ્રશંસાપાત્ર એનો નિર્ણય તો આખરે માણસનું મન જ કરે છે ! કારણ કે સમય બદલાતાં એક વખતનો પ્રીતિપાત્ર ધિક્કારપાત્ર બની જાય છે ! જેની પ્રશંસાના પુલ બાંધતાં આપણે ફુલાતા નથી, એને નિંદાના સર્વોચ્ચ શિખરેથી ફેંકતાં આપણે અચકાતા-ખચકાતા નથી, કારણ કે એ આપણી 'ફ્રેમ'માં ફિટ થતો નથી ! તો પછી નિંદાનો નિવાસ ક્યાં ? નિંદાપાત્ર વ્યક્તિમાં કે નિંદકની દૃષ્ટિમાં ? નિંદકદૃષ્ટિ જ વ્યક્તિને નિંદાપાત્ર ઠરાવે છે, એટલે નિંદાનો તંબુ નિંદકના અંતઃકરણમાં આશરો લે છે, નિંદાપાત્ર વ્યક્તિમાં નહીં ! નિંદા વ્યક્તિના પ્રદૂષિત દૃષ્ટિકોણનું કુફળ પણ હોઈ શકે ! એક વ્યક્તિની નજરે જે નિંદ્ય હોય, અન્યની નજરે તે શ્લાઘ્ય પણ હોઈ શકે !

નિંદા એ 'ગોરીલો યુદ્ધ' છે ! સામી છાતીએ લડવાની સાહસિકતા નહીં દેખાડનારાઓ પીઠ પાછળ ઘા કરીને વેરની વસુલાતમાં રચ્યા-પચ્યા રહેવામાં પોતાની બહાદુરી માનતા હોય છે..... જેની નિંદા કે કૂથલી ચાલુ હોય, તે જ સમયે તે માણસનું આકસ્મિક આગમન થાય તો ? નિંદક ટોળકી તરત જ પોતાનાં શસ્ત્રો મ્યાન કરી દેતી હોય છે ! ચહેરા પર કૃત્રિમ હાસ્ય કે આવકાર અથવા સમયોચિત મૌન દ્વારા નિંદકો પરિસ્થિતિને સંભાળી લેતા હોય છે !...... નિંદાનાં રણશિંગાં મોટે ભાગે નિંદાપાત્ર વ્યક્તિની ગેરહાજરીમાં જ ફૂંકાતાં હોય છે ! શત્રુ સામે આવ્યો કે તરત જ યુદ્ધવિરામ ! ખરું પૂછો તો નિંદાયુદ્ધ એ વાંઝિયું યુદ્ધ છે.... કારણ કે એ ધર્મયુદ્ધ નહીં, અધર્મયુદ્ધ છે !..... શત્રુ પર તમે શબ્દોનો દારૂગોળો છોડ્યા કરો.... અને છતાંય તાત્કાલિક એનો વાળ

તો 'વાંકો' થતો જ નથી !.... હા, તમારી 'ચાલચલગત'નો પરિચય દુનિયાને મળી જાય તે નુકસાનમાં ! નિંદકને કાયરતાપૂર્ણ બદલો લીધાનો સંતોષ મળે, પણ તેથી શું ?.... તમે જેને નિંદ્ય ગણો તેનું ચારિત્ર્ય ઊંચું હશે તો તમે બદનામ થશો, તમે જેને નિંદ્ય ગણ્યો છે તે નહીં ! નિંદક ઉર્ફે દુર્જન પારકાની નિંદા કરવામાં દશમુખ રાવણ જેવો બની જાય છે, બીજાનાં છિદ્રો જોવામાં ઇન્દ્ર પેઠે હજાર આંખોવાળો બની જાય છે અને સજ્જનોના ધનને હરી લેવામાં સહસ્રાર્જુન પેઠે હજાર હજાર બાહુઓવાળો બની જાય છે !

જગત રૂડુંરૂપાળું છે, પણ એનું નૈતિક સ્વાસ્થ્ય હણી લેવામાં નિંદકોએ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એમ નથી લાગતું ?..... આપણી જાતને આપણે 'સભ્ય', 'શિક્ષિત' અને 'સંસ્કારી' માનીએ છીએ, પણ 'નિંદા'થી પર રહી શકીએ છીએ ખરા ? તમે નિંદાથી કેટલા પર રહી શકો છો, એના પરથી જ તમારી સંસ્કારિતા, વિદ્વત્તા કે શીલ, સૌજન્યનું માપ નીકળી શકે છે ! આજના જગતને જો તમે બળ્યું-જળ્યું માનતા હો, આજના મનુષ્યના મનને જો તમે સંતપ્ત માનતા હો, માનવ પ્રત્યે તમને સહેજ પણ કરુણા હોય તો મહેરબાની કરી તમે તેને તમારા નિંદાબાણથી વીંધીને વધુ સંતપ્ત ન કરશો. યુદ્ધ, રોગ, પ્રદૂષણ વગેરેનો ત્રાસ અને ભય આ જગતને ઓછો નથી.... તમે તમારી બેજવાબદાર ટીકા, વિઘાતક નિંદા અને વ્યર્થ આલોચનાથી તેને ક્ષુબ્ધ-વિક્ષુબ્ધ ન કરશો. વાણીનું વરદાન માણસના જખમો વધારવા માટે નથી, પણ એના જખમો પર સુખદ લેપ લગાડવા માટે છે.

દુઃખ અને ચિંતા વગરના જીવનનો માર્ગ તમને મીરદાદની ભાષામાં સૂચવું ?

૧. જાણે તમારા દરેકે-દરેક વિચાર, આકાશના તેજસ્વી પટ પર સ્પષ્ટ રીતે અંકાતા હોય, પૃથ્વીની દરેક ચીજ તેમ વ્યક્તિ આ

બધું સ્પષ્ટ રીતે જોઈ શકે છે, એ યાદ રાખીને જ વિચાર કરજો – હકીકતે આ વાત સાચી છે.

૨. જાણે આખી દુનિયાના કાન એક જ હોય અને તમે બોલો છો તે દરેકે-દરેક શબ્દ દરેક વ્યક્તિને સંભળાય છે, એમ જાણીને જ શબ્દો બોલજો–હકીકતે આ વાત સાચી છે.

૩. તમે કરો છો તે દરેક કામનો પ્રત્યાઘાત તમારા માથા પર થવાનો જ છે, એમ સમજીને જ એ કામ કરજો–હકીકતે આ વાત સાચી છે.

૪. જાણે સત્ય સંકલ્પ કરો છો તે રીતે જ બરાબર સંકલ્પ કરજો– હકીકતે આ વાત સાચી છે.

૫. ભગવાનને પોતાનું કામ કરવાને માટે તમારી જ જરૂર છે, એવું સમજીને જ જીવો– હકીકતે એને આવી જરૂર છે જ !

*અન્યના અવગુણ જોવા જેવી સહેલી બીજી કોઈ વસ્તુ નથી. નિંદા કરવામાં કોઈ જાતની હોશિયારીની, સમર્પણની કે બુદ્ધિની જરૂર પડતી નથી.*

**- રોબર્ટ વેસ્ટ**

# ૩૧

## આત્મવિજય

**'વિજયાદશમી'ને આપણે 'આત્મવિજયા' દશમી બનાવીશું ખરા ?**

વિજયાદશમી !

એક તરફ રામની રાવણ-વિજયની યશસ્વી ગાથા તો બીજી તરફ દેવી દુર્ગાની રાક્ષસ-નિકંદનની પાવનકારી કથા ! બન્ને કથાઓનો સંબંધ 'સ્ત્રી-શક્તિ' સાથે જોડાયેલો છે ! આદ્યશક્તિ દુર્ગા સામે પણ સીતા જેવો જ પડકાર હતો..... એક રાક્ષસે લગ્ન કરવા પાઠવેલું ખુલ્લું નિમંત્રણ..... પરંતુ આદ્યશક્તિ દુર્ગાએ સણસણતો જવાબ આપતાં રાક્ષસને કહ્યું હતું, 'જે મને યુદ્ધમાં જીતશે, જે મારા અહંકારને નષ્ટ કરશે, જે આ જગતમાં મારા કરતાં બળિયો હશે એ મારો પતિ થશે !'

અને દેવી તથા રાક્ષસનું યુદ્ધ થયું. દેવીએ રાક્ષસને 'નારી-શક્તિ'ની પ્રબળતાનો પરિચય કરાવ્યો.

એવી જ તાકાત એકલાં-અટૂલાં હોવા છતાં સીતાજીએ દેખાડી એ વાતની ડૉ. યોગેશ્વરે નોંધ લીધી છે. જ્યારે જ્યારે 'સ્ત્રીશક્તિ'નાં મૂલ્યાંકનમાં સમાજે થાપ ખાધી છે, ત્યારે કોઈક 'વીરાંગના'એ બળ અથવા સમર્પણ દ્વારા 'નારીશક્તિ'નો પરચો દેખાડ્યો છે. બહારથી

'અબળા' લાગતી 'સ્ત્રી' રણશૂરાનીયે જનની છે, પછી એને 'અબળા' કેવી રીતે કહેવાય ?

પણ રાક્ષસ પ્રાચીનકાળનો હોય કે આધુનિક યુગનો, એને મન તો 'સ્ત્રી' કેવળ 'ભોગ્યા' છે. પુરુષે નારીને 'આશ્રિતા' બનાવીને એનું 'હીર'-'ખમીર' છીનવી લેવાની કોશિશ કરી છે, પણ જ્યારે સ્ત્રી પોતાના રક્ષણ માટે સંકલ્પબદ્ધ બને છે, ત્યારે એ 'દુર્ગા' બની રાક્ષસોને કચડી શકે છે, 'સીતા' બનીને પોતાની પવિત્રતાનાં તેજથી પડકારી શકે છે !

બંદિની સીતા રાક્ષસરાજ રાવણને પડકારે છે ! 'અલ્યા રાવણ, તું એ વાત ન ભૂલતો કે તું આગિયો છે અને રામ સૂર્ય છે ! રામની બીકે તો તું સંન્યાસીવેશે મારું અપહરણ કરવા માટે આવ્યો હતો. જેમ કોઈ ચોર કે શ્વાન યજ્ઞશાળામાંથી 'હવિ' ઉઠાવી જાય એમ તેં મારું અપહરણ કર્યું અને ભાગી ગયો. તને એની સજા અવશ્ય મળશે. તને રામબાણની તીક્ષ્ણતાનો ખ્યાલ નથી !'

રામ લંકા સુધી પહોંચી શકશે કે નહીં એની સીતાને ખબર નથી, છતાં રાવણને પડકારવાની એમની જિગર નારીશક્તિનો જયજયકાર કરે છે ! રાવણ તલવાર ખેંચીને હુમલો કરવા તૈયાર કરે છે, છતાં સીતા ગભરાતાં નથી.

વિજયાદશમી માત્ર રામ પર રાવણના વિજયની કથા નથી, પરંતુ રાક્ષસ અને બળાત્કારી પર દુર્ગા અને સીતાના વિજયની પણ કથા છે. નારીને ગ્રસી જવા, બળાત્કારનો ભોગ બનાવવા, પીસી નાખવા, લૂંટવા, બાળવા માથું ઊંચકતાં બળોના પરાજયની કથા છે. રામ અને લક્ષ્મણની અનુપસ્થિતિ છતાં સીતાએ એકલે હાથે પોતાનાં સતીત્વ અને શિયળનું રક્ષણ કર્યું. એ રાક્ષસી શક્તિઓ માટે શરમથી ઝૂકી જવાની ઘટના છે ! ખરેખર તો રાવણના અહંનો પોતાના પ્રખર તેજથી

પ્રતિકાર કરીને સીતાએ લંકેશનું 'શીશ' છેદી જ નાખ્યું હતું ! 'મનુષ્ય'ની શક્તિ સામે 'રાક્ષસી' શક્તિએ વહેલા-મોડા પણ પરાજિત થવું જ પડે છે.

કોણ હતા રાક્ષસો ? કેવી હતી રાવણની જન્મોત્રી ?

'રાક્ષસ' શબ્દ સાંભળતાંવેંત ભયાનક શરીર, આગ ઝરતી આંખો, માનવભક્ષી ભૂખી દાઢ, માયાવી રૂપ ધારણ કરવાની શક્તિશાળી એક આકૃતિ આપણી સમક્ષ ખડી થઈ જાય છે ! જેનાથી 'રક્ષણ' કરવું પડે તે રાક્ષસ !

રામાયણ અને મહાભારત બન્નેમાં રાક્ષસોનો ઉલ્લેખ મળે છે. રામાયણકાળમાં રાક્ષસોનાં આબાદ નગરો અને રાજ્ય હતાં, જ્યારે મહાભારતકાળમાં પ્રસંગોપાત્ત રાક્ષસોનો ઉલ્લેખ મળે છે. આ રાક્ષસો યજ્ઞાનુષ્ઠાનના વિરોધી હતા એટલે 'હવનમાં હાડકાં' નાખવા તેઓ ઉત્સુક રહેતા હતા. એમની પાસે જાતજાતનાં અસ્ત્ર-શસ્ત્ર અને વિશાળ સેનાઓ હતાં. રાક્ષસની ચૌદસહસ્રની સેનાનું રામે નિકંદન કાઢી નાખ્યું હતું.

મહાભારતકાળમાં રાક્ષસો પ્રાન્તિક શાસનના અધિકારથી વંચિત બનીને છૂટાછવાયા ભટકતા હતા. માત્ર બકાસુરને હસ્તક એક નગરી હતી. હિડમ્બ જેવા રાક્ષસો વનમાં રહેતા હતા. આમ, રામાયણકાલીન રાક્ષસોની સભ્યતા મહાભારતકાળમાં લગભગ નષ્ટપ્રાય બની ગઈ હતી.

ઋગ્વેદમાં 'રાક્ષસી શક્તિઓ'નો ઉલ્લેખ મળે છે. રાક્ષસોના ઉપદ્રવ તથા તેમના શમન માટે દેવતાઓનું આવાહન કરવામાં આવતું.

રામાયણમાં જે પ્રકારનું 'રાક્ષસ વર્ણન' જોવા મળે છે તે જોતાં એમ લાગે છે કે વાલ્મીકિએ રાક્ષસોને જેમ ભયંકર ચીતર્યા છે, તેમ મનુષ્ય જેવા દેખાવડા પણ વર્ણવ્યા છે ! રાવણના મૃત્યુ બાદ વિલાપ કરતાં તેની

એક પત્ની કહે છે : 'રાજન્, આપનું મુખકમળ સુકોમળ હતું, નાક ઉત્તમ હતું.... ભ્રૂકુટિઓ સુંદર હતી, મુખકાન્તિ ચંદ્ર જેવી હતી, હોઠ લાલ હતા, તેજ સૂર્ય સમાન હતું.'

મંદોદરી પણ ગૌરવર્ણની રૂપાળી સ્ત્રી હતી. રાક્ષસ જાતિની હોવા છતાં માનુષી જેવી રૂપાળી હતી. રાક્ષસોની ઉગ્ર અને બિહામણા રૂપની કલ્પના કરીને જ તેમને માટે રાવણ (ગર્જના કરનાર), કુંભકર્ણ (જેના કાન ઘડા જેવા છે), વિભીષણ (ભયંકર), ત્રિશિરા (ત્રણ મસ્તકવાળો), ખર (ગર્દભ), દૂષણ (દુષ્ટ) - વગેરે નામો વપરાયાં હશે.

બીજાની પત્નીઓનું અપહરણ કરી તેમનાં સતીત્વનો નાશ કરવાની 'વૃત્તિ'ને રાવણે રાક્ષસોનો 'સ્વધર્મ' કહ્યો છે, તોપણ તે વાતનો સ્વીકાર કરવો જોઈએ કે મારીચ, વિભીષણ, મંદોદરી વગેરેએ રાક્ષસ હોવા છતાં 'નીતિ'ની વાત કરી છે.

રાક્ષસો વિદ્વાનો અને તપસ્વીઓ પણ હતા. રાવણ પોતે જ શિવભક્ત હતો. તે અગ્નિહોત્રી અને વેદપાઠી હતો. માત્ર રાવણ જ નહીં, લંકામાં અન્ય રાક્ષસો પણ વેદપાઠ કરતા હતા, પુણ્યવાચન કરતા હતા. રાક્ષસો ઉગ્ર તપ પણ કરી શકતા હતા, પરંતુ તેમની તપસ્યા 'નિષ્કામ' નહીં, 'સકામ' સાદશ્ય જ રહેતી હતી. રાક્ષસો અનેક વિદ્યા, કળા, યુદ્ધવિદ્યામાં વિશારદ હતા. તેઓ સંગીતજ્ઞ પણ હતા અને 'રાજનીતિ ચતુર' પણ !

'વાલ્મીકિ રામાયણ' મુજબ બ્રહ્માએ જળસૃષ્ટિનું નિર્માણ કર્યા બાદ પ્રાણીસૃષ્ટિનું નિર્માણ કર્યું, જેમાંથી રાક્ષસો અને યક્ષો જન્મ્યા. આ રાક્ષસોનો મુખ્ય નેતા 'હેતિ' હતો, જેના પુત્રનું નામ વિદ્યુતકેશ અને પૌત્રનું નામ સુકેશ હતું. સુકેશને માલ્યવાન, સુમાલિ અને માલિ નામના ત્રણ પુત્રો હતા, જેમને બ્રહ્માએ અમરત્વનું વરદાન પ્રદાન કર્યું હતું.

આ રાક્ષસો માટે વિશ્વકર્માએ ત્રિકૂટ પર્વત ઉપર 'લંકા' નામની

નગરી બનાવી હતી. આ ત્રણે રાક્ષસબંધુઓએ દેવો તથા તાપસોને રંજાડવાનું શરૂ કર્યું, એટલે વિષ્ણુએ માલિનો વધ કર્યો અને સુમાલિ લંકાનો પરિત્યાગ કરીને રસાતળ ભેગો થઈ ગયો.

વિશ્રવસ ઋષિને પોતાની દેવવર્ણિની નામની પત્નીથી વૈશ્રવણ (કુબેર) નામે પુત્ર હતો. એક વાર સુમાલિએ કુબેરને પુષ્પક વિમાનમાં બેસીને ઠાઠમાઠ સાથે વિહરતો જોયો. સુમાલિએ પોતાની પુત્રી કૈકસીને ઋષિ વિશ્રવસ સાથે પરણાવવાનો વિચાર કર્યો. વૈશ્રવસે કૈકસીને સ્વીકારી તો ખરી, પણ કહ્યું કે તું 'ભયંકર' સમયે મારી પાસે આવી છે એટલે તારા પુત્રો 'કુકર્મો' કરનારા 'રાક્ષસો' બનશે, પરંતુ છેલ્લો પુત્ર ધર્માત્મા હશે.

રાવણ ઋષિ વિશ્રવસ અને કૈકસીનો પુત્ર હતો. એ યક્ષરાજ કુબેરનો સાવકો ભાઈ હતો. રાવણને કુંભકર્ણ અને વિભીષણ નામના બે ભાઈ તથા શૂર્પણખા નામની બહેન હતી. રાવણ ઋષિ પુલસ્ત્યનો પુત્ર હતો, એટલે એને 'પૌલસ્ત્ય' પણ કહેવામાં આવે છે.

કહેવાય છે કે એની ભુજાઓ કૈલાસ પર્વત હેઠળ દબાઈ ત્યારે એણે 'રાડ' (રાવ) પાડી હતી, એટલે એનું નામ 'રાવણ' પડ્યું હતું. પ્રાચીન ચારિત્રકોશમાં જણાવ્યું છે તેમ ગૌડ જાતિના લોકો આજે પણ પોતાને રાવણોના વંશજ માને છે. રાંચી જિલ્લાના 'કંટક્યાં' નામના ગામમાં 'રાવણા' નામનું કુટુંબ આજે પણ હયાત છે. એટલે એવું અનુમાન કરી શકાય કે રામકથામાં નિર્દિષ્ટ લંકાધિપતિ રાવણ અને તેની રાક્ષસપ્રજા વિંધ્યપ્રદેશ અને મધ્યભારતમાં વસનારી અનાર્ય જાતિ સાથે એક યા બીજા પ્રકારે સંબંધ ધરાવતી હશે. ફાધર બૂલ્કેએ એટલે જ એવો તર્ક કર્યો છે કે રાવણ અને રાક્ષસ હકીકતમાં આ જ પ્રદેશના આદિવાસીઓ હશે.

રાવણને દસ મસ્તક હોવાની વાત કલ્પનારમ્ય લાગે છે. એમ બને કે 'દશગ્રીવ' શબ્દ રૂપક તરીકે પ્રયોજાયો હોય – દશ ગ્રીવ એટલે કે જેની

ગ્રીવા (ડોક) દસ સાધારણ ગ્રીવાઓ જેટલી બળવાન હોય તેવો. અથર્વવેદમાં 'દશમુખ' બ્રાહ્મણનો ઉલ્લેખ મળે છે. કદાચ રાવણના સ્વરૂપની કલ્પના તેના પરથી પણ થઈ હોય !

કહેવાય છે કે કુબેર જેવા વૈભવશાળી બનવા માટે રાવણની માતા કૈકસીએ તેને તપ કરવાનું સૂચન કર્યું હતું અને રાવણે દસ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું. પ્રત્યેક હજારમા વર્ષે એ પોતાનું શરીર અગ્નિમાં હોમતો હતો... અંતે જ્યારે દસમું મસ્તક હોમવા રાવણ તૈયાર થયો ત્યારે બ્રહ્માએ તેના તપથી રીઝીને વરદાન આપ્યું કે તું સુવર્ણ, નાગ, યક્ષ, દૈત્ય, દાનવ, રાક્ષસ તથા દેવોને હાથે હણાઈશ નહીં. બ્રહ્માએ તેનાં નવ મસ્તક તો પાછાં આપ્યાં, પરંતુ ઈચ્છા મુજબનું રૂપ ધારણ કરવાનું બીજું વરદાન પણ આપ્યું.

બસ, પછી તો રાવણને 'અત્યાચાર' માટેનો પરવાનો મળી ગયો. ક્યારેક એ પૃથ્વીને લપેટમાં લેતો તો ક્યારેક કૈલાસને. યક્ષ, કિન્નરો, ગંધર્વો, ઋષિઓ વગેરેનો પણ એણે વધ કરવાનું શરૂ કરી દીધું. પણ કૈલાસ પર્વતને જડમૂળમાંથી ઉખાડી નાખવાનો પ્રયત્ન તેને ભારે પડી ગયો. શિવે પગના અંગૂઠાથી કૈલાસને એવી રીતે દબાવ્યો કે રાવણનો હાથ નીચે જકડાઈ ગયો.... મુક્તિ માટે રાવણે શંકરનું સ્તવન કર્યું, ગુણગાન ગાયાં અને શંકરે પ્રસન્ન થઈને તેના બન્ને હાથ મુક્ત કર્યા તથા ચંદ્રહાસ નામની તલવાર આપી અને પોતાના ભક્તોની યાદીમાં રાવણને સ્થાન આપ્યું.

એક વાર શિકાર કરતાં કરતાં રાવણે દિતિના પુત્ર મય દાનવને જોયો. મયે રાવણથી પ્રભાવિત થઈ પોતાની પુત્રી મંદોદરી તેની સાથે પરણાવી. મયે રાવણને 'અમોઘ' શક્તિ પણ નજરાણારૂપે આપી.

કુશધ્વજ ઋષિની પુત્રી વેદવતી નારાયણને પતિ રૂપે પ્રાપ્ત કરવા માટે તપ કરતી હતી. રાવણે તેના પર મોહિત થઈને તેને અત્યાચારનો

શિકાર બનાવી એટલે વેદવતીએ શાપ આપ્યો કે હું તારા નાશ માટે અયોનિજા સીતા રૂપે પુનર્જન્મ પ્રાપ્ત કરીશ.

એક એવી પણ કથા મળે છે કે રાવણે રંભા (કુબેર-પુત્ર નળકુબેરની પત્ની) નામની અપ્સરા પર અત્યાચાર ગુજારવાની કોશિશ કરી, ત્યારે રંભાએ કહ્યું કે હું તો તારે માટે પુત્રવધૂરૂપ ગણાઉં. પણ 'અપ્સરાઓને કોઈ પતિ હોતો જ નથી' – એમ કહીને રંભા પર બળાત્કાર કર્યો. એ વાત જાણીને નળકુબેરે શાપ આપ્યો કે 'તને નહીં ચાહનારી કોઈ સ્ત્રીની તું ઇચ્છા કરીશ, ત્યારે તારા મસ્તકના સાત ટુકડા થઈ જશે.'

પોતાની બહેન શૂર્પણખાના અપમાનનો બદલો લેવા માટે સીતાનું અપહરણ કર્યા બાદ સીતાને પોતાની પત્ની બનાવવાના પ્રયત્નોમાં નિષ્ફળતા મળતાં અંતે તેણે કહ્યું હતું કે જો તું બે મહિનામાં સ્વેચ્છાએ મારી પત્ની નહીં બને તો મારા રસોઇયાઓ તારા શરીરના ટુકડા કરીને પ્રાતઃકાળના મારા ભોજનમાં તે પીરસશે !

પ્રત્યેક વર્ષે 'વિજયાદશમી' આવે છે. રામપ્રેમીઓ 'રાવણ'ના પૂતળાનું 'દહન' કરે છે... પણ આ તો એક 'કર્મકાંડ' થયું. શું 'રાવણ'ને માત્ર 'લંકેશ' ગણીને તુલસીદાસે વર્ણવ્યા મુજબ એને કામી, લંપટ કે અહંકારી, અત્યાચારી ગણીને આપણા 'રોષ'ને સંતોષીશું ?

હકીકતમાં માણસમાં 'રાવણ'ને મારવાની શક્તિ હોત તો 'માણસ' માણસ નહીં પણ દેવ બની જાત ! રાવણને મારવા માટે માણસે મન અને હૃદયમાં 'પવિત્રતા'નું પ્રાગટ્ય કરવું પડે ! પહેલાં 'અંદર'ના રાવણને મારવાની શક્તિ કેળવવી પડે, પછી બહારના 'રાવણ'ના પૂતળાને જલાવવાનો પ્રશ્ન ઊભો થાય. વારંવાર જલાવ્યા છતાં રાવણ કેમ મરતો નથી ? કારણ કે રાવણ 'વ્યક્તિવાદ' ભોગવાદનું પરિણામ છે !

માણસે રાવણ બનવામાં કષ્ટ ભોગવવાં પડતાં નથી, કષ્ટ તો ભોગવવાં પડે છે 'રામ' બનવામાં ! માણસજાતિનો દંભ તો જુઓ !

'નવરાત્રિ' પછીયે એ 'રાવણ'ને ભૂલી શકતી નથી ! રામ-મંદિરો 'ધરતી' પર બન્યાં, રાવણે પોતાનો 'પ્લૉટ' માણસના મન પર 'રિઝર્વ' કરાવ્યો ! રાવણે એક વાર ભૂલ કરી, પાકી નગરી લંકા બનાવવાની ! ત્યાર બાદ એણે પાકું 'થાણું' બનાવવાની લાલચ ત્યજી દીધી છે ! એણે 'માણસ'ના મનમાં પડાવ નાખ્યો છે.

'રાવણ'ને અંદરથી હેમખેમ રાખીને 'બહાર'થી એનું 'દહન' કરવાથી જીવન 'વિજયાદશમી' નહીં, 'પરાજયદશમી' રહે ! 'રામનામ' 'સત્ય' છે, તેમ 'રાવણનામ' પણ 'સત્ય' રહેશે, કારણ કે 'માણસો'ને રાવણને મરવા દેવાનું પોસાતું નથી ! જોકે 'માણસ' બનવામાં ભારે કષ્ટ સહેવાં પડે છે ! માણસને 'ભક્તિ' ગમે છે 'રામ'ની પણ 'દોસ્તી' ગમે છે 'રાવણ'ની, કારણ કે રામ 'પારલૌકિક' સુખની 'ગૅરન્ટી' આપતા હશે, પણ 'રાવણ'ની દોસ્તી તો 'ઐહિક' સુખોની વણજાર ખડી કરે દે છે ! બિચારા ભારત દેશના ભાવિક ભક્તો ! દુવિધામાં જ રહે છે ! 'વિજયાદશમી'ને આપણે 'આત્મજવિજયા' દશમી બનાવી શકીએ છીએ ખરા ?

*આ દુનિયામાં ઘણી સહેલાઈથી છેતરી શકાય તેવી વ્યક્તિ તે પોતાની જાત છે.*

***- બી. બીટન***

# ૩૨

## કળિયુગનું સ્વાગત

**'કળિયુગ' જાતે આવતો નથી, આપણે જ એને 'હરખભેર' લઈ આવીએ છીએ !**

એક વાર જંગલમાં રહેનારાં પ્રાણીઓનાં મનમાં વિચાર આવ્યો : 'આપણે ઝાડ-પાનવાળા જંગલમાં તો રહીએ છીએ.... ચાલો, માણસોનું જંગલ જોવા જઈએ !'

'પણ એ પહેલાં આપણે વનરાજની સલાહ લેવી જોઈએ !'

સિંહ આરામથી સૂતો હતો. વન્ય જીવોને એકસામટા આવેલા જોઈને તેને આશ્ચર્ય થયું ! એણે પૂછ્યું : 'કોઈ સમસ્યા ઊભી થઈ છે કે શું ?..... આપણે કાંઈ માણસો નથી કે, જાતે જ પ્રપંચો રચીએ અને પોતાની જાળમાં ફસાઈને છૂટવા માટે ધમપછાડા કરીએ !'

'એટલે તો અમારે માણસોના જંગલની મુલાકાત લેવી છે... આપણનેય ખબર પડે ને કે માણસમાં ને આપણામાં શો ફેર છે !' એક જાનવરે કહ્યું.

'સવાલ એક જ છે કે મારે તમને સાવચેતી રાખવા અંગેની સૂચના આપવી. માણસ આપણને 'પ્રાણી સંગ્રહાલય'ના પાંજરામાં રાખે છે, ત્યારે આપણા પરિચયની તકતી પાંજરા પર ચોંટાડે છે. જેથી આપણા

આકાર-પ્રકાર, સ્વભાવ વગેરેનો એ લખાણ વાંચનારને ખ્યાલ આવી જાય ! મિત્રો, માણસોના વનમાં જવાનું માંડી વાળો, કારણ કે માણસની કોઈ ‘ઓળખાણ’ નથી ! એ ક્યારે કેમ વર્તશે, ક્યારે કોનો મિત્ર બનશે અને ક્યારે કોનો શત્રુ, એની કશી જ ખબર ન પડે ! કોણ સાધુ અને કોણ શેતાન એનો ખ્યાલ માણસને જોવા માત્રથી કેવી રીતે આવે ? સંભવ છે કે, તમે જેની ગોદમાં બેસવા જાઓ એ ગરદન મચડી નાખે ! માણસ એટલે ભરોસો ન મૂકી શકાય એવું પ્રાણી !.... આપણે વનવાસી જાનવરો તો માણસની હિંસકવૃત્તિ આગળ કશી જ વિસાતમાં નથી !.... એટલે ઝેરનાં પારખાં કરવાનું માંડી વાળો ! માણસોનાં જંગલ વૃક્ષોથી બનેલાં જંગલો કરતાં વધુ ખતરનાક છે, કારણ કે વન્ય પશુને ઓળખી શકાય છે... પશુઓનો ચહેરો નિશ્ચિત હોય છે... અને માણસોના ચહેરા પળે-પળે પલટાતા રહે છે ! ચાલો, માણસોના વનવિહારનો કાર્યક્રમ રદ કરી સૌ પોતપોતાનાં સ્થાને ચાલ્યાં જાઓ !’ સિંહે આદેશ આપ્યો અને જાનવરો વિખેરાઈ ગયાં !

.... કેમ બની ગયું છે સ્વાર્થ, હિંસા, દગો, પ્રપંચ અને શોષણની ભયાનક લીલા સમાન આ જગત ?

માણસની એક વ્યાખ્યા એવી પણ કરવામાં આવે છે કે, માણસ એટલે સંબંધ બાંધવા તત્પર પ્રાણી !

પણ માણસ ‘સંબંધ’ બાંધે છે કે તુર્ત જ પાછા ‘ઘા’ રુઝાવાની ખબર પૂછવા ‘શુભચિંતક’ તરીકે દોડી જઈએ છીએ ! સૉક્રેટિસને ઝેર આપનાર પણ આપણે જ અને શોકસભા ભરીને શ્રદ્ધાંજલિઓ દ્વારા એની ‘સત્યનિષ્ઠા’નાં ગાણાં ગાનાર પણ આપણે જ ! કેવું દોરંગી વ્યક્તિત્વ કોઠે પડી ગયું છે માણસજાતને ! આજના માણસને પોતાની હાર કરતાં બીજાની જીતની વધુ ચિંતા છે ! ‘હું ભલે હારી જાઉં પણ તે તો ન જ જીતે’ એ વિષય પર આકાશવાણી અમદાવાદે યુવાનો સમક્ષ

પરિસંવાદ-પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. જોકે આવી વૃત્તિ માત્ર આજના જ માણસમાં છે એવું નથી.... પણ જ્યારે જ્યારે 'માણસ' માણસ બનવા કરતાં મદાંધતા, વિવેકહીન સ્વાર્થવૃત્તિ, અધિકાર-લિપ્સા, ભોગલિપ્સા અને અસૂયાના હાથની કઠપૂતળી બને છે ત્યારે આવી મનોદશા સર્જાય છે ! માણસના આવા સંઘર્ષાત્મક વલણનું મૂળ તેના 'વિયોજિત વ્યક્તિત્વ'માં પડેલું છે ! મનોવિજ્ઞાનની દૃષ્ટિએ માણસમાં 'પરપીડનની' પણ એક વૃત્તિ પડેલી છે, જેને વશ થયેલો માણસ બીજાને દુ:ખી કે નિષ્ફળ જોઈને ખુશ થાય છે ! દુનિયામાં તમને એવા ઘણા માણસો જોવા મળ્યા હશે, જેમનામાં પોતે ભલે ન ખાય, પણ કોઈને ખાતો અટકાવવા 'ઢોળી નાખવાની' પ્રવૃત્તિ વિશેષ કામ કરતી હોય છે. આવો માણસ ઘાસની ગંજી પર બેઠેલા શ્વાન જેવો છે... પોતાને મન ભલે ઘાસ બિનઉપયોગી હોય, પણ એ બીજાં પ્રાણીઓને ઘાસ નહીં જ ખાવા દે ! આવું નિષેધાત્મક વલણ ઈર્ષાવૃત્તિની ચાડી ખાય છે.

નથી આપણે મન જીવન 'ધર્મયુદ્ધ' કે નથી આપણે મન જીવન 'પવિત્ર ખેલ'. પરિણામે 'યેનકેન પ્રકારેણ' જીત આપણું લક્ષ્ય રહે છે. સૈનિક જીતે છે પણ 'માણસ' હારે છે, 'ખેલાડી' જીતે છે પણ 'ખેલદિલી' હારે છે.... માણસના વિભાજિત વ્યક્તિત્વએ એની પાસેથી આંતરિક શુચિતા, કર્તવ્યનિષ્ઠા, ન્યાયોચિત તટસ્થતા, સિદ્ધાંતનિષ્ઠા, મૂલ્યનિષ્ઠા અને સત્યનિષ્ઠા છીનવી લીધી છે. પરિણામે એની 'જીત' હારથીયે વરવી દેખાય છે. એની 'રમત' એ વિજય માટે રચેલી કપટલીલા લાગે છે... જીતની વિવેકહીન ભૂખે આજના માણસ પાસેથી હારને પચાવવાની ખુમારી અને ખમીર છીનવી લીધાં છે ! એટલે 'આપણી જીતનાં ચિહ્નો ન વરતાય તો બાજી ઉલાળી મૂકવી' – એવું કુટિલ સૂત્ર અજમાવીને આજનો માણસ 'રમત રમતો' હોય છે – 'ખેલતો નથી.' બીજાની જીતમાંય રાજી થવાની – રહેવાની વૃત્તિ એ શરાફતની નિશાની છે !

આજના માણસનું 'ગણિત' તો જુઓ, એ ઇચ્છે છે કે બીજો માણસ વિષ પીનાર 'શંકર' બને ! જીવનના દરેક ક્ષેત્રમાં 'અમૃતભોગીઓ' આજે 'શંકર'ને શોધી રહ્યા છે....! માણસ જાતે ઝેરનો 'ઘૂંટડો' ભરે તો સરકાર એને અપરાધી ઠેરવશે પણ સમાજ કે સમાજમાં રહેનારા સ્વાર્થસાધકો એના કંઠમાં 'ઝેરના' ઘડા ઠાલવે, ત્યારે એની 'લાચારી' પ્રત્યે આંખમીંચામણાં કરવાનાં ! એના 'ભોળપણ'ને 'ભોટપણ' શબ્દથી નિંદવાનું, એની સરળતાને 'સતયુગ'નો માનવી કહી વગોવવાની, એની નમ્રતાને જીવવાની બિનઆવડત ગણવાની, એની સહિષ્ણુતાને 'નામર્દાનગી' રૂપે પ્રચારિત કરવાની !

સમાજમાં અનેક લીંબડાનાં કે બાવળનાં વૃક્ષો હશે તો 'જંગલ' સર્જાશે, પણ વિવિધ પ્રકારની ખુશબોવાળા વનાવલિવાળું 'અરણ્ય' નહીં સર્જાય. આપણું જીવન 'વન' નહીં પણ 'તપોવન' બને, એ ભારતીય સંસ્કૃતિનો આદર્શ હતો. એટલે 'લીંબડા' કે 'બાવળ' એમાં ભલે હોય. પણ 'ચંદન'નાં વૃક્ષોની અધિકતા તરફ આપણે દૃષ્ટિ રાખી હતી. 'કાગડાઓ'નો અવાજ ભલે હોય, 'કોયલ' વગરની વસંતની આપણે કલ્પના પણ કરી નહોતી ! પરિણામે જીવનની 'પાનખર'નેય મંગલ 'સંન્યસ્ત' સાથે જોડવાનો આપણને વિચાર સ્ફુર્યો હતો.... પરિગ્રહ નહીં પણ પરિત્યાગ, વેર નહીં પણ ક્ષમા, હિંસા નહીં પણ કરુણા, સ્વાર્થ નહીં પણ સદાચાર એ આપણા જીવનનું લક્ષ્ય હતું.....!

અહીં સ્વામી ગણેશાનંદજીએ વર્ણવેલુ એક દૃષ્ટાંત યાદ આવે છે, જેનું શીર્ષક છે 'કળિયુગ આવ્યો છે !'

એક વખત શ્રીકૃષ્ણે પાંડવોને કહ્યું : 'હવે કળિયુગ આવવાનો છે, તેથી તમારે તપ કરવું પડશે. જો ન માનતા હો તો તમે પાંચ ભાઈઓ જંગલમાં જઈ આવો, અને ત્યાં જે દેખો તેનું વર્ણન મારી પાસે કરો.' તેઓ વનમાં ગયા અને ત્યાં જે જોયું, તેનું પાછા ફરીને શ્રીકૃષ્ણ પાસે વર્ણન કરવા લાગ્યા !

યુધિષ્ઠિરે કહ્યું : 'મેં જંગલમાં બે સૂંઢવાળો હાથી દીઠો !'

શ્રીકૃષ્ણ બોલ્યા : 'બે સૂંઢવાળો હાથી એ કળિયુગના અધિકારીઓ છે. તે બે મુખવાળા થશે. વાદી તથા પ્રતિવાદી બેઉની પાસેથી લાંચ લેશે !'

ભીમસેને કહ્યું : 'મેં એક ગાય જોઈ. તે પોતાની વાછરડીને ધાવતી હતી !'

શ્રીકૃષ્ણ બોલ્યા : 'તેનો મતલબ એ છે કે ગાય જેમ વાછરડીને ધાવતી નજરે પડી, તેમ કળિયુગનાં માણસો છોકરી-છોકરાના પૈસા લઈ આજીવિકા ચલાવશે !'

અર્જુને કહ્યું : 'મેં એક પક્ષી જોયું. તેના મોઢામાં વેદ હતા, પણ તે મડદા પર બેઠું હતું !'

શ્રીકૃષ્ણ બોલ્યા : 'તે એમ સમજવાનું કે કળિયુગના કહેવાતા પંડિતો વેદ વગેરે ભણીને પણ મરેલાનું તથા નીચનું દાન લઈને ખાશે !'

નકુલે કહ્યું : 'મેં ત્રણ કૂવા જોયા. તેમાં વચ્ચેનો કૂવો ખાલી હતો, બાજુના કૂવા ભરેલા હતા !'

શ્રીકૃષ્ણ બોલ્યા : 'કળિયુગમાં પોતાનો કુટુંબી ખાલી રહેશે અને બીજા ધનાઢ્ય જોડે લોકો સંબંધ બાંધવાની કોશિશ કરશે !'

સહદેવે કહ્યું : 'મેં એક પહાડ પરથી પથરો પડતો જોયો. તે મોટાં વૃક્ષો તોડતો નીચે આવ્યો. નીચે આવતાં એક તૃણથી અટકી ગયો.'

શ્રીકૃષ્ણ બોલ્યા : 'તેનો મતલબ એ છે કે, જે પથ્થર પડ્યો તે ધર્મ હતો, તે સંસારરૂપી પહાડથી ખસ્યો. અને તપ-યોગરૂપી મોટા વૃક્ષને ભાંગતો, સત્યરૂપી તૃણ સરખા પરમાત્માના નામને આશરે ટકી રહેશે.'

આવું રહસ્ય સાંભળીને થોડાં વર્ષ રાજ્ય કરી ધર્મરાજા વૈરાગ્યશીલ બની ગયા અને તપ કરવા ચાલ્યા ગયા !

કળિયુગ જાતે આવતો નથી, આપણે જ એને 'હરખભેર' લઈ આવીએ છીએ ! કારણ કે આપણને 'રામનગરી' કરતાં રાવણની 'સુવર્ણનગરી'માં વધુ રસ છે ! રાવણ મરવાનો નથી, કારણ કે એને સંજીવનીથી જિવાડનારની સંખ્યા મોટી છે !

લક્ષ્મણે રેખા દોરી હતી–'રાવણ' જેવો પિશાચ 'સીતા' સમીપ ન જઈ શકે એટલા માટે !

આપણા સ્વાર્થે આપણને એક નવી રેખા દોરતાં શીખવ્યું છે : 'રામાવરોધક' રેખા ! રામને આપણાથી દૂર રાખવામાં આપણને 'સાર' લાગે છે ! આજનો યુગ 'હરણપ્રિય' નહીં, 'અપહરણપ્રિય' યુગ છે ! ધન, સત્તા, રૂપ કે વૈભવ – બધાંનાં અપહરણ પર આજના માણસની મીટ મંડાયેલી છે !

*માણસનું મરણ જોઈને આઘાત થતો નથી, મનુષ્યત્વનું મરણ જોઈને થાય છે.*

**- શરદબાબુ**

## કદમો ભરજે કંટક પર એકલો

તુજ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે,
પણ જમજે અશ્રુની થાળ એકલો.
હોંશીલા જગને હસવા તેડું કરજે,
સંઘરજે ઉરની વરાળ એકલો.
તુજ દ્વારે દ્વારે દીપકમાલા ચેતવજે.
ગોપવજે દિલ અંધારાં એકલો.
બીજાને આંગણ અમૃતઝરણાં રેલવજે,
પી લેજે વિષ તારાં તું એકલો.
તુજ ગુલશનનાં ગુલ જે માગે તેને દેજે,
ને સહેજે સર્પોના દંશ એકલો.
કીર્તિની કલગી સહિયારે કર દેજે.
ભોગવજે બદનામી અંશ એકલો.
દિલ દિલની દુઃખ-વાતો દિલસોજીથી સુણજે,
ચૂપ રહેજે કાપી જબાન એકલો.
કો' થાકેલા પગની કાંકર ચૂમી લેજે :
કદમો ભરજે કંટક પર એકલો.

..... સ્વ. ઝવેરચંદ મેઘાણી

# ઊઠ જાગ મુસાફિર

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ
અબ રૈન કહાં જો સોવત હૈ
જો સોવત હૈ સો ખોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ, ઊઠ.

તુ નીંદ સે અખિયાં ખોલ જરા
ઓ ગાફીલ, રબસે ધ્યાન લગા
યહ પ્રીત કરને કી રીત નહીં
રબ જાગત હૈ તુ સોવત હૈ, ઊઠ.

અય મન, ભુગત કરની અપની,
ઓ પાપી, પાપ મેં ચૈન કહાં ?
જબ પાપ કી ગઠરી શિર ધરી
ફિર શિષ પકડ ક્યોં રોવત હૈ ? ઊઠ.

જો કાલ કરે સો આજ કર લે,
જો આ કરે સો અબ કર લે,
જબ ચિડિયન ખેતી ચુગિ ડાલી
ફિર પછતાયે કયા હોવત હૈ ? ઊઠ.

# સફળતાનાં દશ સૂત્રો

અમેરિકાના બંધારણના ઘડવૈયા થૉમસ જેફરસન કહે છે કે જે કોઈ નીચેના દશ સિદ્ધાંતો અનુસાર કામ કરશે તે અવશ્ય સફળતા પ્રાપ્ત કરી શકશે; સફળતાનાં શિખરો એક પછી એક સર કરી શકશે.

આ રહ્યા થોમસ જેફરસને દર્શાવેલ દશ સિદ્ધાંતો :

૧. તમે આંજે જે કામ કરી શકતા હો તેને ક્યારેય કાલ પર મુલતવી રાખશો નહિ.

૨. તમે જાતે જે કામ કરી શકતા હો તે ક્યારેય બીજાને સોંપતા નહિ - બીજા પર ઠેલશો નહિ.

૩. તમે જેટલું કમાયા હો તેનાથી વધુ ખર્ચ ક્યારેય પણ કરશો નહિ.

૪. ખરેખર જેની અત્યંત જરૂર ન હોય તે વસ્તુ ક્યારેય ખરીદશો નહિ - પછી ભલે તે સસ્તામાં મળતી હોય.

૫. ગુસ્સો આવે ત્યારે કાંઈ પણ બોલતા પહેલાં મનમાં દશ ગણી કાઢજો. ગુસ્સો બહુ ભારે હોય તો પૂરા સો ગણી નાખજો.

૬. ભૂખ અને તરસ કરતાં આત્મસંતોષને વધુ મહત્ત્વ આપજો.

૭. કોઈપણ કામ હાથમાં લો તો ખૂબ સંભાળીને હાથમાં લેજો. સમય, શક્તિ અને તમારી આવડતનો પૂરો ક્યાસ કાઢીને હાથમાં લેજો.

૮. કોઈપણ કામ કેટલી ઝડપે પૂરું કર્યું છે તેના કરતાં કેવી રીતે પૂરું કર્યું છે એને વધારે અગત્યનું માનજો. QUANTITY ને બદલે QUALITY ને વધારે મહત્ત્વ આપજો.

૯. કોઈપણ કામ કરો તો સ્વેચ્છાએ ઉમળકાથી કરજો; તેમ કરવાથી તમને કામમાં રસ પડશે, તમારું કામ દીપી ઉઠશે.

૧૦.તમારું કામ કરનારની કદર કરતાં શીખશો તો તમારા કામની કદર

થશે. આમ છતાં સિદ્ધાંત એ રાખજો કે બીજાના સારા કામની કદર કરવી. પોતાના કામની કદર થાય તેના કરતાં પોતાના કામનો પોતાને સંતોષ થાય તેને વધુ મહત્ત્વ આપજો.

સફળતા અને નિષ્ફળતા વ્યક્તિ પર નિર્ભર છે. કેટલીક વ્યક્તિઓ અશક્ય કે મુશ્કેલ લાગતા કામને પોતાની આવડત, ખંત, ધીરજ અને દ્રઢ મનોબળ વડે સારી રીતે પાર પાડવા શક્તિમાન બને છે; તેથી ઊલટું કેટલીક વ્યક્તિઓ પોતાની બીનઆવડત, ઉતાવળ, બેદરકારી અને મનની ચંચળતાને કારણે સરળ લાગતા કામને પણ ગૂંચવણભર્યું બનાવી દે છે. નેપોલીઅન બોનાપાર્ટના શબ્દો યાદ રાખવા જેવા છે 'અશક્ય' શબ્દ મારા શબ્દકોષમાં નથી.

**PRAY THIS PRAYER AS OFTEN AS YOU CAN**

"Dear God, while I am growing old,
Please keep my heart from growing cold.
Though years may wrinkle up my skin,
And even wrinkle up my grin,
May nothing wrinkle up my soul,
Or rob me of my self-control.
Give me the warmth of love and grace
To keep a smile upon my face.
In spite of all my aches and pain,
Please help me never to complain.
And may I never look cast down,
Or at the little children frown.
I want no child to run from me,
As from a shrunken, haunted tree.
So may I radiate such cheer,
That all their fear will disappear.

As I grow old teach me the art
And secret of the happy heart!"